पुस्तक
४४-४५

विविध ग्रन्थमाला

वर्ष ४ थुं.
सं. १९७०

स्वामी रामतीर्थ

एमना सदुपदेश, भाग ७ मो.

अनुवादकः

चंदुलाल छोटालाल शाह

प्रकाशकः सस्तुं साहित्य वर्धक कार्यालय.

સ્થળ-
મુંબઈ, ૨.

શાખા-
અમદાવાદ.

વિવિધ ગ્રંથમાળાઃ પુસ્તક ૪૪-૪૫ વર્ષ ચોથું.

स्वामी रामतीर्थ

એમના સદુપદેશ

ભાગ ૭ મો.

सस्तुं साहित्य वर्धक कार्यालय माटे

અનુવાદકઃ ચંદુલાલ છોટાલાલ શાહ.

મુ. અમદાવાદ, હાલ પાલણપુર

સંપાદક અને પ્રકાશકઃ ભિક્ષુ-અખંડાનંદ.

કાળબાદેવી રોડ, મુંબઈ.

પ્રથમાવૃત્તિ   પ્રત ૫૩૦૦   સંવત ૧૯૭૦   ઇ. સ. ૧૯૧૪.

મૂલ્ય-વાર્ષિક ફાળે ૦ પાકું ૦।।. છૂટક ૦।। અને ૧).

અમદાવાદમાં ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અનુક્રમણિકા.

પ્રકીર્ણ.

મહાભારતનું શાન્તિપર્વ.

આખું મહાભારત ચાર ભાગોમા મળીને રૂ ૮ થી ૧૦ ની કિંમતમાં આ સસ્થા તર્ફથી નીકળવાનો સંભવ હવે નજીક આવતો જણાય છે. મહાભરત ગ્રથમાનો અતિ મહત્વનો અને લોકપ્રિય ભાગ તે તેની છેવટનું શાન્તિપર્વ છે, જેમા રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મનો સમાવેશ હોઈ ધર્મના અનેકવિધ ઉત્તમ ઉપદેશોથી ભરપૂર હોવાથી સર્વથી પ્રથમ તેજ ભાગ છપાવવો શરૂ થઈ ચુકયો છે વડોદરાનિવાસી સાક્ષરોત્તમ શ્રીયુત છોટાલાલ નિર્ભયરામ જેવા અનુભવીને હાથે એ ભાગનુ ભાષાતર તૈયાર થએલુ હોઇ તેની પહેલી આવૃત્તિ રૂ આઠથી રા રા મણિશંકર મહાનંદ ભટ્ટે પ્રકટ કરેલી તેનીજ નવીન આવૃત્તિ પુષ્કળ સશોધન સહિત વધારે મ્હોટા અક્ષરોમા છપાઇને ચાલુ વર્ષના ચાતુર્માસમાજ બે પ્રકારના કાગળો ને પૂઠામા રૂ. ૨) અને રાા થી નીકળશે તરતમા લેનારને એથી પણ ઓછે મળશે નીકળેથી વિવિધ ગ્રથમાળાના આવતા પુસ્તક સાથે ખબર અપાય ત્યારેજ મગાવવું

કેટલાંક પુસ્તકોની નવિન આવૃત્તિઓ.

શ્રીમદ્ ભાગવત ભાષાંતર, શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા, શ્રીમદ્ ભગવદ્ગીતાના ગુટકાઓ, ભજનસાગર, સદ્‌ગુણી બાળકો, બાળસદ્બોધ તથા બાળકોની વાતો.

ઉપલા દરેક પુસ્તકની માત્ર ૧૦૦ થી ૨૦૦ જેટલી જ પ્રતોજ શિલક હોવાને લીધે મહીનો બે મહીનામાજ તે ખલાસ થઈ જતા પછી ગ્રાહકોએ વધુ સમય ખોટી થવું ન પડે તેટલા માટે તે પણ એક પછી એક છપાઈ નીકળતા રહેશે જેમાં શ્રીમદ્ ભાગવતની તેમજ બીજા કેટલાક પુસ્તકોની નવીન આવૃત્તિઓ વગેરે ભાગ માઘની દિવાળીના અરસામાજ તયાર થઇ જશે.

ઉપલા પુસ્તકોમાનુ હરકોઇ પુસ્તક મગાવવા જેના જેમને ન મળે તેમણે નૂતન ઉનાગની વાટ ન જોતા સમજી લેવું કે તે હાલ શિલ-મા નથી

દાસબોધ તથા આખું યોગવાસિષ્ટ.

ઉપલા બે પુસ્તકો પણ આવતા વર્ષમા નીકળવા ખાસ સભવ છે મૂલ્ય દાસબોધનો રૂ. ૧) અને યો. વા ના રૂ ૪ થી ૫ રહેશે

વિવિધ ગ્રંથમાળાના નીચલા વર્ગમાં કાગળો ઉંચા વાપરવાના હેતુથી આવતા વર્ષથી અમલમાં આવનારો

કેટલોક ફેરફાર.

આ બાબત વિષે ગયા (રુસી વાર્તાઓ ભાગ ૨ જો) પુસ્તકમા કેટલીક હકીકત નિવેદન કરી વિવિધગ્રંથમાળાના ગ્રાહકોની વૃદ્ધિની આવશ્યકતા જણાવી હતી; પરંતુ કાંઇ વિશેષ પરિણામ અસંભવિત જણાયાથી આવતા ૧૯૭૧ ના વર્ષથી સારા કાગળો વાપરવાને ખાતર નીચે મુજબ ફેરફાર કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે

૧ કાગળો રૂ ૧ાા વાળા વર્ગમાં પણ રૂ ત્રણના વર્ગમાં આવે છે તેવાજ કે જેનુ મૂલ્ય હાલના કાગળો કરતા દોઢાથી પણ વધુ છે તે (૫૦ રતલી એન્ટીક અથવા ગ્લેજ-લીસા) વાપરવા

૨ વર્ષ દિવસે પૃષ્ઠ ૧૫૦૦ ને બદલે એજ કદના બે હજાર પૃષ્ઠ આપવા, અને મૂલ્ય પણ રૂ ૧ાા ને બદલે રૂ ૨) એ લેવુ.

૩ પાકા પૂઠાના મૂલ્યમા કશોજ વધારો ન કરતા હાલના ત્રણ રૂ માજ ૧૫૦૦ ને બદલે ૨૦૦૦ પૃષ્ઠ આપવા, અને આ વર્ગમા દરેક પુસ્તક જૂદા પૂઠામા બંધાયાથી વર્ષમા નવ સુધી પાકા પૂઠા આવતા તેને બદલે હવેથી દરેક ખાનગી-પછી તેમા પુસ્તક એક હો કે બે હો-અકેક પાકા પૂઠામાજ બંધાવવાનુ રહેશે, જેથી પૂઠાની સંખ્યા વર્ષમા ૭ સુધીનીજ આવશે

ઉપરના નિર્ણયપરથી પ્રત્યેક વાચકબંધુ જોઇ શકશે કે સાદા પૂઠામા પણ કદના જેટલુજ મૂલ્ય વધવાથી **મૂલ્યના પ્રમાણમાં તો કિંચિત પણ વધારો થયો નથી, અને બંને વર્ગને ઉલટા નીચલા લાભ એથી થશે.**

૧ સાદા પૂઠાનાં ગ્રાહકો પાસેથી વધારાના ૫૦૦) પૃષ્ઠ બદલ જે આઠ આના વધુ આવશે, તેમાંથી વધારાના પોસ્ટેજ ખર્ચમાં ૦)=॥ તેમજ સારા કાગળ બદલના વધારાના ખર્ચમાં ૦)॥ જતા બાકી રહેલા **માત્ર ૦)॥ માંજ ખરૂં જોતાં ૦।=ની કિંમતનાં વધારાનાં પાંચસો પૃષ્ઠ** મળવાથી દરેકને ૦)॥ જેટલો લાભ

૨ પાકા પૂઠાના વર્ગના ૧૫૦૦ પૃષ્ઠના રૂ ૩) જોતા ૨૦૦૦ પૃષ્ઠના રૂ. ૪) થાય, છતા ત્રણજ કાયમ રહેવાથી મળતી રૂ. ૧) ની છૂટમાથી ત્રણેક પાકા પૂઠાં ઓછા થયા બદલના આઠેક આના બાદ કરીએ, તોપણ બાકીના આઠ આનાનો લાભ આ વર્ગને પણ દેખીતોજ છે.

ઉપલી બને બાબતોને લીધે તેમજ રૂ. ૩) વાળા વર્ગના ગ્રાહકો વધવાને લીધે દર વર્ષે જે રૂ ૧૧૦૦) શુમારેનો વધારાનો ખર્ચ થશે, તે નિભાવી લેવાનો આધાર વ્યવસ્થા વિગેરેમા કરકસર અને મહેનતની વૃદ્ધિ ઉપર રહેલો છે

આશા છે કે ગ્રાહક બધુઓ આ ફેરફારને ખુશીથી વધાવી લેશે

આ સ્થળે પુન: પણ જણાવવુ વ્યર્થ નથી કે સાદા ને પાકાં પૂઠાના વર્ગ વચ્ચે હવે માત્ર રૂ. ૧) નોજ ફરક રહેશે હોવાથી જેમનાથી બને તેમણે અવશ્ય રૂ ૩) વાળા વર્ગમાજ બદલી કરવી, અને તેમ કરીને માત્ર પોતાનાજ ઉપયોગમા આવી થોડા વખતમાં ફાટી જનાર સાદા પૂઠાના પુસ્તકોને બદલે ઘણા માણસોના ઉપયોગમા આવવા છતાં પોતાના છોકરાના છોકરા સુધી પણ ટકી શકે એવી મજબૂતીવાળા પાકા પૂઠાના પુસ્તકોજ ખરીદવા ઉચિત છે.

જે ગ્રાહક બધુઓને ઉપલો ફેરફાર પસદ ન હોવાથી કે હરકોઇ કારણથી ગ્રાહકમાથી બધ પડવું હોય તેમણે તે વિષે સવેળા લખી જણાવવા કૃપા કરવી.

જે બધુઓને એમજ ગમતુ હોય કે હાલના જેવા હલકા કાગળ આવે તેની ફિકર નહિ, પણ માત્ર દોઢ રૂપીઆમાં દોઢ હજાર

પૃષ્ઠની રીતેજ ગ્રાહક રહેવું છે; તેમણે તે પ્રમાણે પણ અવશ્ય લખી જણાવવું. જો આવા માણસો કાંઈ પણ ઠીક સખ્યામાં નીકળી આવશે તો તેમને માટે તેટલી પ્રત હાલના ૨૬ કાગળપરજ છપાવવાનુ રાખી શકાશે, અને ૨૦૦૦ પૃષ્ઠમાથી ૫૦૦ પૃષ્ઠ જેટલા એકાદ બે પુસ્તકો તેમના જોગા ઓછા છપાવીને હાલની પેઠે ૧૫૦૦ પૃષ્ઠના પુસ્તકોજ તેમને મળે તેમ કરાશે; પરતુ જો આવા થોડાજ મનુષ્યો નીકળશે તો તેટલાને ખાતર આ ગોઠવણ રહી શકશે નહિ.

કાગળોની જાત વિષે થોડો ખુલાસો.

વિવિધ ગ્રથમાળામા વપરાતા એન્ટ્ટીક કાગળો જોઇએ તેવી જાતના હજી જોઇએ ત્યારે તૈયાર ન મળતા હોવાથી, ખાસ સામટા જથ્થામા કઆવો કરીને તે યૂરોપથી મગાવવા પડતા હોવાથી નાણા અને વખારની બાબતમા કેટલીક અગવડ પડે છે ખરી; પણ એના બદલામા લાભ એ થાય છે કે બજારમા મળતા સામાન્ય ગ્લેજ કાગળોના ભાવમાજ આ કાગળો પડી રહે છે, અને વિશેષમા તેવા ગ્લેજ કાગળો કરતા આ કાગળો મજબૂતીમા અને જાડાઇમા વધુ હોય છે વળી કાજી વિગેરેથી ઘુટીને લીસા ચળકતા કરેલા કાગળો કરતા આવા સાદા દેખાવના કાગળો વાચનારની આંખો માટે પણ ઘણુ હિતકારી છે, એવો શોધક યૂરોપીય વિદ્વાનોનો અભિપ્રાય છે. જર્મનીમાં તો એ કારણને લીધે ખુદ સરકારેજ એવી મનાઇ કરી છે કે બાળકો માટેના પુસ્તકો એવા ચળકતા ગ્લેજ કાગળો પર છપાવવાજ નહિ*

---

* પરીક્ષા ન હોવાથી તથા કાગળો વિષેની આવી હકીકત જાણમા નહિ હોવાથીજ ઘણાકો એવી ભ્રમ ભરેલી માન્યતા રાખે છે કે 'કાગળો જે લીસા ને ચળકતા હોય તેજ ઉંચા, ને લીસા નહિ તે હલકા' આવી અજ્ઞાનતાને લીધે આ ગ્રથમાળાના ૨ ૩) ના વર્ગમા વપરાતા કાગળો વિષે પણ તે હલકા-રદ્દ હોવાનુ એક માસિકના કોઈ દક્ષાડે લખી વાળ્યુ હતુ !

નિવેદન.

વિવિધ ગ્રંથમાળાના ૪૪-૪૫ મા અંક તરીકે વાચક સજ્જનોના કરકમળમાં સ્વામી રામતીર્થના ઉપદેશોનો સાતમો ભાગ સાદર થાય છે.

હજી આવા બીજા ત્રણેક ભાગ નીકળવા સભવ છે, જેમાના એકમાં રામ સ્વામીના બાકી રહેલા ઉપદેશો, એકમાં પત્રો અને એકમા તેમનુ વિસ્તૃત જીવનચરિત્ર આવવા યોજના છે.

આ ભાગ પ્રકટ થવાની સાથે આ વાર્તા જાણીને વાચક બધુઓ આનદ પામશે કે-વિવિધ ગ્રથમાળા દ્વારા અગાઉ નીકળી ચુકેલા સ્વામી રામતીર્થના પહેલાથી પાચમા ભાગ સુધીના એકત્ર સગ્રહની નવીન આવૃત્તિ પણ મ્હોટા ટાઇપોમા છપાઇને આ પુસ્તકની સાથે સાથેજ પ્રકટ થઇ છે જે વિષે આ સાથે વહેચાએલા કાર્ડમા તેમજ અન્યત્ર જણાવેલુ છે.

એક બીજી નવીન બાબત જણાવતા પણ આનદ થાય છે કે આવતા વર્ષથી શરૂઆતથી રૂ. ૧॥ વાળા વર્ગમા પણ રૂ ૩) વાળા વર્ગના જેવાજ ચડતા કાગળો વાપરવાનું ઠરાવ્યુ છે, અને તેની સાથે વાર્ષિક ૧૫૦૦ પૃષ્ઠને બદલે બેહજાર પૃષ્ઠ આપવાનુ ગણી વાર્ષિક મૂલ્ય રૂ. ૧॥ ને બદલે ૨) લેવાનુ રાખ્યુ છે રૂ ૩) વાળા વર્ગમા પણ આ ૫૦૦ પૃષ્ઠ વધશે છતા મૂલ્ય જેનુ તેજ કાયમ રહેશે

આ ભાગમાના ઘણાખરા વિષયો જેમ કે, અદ્વૈત અને દ્વૈતનું સમ્મિલન, વેદાન્તના કેટલાક પ્રશ્નોતર, માયા અથવા જગત ક્યારે અને શા માટે ? પ્રશ્નોત્તર, તમારાં કુટુમ્બ શી રીતે સુખી કરવાં ? એ વિષયો અમદાવાદ નિવાસી રા. રા. ચદુલાલ છોટાલાલ શાહ

એમણે અંગ્રેજીપરથી અનુવાદિત કરેલા છે. આત્મસાક્ષાત્કાર સબધી સૂચના, ગૃહસ્થાશ્રમ અને આત્મસાક્ષાત્કાર એ બે વિષયો સ્વામી સ્નેહજ્યોતિએ, અને આત્મવિકાસ નામક વિષય શ્રીયુત કૃપાશકર બેચરલાલ પંડિતે કેટલાક સમય અગાઉ તૈયાર કરેલા હતા તે પણ આ ભાગમા દાખલ કરેલા છે. સિવાય જગતનો પ્રારભકાળ કયો? તથા પ્રાણાયામ આ બે વિષયો નડિયાદ નિવાસી રા મણીલાલ પ્રાણલાલ એમની પાસે (શ્રીયુત ભાસ્કર વિષ્ણુ ફડકે બી. એ તથા શ્રીયુત રામકૃષ્ણ વાસુદેવ બર્વે. બી. એ વાળા) મરાઠી ગ્રથને આધારે અનુવાદિત કરાવ્યા છે. જેમા આપેલા ઉપયોગી ટીપણો પણ એ ગ્રથમાથીજ ઉતારેલાં છે.

પ્રાણાયામનો વિષય અગાઉ પાચમા ભાગમા ટુંકાણમા અપાયલો હોવાને લીધે આ ભાગમા તે પુન. આપવો યોગ્ય ધાર્યો છે.

આ પ્રમાણે આ ભાગના મુખ્ય અનુવાદક રા. ગ. ચદુલાલ છોટાલાલ રાહ એમણે પોતાની પાલણપુર ખાતેની સરકારી નોકરીની રોકાણ છતા આ કાર્ય ખાતે જે નિષ્કામ શ્રમ લીધો છે તે બદલ તેમનો, તેમજ ઉપર જણાવેલા અન્ય સજ્જનોનો અને જે મૂળ ગ્રથોપરથી આ વિષયો તૈયાર થયા છે તેના સપાદક તેમજ પ્રકાશક મહાશયોનો પણ અત્ર સપ્રેમ આભાર માનવામા આવે છે.

આમાના કેટલાક વિષયો ગુર્જર વાચકોને સમજવા મુસ્કેલ થઇ પડે એવા રૂપમા અનુવાદિત થઇ આવેલા જણાયાથી તેને સુગમ બનાવવા ખાતે યથામતિ યથાશક્તિ શ્રમ લેવાયો છે, છતા સપાદકની અથવા અનુવાદકની ખામીને લઇને જ્યા પણ ન્યૂનતાદિ દોષ જણાય તેની સુધારણા સૂચવી પુનરાવૃત્તિ પ્રસગે તેનો લાભ લઇ શકાય તેમ કરવા અનુભવી જનોને ખાસ વિનતિ છે.

સ્વામી રામતીર્થના ઉપદેશો, એ વર્તમાન ભારતને કોઇ મહા પુણ્ય યોગે મળેલો એક અદ્‌ભૂત દૈવી વારસો હોવાથી તેનો ઉપયોગ અનેક આવૃત્તિઓ દ્વારા અનેક પેઢી સુધી ચાલુ રહે તેમ છે. જેથી વખતો વખત જેમ બને તેમ તેનાં ભાષાન્તરો અધિક સ્પષ્ટ અને શુદ્ધ રૂપમાં મૂકાતા જાય તેમ કરતા રહેવાની આવશ્યકતા સ્પષ્ટજ છે. આ કારણને લીધે અત્યાર સુધીમા નીકળેલા તેના જે જે ભાગોમાના જે જે વિષયો અથવા અશોના અનુવાદ પુનઃ કરાવવા જેવા જણાય તે અનુભવી અને કાળજીવાળા વિદ્વાનો પાસે કરાવવા ધારણા છે. આશા છે કે લોકસેવાની ઉત્તમ નિષ્કામ વૃત્તિવાળા ઉત્તમ લેખકો આ કાર્યમાં પોતાની સહાયનો હસ્ત લબાવવા ચૂકશે નહિજ.

આ પછી આપેલા **આવતા વર્ષના નિયમો તથા વિદેશી ગ્રાહકોને વિનતિ** એ વિષયો તરફ દરેક વાચક બધુનુ ખાસ લક્ષ્ય ખેચવામા આવે છે.

આ તેમજ આવતુ પુસ્તક મળીને ચાલુ વર્ષમા ૧૫૦૦ પૃષ્ઠ કરતાં પણ થોડી સખ્યા વધે તેમ હોવાથી ગ્રથસ્વીકાર વિગેરે વિષયો દિલગીરી સાથે આવતા વર્ષપર રાખવા પડયા છે ॐ **तत् सत्.**

સ ૧૯૭૦ જ્યેષ્ટ શુક્લપચમી }
જુન ૫ સ. ૧૯૧૮. }

મંત્રી.

આવતા વર્ષના નિયમો.

વિવિધ ગ્રંથમાળાના ચાલુ વર્ષના ત્રણ અંકો નીકળવાના બાકી છતાં તેમાં સ્થળનો અવકાશ ન રહે તેમ હોવાથી આવતા ૧૯૭૧ ના વર્ષના મુખ્ય નિયમો આ પુસ્તક સાથેજ આપવામા આવે છે.

૧. વિવિધ ગ્રંથમાળા દ્વારા અત્યાર સુધી જે ધોરણપૂર્વક દર વર્ષે ૧૫૦૦ પૃષ્ઠ અપાતાં તેજ ધોરણપૂર્વક સં. ૧૯૭૧ ના વર્ષથી ૨૦૦૦ (બે હજાર) પૃષ્ઠ અપાશે

૨. **વાર્ષિક મૂલ્ય** સાદા પૂઠાના વર્ગનું રૂ. ૧॥ ને બદલે રૂ. બે વર્ષની શરૂમાજ લેવાશે.

૩. **કાગળો** રૂ ૧॥ વાળા વર્ગમા જે આવતા હતા તેને બદલે ચહુતી જાતના એટલે રૂ. ૩) ના વર્ગમા આવે છે તેવા (૫૦ રતલી એન્ટીક અથવા ગ્લેજ) વપરાશે

૪ **પાકા પૂઠાના વર્ગમાં** પણ ઉપર પ્રમાણે ૫૦૦) પૃષ્ઠ વધતા છતા વાર્ષિક મૂલ્ય જેનુ તે ત્રણજ રૂપિયા કાયમ રહેશે, અને અત્યાર સુધી દરેક પુસ્તક પાકા પૂઠામા બધાઇને અપાયાથી વર્ષ દીવસે નવ સુધી પૂઠા થતા તેને બદલે હવેથી કોઇ રસાગીમા બે પુસ્તકો હશે તેને પણ એકજ પૂઠામા બધાવી વર્ષ દીવસના છ સુધીજ પૂઠા આવશે

૫. પોસ્ટેજ ખર્ચ બને વર્ગનુ માફ છે. વી પી ખર્ચ ૦)– વધુ

૬. આફ્રીકા, ઇગ્લડ, ચીન ઇ૦ બીજા દેશો માટે વધારાના પોસ્ટેજ સાથે રૂ ૨–૬–૦ અને પાકા પૂઠા બદલ રૂ. ૩–૧૨–૦ રહેશે.

૭. નવા વર્ષનુ પહેલુ પુસ્તક વી. પી. થી મોકલીને વાર્ષિક મૂલ્ય વસુલ થશે. એવા દરેક વી. પી. ઉપર વીટેના કાગળની પાછલી બાજુએ ગ્રાહકના રજીસ્ટર નબર સાથે મૂલ્યનુ બીલ છાપેલુ હોય છે; તેનેજ આ ખાતા તરફની પાવતી સમજી જાળવી રાખવું.

૮. મનીઓર્ડરથી મૂલ્ય મોકલનારને અહીંની સહીવાળી પાવતી પોષ્ટદ્વારા મળે છે તેજ બસ છે. છતાં બીજી જૂદી પાવતી જોઇશે તેમને ૦)ાા ની ટીકીટ બીડવાથી મોકલાશે.

૯. મુબઇ કે અમદાવાદના કાર્યાલયમા અથવા અન્ય સ્થળે મૂલ્ય ભરતી વેળાએ આ ખાતા તરફની છાપેલી પાવતી નાણા લેનારની સહી સાથેની મેળવવી જોઇયે.

૧૦. ઉપલામાંના હરકોઇ દાખલા વિના લવાજમ ભર્યાનો કોઇનો દાવો સ્વીકારાશે નહિ.

૧૧. નડીયાદના ગ્રાહકો ત્યાંના એજટના નામનીજ પાવતી મેળવે તેમા આ ખાતાને કશો વાધો નથી, કારણ કે એ પ્રકારમાં દરેક સબંધ અને જવાબદારી ગ્રાહક તેમજ એજટ વચ્ચેજ રહે છે.

૧૨ એક અથવા વધુ મનુષ્યો મળીને દર વર્ષ રૂ ૮૦) થાય એટલી પ્રતો વિવિધ ગ્રંથમાળાની તેમજ ચરિત્રમાળાની મળીને એકજ નામપર રેલ રસ્તે મગાવવાનુ રાખશે તો તેમના સ્ટેશન બેઠાં સાડાબાર ટકા ઓછા લઇને મોકલાશે.

૧૩. ગ્રથમાળાના સર્વ અથવા કોઇ એક પુસ્તકની લબાઇ પહોળાઇમા ફેરફાર થશે તો હાલન જેટલુજ વાર્ષિક લખાણ આવી રહે તેટલા પ્રમાણમા પૃષ્ટની સખ્યામા ફેરફાર કરવામા આવશે.

૧૪. દર વખતે પુસ્તકોની રવાનગી કાળજીથી શિરનામા મેળવી લઇને તેમજ નોધ રાખીને ખાત્રી બધ મોકલવાનુ ધોરણ રાખેલુ છે, છતા શિરનામા બદલવાની ખબર અગાઉથી ન મળવાથી અથવા હરકોઈ કારણસર ટપાલમા પુસ્તક ગેરવલ્લે જાય તે ફરીથી મોકલવાની જુવાબદારી આ સસ્થાને શીર નથી; તો પણ જેઓ પ્રતિજ્ઞાપૂર્વક તે વિષે તરતમાં લખી જણાવશે, તેમનો પત્ર યોગ્ય અરજ સાથે પોષ્ટ ખાતાના ઉપરી અધિકારી તરફ મોકલીને તે મેળવી આપવાનો તેમજ

બીજો ઘટતો વિચાર થશે. અત્ર તરફની એવી અરજી વિષે પોષ્ટ ખાતા તરફથી ગ્રાહકને પુછપરછ થાય તેનો સત્ય ઉત્તર કાળજીથી તેમણે આપવો જોઇએ.

૧૫. વી. પી. થી અથવા અન્ય હરકોઇ પ્રકારે વાર્ષિક મૂલ્ય મળ્યા વિના પુસ્તકો મોકલવાનુ ધોરણ ન હોવાથી જ્યા વી. પી જઇ શકતાં ન હોય ત્યાંના ગ્રાહકોએ દરેક નવા વર્ષની શરૂઆત થવા પહેલા બે માસ અગાઉથી નવા વર્ષનુ મૂલ્ય મોકલી આપવુ. જેથી તેમને પુસ્તકો મળવામા ઢીલ વેઠવી ન પડે.

૧૬ ગમે તે માસમા ગ્રાહક થવા છતા કારતકથી આસો સુધીના આખા વર્ષ બદલજ ગ્રાહક ગણીને તે વર્ષના સર્વે પુસ્તકો અપાય છે કટલાક અંકો ચાલુ વર્ષના ને કેટલાક આવતા વર્ષના મળે એ પ્રકારે ગ્રાહક થઇ શકાશે નહિ.

૧૭ ગ્રાહકે હરકોઇ કારણ સર પત્ર લખવા સમયે પોતાનો રજીષ્ટર્ડ નબર તથા કઇ માળાના ગ્રાહક છે તે તેમા લખવા અવશ્ય તસ્દી લેવી, જેથી પત્રપર સત્વર અમલ કરવાનુ સુગમ થાય છે.

૧૮ મહીનો બે મહીના માટે ઠેકાણુ બદલાવવુ હોય તો પોતાની પોષ્ટ ઓફીસ સાથેજ ગોઠવણ કરી લેવી. વધુ સમય માટે ફેરફારી કરવાની હોય તોજ અત્ર લખવુ.

૧૯ વિવિધ ગ્રંથમાળાના પુસ્તકો છુટક લેવા ઇચ્છનારને સગવડ હશે તો બમણી કિંમતે (પો. જુદું) અપાશે. ઓછે માગવા વૃથા તસ્દી કોઇયે લેવી નહિ.

૨૦. નમુના માટે મુફત પુસ્તક મોકલવાનું, ઉધાર મોકલવાનુ અને બીજે મળતા પુસ્તકો ત્યાથી લાવી મોકલવાનુ બની શકશે નહિ.

૨૧ ઉત્તર મેળવવો હોય ત્યારે રિપ્લાઇ કાર્ડ અવસ્ય મોકલવુ

તા. ૧-૬-૧૪. 'વ્યવસ્થાપક' સ. સા. વ. કા.

વિદેશી ગ્રાહકોને વિનતિ.

આફ્રિકા, ચીન, ઇગ્લંડ, ફ્રાન્સ ઈ૦ દૂર આવેલા દેશો કે જ્યા વી. પી. જઇ શકતાં નથી, ત્યાંના ગ્રાહક બધુઓને વિનતિ કે ચાલુ વર્ષનુ છેલ્લુ પુસ્તક દીવાળીના અરસામાં તેમને મળ્યા પછી તેઓ નાણા મોકલે તે પહોચતા અને તે પછી તેમને નવા વર્ષનુ પુસ્તક પહોચતાં જે લાંબી મુદ્દત વહી જાય છે; તે જોતાં તેમણે આ પુસ્તક મળતાની સાથેજ પોતપોતાનુ વાર્ષિક મૂલ્ય પોષ્ટલઓર્ડરથી અમદાવાદને શીરેનામે મોકલી આપવા તસ્દી લેવી તેની સાથે બનતા સુધી દરેકે પોતાનો તે રજીષ્ટર્ડ નબર પણ લખવો.

'વિવિધ ગ્રંથમાળા' તેમજ **'ચરિત્રમાળા'** એ પ્રત્યેકનુ વાર્ષિક મૂલ્ય વિદેશના વધારાના પોસ્ટેજ ખર્ચ સાથે રૂ. ૨–૬–૦ અને પાકા પૂઠાં બદલ રૂ. ૩–૧૨–૦ છે. દૂર, પાકા પૂઠાનું વધુ પહોચવડાપણુ વગેરેનો વિચાર કરીને બનતા સુધી પ્રત્યેક ગ્રાહક બધુએ પાકા પૂઠાના વર્ગનુજ મૂલ્ય મોકલવુ વધારે સારૂં છે.


વિવિધ ગ્રથમાળાના સવત ૧૯૬૭, ૬૮, ૬૯ અને ૭૦ ના પ્રત્યેક વર્ષના સૅટ દીઠ રૂ. ૧–૧૪–૦ અને ચરિત્ર માળાના સવત ૧૯૬૮, ૬૯ અને ૭૦ના પ્રત્યેક વર્ષના સૅટ દીઠ રૂ. ૨–૬–૦ છે પાકા પૂઠાના એ પ્રત્યેક સૅટના રૂ. ૩–૧૨–૦ છે.

ઉપલા સેટમાથી તેમજ હાલમા નીકળી ચુકેલાં પુસ્તકો **આર્ય ભિષક્, રામતીર્થ**ના પાચ ભાગ અને દિવાળી અગાઉ નીકળનાર **મહાભારતનું શાન્તિપર્વ** તેમજ બીજા નીચે જણાવેલા પુસ્તકોમાથી પણ જેમને જે જોઇએ તે પ્રત્યેક બદલ તેમણે ભેગા ભેગા નીચે મુજબ નાણા વધુ મોકલવા.

પુસ્તકનું નામ.	મુલ્ય.	પોસ્ટેજ.
શાન્તિપર્વ (મહાભારતનુ)	૨–૮–૦	૧–૦–૦
(તરતમા મગાવનારને આ પુસ્તક આઠ આને ઓછે મળશે.)		
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૧–૮–૦	૦–૯–૦
સ્વામી રામતીર્થ ભાગ ૧થી ૫ ભેગા.	૧–૪–૦	૦–૮–૦
શ્રી શિવાજી છત્રપતિ	૧–૪–૦	૦–૮–૦
રાજસ્થાનનો ઇતિહાસ ગ્રંથ ૧ લો.	૨–૮–૦	૦-૧૨ ૦
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા.	૨–૦–૦	૦-૧૨ ૦
શ્રીમદ્ ભગવત ભાષાંતર.	૨–૦–૦	૧–૩–૦
એકાદશ સ્કંધ (ભાગવતનો) સોનેરી	૦–૮–૦	૦–૪–૦
શ્રીમદ્ ભગવદ્ગીતા (સોનેરી પૂઠું)	૦–૪–૦	૦–૩–૦
બાળકોની વાતો.	૦–૩–૦	૦–૧–૬
બાળસદ્બોધ.	૦–૩–૦	૦–૧–૬
સદ્ગુણી બાળકો.	૦–૩–૦	૦–૧–૦
મનહરપદ.	૦–૨–૬	૦–૧–૬
ભજન સાગર.	૦–૨–૦	૦–૧–૦
સુબોધ રત્નાકર.	૦–૫–૬	૦–૩–૦
વસિષ્ઠસારગીતા.	૦ ૧૦-૦	૦–૫–૦
સુબોધ રત્નમાળા છત્રીશી.	૦-૧૮ ૦	૦–૬–૦
આર્યધર્મ નીતિ.	૦–૪–૦	૦–૨–૦
ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર ચરિત્ર.	૦–૩–૦	૦–૧–૦

પાચ રતલથી વધુ પુસ્તકો હોય તો તેનુ પેકેટ જુદું કરવુ પડે છે. સલામતી માટે રજીષ્ટર્ડ ખર્ચ બદલ દરેક પેકેટ દીઠ ૦–૨–૦ વધુ મોકલવા પત્ર તથા નાણા મોકલવાનુ શિરોનામ નીચે મુજબ —

Sastu Sahitya Vardhak Karyalaya,
Branch Office, **AHMEDABAD.** (India.)



આત્મવિકાસ.

स्वामी रामतीर्थ

એમના સદુપદેશ.

ભાગ ૭ મો.

आत्म विकास.

(આ ભાષણ અમેરિકામાં 'એકેડેમી ઑફ સાયન્સીસ હૉલ ' મા અપાયુ હતુ.)

બાનુઓ અને ગૃહસ્થોરૂપે વિરાજતો નિજાત્મા '

આ રાત્રે આપણે ' આત્મ વિકાસ ' એ વિષય ઉપર બે શબ્દો સાભળવા અહીં એકઠા થયા છીએ. આજના વિષયને જીવનના જુદાં જુદાં પગથીઆં, આધ્યાત્મિક ઉન્નતિની ભૂમિકાઓ, અથવા સ્વાર્થને વિશુદ્ધ અને ઉજ્વલ કરનારો ક્રમ, કહીએ તો ચાલે; કદાચ આજનો સિદ્ધાંત કોઇને વિચિત્ર લાગશે.

તમારી સામેની આકૃતિમાં એક સીધી લીટી અને કેટલાંક વર્તુલો છે. તમે એમ પૂછશો કે; એનો શો અર્થ છે? આત્માના વિકાસને આ વર્તુલો સાથે શો સબધ છે? કેટલાકના મનમાં એમ થતું હશે કે આ વર્તુલો નથી, પણ એ તો વાંકીચુંકી આકૃતિઓ અને લબગોળ અડાકૃતિઓ છે. આ વર્તુલો કે જે બરાબર ગોળ નથી, તેમજ જે લબગોળ અડાકૃતિ જેવા કાઢવામા આવ્યા છે, તે વર્તુલો જીવનની જુદીજુદી સ્થિતિઓ બતાવવાને અર્થે છે. પરતુ આવી લબગોળ અને અડાકૃતિ જે કાઢવામા આવી છે, તે હેતુ પુરસ્સર કાઢવામા આવી છે, વર્તુલો કાઢવામા જે અપૂર્ણતા દેખાય છે, તે કારણસરજ છે. આ વર્તુલો કે જે વાંકાચૂકાં છે, તેજ તેનો શો અર્થ છે તે યથાર્થ રીતે સૂચવે છે જીવન એ શુ છે, અને જીવનની સ્થિતિઓ તે શુ છે એનુ વિવેચન કરતા પહેલા આ વર્તુલો સબધે બે શબ્દો હુ તમને કહીશ.

આ આકૃતિમા એક સૌથી નાનુ વર્તુલ છે, તે એક નાના બિદુ જેવુ છે. તે આનાથી પણ ઘણુ નાનુ જોઇએ; પરતુ તે બધાને બરાબર દેખાશે નહિ. એમ ધારી એ બધાયને દેખાય એવુ મોટું કાઢવામા આવ્યુ છે. એ વર્તુલની આસપાસ બીજુ એક વર્તુલ છે, તે પહેલાના નાના વર્તુલ કરતા વધારે મોટું છે. તેની આસપાસ ત્રીજુ વર્તુલ છે અને એ ત્રીજા વર્તુલની આસપાસ એક ચોથુ વર્તુલ છે. આ વર્તુલોની એક વિશેષતા એ છે કે જેમ જેમ વર્તુલો વિસ્તાર પામતા અને મોટા થતા જાય છે, તેમ તેમ તે વર્તુલોનુ મધ્યબિદુ સર્વે વર્તુલોની સાધારણ સ્પર્શરેખા ઉપર જે શરૂઆતનુ અ બિદુ છે તે બિદુથી દૂર ને દૂર જાય છે. મધ્યબિદુ દૂરને દૂર જતું જાય છે, ત્રિજ્યા વધતી જાય છે અને વર્તુલો મોટા થતા જાય છે. જો વર્તુલનુ મધ્યબિદુ શરૂઆતના બિદુ અ ની નજીકમાંજ કાઢીએ, અને તે

એટલા સુધી નજીકમાં કાઢીએ કે તે મૂળ બિંદુ अ મા મળી જાય, તો તે વર્તુલ તે મધ્યબિંદુ રૂપ બની જાય છે. આ પ્રમાણે કોઇ પણ વર્તુલનુ મધ્યબિંદુ જ્યારે મૂળ બિંદુની છેક પાસે આવે છે, ત્યારે તેની અંતિમ સ્થિતિ એ બિંદુજ થાય છે; અને જ્યારે તે મૂળબિંદુથી દૂરને દૂર જાય છે, ત્યારે ત્રિજ્યા વધતી વધતી છેવટ અપરિમિત બને છે; અને મધ્યબિંદુ અનંતતાને પામે છે, અને વર્તુલ તે સીધી લીટી જ બને છે. આ પ્રમાણે જે વર્તુલનું મધ્યબિંદુ અનંત અંતરે જાય છે અને ત્રિજ્યા પણ અપરિમિત થઇ જાય છે, તે વર્તુલની અંતિમ સ્થિતિ તે સીધી લીટી છે.

એની અંદર બીજી વિશેષતા જોવામાં આવે છે, તે એ છે કે વર્તુલ જેમ મોટું, તેમ તે સ્પર્શ રેખાની પાસે વધારે આવે છે. અને તે જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તેની વક્રતા ઓછી થતી જાય છે. આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે क મધ્યબિંદુ-વાળા અંદરના વર્તુલ કરતા ङ મધ્ય બિંદુવાળુ મોટું બહારનુ વર્તુલ अ બિંદુની પાસે ઘણુ વધારે સીધી લીટી જેવું દેખાય છે; તેમજ મધ્યબિંદુવાળુ વર્તુલ તેની અંદરના ब મધ્ય બિંદુવાળા વર્તુલ કરતા વધારે સીધી લીટી જેવું જણાય છે. અને આવી રીતેજ પૃથ્વી ગોળ હોવા છતા જ્યારે આપણે તેના કોઈ પણ ભાગ તરફ જોઇએ છીએ ત્યારે તે આપણને સપાટ જણાય છે; કારણ કે પૃથ્વીના પરિ-ઘનો તેટલો ભાગ પણ આપણી દૃષ્ટિ મર્યાદાના કરતા બેહદ મોટો છે. વર્તુલો શુ છે, તે સમજવા માટે આટલું વિવેચન બસ થશે.

માનવ જીવન.

જીવનનું મુખ્ય લક્ષણ શું છે ? સજીવતા અને નિર્જીવતામાં શો ફેર છે ? એવાં કયાં લક્ષણો છે કે જેથી સજીવ અને નિર્જીવ પદાર્થોને

જૂદા પાડી ઓળખી શકાય? એ લક્ષણો તે ગતિ, શક્તિ અને ક્રિયા છે, સજીવ ને નિર્જીવ વસ્તુનો ભેદ એથીજ સમજાય છે. સામાન્ય રીતે લોકોની સજીવતાની આ વ્યાખ્યા છે. વિજ્ઞાનશાસ્ત્રની (Science) કરેલી વ્યાખ્યાનો પણ આજ વ્યાખ્યામાં સમાવેશ થઇ શકે છે. સજીવ મનુષ્ય હાલવું, ચાલવુ વગેરે સર્વ પ્રકારની ક્રિયા કરી શકે છે. મૃત *મમી એ સર્વ ક્રિયાઓ કરી શકતું નથી. મુએલુ પ્રાણી બીલકુલ હાલી ચાલી શકતુ નથી, જીવતું પ્રાણી ચાલે છે, દોડે છ, સર્વ કઇ કરી શકે છે. મરી ગએલો છોડ વધી શકતો નથી; તેમા ગતિ અને શક્તિનો કેવળ અભાવ હોય છે સજીવ છોડ વૃદ્ધિ પામે છે, અને પોતાની ગતિ બતાવી આપે છે

વળી આપણે જોઇએ છીએ કે સજીવ પ્રાણી પદાર્થોના સામાન્ય રીતે ચાર વર્ગ કરવામા આવ્યા છે. બીજી રીતે કહીએ તો આખી દુનિયાને ખનીજ વર્ગ, ઉદ્‌ભિજ વર્ગ, પ્રાણી વર્ગ અને મનુષ્ય વર્ગ એમ મુખ્ય ચાર વર્ગમા વહેચવામા આવી છે. આની અદર આપણે જોઇએ છીએ કે પશુ વગેરે પ્રાણીઓ કરતા મનુષ્ય જાતમા અધિક શક્તિ, અધિક ગતિ અને ઉચા પ્રકારનુ હલન ચલન હોય છે. અન્ય પ્રાણીઓ ફક્ત અહીં તહી ફરેહરે છે, દોડે છે, પર્વતો ઉપર અને ડુંગરાઓ ઉપર ચઢે છે, પણ મનુષ્ય તો આ સર્વ કરવા ઉપરાત બીજું ઘણું કરી શકે છે. તેની અદર ગતિ અને શક્તિનો ઘણીજ ઉચ્ચ રીતે આવિર્ભાવ થએલો હોય છે. મનુષ્ય સૂક્ષ્મદર્શકયત્ર દ્વારા તારાઓ સુધી પહોચી શકે છે. એ પશુ વગેરે પ્રાણીઓ કરી શકે એમ નથી. તે પશુ વગેરે પ્રાણીઓને અકુશમાં રાખી શકે છે. તે વરાળ અને વિજળીના બળદ્વારા દેશ અને કાળનો નાશ કરે છે. તે અન્ય

---

* ઇજીપ્તમા કહોવાટને અટકાવે એવો મશાલો ભરીને રાખી મૂકેલા પ્રેતને મમી કહેવામા આવે છે.

પ્રાણીઓને અપ્રાપ્ત એવી ગતિ પ્રાપ્ત કરી શકે છે. તે પૃથ્વીના કોઇ પણ ભાગમાં ક્ષણ માત્રમાં સદેશા મોકલી શકે છે. તે આકાશમાં મુસાફરી કરી શકે છે. જગતમા મનુષ્યની શક્તિ અને સામર્થ્ય આ છે. આવી શક્તિ, આવું સામર્થ્ય અન્ય પ્રાણીઓમા ન હોવાથી મનુષ્ય એ સર્વમા શ્રેષ્ઠ ગણાય છે. અને આપણે જોઇએ છીએ કે જીવન-ક્રમમાં પશુ વગેરે પ્રાણીઓ મનુષ્ય જાતિ કરતા ઘણાં નીચા ગણાય છે.

હવે આપણે ઉદ્‌ભિજ વર્ગને, પ્રાણી વર્ગ સાથે સરખાવી જોઇએ ઉદ્‌ભિજ–વનસ્પતિ પણ વૃદ્ધિ પામે છે. તેમને ગતિ છે, પણ તેમની ગતિ એકજ દિશામા હોય છે તે છોડ, વૃક્ષ વગેરે એક લાઇનમાં ગતિ કરે છે તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકશે નહિ. તેઓ એકજ સ્થળે સ્થિત થઇ રહે છે તેઓ પોતાની શાખાઓને આજુબાજુ બધે પસારે છે, તેમજ જમીનમા પોતાનાં મુળીઆ ખૂબ ઉંડા નાખે છે. પરતુ તેમની શક્તિનો આવિર્ભાવ પ્રાણી વર્ગ કરત ઘણોજ ઓછો હોય છે. અને આવી રીતે આપણે જોઇએ છીએ કે વનસ્પતિ–વર્ગ પ્રાણી–વર્ગ કરતાં ઘણોજ ઉતરતો છે. અને ખનીજ પદાર્થો માટે તો પ્રાણી–શાસ્ત્રવેત્તાઓના મત પ્રમાણે જ જો આપણે વ્યાખ્યા કરીએ તો ખનીજવર્ગ તો તદ્દન નિર્જીવજ છે; પરતુ આ વિશ્વમા શક્તિનો જે આવિર્ભાવ દીઠામા આવે છે, તે દ્વારા જો આપણે જીવનનો ભિન્ન ભિન્ન ક્રમ તપાસીએ તો આપણે કહી શકીશું કે ખનીજ પદાર્થોમા પણ એક જાતની શક્તિ રહેલી છે; તેમની અદર પણ ફેરફાર થાય છે; અને તે ફેરફાર તેમને ઘણો જ આવશ્યક પણ છે. અને તેથી તેમની અદર પણ જીવનનો કઇક અશ છે એ સિદ્ધ થાય છે, પરતુ તેમનુ જીવન છેક જીવનક્રમની શરૂઆતમા હોવાથી નહિ જેવું અને ઘણુંજ સૂક્ષ્મ દીઠામાં આવે છે, કારણ કે તેઓદ્વારા પ્રકટતી શક્તિ ન કળાય એવી અને ઘણીજ સૂક્ષ્મ હોય છે. આ

પ્રમાણે સ્પષ્ટ થાય છે કે ગતિદ્વારા ઓળખાતા, જીવનના ગતિ અને શક્તિના ભિન્નભિન્ન ક્રમ અનુસાર, વર્ગ પાડવામા આવ્યા છે.

કુદરતની યોજના એ છે કે આ વિશ્વમા કંઇ પણ નવું ન હોવું જોઇએ. આપણે જોઇએ છીએ કે આ બહારની દેખાતી વિવિધતા છતાં, આ બાહ્ય અનેક રૂપો છતા કુદરત તો એવી ને એવીજ કંગાલ છે. પ્રેમીના નેત્રોમાથી અશ્રુ સરે છે તેમા જે નિયમ (પ્રેમાકર્ષણનો) પ્રવર્તી રહ્યો છે, તેનો તેજ નિયમ સૂર્ય અને તારાઓ જે ભ્રમણ કરી રહ્યા છે, તેમા પણ પ્રવર્તી રહ્યો છે. સૂક્ષ્મમા સૂક્ષ્મ અણુઓથી માંડીને દૂરમા દૂર અંતરે રહેલા તારાઓ સુધી, આગળીઓને વેઢે ગણી શકાય એટલા સર્વ પદાર્થોને નિયમમાં રાખનારા તેના તેજ નિયમો પ્રવર્તી રહેલા છે કુદરતની વારવાર પુનરાવૃત્તિ થયા કરે છે. આ દુનિયાની સ્ક્રુ સાથે અથવા શંખ સાથે સરખામણી કરી શકાય, કે જેના વળ બધા એકસરખાજ હોય છે. આજ કારણથી આ દુનિયાને પ્યાજના જેવી પણ કહી શકાય. પ્યાજનુ એક પડ કાઢો તો તેવુ ને તેવુજ બીજુ પડ જણાશે, તેને પણ કાઢો તો ત્યા તેજ જાતનુ ત્રીજું પડ જણાશે, તે પડને પણ કાઢી લ્યો તો ત્યા ચોથુ પડ પણ તેવુ ને તેવુજ નજરે પડશે. આપણે જે કંઇ એક વર્ષમા અનુભવીએ છીએ તેનુ તેજ સૂક્ષ્મ રૂપમા દરેક ચોવીસ કલાકમા અનુભવીએ છીએ. પ્રાત:કાળનો સમય એ વસંતઋતુ કહી શકાય, મધ્યાન્હકાળને ગ્રીષ્મ-રૂતુ કહી શકાય. બપોર પછીનો સાયંકાળનો સમય તે વર્ષા ઋતુ કહી શકાય અને રાત્રિને શીઆળાની ઋતુ સાથે સરખાવી શકાય. આવી રીતે દરેક ચોવીસ કલાકની અંદર આખા વર્ષની સૂક્ષ્મ રૂપમાં પુનરાવૃત્તિ થયા કરે છે. જીવનુ—માનવીનુ સ્વરૂપ બનવા પહેલાં તેણે જીવનનાં જે જે સ્વરૂપો ધારણ કરેલા છે તે બધાની કંઇ અજબ ત્વરાથી મનુષ્ય પુનરાવૃત્તિ કરે છે. ગર્ભાશયમાં ગર્ભને

માનવી સ્વરૂપ ધારણ કરવા પહેલા મત્સ્ય, શ્વાન, વાનર વગેરે સર્વ સ્વરૂપો ધારણ કરવા પડે છે. ઉત્ક્રાંતિની ઘટના પ્રમાણે, આ અખિલ વિશ્વના એક સર્વ સામાન્ય, નિયામક નિયમ પ્રમાણે મનુષ્ય દેહમાં ખનીજ, વનસ્પતિ, પ્રાણી ઇત્યાદિ વર્ગ છે કે નહિ તે આપણે તપાસીએ. મનુષ્ય દેહ છતા, ખનીજ પદાર્થોના જેવુંજ જીવન ગાળનારા મનુષ્યો પણ શું આપણે નથી જોતા? મનુષ્યદેહ છતાં, વનસ્પતિ વર્ગના જેવું જીવન ગાળનારા મનુષ્યો પણ શુ આપણી નજરે નથી આવતા? શું એવા મનુષ્યો આપણે નથી જોતા કે જે પશુ વગેરે પ્રાણીઓનુજ જીવન ગાળે છે?

ખરા મનુષ્ય સ્વરૂપમાં હોય એવા મનુષ્યો તેમજ જેઓ મનુષ્ય છતા દેવસ્વરૂપ હોય એવા મનુષ્યો પણ આપણે જોઇએ છીએ.

પહેલું વર્તુલ–ખનીજ મનુષ્યો.

પ્રથમ આપણે જે નૈતિક અને ધાર્મિક ખનીજ વર્ગ છે તે લઇશુ. ખનીજ પદાર્થોમા બહારથી કોઈ પણ જાતની ગતિ જણાતી નથી, તેમજ તેમા બાહ્ય દૃષ્ટિએ કોઇ પણ પ્રકારની શક્તિ પણ નજરે પડતી નથી. તેમ છતા તે ખનીજ પદાર્થોમા કોઇ એક પ્રકારની શક્તિ, કોઇ એક પ્રકારની ગતિ અને કોઇ એક પ્રકારની ક્રિયા રહે છે; કારણ કે આપણે જોઇએ છીએ કે ખનીજ પદાર્થોમા ફેરફારો થયા કરે છે. તે પદાર્થોમાં ક્ષય અને વૃદ્ધિ થાય છે. તે ઝીણા ઝીણા અણુઓ તેમજ મોટા મોટા પર્વતોનું સ્વરૂપ ધારણ કરે છે. સમુદ્રની સાથે સરખાવતા પૃથ્વી કે જે આપણને સ્થિર અને ઘનરૂપ ભાસે છે, તે ઉંચી થાય છે, નીચી થાય છે, તેમા આંદોલન અને વિકૃતિ થાય છે. બાહ્ય દૃષ્ટિએ કોઇ પણ પ્રકારની ગતિ જણાતી નથી છતાં ખનીજ પદાર્થોમા પણ ગતિ રહેલી છે.

હવે, મનુષ્ય જાતિની અંદર ખનીજ પદાર્થોની ગતિ જેવા જીવન-વાળા મનુષ્ય કોણ છે? તે આપણે જોઇએ. બીજા શબ્દોમા કહીએ તો નાના છોકરાઓના રમવાના ફરતા ભમરડાની ગતિ જેવા જીવન-વાળા મનુષ્ય જાતિમા કયા મનુષ્યો છે તે આપણે જોઇએ. ભમરડો ફરે છે, ખૂબ ફરે છે, અને તે એટલા સુધી ખૂબ ફરે છે કે જાણે તે ફરતોજ નથી, એવો સ્થિર જેવો દેખાય છે. આ ભમરડાને જોઇને છોકરાઓ ખૂબ આનંદમા આવી જાય છે, તાળીઓ ઉપર તાળીઓ પાડે છે, અને કહે છે કે ભમરડો સ્થિર થઇ ગયો છે. તે ફરતો નથી, તે જરીએ હાલતો ચાલતો નથી. આ ગતિ તે પોતાના મધ્ય-બિંદુમા ફરનારી ગતિ છે. એમા ગતિ હોય છે, ગતિ ભ્રમણ કરે છે, પણ તે ભ્રમણનુ મધ્યબિંદુ પોતાનામાજ હોવાથી તે ગતિ ગમે તેટલી વેગવાળી હોવા છતા તે બહારથી જણાતી નથી ખનીજ પદાર્થોના જીવનની ગતિ એ ભમરડાની ગતિ જેવીજ હોય છે, અને તે આપણી કાઢેલી આકૃતિમા જે છેક બિંદુ જેવું સૌથી નાનુ વર્તુલ છે તે તે છે.

આ વિશ્વમા દરેક ગતિ વર્તુલાકારમા (ગોળાકારમા) હોય છે, કોઇ પણ ગતિ સીધી લીટીમા હોતી નથી. સર્વ વિજ્ઞાન-શાસ્ત્રો (Sciences) આ સિદ્ધ કરે છે. આજ કારણથી આપણે ગતિનું સ્વરૂપ બતાવવા માટે વર્તુલનો ઉપયોગ કરીશુ. ગણિતશાસ્ત્રમા રેખાઓ વડે ગતિ બતાવવામા આવે છે, અને અહીં આપણો વિષય પ્રતિ-પાદન કરવામા ગોળ રેખાઓ (વર્તુલોજ) બરાબર અનુકૂળ પડશે.

આથી આપણા ખનીજ પદાર્થોની ગતિ જેવા જીવનને ભમ-રડાની ગતિ જોડે સરખાવવામા આવ્યુ છે. આપણી સન્મુખ આ જે આકૃતિ કાઢવામા આવી છે તેની અંદર સૂક્ષ્મબિંદુના જેવું જે સૂક્ષ્મ વર્તુલ છે તે ખનીજ પદાર્થોનુ જીવન બરાબર બતાવે એમ છે. જેમની ગતિ ભમરડાના જેવી છે, જેમની પ્રવૃત્તિનો માર્ગ તે માત્ર એક

સૂક્ષ્મબિંદુ જેવા સૂક્ષ્મ વર્તુલ સમાન છે. અર્થાત્ જેમનુ જીવન ખનીજ પદાર્થોના જીવન સમાન છે, તેવા મનુષ્યો તે કયા છે? આનો તમે થોડો વિચાર કરો; એટલે તે કયા છે તે તમને સમજાશે. તે એ મનુષ્યો છે કે જેઓની સર્વ પ્રવૃત્તિ એક સૂક્ષ્માબિંદુમા, અનાત્મામાં, ત્રણ હાથની મર્યાદાવાળા દેહરૂપી એક નાના કર્વૉરેન્ટાઇનમા એકત્ર થાય છે. આ લોકો આ વિશ્વની અધમમાં અધમ સ્થિતિના લોકો છે. આ લોકો કેવળ વિષયસુખનો ભોગ કરવાનેજ પ્રવૃત્તિ કરી રહેલા હોય છે આ લોકોની પ્રવૃત્તિ જો કે ભિન્ન ભિન્ન હોય છે, તેઓ જો કે ભિન્ન ભિન્ન માર્ગે પોતાનુ જીવન ગાળે છે, તથાપિ એ સર્વેનો આ દુનિયાના સુખનો ઉપભોગ કરવાનોજ માત્ર ઉદ્દેશ હોય છે. આ એવા પ્રકારના લોકો છે કે જેઓનાં સ્ત્રીપુત્રાદિક ભૂખે મરે તોપણ જેમને જરાએ કાળજી હોતી નથી. તેઓ એવા પ્રકારના હોય છે કે જેઓના અડોશીપડોશી મરે કે જીવે, તેમનુ ગમે તે થાય તોપણ તેમની જેમને જરા પણ લાગણી હોતી નથી બીજાનુ ગમે તેમ થાય પરંતુ તેમને તો ખાવા પીવા જોઇએજ, તેમને મોજમજા મારવા જોઇએજ, તેઓએ પોતાની ક્ષુદ્ર વૃત્તિઓને તાબે થવુજ જોઇએ, તેમની અધર્મ્ય વાસનાઓ પુરી થવીજ જોઇએ પછી તે ઇચ્છાઓ પુરી કરવા માટે પોતાના કુટુંબના હિતનો અને પોતાની જાતિના હિતનો ભોગ આપવો પડે, તોએ ભલે, તેની જરીએ તેમને લાગણી હોતી નથી. તેમની સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર, તેમનું મધ્યબિંદુ કે જેની આસપાસ તેઓ ફરે છે, તેમનો સૂર્ય કે જેની આસપાસ ચક્રાકારમાં તેઓ ભ્રમણ કરે છે, તેમની કક્ષાનુ કેન્દ્ર તે માત્ર તેમનો ક્ષુદ્ર દેહ છે, તેમની પ્રવૃત્તિ અથવા ગતિ તે માત્ર મૃત ગતિ છે. મનુષ્ય જીવનમાં ખનીજ જીવન તે આ છે. જગતના ઇતિહાસમા મનુષ્યના સ્વરૂપમાં ઘણા સુંદર અને અમૂલ્ય ખનીજ પદાર્થો આપણને મળી આવે છે.

તમે જાણો છો કે હિરા, માણેક, મોતી વગેરે સર્વ પ્રકારનાં જવાહિરનો ખનીજ પદાર્થવર્ગમાં સમાવેશ થાય છે.

રોમના ઇતિહાસમાં એવો એક સમય હતો કે જ્યારે નીરો, ટિબેરીઅસ અને બીજા સીઝરો રાજ્ય કરતા હતા. આ પુરૂષોનાં નામ લેવાં એ તમારા કાનને અપવિત્ર કરવા સમાન છે. મોટા મોટા રાજાઓ અને શહેનશાહો થઈ ગયા છે, તેઓ સર્વે કીમતી ખનીજ પદાર્થો ખરા, પણ તે કેવળ ખનીજજ, મનુષ્ય નહિ. આ રાજાઓ અને બાદશાહો તેમના વખતમા જણાયલી સર્વ પૃથ્વી ઉપર સામ્રાજ્ય કરતા હતા છતા પોતાની પ્રજાના હિતની તેઓ લવલેશ પણ કાળજી રાખતા નહિ, તેમજ તેમને પોતાના મિત્રો અને સબધીઓના સબધી કદિ વિચાર સરખો પણ આવતો નહિ. પોતાની રૈયત, પોતાની રાણીઓ, પોતાના સગાવ્હાલા, પોતાના મિત્રો વગેરેનુ ગમે તે થાય, તેની તેમને પરવા નહોતી. માત્ર તેમને પરવા પોતાની પશુના જેવી કામનાઓ તૃપ્ત કરવાનીજ હતી. આવા રાજાઓ અને બાદશાહોના સબધમા તમે શુ ધારશો ? તેઓ કેવા હતા, તેમજ તેમનાં અમાનુષી કૃત્યો કેવા હતા તે તમારા જાણવામાં હશેજ. તેમાનો એક તો આખો દિવસ સ્વાદિષ્ટ પકવાન્નો ખાખા કરવાની વૃત્તિનોજ ભોગ થઇ પડયો હતો. જ્યારે તે સ્વાદિષ્ટ પકવાન્ન ખાવા બેસતો, ત્યારે છેક ઓકારી આવે ત્યા સુધી તે ખાખા કરતો, પછી ઔષધની મદદથી જે તેણે ખાધુ હોય તે સર્વે ઓકી કાઢતો અને આવી રીતે તેનુ પેટ જ્યા ખાલી થયુ એટલે તરત તે પાછો તેનો તે પદાર્થ ખાવા બેસી જતો. દિવસમાં આવી રીતે અનેકવાર કરવામા આવતું. તેમાનો વળી એક તો એવી રાક્ષસી પ્રકૃતિનો રાજા હતો કે જેણે માત્ર પ્રલયાગ્નિ સમાન મોટી આગ જોવાને ખાતર તેના વખતની સર્વ પૃથ્વીની રાજ્યધાનીને બાળીને ખાખ કરી નાખી હતી, આને તમે શું

કહેશો ? આ બધાં કીમતી હિરા માણેક વગેરે જવાહિર ખરાં, પરંતુ તઓ મનુષ્ય તો નહિજ.

બીજું વર્તુલ–કુટુંબસ્વાર્થી વનસ્પતિ મનુષ્યો.

હવે આપણે મનુષ્ય વર્ગમાં જે વનસ્પતિ વર્ગનું જીવન ગાળે છે તે તરફ આવીએ. ખનીજ પદાર્થના જેવુ જીવન ગાળનારા મનુષ્યોના તદ્દન સ્વાર્થપરાયણ સૂક્ષ્મ વર્તુલ કરતાં આ વર્તુલ મોટું છે. ખનીજ–મનુષ્યના વર્તુલ કરતા આ વર્તુલ કઇ મોટું છે. તેમજ આ વર્તુલના લોકો ખનીજ મનુષ્યો કરતાં ચઢીઆતા છે, તેમની પ્રવૃત્તિ તો સરતના ઘોડાની ગતિ સાથે સરખાવી શકાય. સરતના ઘોડાનુ વર્તુલ ભમરડાના વર્તુલ કરતાં મોટું હોય છે. આ કાઢેલી આકૃતિમાં क મધ્યબિંદુ-વાળુ જે બીજુ વર્તુલ છે, તે તેમનુ વર્તુલ છે એમ બતાવે છે. આ મનુષ્યો તે કયા ? આ મનુષ્યો બીજા સૌના હિતના ભોગે કેવળ પોતાનીજ લાલસા તૃપ્ત કરવાને ખાતર પોતાનુ જીવન ગાળતા નથી; પરતુ તેઓ પોતાની આસપાસના સબધીના સુખને પણ ધ્યાનમાં લે છે. આ પુરૂષો પોતાના સ્ત્રી પુત્રાદિકમા આસક્ત થએલા હોય છે. તેઓ પોતાના કુટુબરૂપી વર્તુલની આસપાસ ફર્યા કરે છે તેઓ ખનીજવર્ગના કેવળ સ્વાર્થપરાયણ મનુષ્યો કરતા ચઢીઆતા મનુષ્યો છે. કારણ કે આ મનુષ્યો પોતાની જાતના સુખનેજ માત્ર સાધે છે એમ નથી, પરતુ તેઓ પોતાના કુટુબના સુખને પણ સાધે છે. આ બીજા વર્તુલની અદર બીજા ઘણા નાના વર્તુલોનો સમાવેશ થઇ શકે છે, તેવી રીતે આ મનુષ્યો પોતાની જાત સિવાય બીજા ઘણાઓનું હિત કરી શકે છે, પણ તેથી શું તેમને આપણે નિસ્વાર્થી કહી શકીશુ ? ના, ના, કદિ નહિ. આ વર્ગના મનુષ્યોના સંબધમાં માત્ર એટલુંજ છે કે તેમનો આત્મા જરા વધારે વિકાસ પામેલો હોય છે. ખનીજ મનુષ્યોની બાબતમાં તેમનો આત્મા માત્ર આ નાના સરખા દેહની

અંદરજ મર્યાદિત થએલો હતો. જ્યારે આ મનુષ્યોનો આત્મા સ્ત્રી પુત્રાદિક કૌટુંબિક વર્તુલમાં વિસ્તાર પામેલો હોય છે. આ એ એક જાતનો સ્વાર્થજ છે, પરંતુ આ સ્વાર્થ તે કાંઈક ઉચ્ચ પ્રકારનો સ્વાર્થ છે. તેઓ પહેલા વર્ગના મનુષ્યો કરતાં ઘણાં સારા મનુષ્યો હોય છે. હવે આ બીજા વર્ગના મનુષ્યોને બતાવનાર વર્તુલ તરફ આપણે જોઈએ. આ વર્તુલ પોતાની અંદરના સર્વ સાથે અંતર્ગોળ (Concave) હોય છે. એ અંતર્ગોળપણું તે શું? એ અંતર્ગોળપણું તે પ્રેમના હસ્તોથી આલિંગન પામવું તે છે. આપણે આપણા હાથ લાંબા કરીને એક વર્તુલ બનાવીએ. આ વર્તુલ તે અંતર્ગોળપણું છે. આ વર્તુલ તેની અંદર રહેલા સર્વે બિંદુઓ અર્થાત્ કુટુંબના સર્વ મનુષ્યોપ્રતિ વળેલુ હોય છે; પરંતુ તે સિવાયનું તેની બહારનું જે સમસ્ત વિશ્વ છે, તેના પ્રતિ તો તેને વિરોધજ હોય છે. એક કુટુંબનું હિત બીજા કુટુંબના હિત સાથે ઘર્ષણ પામતા તરતજ બીજા વર્તુલની અંદરના વનસ્પતિ વર્ગના મનુષ્યોની સ્વાર્થી વૃત્તિ જણાઈ આવે છે. અને તેથી બન્ને કુટુંબોના માણસો વચ્ચે વિરોધ અને કલેશ થાય છે.

ત્રીજું વર્તુલ—જાતિસ્વાર્થી મનુષ્યો.

હવે આપણે ત્રીજુ વર્તુલ લઈએ. આ વર્ગના મનુષ્યો મનુષ્ય રૂપમા પશુઓ છે. ક મધ્ય બિંદુવાળુ આ ત્રીજું વર્તુલ પહેલા બે વર્તુલો કરતાં મોટું વર્તુલ છે આ વર્તુલને ચોમાસાના પવન સાથે—ઈશાનકોણના વાયુ સાથે સરખાવી શકાય. આ વર્તુલ એ બતાવે છે કે આ વર્ગના લોકોને પોતાનો દેહ અને પોતાના કુટુંબ કરતા કોઈ ઉચ્ચ વસ્તુમા મમત્વ બંધાયલુ હોય છે. આ લોકોનો આત્મા પોતાની ન્યાત, જાત અને પોતાના રાજ્ય સુધી વિકાસ પામેલો હોય છે; ત્યાં સુધી તેના મમત્વની મર્યાદા વિસ્તાર પામેલી હોય છે, અને તેથીજ

આ વર્ગના લોકો પક્ષાભિમાની હોય છે. આ વર્ગના મનુષ્યો ઘણા સારા હોય છે, તે ખરેખર ઘણાજ ઉપયોગી હોય છે. તેઓ વનસ્પતિ વર્ગના મનુષ્યો કરતાં ઘણાજ કામના હોય છે. તેઓનું મધ્યબિંદુ આ નાના સરખા દેહની પેલીપાર ફેલાયલુ હોય છે. તે વનસ્પતિ વર્ગના મનુષ્યોના મધ્યબિંદુ કરતા ઘણાજ ઉચ્ચ તેમજ ઘણાજ વિશાળ વિસ્તારમાં આવેલું હોય છે. તેઓના પરિભ્રમણનો ઘેરાવો ઘણા વિસ્તારવાળો હોય છે. આ વર્ગના મનુષ્યોની ઘણી જરૂર છે. કારણ કે તેઓ અનેક કુટુંબો અને અનેક જનોને ઉપયોગી થઇ પડે છે. જેમને તેઓ પોતાના પ્રેમના હસ્તોથી આલિંગે છે, તેમને તેઓ ઘણા ઉપયોગી હોય છે. જે લોકોની તરફ તેમનું વર્તન અંતર્ગોળ વર્તુલના જેવુજ હોય છે, તે લોકોને તેઓ ઘણાજ કામના હોય છે. આ લોકો કેવળ પોતાના અલ્પ દેહનુજ અથવા એકલા પોતાના કુટુંબનુજ હિત સાધતા નથી, પરંતુ જેમને તેમણે પોતાના માન્યા છે તે આખી ન્યાત, જાત અને દેશનુ પણ તેઓ હિત સાધે છે. આ પ્રમાણે તેઓ ઘણા ઉપયોગી છે, છતા તેમને પણ સ્વાર્થી કહી શકાય કે ? હા, કેમ નહિ, તેઓ પણ સ્વાર્થીજ હોય છે. અન્ય ન્યાત, જાત અને રાજ્યને ભોગે જે ન્યાત, જાત અને રાજ્યને તેમણે પોતાનું માની લીધેલુ હોય છે તેઓનું તેઓ કલ્યાણ સાધનારા હોય છે. તેઓમા શો દોષ છે, એ જો તમારે જાણવાની ઇચ્છા હોય, તો તેઓના વર્તુલની બહારના મનુષ્યો તરફ તેઓની કેવી વર્તણુંક છે તે તમારે જોવાની જરૂર છે. પોતાના વર્તુલની બહારના લોકો તરફ તેઓ સદા દુર્લક્ષ કરે છે. તેઓનું ન્યાત, જાત વગેરેનુ અભિમાન બરાબર દૃઢ થતા તેઓ એવા તો સકુચિતદૃષ્ટિના થઇ જાય છે કે તેઓના સિદ્ધાતવિરૂદ્ધ જો કોઇ પણ બોલ્યું તો તેના ભોગજ મળ્યા. આવા બે પક્ષો કદાચ એકઠા થયા તો તેઓ બન્ને જુદા જુદા વર્તુલના

હોવાથી તેમના વચ્ચે જોવા જેવીજ જામે છે. તેઓ કેટલાકનું કલ્યાણ કરે છે ખરા, પરંતુ અન્ય પક્ષો સાથે વિરોધ કરીને તેઓ તેમનું વધારે નહિ તો, તેટલુંજ નુકશાન પણ કરે છે. લોકો સામસામા પક્ષોમાં ભળી ક્લેશ અને કલહ કરે તો કેટલો બધો તેનાથી જન-સમાજમાં અસંતોષ ફેલાય ? તે છતા આ લોકો વનસ્પતિ વર્ગના લોકો કરતા ઘણાજ પસંદ કરવા લાયક છે.

સૃષ્ટિનો નિયમજ એવો છે કે તમે એકજ સ્થિતિમા સ્થિર રહી શકશો નહિ. તમારે ચાલવુજ જોઇએ, આગળને આગળ તમારે વધવુંજ જોઈએ તમે જડતાને અવકાશ આપશો નહિ, ફેરફાર અને પ્રગતિના પ્રયત્ન કરવાને તમે કંટાળશો નહિ હાલમાં જે મનુષ્યો ખનીજ વર્ગના મનુષ્યોની સ્થિતિમા છે, તેઓ ત્યાર પછીની વનસ્પતિ વર્ગના મનુષ્યોની સ્થિતિ ધારણ કરવાના, અને હાલમા જે મનુષ્યોની સ્થિતિ વનસ્પતિ વર્ગના મનુષ્યોની છે તેઓ ત્યાર પછીની, પ્રાણીવર્ગના મનુષ્યોની સ્થિતિ ધારણ કરવાના. આ પ્રમાણે મનુષ્ય જો આગળ ને આગળ વૃદ્ધિ કરે અને પ્રગતિ કરી પ્રાણીવર્ગમાંથી પસાર થઈ જાય છે, તો તો કાંઇ હરકત નથી; એ બધું સૃષ્ટિ નિયમાનુસારજ થાય છે. પ્રાણી વર્ગની સ્થિતિમાથી પસાર થવામા કોઈ જાતની હાનિ કે નુકશાન નથી તે બધુ હિતકારક છે, પરંતુ જ્યારે આપણે એકજ ધર્મ સંપ્રદાય અથવા પંથમા બંધાઇ જઇ આપણી સ્વતંત્રતાનો નાશ કરી આગળ ગતિ ન કરતાં એકજ સ્થળમાં સ્થિર થઇ જઇએ છીએ, ત્યારેજ માત્ર વસ્તુસ્થિતિ પલટાઇ જઈ મોટામાં મોટી ભૂલ અને ગોટાળો થાય છે. **સ્થિતિમાંથી પસાર થવું એ સ્વાભાવિક છે, એ કેવળ કુદરતી છે; પરંતુ એકની એક સ્થિતિને વળગી રહેવું, એકની એક સ્થિતિ સદા રહે એવો પ્રયત્ન કરવો એ સદા નુકશાનકારક અને**

દુઃખકારક છે. મનુષ્ય જ્યારે અમુક નામ કે કામનો દાસ બને છે ત્યારે તેનુ અધ:પતન થવા લાગે છે. એવી એક વાત છે કે દુરાચારી સોડોમ અને ગોમોરાનુ શહેર બાળીને ખાખ કરવા પહેલા પ્રભુએ તે શહેરમા રહેતા પોતાના ભક્ત લૉટને તેના પરિવારસહ શહેરમાથી નિકળી જવાનુ કહ્યુ હતું. વિશેષમા તેમને ખાસ જણાવ્યું હતું કે તમારે શહેર છોડીને નિકળ્યા પછી પાછુ વળીને શહેર તરફ જરા પણ જોવુ નહિ. લૉટની સ્ત્રી પણ પોતાના પતિ અને કુટુંબ સાથે શહેરની બહાર નિકળી તો ખરી; પરતુ તેણીનું મન તેણીના ઘરમા અને શહેરમાં ભરાઈ રહ્યું હતું તે તેણીને પાછુ ખેચતું હતું. તેણીને તો શહેરમા અને ઘરમાજ રહેવાની તીવ્ર ઇચ્છા હતી, તેણીનું અતઃકરણ ત્યાજ ભમ્યા કરતું હતું, તેથી તેણીનાથી શહેર તરફ પાછુ વાળીને જોયા સિવાય રહી શકાયું નહિ, અને તેમ કરવાથી તેણી તેની તેજ જગાએ એક મીઠાનો થાભલો બની ગઈ ! જે લોકો પ્રગતિના માર્ગમા હોવા છતા જૂનુ છોડી આગળ વધવા ઇચ્છતા નથી તેમની એવીજ દશા થાય છે એકની એક સ્થિતિમા રહેવું એ તેમને માટે કદાચ સારૂ હશે; પરતુ જે ક્ષણે લોકોની પાછા હઠવાની વૃત્તિ થાય છે અને આગળ પ્રગતિ કરતા અટકે છે, તેમજ તેઓ જે ક્ષણે પોતાની જાતને નામ અને રૂપને વેચે છે તેજ ક્ષણે તેઓ મીઠાના થાભલા બની જાય છે સ્થિરતા (પ્રગતિનો અભાવ) અથવા ધર્માંધપણું (Fanaticism) એ અનેક દુખો અને આપત્તિનુ કારણ છે. આ પ્રાણીવર્ગના લોકો કદાચ સારા હશે, પરતુ તેઓએ એકને એક સ્થળે સ્થિર ન રહેતાં સદા આગળને આગળજ વધવુ જોઇએ.

ચોથું વર્તુલ–સ્વદેશસ્વાર્થી મનુષ્યો.

હવે આપણે ड મધ્ય બિંદુવાળું ચોથું વર્તુલ લઇએ. આ વર્તુલમાં મનુષ્ય એ મનુષ્યસ્વરૂપમાંજ છે. આ વર્તુલમા મનુષ્ય એ

પોતાની યથાર્થ સ્થિતિમા છે. આ વર્તુલો ચદ્રના વર્તુલ સાથે સરખાવી શકાય છે; તે ગોળ નહિ પણ અ ડાકૃતિ સમાન લબગોળ છે. ચંદ્રના વર્તુલ સમાન વર્તુલના મનુષ્ય કેવા હોય છે ? આ વર્તુલનો પરિઘ ઘણોજ મોટો છે. આ વર્તુલની અદરના મનુષ્યો, ક્વચિત્ સુખી પણ હોય છે. આ વર્ગના મનુષ્યો સમસ્ત રાષ્ટ્રને પોતાનુંજ માને છે. એમનો આત્મા સમગ્ર રાષ્ટ્રમાં વિસ્તાર પામેલો હોય છે. આ વર્ગના મનુષ્યોને તમે સ્વદેશાભિમાની મનુષ્યો કહી શકશો. તેનું વર્તુલ ઘણુ વિશાળ હોય છે જે સ્વદેશબધુઓને માટે તેઓ કામ કરે છે, તેમા ધર્મ, જાતિ, વર્ણ, એ કશા તરફ તેઓ ધ્યાન આપતા નથી જે દેશની અદર પોતે રહે છે તે દેશની અદર રહેનારા સર્વ બાધવોનુ હિત કરવાને તેઓ સદા યત્ન કર્યા કરે છે. આ વર્ગના મનુષ્યોને ઘણા સારા કહી શકાય. તેઓ સન્માનને પાત્ર છે. આવા મનુષ્યની ઘણી જરૂર છે. પણ તે માત્ર મનુષ્યજ છે તમે જાણો છો કે ચંદ્રને લઇને સમુદ્રમા ફેરફારો થાય છે, તેને લઇને તેમા ભરતી અને ઓટ થયા કરે છે. તે ઉપરાત તમને ખબર હશે કે માદા માણુસ ઉપર પણ ચદ્રની અસર થાય છે. આ વર્તુલના લોકો સારા ખરા, એમા કોઇ જાતનો સશય નથી. પરતુ જ્યારે આ લોકો પોતાની એકની એક સ્થિતિને દૃઢ કરે છે; જ્યારે તેઓ પોતાની એકની એક સ્થિતિનેજ વળગી રહે છે; જ્યારે આ વર્ગના લોકો સ્વાર્થી થાય છે અને એમનો સ્વાર્થ મર્યાદિત થાય છે; (અહી સ્વાર્થનો અર્થ દેશાભિમાન ગણવો.) ત્યારે તેનું શુ પરિણામ આવે છે ? એને લઇને મોટી મોટી ઉથલપાથલ થઇ અનર્થ થાય છે દેશમા જ્યા ત્યા ઉન્માદ ફેલાય છે. એનાથી રાષ્ટ્ર રાષ્ટ્રમા વિરોધ થાય છે. એનાથી રાષ્ટ્રમા જ્યા ત્યા યુદ્ધ મચી રક્તસ્રાવ થાય છે. અને હજારો તો શું પણ લાખો મનુષ્યોની કતલ થઇ જ્યાં ત્યા લોહીની નદીઓ વહે છે અને આ સુદર પૃથ્વીનું રમણીય વદન રક્ત-

મય બની જાય છે. જેઓને તેઓ પોતાના વર્તુલમાં ગણે છે, અર્થાત્ જેઓને તેઓ સ્વદેશાભિમાનથી પોતાના માને છે તેઓને માટે તો તેઓ ઘણાજ સારા છે; પરતુ જેઓને તેઓ પોતાના વર્તુલમાં ગણતા નથી, જેઓને તેઓ સ્વદેશાભિમાનથી મ્હારા કહેતા નથી, તેઓ પ્રતિ તેઓનુ કેવુ વર્તન હોય છે તે તમે જુઓ. અમેરિકાના વતનીઓ માટે વૉશિગ્ટન ઘણો સારો છે, પરતુ તેને માટે અગ્રેજોનો અભિપ્રાય પુછો. એજ પ્રમાણે ઇંગ્લાંડના સ્વદેશાભિમાની પુરૂષો પોતાની માતૃભૂમિ માટે ઘણા સારા છે, પરંતુ તેમના દેશાભિમાનથી જેમના રક્ત ચૂસાયાં છે, તેમનો તેમને માટે શો અભિપ્રાય છે તે જુઓ.

પાંચમું વર્તુલ—આત્મપ્રાપ્ત દેવમનુષ્યો.

હવે છેલ્લે આપણે પાચમુ વર્તુલ લઇએ આ વર્તુલનુ મધ્યબિદુ અનત અતરે પહોચેલુ છે, તેની ત્રિજ્યા (વર્તુલના મધ્યબિંદુથી તે વર્તુલના ઘેરાવા સુધી કાઢેલી રેખા) અનંત થઈ ગઈ છે, અને તેનુ વર્તુલ કેવુ છે ! જ્યારે વર્તુલની ત્રિજ્યા અનત થાય છે, ત્યારે તેનુ વર્તુલ સીધી લીટી થઈજ જવી જોઇએ; તેની વક્રતા જતી રહે છે. તે સીધી લીટી એક સરખી રીતે બરાબર સીધી ને સીધીજ ચાલી જાય છે. એ કોઈ પણ ભાગમા અતર્વૃત કે બહિર્વૃત હોતી નથી, કારણ કે તેમા કયાએ વાંક હોતો નથી; આ વર્તુલ તે વર્તુલ નહિ, પણ તે સીધી લીટી બની જાય છે. આની અદર રહેલા લોક તે દેવલોક છે. આ વર્તુલને સૂર્યના વર્તુલ સાથે સરખાવી શકાય, કે સૂર્ય સીધી લીટીમાજ ગતિ કરે છે; તેના વર્તુલની ત્રિજ્યા અનત છે તે તમે જાણો છો. સૂર્ય પૂર્ણ પ્રતાપશાળી છે, આ એવુ એક વર્તુલ છે કે જેનુ મધ્યબિદુ સર્વત્ર છે, પરંતુ જેનો ઘેરાવો (પરિધિ) કયાએ નથી. આ દેવવર્ગનું વર્તુલ છે, અને એની અંદર રહેલા લોકો તે મુક્ત

પુરૂષો છે. સર્વ પ્રકારના શોક, સર્વ પ્રકારના ભય, સર્વ પ્રકારનાં દુઃખ, સર્વ પ્રકારની વાસનાઓ; અને સર્વ પ્રકારના સ્વાર્થ એ બધાથી તેઓ મુક્ત થઇ જાય છે. શું આ સીધી લીટીમાં ક્યાએ આપણને સ્વાર્થ નહિ જણાય ? સીધી લીટી એ સીધી લીટી જ છે, તેમા ક્યાએ બદ્ધ કરે એવુ, દાસ બનાવે એવું મધ્યબિંદુ હોતું નથી. તે એક સરખી રીતે બરાબર સીધી ને સીધી જ ચાલી જાય છે. તેની અંદર કોઇ પણ સ્વાર્થી ક્ષુદ્ર મધ્યબિંદુ હોતું નથી કે જેની આસપાસ તે વર્તુલના રૂપમા ફરી વળે ત્યા વર્તુલ થવા જેવુ કશુ હોતું નથી. અહીં સંકુચિત વૃત્તિ અને સ્વાર્થનો નાશ થઇ ગએલો હોય છે, અથવા બીજા શબ્દોમા કહીએ તો અહીં પોતાના સત્ય સ્વરૂપ આત્માની પ્રાપ્તિ થઇ ગએલી હોય છે. હવે તમે જુઓ કે પ્રથમ એક નાનુ સૂક્ષ્મ-બિંદુ સમાન વર્તુલ, કેવળ નિજ ઉદરભરી—સ્વાર્થીપણું હતું, તે વર્તુલ ક્રમે ક્રમે વધતું વધતું, વિસ્તાર પામતું પામતું અને વિકાસ પામતું પામતું અંતે એક સીધી લીટી થઇ જાય છે, આ સીધી લીટીની અંદર આવેલા મનુષ્યો તે ઇશ્વરસ્વરૂપ મનુષ્યો છે. આ મનુષ્યો એવી કોટીના હોય છે કે જેઓને ન્યાત, જાત, વર્ણ, પંથ, ધર્મ કે દેશના ભેદ એ કશુ હોતું નથી. તેમજ જેઓને અખિલ વિશ્વ તે પોતાનુ ઘર બને છે તમે ભલે અંગ્રેજ હો, અમેરિકન હો, મુસલમાન હો, બૌદ્ધ હો, કે હિંદુ હો, તમે ગમે તે હો, તોપણ તમે બધા 'રામ'ના આત્મા છો. તમે બધા 'રામ'ને પરમાત્મારૂપ છો અહીં આત્માનુ સંકુચિતપણુ અદ્‌ભુત રીતે વિકાસ પામે છે, આ એક વિલક્ષણ પ્રકારનો સ્વાર્થ છે. આ વિશાળ વિશ્વ તે મ્હારૂં આત્મ-સ્વરૂપ છે આ વિશ્વ તે આ મનુષ્યનો આત્મા છે. આ આખુ વિશ્વ તેની અંદરના ક્ષુદ્ર જંતુઓ, ખનીજ પદાર્થ, વનસ્પતિ પદાર્થ વગેરે સર્વેનો આત્મા તે આ મનુષ્યનો આત્મા થાય છે.

પરમમુક્ત દશાને પામેલા આવા એક મહાત્મા હતા. કોઈ એક પુરૂષ તે મહાત્માનો શિષ્ય થઈને તેમના ચરણકમળમા એકાદુ વર્ષ રહ્યો. ત્યાર પછી જ્યારે તે શિષ્ય ત્યાથી વિદાય થવાને માટે પોતાના ગુરૂની આજ્ઞા લેવા ગયો, ત્યારે તે સાષ્ટાગ દંડવત્ પ્રણામ કરી પોતાના ગુરૂના ચરણકમળને વળગી પડયો. ગુરૂએ મદ મદ હાસ્ય કરતા શિષ્યને ઉઠાડીને કહ્યુ કે "પ્રિય વત્સ! ત્હારે જે શીખવું જોઈએ તે તું હજી શીખ્યો નથી હજુ ત્હારે શીખવાનુ ઘણું બાકી છે તેથી તું અહીં થોડો વધારે વખત રહે" ગુરૂની આજ્ઞા માની તે શિષ્ય બીજા કેટલાક દિવસ પોતાના ગુરૂના પવિત્ર વાસમા રહ્યો અને દિનપ્રતિદિન તેને આત્મસ્ફુરણ થતું ગયુ; તેનુ હૃદય પરમાત્મામા મગ્ન થતું ગયુ, તે પૂર્ણપણે પવિત્રાત્મા થઈ ગયો. ગુરૂ અને શિષ્ય એવુ ભેદનુ ભાન જ્યારે તેને ન રહ્યુ તે અરસામા તેણે પોતાના ગુરૂનો વાસ છોડી આગળ વિચરવા માડયુ. આ વિશાળ સમસ્ત વિશ્વ પોતાનો આત્મા છે એવો સાક્ષાત્કાર કરતો તે ત્યાથી ચાલી નીકળ્યો; અને આખુ વિશ્વ એ એનો પોતાનો આત્મા હોવાથી તેને—આત્માને ક્યા જવાનુ હોઈ શકે? જ્યારે આત્મા દરેક અણુ, પરમાણુમા વ્યાપ્ત અને ભરપૂર છે ત્યારે તેને ક્યા જવા આવવાનુ હોઇ શકે? તેને જવા આવવાનો ખ્યાલ એ કેવળ અર્થવગરનો થઇ જાય છે. જે સ્થળે જવાની તમારી ઇચ્છા છે, તે સ્થળે તમે જો ન હો, તોજ તમારે તે સ્થળે જવાનું હોઇ શકે. પરતુ તેણે તો પોતાને સર્વત્ર જોયો છે, તેણે પોતાના સત્ય સ્વરૂપનુ, અતરાત્મા—પ્રભુનુ, સર્વવ્યાપક પ્રભુનું, સર્વત્ર દર્શન કરેલુ છે, તો પછી તેને જવાનો કે આવવાનો વિચાર ક્યાંથી આવી શકે? તેને જવા આવવાના વિચારનો કેવળ નાશ થઇ ગયો છે. તે આત્મા સાક્ષાત્કારની સ્થિતિમાં હતો. શરીરની ગતિ એ એને એક જાતની પ્રતિક્રિયા હતી. તે પોતે પોતાનામાં હતો; તેને

માટે જવું, આવવું, એ કાંઇએ નહોતું. શિષ્યને આવી સ્થિતિ પ્રાપ્ત થતાં તેના ગુરૂને સતોષ થયો હતો. ગુરૂએ પોતાના શિષ્યની પરીક્ષા કરી અને શિષ્ય ગુરૂની પરીક્ષામા ફતેહમદ થઇ પાર ઉતર્યો. આવી પરમ સ્થિતિ પ્રાપ્ત થઇ, તોએ શિષ્યે પોતાના ગુરૂનો ઉપકાર માન્યો નાહ તેમજ કોઇ જાતની તેમના તરફ પૂજ્યબુદ્ધિ બતાવી નહિ. અને તે એવો તો એકતાની સ્થિતિમા સ્થિત થયો કે તે કોઇ પણ જાતની આભારની વૃત્તિથી પર થઇ ગયો. શિષ્યની આવી પરમ સ્થિતિ જોઇ ગુરૂને ખાત્રી થઇ કે શિષ્ય પોતાના ઉપદેશનો બરાબર લક્ષ્યાર્થ સમજ્યો છે. આ પરમ સ્થિતિ છે, આવી પરમ સ્થિતિમા જો તમે ગુરૂને માન આપો તો તે તમને કહેશે કે "તમે મને અલ્પ બનાવો છો, મર્યાદિત કરો છો, હુ કાંઇ આ શરીરમા પુરાયલો નથી, હું આ નાનુ સરખુ માત્ર શરીરજ નથી; પણ હું આ સમસ્ત વિશ્વરૂપ છુ તમે તે હુ છુ અને તમેજ તમારા સ્વરૂપમા મને માન આપો છો." મનુષ્યની આ એક એવી સ્થિતિ છે કે જ્યા કોઇ માણસ કોઇને કાંઈ સ્થૂલ ભાવો આપતો નથી. મનુષ્યની આ એક એવી સ્થિતિ છે કે જ્યા શરીરને અર્થે માન અને અપમાન કેવળ નિરર્થક છે. તેમજ જ્યા કીર્તિ અને અપકીર્તિ, એ કાંઇએ નથી.

હિદુસ્તાનમા, કોઇ એક મહાત્મા સાધુ પુરૂષની પાસે, કોઇ એક રાજા એક દિવસ દર્શનાર્થે આવ્યો, અને તે તેના ચરણકમળમા દંડવત્ પ્રણામ કરી ઉભો રહ્યો. તે સતે તે રાજાને આવી રીતે પૂજ્યભાવ બતાવવાનુ કારણ પૂછ્યું. રાજાએ તેના કારણમા ઉત્તર આપ્યોઃ "હે ગુરૂ, હે પવિત્ર પુરૂષ, આપ સત પુરૂષ છો તેમજ આપ એક વખત રાજા હોઇ રાજ્ય કરતા હતા, તે રાજ્યપાટ સર્વે ત્યાગ કરી આપે આ સ્થિતિ સ્વીકારી છે. આપ પરમ ત્યાગી પુરૂષ છો, તેથી હું આપને ઇશ્વર સમાન માનું છું અને આપ પ્રતિ પૂજ્યભાવ બતાવું

છું." તમે જાણો છો કે હિંદુસ્તાનમાં લોકો ત્યાગી પુરૂષને જેટલું માન આપે છે, તેટલુ માન ધનવાન પુરૂષને પણ આપતા નથી. હિંદુસ્તાનમાં મનુષ્યમા જેટલા પ્રમાણમાં ત્યાગ હોય છે તેટલા પ્રમાણમાં તેને માન આપવામા આવે છે, અને આ મુખ્ય સિદ્ધાંત અહીં અમેરિકાના માન આપવાના સિદ્ધાંતથી તદ્દન જૂદી જાતનો છે. ત્યાં હિંદુસ્તાનમાં સર્વ શક્તિમાન દ્રવ્ય—દેવ કરતાં સર્વ શક્તિમાન પ્રભુમાં વિશેષ વિશ્વાસ રાખવામાં આવે છે. આ રાજા ત્યાગી પુરૂષને માન આપતો હતો. એ સંત પુરૂષે પાછુ રાજાને કહ્યું: "તમે મને માન આપો છો તેનુ કારણ જો આ જ હોય, તો મ્હારે તમારા ચરણ ધોઇ તમારા ચરણકમળમાં નમવુ જોઇએ. કારણ કે હે રાજન્! આખી દુનિયાના ત્યાગી પુરૂષો કરતાં પણ તમે ચઢી જાઓ એમ છે" રાજાએ કહ્યુ આ ઘણુ આશ્ચર્યકારક છે. આ કેવી રીતે બની શકે? આનો ખુનાસો તે મહાત્માએ આપવા માંડયો: "ધારો અહીં એક માણુસ છે, તેની પાસે એક ભવ્ય મહેલ છે. એ માણુસ તે મહેલમાથી ધૂળ અને કચરો કાઢી બહાર ફેંકી દે છે એ માણુસ માત્ર ઘરનો ધૂળ અને કચરોજ બહાર ફેંકી દે છે; ધૂળ અને કચરાનોજ તે માત્ર ત્યાગ કરે છે. આ માણુસને ત્યાગ કરનારો કહી શકાય ખરો?" રાજાએ જવાબ આપ્યો "ના, કદિ નહિ." પાછું તે સંત પુરૂષે પોતાનું કહેવું આગળ ચલાવ્યું "અહીં એક બીજો એવો માણુસ છે કે જે કચરો ધૂળ વગેરે ઘરમાજ ભેગુ થવા દે છે અને આખી પોતાની રહેવાની ઉત્તમ હવેલીજ બીજાને આપી દે છે. આ માણુસને તમે કેવો કહેશો?" રાજાએ કહ્યુ: "જે માણુસ ધૂળ અને કચરો ઘરમા રહેવા દે છે અને આખું પોતાનું ઘર બીજાને અર્પણ કરી દે છે, તેજ માણુસ ખરો ત્યાગી પુરૂષ છે." પાછા સંત પુરૂષ બોલ્યા: "હે રાજન્! ત્યારે, આવી રીતે તો તમેજ ખરેખરા ત્યાગી

પુરૂષ છો કારણ કે સત્ય સ્વરૂપ આત્મા, ઈશ્વર કે જે મહાન મહેલ, આપણું સાચુ ઘર, નંદનવન અને સ્વર્ગનુ પણ સ્વર્ગ છે, તેનો તો તમે ત્યાગ કર્યો છે, અને માત્ર એ મહાન્ મહેલનો ધૂળ અને કચરો કે જે તમારૂં શરીર અને તમારો અલ્પ સ્વાર્થ છે, તેને તમે જેમને તેમ રહેવા દીધો છે. મ્હેં તો કશાનો પણ ત્યાગ કર્યો નથી. અને હું તો દેવોનો પણ દેવ અને અખિલ બ્રહ્માંડનો માલિક છું.''

કેટલીક વખત લોકો જીવનક્રમમાં આવા પરમપદને પામેલા, જીવન્મુક્ત મહાત્માઓની અવગણના કરે છે, અને તેઓ તેમને દિવાના કહે છે; પરંતુ એ મહાત્માઓને તમે પુછી જુઓ કે આ વિશ્વની સર્વ રિદ્ધિ સિદ્ધિ અને સંપત્તિ તમને આપીએ અને તેના બદલામાં દિવ્ય નિશામાથી મળતું દિવ્ય સુખ અને પરમ આનંદ તમે અમને માત્ર એક ક્ષણવારજ આપશો ખરા '' ? ' કદિ નહિ, કદિ નહિ. ' ઉલટી આ મહાત્માઓને આ દુનિયાના કહેવાતા ધનાઢ્યો કે જે વિષયસુખને અર્થે આ દુનિયામા ઘેરેઘેર માગતા ફરે છે, તેમની માગણવૃત્તિની દયા આવે છે ખરૂં સુખ તો તમારી અંદરજ છે. જો તેમજ છે, તો શા માટે તમે માગણનો પાઠ ભજવો છો અને કંગાળ અને શોચનીય સ્થિતિમા ઘેરેઘેર ભટકો છો ? તેમજ એક દયાપાત્ર જંતુ સમાન થઇ વર્તો છો ? **આવો, તમે તમારો સત્ય સ્વરૂપનો- સર્વ શક્તિમાન ઇશ્વરનો સાક્ષાત્કાર કરો** અને આનંદના ઉછા-ળામા તમારા હૃદયમાથી નીચેનુ ગીત જોસભેર સ્ફુરવા દો.


રવિ-બિંબમા ડાધા રૂપે ને ચંડ રવિ થઇ હુ તપુ,
ઝીણો ધ્વનિ હું પર્ણનો, તોફાની દરિયો થઇ કુદું;
' વિરમો અહીં ' પરમાણુઓને હું કહું છુ કર્ણમા,
ફરમાવુ હું ગોળા તમોને વિચરતા રહો ગગનમા.

લાલી હુ પ્રાત કાળની વાયુ–લહર હું સાજની,
આશકની ઇશ્કી અર્જ હું ભીતિજ હુ માશુકની;
યોદ્ધા હું ને તરવાર હું જેથી થતો ઘાએલ હું,
યોદ્ધાની જનનીના હૃદયમા ભય સ્ફુરતો તેય હું.
ગુલાબ, ને તેનો કવિ બુલબુલ, તેનું ગાન હુ,
ચકમક સ્ફુલિગો, જ્યોતિ હું, ઉડતા પતગો તેય હું;
નીશોય હું, મદિરાય હું, આ દ્રાક્ષ ને ભઠ્ઠીજ હું,
યજમાન, અતિથિ, ને મુસાફિર, પ્યાલો મઝાનો હુજ હું.

અહો! તમારા આત્માનો મહિમા અને પ્રતાપ આ ભૂમંડળના રાજાઓના દમામને હસી કાઢે છે.

આવું અદ્ભૂત સ્વર્ગ તમે છો, સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ તમે છો.

ૐ! ૐ!! ૐ!!!



अद्वैत अने द्वैतनुं सम्मिलन.

(તા ૧૩ જાન્યુઆરી ૧૯૦૩ ના રોજ ગોલ્ડન ગેઈટ હૉલમા આપેલુ ભાષણ)

માત્ર દ્વૈત અને અદ્વૈત રૂપ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો !

આજ રાત્રિના વિવેચનનો વિષય ઘણો ગહન અને અઘરો છે. જેઓ તત્ત્વજ્ઞાનથી કાંઈ પણ અંશે પરિચિત હશે તેઓજ આ વિષય સમજી શકશે, પરંતુ કાતો તે ન સમજાયાથી તમે બધાઓ ભ્રમિત થઇ કંટાળીને ચાલ્યા જાઓ અથવા તો આખું જગત તે સાંભળીને સમજે તેનો 'રામ'ને હર્ષ કે શોક નથી "સત્ય" **લોકપ્રિયતાની તમામ તૃષ્ણાઓથી પર છે.** વિજ્ઞાનશાસ્ત્રના નિયમોને લોકો સમજે અગર ન સમજે, અથવા તો તે લોકપ્રિય થાય કે ન થાય, તોપણ તે નિયમો આખી સૃષ્ટિનુ તંત્ર ચલાવતા હતા, ચલાવે છે અને ચલાવ્યા કરશેજ. ગુરૂત્વાકર્ષણનો નિયમ સર આઇઝેક ન્યૂટને શોધી કહાડયો તે પહેલા પણ તે નિયમ તેવોજ હતો, હજી તેવોજ છે ને ભવિષ્યમા પણ તેવો જ રહેશે આ પ્રમાણે વિશ્વમા કેટલાક એવા મહાન અને અચળ નિયમો છે કે જેને લોકો શોધી કે સમજી શકે નહિ તોપણ જગતનું તંત્ર તે નિયમો પ્રમાણેજ ચાલતું આવ્યુ છે અને ચાલ્યા કરવાનુ. એકાદ પ્રકાશમાન હીરો ખાણમા પડી રહેલો હોય ત્યાં જઈને કોઇ

માણસ તેને લે નહિ તોપણ તે હીરો તો તેવો ને તેવોજ પોતાના પ્રકાશથી પ્રકાશ્યા કરવાનો. લોકો તેને લઇને પોતાના શિર ઉપર મૂકે, અથવા તો તેના ઉપર જરાએ ધ્યાન ન આપે તેથી હીરામાં તો કશોજ ફેર પડનાર નથી.

આ વિષય ઘણો કઠિન છે. તમે એક ચિત્તથી અને ધ્યાનપૂર્વક લક્ષ આપશો તોજ તેને સમજી શકશો. "આવા ગૂઢ, માનસિક અને તાત્વિક વિષય ઉપર વિવેચન કરવાથી શો ફાયદો છે? અમારે તેની જરૂર નથી. અમારે તો રોકડ નાણાંની જરૂર છે. અમારે તો કાંઇક વ્યાવહારિક પદાર્થો જોઇએ છે." એમ કહેવાની તમારે જરૂર નથી. રામ વ્યાવહારિક વિષયો ઉપરજ વિવેચન કરે છે પણ તેની સાથે તાર્તિક અને માનસિક વિષયોની પણ જરૂર છે. સિદ્ધાન્તની મદદ વગર કોઈ પણ સત્ય સમજાવી શકાય નહિ અને તમે જાણો છો કે તમારો બધો વ્યવહાર પણ માત્ર તમારા સ્વીકારેલા સિદ્ધાન્તોનું, ક્રિયામા રૂપાન્તર હોયા સિવાય બીજુ કશુજ નથી તમારે કાંઈ લખવાનું હોય છે ત્યારે તમારી કલમ તે કાર્ય શરૂ કરે તે પહેલા તમારા મનમાં તે આખો વિષય સિદ્ધાન્ત રૂપે ખડો થએલો હોવો જોઇએ. હમ્મેશા સિદ્ધાન્ત ક્રિયા પહેલાથી જણાય છે. જ્યારે તમારે કોઇ જગ્યાએ જવું હોય ત્યારે ચાલવાની ક્રિયાની તમને ગમે તેટલી ટેવ પડી ગએલી હોવા છતાં તમારા મનમા તમારા સ્નાયુ અને ગતિ ઉપર સત્તા ચલાવવાનો વિચાર આવ્યા સિવાય એક પગલુ પણ તમારાથી ભરી શકાશે નહિ. કોઇ પણ વિદ્યાર્થીના મનમાં પ્રથમ પાઠશાળાનો ખ્યાલ આવ્યા સિવાય, અને ત્યા તેને જે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવાનું છે તેનું જ્ઞાન મેળવ્યા સિવાય તે પાઠશાળામા જતો નથી. ચોર જ્યારે પોતાના અમુક પડોશીની સંપત્તિ અને ધન વિષે વારંવાર સાંભળે છે અને તે સંબંધી વારંવાર ખબરો મેળવે છે ત્યારેજ

તેવા હમ્મેશના વિચારોથી દોરાઇને તેનું મન ક્રિયામાં બદલાય છે; અને તે ધનવાન પાડોશીના ઘરમાં ચોરી કરવાની તે ચોરના મનમાં હિમ્મત આવે છે. અર્થાત્ જે કામ કરવાનું હોય તે કરવા પહેલાં તે સબંધી જ્ઞાન અને માનસિક ક્રિયા થયા સિવાય તે થઇ શકતું નથી.

ઉપલા દેખીતા વ્યાવહારિક નિયમને અનુસરીનેજ 'રામ' તમારા પોતાના ઈશ્વરત્વનો તમારા કાનમાં દુદુંભિનાદ કરવાનો અને તે નાદને તમામ શ્રોતાઓના હૃદયોમા ઉતારવાનો પ્રયત્ન કરે છે દિન-પ્રતિદિન તે નાદને તમારા હૃદયમા ઉંડો ઉતરવા દો. કલાકે કલાકે તે નાદને તમારા હૃદયમાં પ્રવેશવા દો. શાસ્ત્રનિયમાનુસાર આ ક્રિયા કે જે કદાચ તુર્ત તમને મિથ્યા કલ્પના જેવી લાગે છે, તેજ કલ્પનાને ઉપલા તમારાજ વ્યાવહારિક નિયમને અનુસરીને ઘણીજ ઉમદા ક્રિયારૂપે પરિણામ પામેલી તમે જોશો. અર્થાત્ આ જ્ઞાનનેજ તમારા સુખ અને શાન્તિના રૂપમા ફેરવાઇ ગએલુ તમે જોશો.

"વેદાન્તની દૃષ્ટિથી અદ્વૈત અને દ્વૈતનુ સમ્મિલન" એ આજનો વિષય છે. બીજા શબ્દોમાં કહીએ તો એનુ નામ "વેદાન્તનો જ્ઞાન-શક્તિનો સિદ્ધાન્તવાદ" એવુ છે. આ વિષય તત્ત્વજ્ઞાનીઓ માટે ઘણો ગહત્વનો છે. ટૂકામા દ્વૈત એટલે આ જગત્ આપણને માત્ર દેખાવ રૂપે જેવુ જણાય છે તે ખરેખર તેવુંજ હોવાની માન્યતા અગર સિદ્ધાત, અને અદ્વૈત એટલે જગત આપણને જેવુ જણાય છે તેવું તે નથી એવી માન્યતા. અદ્વૈતમત પ્રમાણે જગત આપણને જેવું દેખાય છે તેવુ નથી અને દ્વૈત મત પ્રમાણે જે વસ્તુઓ આપણને જેવી જણાય છે તે તેમના ખરા સ્વરૂપમા તેવીજ છે. અદ્વૈતની ઘણી શાખાઓ છે. માનસિક અદ્વૈત તે બર્કલી અને ફીએનુ અદ્વૈત; ઈંદ્રિયગોચર અદ્વૈત તે પ્લેટો અને કાન્ટનુ અદ્વૈત; કૈવલ્ય અદ્વૈત તે હેગલ અને શેલીનું અદ્વૈત; અને આવી જાતની બીજી ઘણી શાખાઓ

છે. દ્વૈતને ઘણા તત્ત્વવેત્તાઓએ–બેઇન અને મિલ જેવાઓએ–પુષ્ટિ આપેલી છે. અદ્વૈત અને દ્વૈતની આ જુદી જુદી શાખાઓનું આપણે વર્ણન કરીશું નહિ. આજ રાત્રિના વિવેચનમા બર્કલીના માનસિક અદ્વૈત, અથવા પ્લેટો અને કાન્ટના ઇંદ્રિયગોચર અદ્વૈત, અગર હેગલ અને શેલીના કૈવલ્ય અદ્વૈત ઉપર આપણે ટીકા કરીશું નહિ. આ વિષયને આપણે એવી રીતે ચર્ચીશુ કે જેથી આ વિષયનો–વેદાન્તનો સિદ્ધાંત દરેક માણુસથી અને બધાથી સહેલાઇથી સમજી શકાય.

વિષયની શરૂઆત કરતા પહેલાં "જ્ઞાતા" અને "જ્ઞેય" એ બે શબ્દો સમજાવવાની જરૂર છે. તમે જાણો છો કે તત્ત્વજ્ઞાનની ભાષામાં આ શબ્દોનો ખાસ અર્થ છે. તત્ત્વજ્ઞાનની ભાષામાં "જ્ઞાતા" શબ્દનો અર્થ જાણુનારો થાય છે અને "જ્ઞેય" શબ્દનો અર્થ જાણુવાની વસ્તુ થાય છે. તમે જ્યારે આ પેન્સિલ જુઓ છો ત્યારે પેન્સિલ એ "જ્ઞેય" છે અને પેન્સિલને જોનાર તમે "જ્ઞાતા" છો. જોનાર "જ્ઞાતા" કહેવાય છે અને જોવાની વસ્તુ "જ્ઞેય" કહેવાય છે. સાધારણ રીતે મન અથવા બુદ્ધિનેજ જ્ઞાતા અથવા જાણુનાર તરીકે કહેવામા આવે છે પરન્તુ વેદાન્ત પ્રમાણે એ મન અથવા એ બુદ્ધિ "જ્ઞાતા" કહેવાવી જોઇએ નહિ, પણુ એ તો માત્ર જાણુવાનુ સાધન અથવા જાણુવાની ક્રિયાજ છે. તમે જાણો છો કે જે વસ્તુને જોઇ શકાય છે તેના કરતા તેનો જોનારો જુદોજ હોય છે. હવે બુદ્ધિને તો તમે જોઇ શકો છો; જાણી શકો છો; તેના વિષે વિચાર, દલીલ અને નિયમ કરી શકો છો, અને તેથી કરીને બુદ્ધિ એ તો માત્ર જાણુવાની ક્રિયા અથવા સાધનજ છે. એ કાઇ "જ્ઞાતા" અથવા જાણુનાર પોતે નથી. ખરા "જ્ઞાતા"ની તો ધારણા પણુ થઇ શકે નહિ. ખરો જ્ઞાતા તો વિચારમા પણુ આવી શકે નહિ. જાણુનારાને શી રીતે જાણી શકાય? તમે માનો છો કે ખરો "જ્ઞાતા" કાંતો

જાણનારો અથવા તો જણાયલો હોવો જોઇએ. પરંતુ જે પળે તે જણાયલો થાય છે કે તરતજ તે "જ્ઞાન" અર્થાત્ જાણવાની ક્રિયા બની જાય છે તે વધારે વખત "જ્ઞાતા" રહેતો નથી જો કે સામાન્ય વાતચીતમા "જ્ઞાતા" નો સમાવેશ મન, બુદ્ધિ અથવા અતઃકરણ એવો થાય છે, પરતુ વેદાન્ત પ્રમાણે તો ખરો "જ્ઞાતા" અગર ખરો જાણનાર સત્ય આત્માજ છે કે જે અમાપ અને અનંત હોઇ સર્વ પ્રાણી પદાર્થોમા એક રૂપેજ પ્રકાશે છે આ સબધમા એક સસ્કૃત શબ્દ યાદ રાખવાની તમે મહેરબાની કરશો સસ્કૃતમાં 'જ્ઞાતા' શબ્દને 'દ્રષ્ટા' કહે છે અને જોવાની જાણવાની વસ્તુને 'દૃષ્ય' કહે છે. સસ્કૃતમા ખરો જ્ઞાતા બ્રહ્મ અથવા આત્મા છે આત્મા શબ્દનો અર્થ અગ્રેજીમા શોપનહોરની ઇચ્છાશક્તિ (Will) અથવા હેગલની કઠિન ચિત્—શક્તિ અથવા કૈવલ્ય ચેતનાશક્તિ થાય છે તમે જાણો છો કે હેગલ અને શોપનહોર એકબીજાના પ્રતિસ્પર્ધી છે. તેઓ હમ્મેશા એક બીજા સામે દુશ્મનાવટ બતાવે છે, પણ વેદાન્ત તેમને એકત્ર કરે છે. વેદાન્ત તેમને કહે છે કે શોપનહોરની કૈવલ્ય-ઇચ્છાશક્તિ (Will) ખરી રીતે હેગલની કૈવલ્ય ચિત્શક્તિજ છે, અને તેથી આ કૈવલ્ય સ્વરૂપ માટે બ્રહ્મ શબ્દ છે જેનો અર્થ કૈવલ્ય ઇચ્છાશક્તિ, કૈવલ્ય ચિત્શક્તિ, કૈવલ્ય અસ્તિત્વ અને કૈવલ્ય આનન્દ થાય છે

એ પ્રમાણે ખરો જ્ઞાતા તો સત્ય આત્માજ છે, અને વ્યાવહારિક જ્ઞાતા, કર્તા અને ભોક્તા તે બુદ્ધિ એટલે અતકરણમાં પ્રકાશતો આત્મા છે.

આ વિષયમાં દ્વૈતવાદીઓ પોતાના તરફથી કઇ દલીલો રજુ કરે છે અને અદ્વૈતવાદીઓ કઇ મુખ્ય દલીલો આગળ કરે છે ? એ ઘણો લાંબો વિષય છે પણ આપણે ટુંકાણમા તેનું વિવેચન કરીશું.

તમારા બર્કલી ઉપર ટીકા કરવાનો આપણને વખત નથી. બર્કલી એ અદ્વૈતવાદીઓમાનો એક મુખ્ય છે. કેવી ચપળતાથી તે પોતાનું તત્ત્વજ્ઞાન શરૂ કરે છે; અને જ્યા સુધી વેદાન્ત ફિલસુફી સાથે એકત્ર રહે છે ત્યા સુધી તે કેવો ઉચો ઉડે છે! પણ જે સમયે તે વેદાન્ત ફિલસુફીથી જુદો પડે છે તે પળથીજ તે કેવા ગુચવણવાળા અને અને વાકાચુકા રસ્તામાં પડી જાય છે! ખરેખર આ એક ઘણોજ ચિત્તાકર્ષક વિષય છે, જો 'રામ'ને મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અગર અધ્યાપકો આગળ ભાષણ કરવાની તક મળે તો તે ચર્ચાવો જોઇએ. તેની ફિલસુફીનો છેવટનો ભાગ તેની ફિલસુફીના મૂળ ભાગથી કેટલો વિરૂદ્ધ છે? તેને ઘણા જીવ માનવાની અને આ જગતને નિયમમાં રાખવાને માટે તેને મૂર્તિમાન ઇશ્વર માનવાની ફરજ પડી છે, તેની ફિલ્સુફી પ્રમાણે આ દુનિયામા જીવ (Spirit) સિવાય કોઇ જ્ઞાતા હયાતીમા નથી; અને તેથી કરીને કેવી વિચિત્રતા તેને દાખલ કરવી પડી છે! વારૂ, એ વિષય આજ રાત્રે આપણે ચર્ચીશુ નહિ. અદ્વૈત-વાદીઓએ ઘણી દલીલો આગળ ધરી છે તેમાની નીચે પ્રમાણે બે ત્રણ મહત્ત્વની છે. પ્રથમ એ છે કે કોઇ પણ વસ્તુ તમે તમારી પોતાની ક્રિયાશક્તિ અર્થાત્ જ્ઞાનશક્તિ સિવાય જોઇ શકશો નહિ. માત્ર જ્ઞાતાની ક્રિયાશક્તિથીજ તમે આ દુનિયામા હરકોઇ વસ્તુ અથવા બનાવ જોઇ શકો છો અને જાણી શકો છો. ધારો કે તમે કાઇક લખો છો, તમારૂ મન કલમમા છે, અને તેજ સમયે તમારી પાસે થઇને એક સર્પ જાય છે. એ સર્પને તમે જ્યા સુધી જોતા નથી ત્યાં સુધી તમારી માનસિક સૃષ્ટિમા તમારે માટે–તે સર્પ તે સર્પ નથી. આ દૃષ્ટાંતને અનુસરીને અદ્વૈતવાદીઓ કહે છે કે જો તમારી મનની અગર જ્ઞાતા–દ્રષ્ટાની દેખવાપણારૂપી ક્રિયાશક્તિ નથી હોતી તો કશી વસ્તુ દેખાતી કે જાણુમાં આવતી નથી. જ્યારે તમે ઉંઘી

ગયા હો છો ત્યારે જ્ઞાતા જ્ઞાનમાં અથવા કર્ત્તા ક્રિયામાં હોતો નથી જેથી તમારી આસપાસ જે અવાજો કરવામા આવે છે તે તમે સાભળતા નથી. કેટલાકો એવા છે કે ઉંઘમા પણ તેમની આખો ઉઘાડી રહે છે. હવે તેઓની આખો આગળ બધા પદાર્થો હોય છે અને બધા પદાર્થોનુ તેમની કીકી ઉપર પ્રતિબિબ પણ પડે છે પણ તે છતા તે પદાર્થોને તેઓ જોઇ કે જાણી શકતા નથી. અદ્વૈતવાદીઓ કહે કે એ સમયે તમારૂ મન ક્રિયા વગરનુ છે. જ્ઞાતાનુ જ્ઞાન, કર્ત્તાની ક્રિયા ચાલુ નહિ હોવાથી તમે તે પદાર્થો જોઇ શકતા નથી આ દુનિયામા કોઇ પણ પદાર્થ માનસિક ક્રિયા વગર તમે જોઈ શકો છો? નહિજ. મનની ક્રિયા વગર આ ટેબલને અગર પેલી ભીંતને હમણા જોવાનો પ્રયત્ન કરો 'રામ'ના શબ્દો સાભળવાનો પ્રયત્ન કરો કોઇ પણ પદાર્થ જોવાનો પ્રયત્ન કરો તમે તેમ કરી શકશો? તમારા મનના વિચાર વગર અગર તમારા વિચાર વગર કોઇ પણ વસ્તુ તમે જોઇ શકશો? નહિ, કદિજ નહિ. આ ઉપરથી અદ્વૈતવાદીઓ કહે છે કે આ જગત વિચાર વગર બીજું કાઇજ નથી આ બધુ જગત માત્ર તમારા વિચારમાથી સ્ફુરેલો આકારજ છે. જગત અસ્તિત્વમા છે એજ તમે શી રીતે જાણો છો? તમારી ઇન્દ્રિયોથી. પણ ઇન્દ્રિયો પોતે તો એકલી જોઇ શકતી જ નથી. જ્યારે મન ઇન્દ્રિયો સાથે જોડાય છે ત્યારે જ ઇન્દ્રિયો તેને જોઇ શકે છે બીજા શબ્દોમા કહીએ તો ઇન્દ્રિયો જોઇ શકતી નથી પણ ઇન્દ્રિયો દ્વારા મનજ જુએ છે. હવે મન અથવા બુદ્ધિજ કર્ત્તા છે એ ખૂબ યાદ રાખવુ મનની ક્રિયા વગર તમે કાઇ સાભળી શકતા નથી, કાઇ જોઇ શકતા નથી, કાઇ કહી શકતા નથી અને કાઇ જાણી કે સમજી શકતા નથી. તેથી અદ્વૈતવાદીઓ કહે છે કે આ જગતના હે લોકો! તમે કે જેઓ તમારા મનથી આ જગત ખરૂં છે અને

આ પદાર્થોને ખરા પદાર્થો છે એમ માનો છો તેઓ અરે! તમે પોતાને ભૂલી ન જાઓ. કદિ પણ ભૂલો નહિ કે આ બધા પદાર્થો તમે બનાવેલા છે અથવા તમારા વિચારમાથી ઉદ્ભવેલા છે એટલે કે તમેજ આ પદાર્થોને બનાવનારા છો. અદ્વૈતવાદીઓ આવુ કહે છે અને તે ઉપરથી અદ્વૈતવાદીઓ કાઇક વેદાન્તી જેવા જણાય છે. પણ 'રામ' તમને કહે છે કે આ બધા અદ્વૈતવાદીઓ બર્કલી, પ્લેટો, હેગલ, કાન્ટ, ફીએ, શેલી અને શોપનહોરમા વેદાન્તના મૂળતત્ત્વો છે ખરા પણ વેદાન્તની જ્ઞાનશક્તિનો સિદ્ધાન્ત તો આ બધાનીએ પેલે પાર આગળ વધે છે. આ લોકોને એક બીજાની સાથે લડાઇ છે, તેઓ વાક્ચાતુરી અને તકરાર કરે છે; પણ વેદાન્ત–ફિલસુફી આ દરેકનુ અને બધાનુ સમ્મિલન કરે છે. આ લોકો પોતાના અહભાવને-હુપદને મોટાઇ આપે છે અને તે વિષે ઘણું કહે છે પણ વેદાન્ત તેને દેવ તરીકે ગણતું નથી અને મહાનપદ આપતું નથી આપણે તો સત્યને તેની પોતાની ખાતરજ સ્વીકારવાનું છે.

અદ્વૈતવાદીઓ બીજી દલીલ કરે છે કે આ દુનિયા જેને લોકો સાધારણ રીતે ખરી કહે છે તેને તેવી ગણવી જોઇએ નહિ. કારણ કે દુનિયા માત્ર ઇન્દ્રિયોથીજ દેખાય છે અને તે આપણને જે રૂપે દેખાય છે તે રૂપે તેને ખરી કહેવામા આપણે ઇન્દ્રિયો ઉપરજ આધાર રાખવો પડે છે હવે ઇન્દ્રિયો એ કાઇ ભરોસા પાત્ર પુરાવો નથી તેમ તે કાઇ વિશ્વાસપાત્ર સાક્ષીઓ તરીકે પણ નથી આખનોજ દાખલો દષ્ટાન્ત તરીકે લ્યો. કીડીની આખો મનુષ્યની આખો કરતા જુદી રીતે જુએ છે. મનુષ્યની આખે જે દેખાય છે તેના કરતાં હાથીની આખે પદાર્થ ઘણો મોટો દેખાય છે દેડકાની આખે પાણીમા વસ્તુઓ સાફ દેખાય છે અને હવામાજ આ બધી વસ્તુઓ અસ્પષ્ટ, ઝાંખી અને એક જાતના ધૂમસથી ઢકાયલી જણાય છે.

હવે કોની આંખો ઉપર આપણે ભરોસો રાખવો ? મનુષ્યની આંખ ઉપર કે કીડીની આંખ ઉપર ? જો બહુ મત પ્રમાણે નિર્ણય કરવામા આવે તો કીડીઓ કાંઇ થોડી સખ્યામા નથી; તેઓની સખ્યા વધારે છે. વળી જો તમારી આખોને સૂક્ષ્મદર્શક યત્રના ધોરણ ઉપર બતાવવામાં આવે અને જો આખની કીકીમા પુતળીઓ જુદી રીતે ગોઠવવામા આવે તો તમને આ દુનિયા છેકજ જુદી દેખાય. જો આખની કીકીઓ દૂરબીનના ધોરણ ઉપર ગોઠવવામા આવે તો બધી દુનિયા તદ્દન બદલાઇ જાય. તેને ' લુક ઍન્ડ લાફ ' અથવા " હાસ્યજનક કાચ " નામનુ રમકડુ કે જે બાહ્ય ગોળ કાચના બે કડકાનુ બનેલુ હોય છે તે જોયુ હશે. જો તેને તેમાથી જુવો તો આ દુનિયાના બધા પદાર્થો રમુજી અને હાસ્યાસ્પદ દેખાશે. ઘણો સુન્દર ચ્હેરો પણ એ હાસ્યજનક કાચમાથી જોયો હોય તો એટલો તો લાબો થઇ ગએલો જણાશે કે હડપચી જમીનને અડકે અને માથુ શનિના ગ્રહને અડકે ! જો તમે બીજી રીતે એમાથી જુઓ તો ચ્હેરાની લબાઇ તેની તેજ રહેશે પણ એક કાન ઇસ્ટ ઇન્ડિયા તરફ અને બીજો ચીન તરફ દેખાશે. હવે આ ધોરણ પ્રમાણે જો આખો ગોઠવાયલી હોય તો દુનિયા હાલના કરતા કેટલી બધી જુદા પ્રકારની દેખાશે ? અને એજ પ્રમાણે કાન અને બીજી ઇન્દ્રિયોનો દાખલો પણ છે. જો જ્ઞાનતતુઓ અને સ્નાયુ બીજી રીતે ગોઠવાયલાં હોય તો આખી દુનિયા જુદી અને બદલાયલી દેખાશે. કદાચ તમે કહેશો કે જો જ્ઞાનતતુઓ અને બીજી ઇન્દ્રિયોના ફેરફારથી દેખાવમા ભલે ફેર પડે પણ દુનિયા પોતે તો જેવી છે તેવીજ રહેવાની ને ? પણ તેમ નથી. વિકાસનો નિયમ કહે છે કે તેમાં ફેરફાર થયાં કરે છે. જેથી અદ્વૈતવાદીઓ કહે છે કે દુનિયા અત્યારે આપણને દેખાય છે તેમ નથી, તેઓ કહે છે કે દુનિયાં આપણને દેખાય છે તે

ખોટી છે; આપણને જે દુનિયા દેખાય છે તે મિથ્યા છે, ભ્રમણા છે, મૃગજળ જેવી છે. પોતાની તરફેણમાં તેઓની પાસે બીજી પણ ઘણી દલીલો છે, પણ જો આપણે વિગતમાં ઉતરીએ તો ફક્ત અદ્વૈતવાદ જ ઘણી રાત્રિઓ લે.

હવે આપણે દ્વૈતવાદ તરફ વળીશું. દ્વૈતવાદીઓ કહે છે કે તમે ખોટા છો, અરે અદ્વૈતવાદીઓ! તમે તદ્દન ખોટા છો. જો તમારૂં કહેવુ ખરૂં હોય કે દરેક વસ્તુ જે આપણે જોઇએ છીએ, તે માત્ર આપણી પોતાની ધારણા–કલ્પનાજ છે તે વાત ખરી હોય તો, અરે અદ્વૈતવાદીઓ! મહેરબાની કરીને જ્યા ભીંત છે ત્યા એ કલ્પનાવડે ઘોડો ઉત્પન્ન કરો; પેલી ભીંતને ઘોડોજ બનવા દો! અરે અદ્વૈત-વાદીઓ! જો આ આખી દુનિયા માત્ર આ નાના સરખા કર્ત્તાની જીવતી મનોકલ્પના રૂપજ હોય તો આ રૂમાલનો સિંહ બનાવી દો! અગર આ પેન્સિલનુ મોટું ઘર બનાવી દો!! તેઓ કહે છે કે અરે અદ્વૈતવાદીઓ! તમે કદિ ખરા થઇ શકશો જ નહિ. આ દુનિયા સત્યજ છે. ભીંત એ ભીંતજ છે, અને તેથીજ તમારી ઇન્દ્રિયો ઉપર હમ્મેશા ભીંતના સસ્કાર પડે છે. ભીંતને બદલે આવતી કાલે તમને ઘોડો કદિ પણ દેખાશે નહિ.

દ્વૈતવાદીઓની આ દલીલોના જવાબ અદ્વૈતવાદીઓએ આપેલા છે. તેઓ કહે છે કે તમે તમારી કલ્પનાથી ગમે તે વસ્તુ બનાવી શકો છો. જ્યારે જીવ (spirit) સબધી તમે વિચાર કરો છો ત્યારે આપણને જીવજ દેખાય છે. જ્યારે આપણે કાઇ ધારવુ શરૂ કરીએ છીએ ત્યારે તે ધારણા પાર પડે છે. શુ આપણે સ્વપ્નમા વસ્તુઓ નથી બનાવતા? એ અવસ્થામા આપણી ધારણા એ વસ્તુઓને ખરીજ ગણે છે. આ વિષય ઉપર દ્વૈતવાદીઓ તરફના જવાબો પણ છે, પરન્તુ આપણે આ સવાલ–જવાબની વિગતમાં ઉંડા ઉતરીશુ નહિ.

વેદાન્ત જગતને આ પ્રમાણે જ્યારે પોતાની કલ્પના અ- થવા પોતાની રચના ગણે છે, ત્યારે તમે વેદાન્તને અદ્વૈતવાદ કહી શકતા નથી. 'રામ'ના મુખમાંથી નીકળતા આ શબ્દો તમને ઘણા અજાયબ જેવા લાગશે. છતાં સમજાવવાને ખાતર એજ શબ્દો ફરી ફરીથી કહેવાશે. યૂરોપ અને અમેરિકામાં લોકો ધારે છે કે વેદાન્ત એ એક જાતનો અદ્વૈતવાદ છે. યૂરોપીઅનોના હાથે લખાએલા લગભગ તમામ ગ્રંથો જે 'રામ'ના વાંચવામાં આવ્યા છે તે બધા વેદાન્તને અદ્વૈતવાદ તરીકેજ બતાવે છે, પણ 'રામ' તમને કહે છે કે આ લોકો વેદાન્તને બરાબર સમજ્યા નથી. બર્કલી અને પ્લેટાના અદ્વૈત- વાદના જેવો વેદાન્તનો અદ્વૈતવાદ નથી, પણ તે ઘણા ઉંચા પ્રકારનો અને શ્રેષ્ઠ છે.

અદ્વૈતવાદીઓ આવા મોટા જગતને નાના સરખા જીવરૂપ દ્રષ્ટા અથવા જ્ઞાતા ઉપર અથવા તો તે જીવની નાની સરખી જ્ઞાન- શક્તિ કે દર્શનશક્તિના આધાર ઉપર રાખે છે, પણ વેદાન્ત જ્યારે એમ કહે છે કે "આ જગત માત્ર મ્હારીજ કલ્પના છે", ત્યારે તેનો અર્થ એમ નથી કે "જગત" એ નાના સરખા જીવ અથવા તેના નાના સરખા મનની કલ્પના છે. બર્કલીએ સ્વપ્ન નાના કર્તાનું બનાવેલું છે એમ કહેવામાં ઘણી મોટી ભૂલ કરી છે. એ ભૂલ તે એ કે સ્વપ્નના કર્તા અથવા જ્ઞાતાને જાગ્રતના કર્તા સાથે એકજ ગણ્યો. જ્યારે ખરૂં જોતાં સ્વપ્નનો કર્તા તે જાગ્રતના કર્તા કરતાં જુદો છે. સ્વપ્નનો કર્તા સ્વપ્નની કલ્પના અથવા ક્રિયાશક્તિ જેવો છે અને જાગ્રતનો કર્તા જાગ્રતની કલ્પના અથવા ક્રિયાશક્તિ જેવો છે. જેથી બર્કલીએ જાગ્રતાવસ્થાના કર્તાને સ્વપ્નાવસ્થાના કર્તા જેવો ગણ્યો એ ભૂલ કરી છે. ખરી વાત તો એ છે કે જગત જાગ્રતાવસ્થાના અથવા સ્વપ્નાવસ્થાના કર્તાનું બનાવેલું નથી, પણ એ તો મ્હારૂં

પોતાનું, સાચા ઈશ્વરનુ અને સાચા આત્માનુ બનાવેલુ છે.

હવે આપણે વેદાન્ત પ્રમાણેના જ્ઞાનશક્તિના સિદ્ધાન્ત ઉપર આવીએ છીએ.

વેદાન્ત અદ્વૈતવાદીઓને કહે છે કે "અરે અદ્વૈતવાદીઓ! આ જગતના બધા નામ અને રૂપ, જગતના પદાર્થોની આ બધી ઉપાધિઓ અને ગુણો કર્તાની ક્રિયા વિના થઈ શકે નહિ, એમ કહેવામા તમે ખરા છો" હુ અહી ફરીથી પણ કહીશ કે આ વિષય ઘણો ગહન છે, અને તમારે બારિકાઇથી તેને સમજવો જોઇએ વેદાન્ત અદ્વૈતવાદીઓને કહે છે કે "કર્તાની કૃતિ વગર આ દુનિયાના નામ અને રૂપો થતા નથી, એમ કહેવામા તમે ખરા છો" પદાર્થોના ગુણ, ઉપાધિ અને પ્રકૃતિ એ બધુ કર્તાની ક્રિયાશક્તિ અથવા મન અને બુદ્ધિ ઉપરજ આધાર રાખે છે, એટલા સુધી તમે ખરા છો, પણ આ નાના કર્તાની બહાર–આ નાના મનની બહાર–તેનાથી પર બીજુ કાંઈ નથી, એમ કહેવામા તમે ખરા નથી. દ્વૈતવાદીઓને વેદાન્ત કહે છે કે કોઈ પણ બહારના સત્યની ક્રિયા કે દ્રષ્ટિથી આ દ્રસ્ય–જગત દેખાતુ નથી, એમ કહેવામા તમે ખરાજ છો.

દ્વૈતવાદીઓ કહે છે કે "આ દ્રસ્ય જગત આપણી ઇન્દ્રિયો ઉપર કોઇ બહારની ક્રિયા થવાને લીધે દેખાય છે, અને એ દેખાતા પદાર્થો ઇન્દ્રિયો ઉપર સત્તા ચલાવે છે, તેથીજ આપણે તે પદાર્થો જોઇએ છીએ." અને વેદાન્ત પણ કહે છે કે ખરેખર બહારની કોઇ પણ ક્રિયા વિના આપણે કોઇ વસ્તુ જોઇ શકતા નથી. એટલે સુધી દ્વૈતવાદ ખરો છે; પણ જ્યારે વેદાન્ત એમ કહે છે કે "આપણને દેખાતા સર્વ પદાર્થો કર્તાની માત્ર બહારની જ ક્રિયાથી દેખાય છે", ત્યારે વેદાન્ત પ્રમાણે દ્વૈતવાદ ખોટો છે. હવે એ વિષયનુ વધારે સ્પષ્ટીકરણ કરાય છે. આ દુનિયામાનો કોઈ પણ કર્તા અગર કાર્ય લ્યો, ધારો કે આ પેન્સિલ લ્યો:

આ પેન્સિલનો રંગ શાથી છે? તમે કહેશો કે તે કર્ત્તાની ક્રિયા સાથે બહારની પ્રતિક્રિયા મળીને થયો છે. જો તમારી આંખો રંગ દેખાય તેવી નહિ હશે તો પેન્સિલનો આ રંગ તમે જોઇ શકશો નહિ. પેન્સિલનો રંગ એ તેની ઉપરનો ગુણ અથવા ઉપાધિ છે, અને તે બદલાઇ શકે તેવો છે, વળી પેન્સિલના વજનની બાબત લેશો તો તે પણ બદલાઈ શકે તેવું છે. જો આપણી આંખોમાં કમળો થયો હોય તો પેન્સિલનો રંગ આપણે જુદો જોઇએ છીએ, તેમજ જો આપણે પેન્સિલને અહીં ન જોખીએ, પણ આકાશમાં વધારે ઉંચાઇ ઉપર લઇ જઇને અથવા ચંદ્રની સમીપમાં કે કાંતો ઘણી નીચાઇએ લઇ જઇને જોખીએ, તો તેનું વજન જુદું જ માલૂમ પડશે. તમે જાણો છો કે હવા ફેરને લીધે ઘણી વસ્તુઓના વજનમાં લંડન કરતાં હિન્દુસ્તાનમાં કેટલોક ફેર પડી જાય છે આ પ્રમાણે વજન તેમ જ રંગ બન્ને બદલાય તેવા છે.

તમે જાણો છો કે એનું એજ પાણી જ્યારે તમે શિયાળામાં તેને અડકો છો ત્યારે ગરમ જણાય છે, અને તેજ ઝરાનું તેજ પાણી ઉનાળામાં ઠંડુ જણાય છે. શા માટે? કારણ કે અવલોકન કરનાર અથવા જોનારના શરીરની ઉષ્ણતાનું પ્રમાણ (temperature) એ બને સમયે જુદું હોય છે. આ પ્રમાણે પાણીની ગરમી બન્ને સમયે એક સરખી જ હોય છે, છતાં આપણા હાથની ઉષ્ણતાના તફાવતને લીધે પાણીની ગરમીમાં ફેરફાર જણાય છે એ પ્રમાણેજ જાણનારના પોતાના ગુણોમાં ફેરફાર થવાથી જાણવાની વસ્તુઓ-જ્ઞેય પદાર્થોના-ગુણોમાં ફેરફાર થયો હોય તેમ જણાય છે.

હવે આ પેન્સિલ શાની બનેલી છે? બર્કલી અને બીજાઓના મત પ્રમાણે આ પેન્સિલ ઘણી ઉપાધિઓ અને ગુણોના સમુહ સિવાય બીજું કશું નથી. આ ગુણો તેમાંથી લઈ લ્યો એટલે કશું જ બાકી

રહેશે નહિ. કાન્ટના મત પ્રમાણે "વસ્તુ પોતે જ પોતાની પાછળ રહેલી છે; અને પ્લેટોના મત પ્રમાણે જોવાની વસ્તુ એ જોનારના પોતાના વિચારરૂપ જ છે, અને વસ્તુ અથવા વિચાર જોનારમા પોતાનામાં જ રહે છે, અને જાણનારાને પોતાના અંતઃકરણમાં રહેલી જાણવાની ક્રિયારૂપ વૃત્તિને લીધે જ પદાર્થોના ગુણો જણાય છે.

પરંતુ અમે કહીએ છીએ કે જાણનારની વૃત્તિરૂપ પ્રતિક્રિયાથી આ જે ગુણો પદાર્થમા આરોપાયા તે પહેલાં પણ કંઈક સત્યતત્ત્વ તે પદાર્થમાં–જાણવાની વસ્તુમા–હતું જ. હવે આ બાબત વધારે સ્પષ્ટ કરવામા આવશે અને જો 'રામ'ને તમે ફરીથી પૂછશો તો તે ફરીથી પણ કહેશે. વેદાન્ત કહે છે કે આ બધા ગુણો પેન્સિલમા તેના જાણનારની જાણવાની ક્રિયા અથવા વૃત્તિને લીધે જ છે એ ખરૂ છે, પણ એ **ક્રિયા અથવા વૃત્તિ** શાથી ગતિમા મૂકાઇ ? જ્ઞાતાની જાણવાની ક્રિયાને–વૃત્તિને કોણે ગતિમા મૂકી ? આ એક સવાલ છે. જેનો ઉત્તર એ જ હોઇ શકે કે " એ ક્રિયાને ગતિ આપનારૂ બીજુ કંઇક સત્ય તત્ત્વ હોવું જ જોઇએ કે જે તત્ત્વને લીધે જ્ઞાતા ઉપર અસર થઇ અને જ્ઞાતાની પ્રતિક્રિયા અથવા જાણવાની ક્રિયા ગતિમા મૂકાઇ તથા એ પ્રમાણે જ્ઞાતાની જાણવાની ક્રિયા જ્યારે ગતિમાન થઇ ત્યારે આ ગુણો કે જે જાણનારમા પ્રથમથી જ સૂક્ષ્મરૂપે એકત્ર રહેલા હતા તે ઉદ્ભવ્યા. આપણે એમ તો નજ કહી શકીએ કે જાણનારે જાણવાની ક્રિયા કરી તે પહેલાં આ ગુણો પોતે જ મન ઉપર અસર કરતા હતા તેથી અંતઃકરણની વૃત્તિરૂપ ક્રિયા અથવા પ્રતિક્રિયાને ગતિ મળી. આપણે એમ કહી શકીએ નહિ કે આ ગુણો મનની ક્રિયા અથવા પ્રતિક્રિયા પછી દેખાયા.

આ પ્રમાણે જોતાં બહાર કાંઈક પદાર્થ હોવો જ જોઇયે. પેન્સિલમા કાંઈક સત્ય વસ્તુ હોવી જ જોઇએ કે જેની અસર

આપણી આંખને થઇ, જ્યારે અવાજ સંભળાયો ત્યારે તે વસ્તુની અસર આપણા કાનને થઇ, જ્યારે આપણી જીભને એ વસ્તુ અડી ત્યારે સ્વાદેન્દ્રિય ઉપર અસર થઇ, અને જ્યારે તે વસ્તુ ત્વચાને અડી ત્યારે તેની અસર સ્પર્શેન્દ્રિયને થઇ આ પ્રમાણે બહાર કાંઇક પદાર્થ હોવો જોઇએ કે જેની અસર આપણી આંખો, કાન અને નાક ઉપર થાય છે. આ પેન્સિલ તમે ખાશો તો તેથી તમારી તન્દુરસ્તી બગડશેજ, અને તેમ છે તો પછી તમે શી રીતે કહી શકો કે બહાર કાંઇ જ સત્ય નથી ? કાંઇક સત્ય બહાર પણ છે, અને જ્યારે આ સત્ય માણસના ઇન્દ્રિયો ઉપર અસર કરે છે ત્યારે માણસના અંતઃકરણને ઇન્દ્રિયો ખબર આપે છે, અને તેથી અંતઃકરણ પ્રતિક્રિયા કરે છે ત્યારે વસ્તુની ઉપાધિ અને ગુણો ઉદ્ભવીને દેખાય છે. એનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે આ એક હાથ છે અને આ બીજો હાથ છે આ એક હાથ એકલો (તાબોટો વગાડી) અવાજ કરી શકતો નથી. અવાજ તો બે હાથવડેજ થાય તો જ સંભળાય છે અહીં એક બાજુ ક્રિયા હતી અને બીજી બાજુ પ્રતિક્રિયા હતી અને તેનું પરિણામ અવાજ હતો. આ સારંગીનો તાર છે. તેને તમે આંગળીથી અડકો અને તેનાપર આંગળી ફેરવો તો તેમાંથી સૂર નિકળશે. તમારી આંગળીએ ક્રિયા કરી અને તેથી કરીને તારમાંથી પ્રતિક્રિયા થઇ, અથવા તો તમે એમ કહેશો કે પ્રથમ તારમાંથી ક્રિયા થઇ અને પછી તમારી આંગળીએ પ્રતિક્રિયા કરી અને ત્યારેજ સૂર સંભળાયો. જળાશયમાં એક મોજું એક બાજુથી આવ્યું અને બીજું મોજું બીજી બાજુથી આવ્યું, એ બન્ને મોજાં અથડાયાં આ બન્ને મોજાંના અથડાવાથી ફીણ ઉત્પન્ન થયું બન્નેની ક્રિયા અને પ્રતિક્રિયાએ મળીને ફીણને ઉત્પન્ન કર્યું. આ દીવાસળી છે અને આ તેને ઘસવાનો રેતીવાળો કાગળ છે. એ રેતીવાળા કાગળ ઉપર

દીવાસળી ઘસો અર્થાત્ બન્ને બાજુથી ક્રિયા અને પ્રતિક્રિયા થવા દો એટલે જ્યોતિ પ્રકટશે આ વિજળીના પૉઝિટિવ પોલ છે અને આ બીજો નૅગેટિવ પોલ છે. જો તે બન્ને એકઠા થાય તો વિજળીના તણખા ઉડતા આપણે જોઈએ છીએ. બન્ને બાજુની ક્રિયા અને પ્રતિક્રિયાથી જ એ દેખાવ પણ નજરે પડે છે

તેથી વેદાન્ત પ્રમાણે તમારી બુદ્ધિમાં એક સ્વત સિદ્ધ વસ્તુ રહેલી છે, જેને આપણે આત્મન્ અથવા હુપણું-પોતાપણું કહેવું જોઈએ. આ ખરૂ હુપણુ તમારી બુદ્ધિમા રહેલુ છે. તેમ જ જગતના દરેક પ્રાણી પદાર્થમા પણ વસ્તુત તેના પોતાપણારૂપી સત્ય રહેલુ છે. આ પેન્સિલમા એ સત્ય વસ્તુ તેના પોતાપણારૂપે રહેલી છે, જે જાણી શકાતી નથી. આ સત્ય વસ્તુ કે જે બધા ગુણ અથવા ઉપાધિઓથી પર છે, તે વસ્તુ-તે સત્ય દરેક પદાર્થના તેના પોતાપણારૂપે વ્યાપી રહેલુ છે, અને તેજ સત્ય તમારી બુદ્ધિમા પણ વ્યાપી રહેલુ છે. પેન્સિલમા રહેલુ એ સત્ય અને જાણનાર "જ્ઞાતા" ની બુદ્ધિમા રહેલુ સત્ય, એ બને સત્યો એ બીજુ કશુ જ નહિ પણ એ એક જ સર્વ વ્યાપક સત્યના બે હાથ જેવા જ છે બે હાથની પેઠે એમાંનુ જે પણ એક સત્ય પ્રથમ ગતિમાન થાય છે, તે બીજાની સાથે અથડાતા પ્રત્યાઘાત થાય છે, અને તે વખતે પેન્સિલના સસ્કાર અત કરણમા દ્રઢ થઈ રહેલા હોવાથી જેમ સામાસામી બે મોજા આવવાથી અથડાઈને ફીણુ ઉત્પન્ન કરે છે તે પ્રમાણે પદાર્થો દેખાય છે, અને તેના ગુણ ઉત્પન્ન થાય છે. તમે એમ કહી શકો કે પૉઝિટિવ પોલ બુદ્ધિદ્વારા અને નૅગેટિવ પોલ પેન્સિલદ્વારા એક બીજાની પાસે આવવાથી રૂપ ઉત્પન્ન થાય છે, તેજ પ્રમાણે આ જગતના દેખાવ, ઉપાધિ અને ગુણ આપણે જોઈએ છીએ. વેદાન્તની ભાષામાં દૃષ્ટા અને દૃશ્ય જે પળે ભેગા થાગ છે

તેજ પળે પદાર્થને આપણે જોઇએ છીએ જેથી ખરૂં જોતા પદાર્થોની પ્રતીતિ થતી એ માત્ર એ મોજાના અથડાટથી ઉપજેલા ફીણ જેવી હોઈ વસ્તુત સત્ય તો, એ દ્રષ્ટા અને દ્રશ્યરૂપે એક અભિન્ન કૈવલ્ય સત્ય તત્ત્વજ છે જેમ પેન્સિલમા આત્મા અથવા સત્ય પોતાપણુ છે તેમ બુદ્ધિમા પણ આત્મા અથવા સત્ય પોતાપણુ રહેલુ છે, અને પ્રતીત થતું જગત અથવા તેના પદાર્થો તો એ બન્ને કહેવા માત્રના જુદા પોતાપણાઓ વચ્ચેની ક્રિયા અને પ્રતિક્રિયાવડે ઉત્પન્ન થતા કહેવા માત્રના રૂપોજ છે, અને જેમ ફીણ પણ માત્ર પાણીજ છે તેમ એ રૂપો પણ સત્ય તત્ત્વરૂપજ છે

અદ્વૈતવાદીઓ જે કહે છે કે કર્ત્તાની ક્રિયા વગર કોઇ પણ વસ્તુ દેખાતી નથી, એ વાત ઉપર પ્રમાણે જોતા ખરી છે, પરતુ માત્ર કર્ત્તાની ક્રિયા પોતેજ રૂપને ઉત્પન્ન કરે છે, એમ કહેવામા તેઓ ખોટા છે; કારણ કે તેમ કહેવામા તેઓ વિજ્ઞાનશાસ્ત્રના એક ઘણા ગહન નિયમનો ભગ કરે છે વિજ્ઞાનશાસ્ત્રનો નિયમ એવો છે કે દરેક ક્રિયાને અથવા આઘાતને પોતાના બળ જેટલીજ વિરૂદ્ધ પ્રતિક્રિયા અથવા પ્રત્યાઘાત હોવા જોઇએ. કોઈ પણ કર્મ ક્રિયા અને તેના જેટલીજ પ્રતિક્રિયા વગર થઇ શકે નહિ. જ્યારે અદ્વૈતવાદીઓ કહે છે કે કર્ત્તાની ક્રિયાથીજ માત્ર આ બધુ જગત ઉત્પન્ન થયુ છે ત્યારે તેઓ એક સત્ય વાતની અવગણના કરે છે કે ક્રિયા જેટલીજ પ્રતિક્રિયા કોઇ જગ્યાએ થયા વગર કર્મ બની શકેજ નહિ દ્વૈતવાદીઓ કહે છે એ પણ ખરી વાત છે કે આ જગતમા પોતામાજ સત્યતા રહેલી છે, આ જગત ફક્ત કર્ત્તાને આધારે જ છે એમ કહેવુ જોઇએ નહિ. "આ જગતમા પોતામા કાંઇ સત્યતા છે," અહીં સુધીજ તેઓ—દ્વૈતવાદીઓ ખરા છે, પણ જ્યારે તેઓ કહે છે કે જગતના દેખાવો પોતે પોતાવડેજ—સ્વતઃ સિદ્ધ સત્ય છે, અને તેનો આધાર (અધિષ્ઠાન)

બીજું કંઈ નથી પણ તે પોતેજ પોતાના આધારરૂપ છે, ત્યારે તેઓ ખોટા છે, કારણ કે જગતનુ રૂપ, જગતની વિચિત્રતા અને જગતના પદાર્થોના ગુણ એ સર્વ, કર્ત્તામા રહેના સત્ય ચૈતન્યની ક્રિયા ઉપર તેમજ પદાર્થમા રહેલા સત્ય ચૈતન્યની પ્રતિક્રિયા ઉપર—મને ઉપર એકસરખો આધાર રાખે છે

અહીં એક મોટો વાધો આવે છે તમે ક્રિયા અને પ્રતિક્રિયાની વાત કરો છો પણ અનતનામા ક્રિયા અને પ્રતિક્રિયા શી રીતે થઇ શકે? વારૂ, માત્ર એ ક્રિયા અને પ્રતિક્રિયાને સમજાવવાના હેતુથીજ જેમ બીજાઓ ભાષાનો ઉપયોગ કરે છે તેમ આપણે પણ કરીએ. બુદ્ધિ સાથે ઓતપ્રોત રહેલી તેમજ પદાર્થ સાથે ઓતપ્રોત રહેલી કૈવલ્ય ઇચ્છાશક્તિ અથવા કૈવલ્યશકિત વિષે જ્યારે આપણે વિવેચન કરીએ છીએ ત્યારે એ ક્રિયા અને પ્રતિક્રિયાનીજ આપણે વાત કરીએ છીએ એમ સમજવાનુ છે. તે કૈવલ્ય અસ્તીત્વ આ પદાર્થમા ઓતપ્રોત રહેલુ છે. તે કૈવલ્ય અસ્તીત્વજ જ્ઞાતામા રહેલા કૈવલ્ય અસ્તીત્વ સાથે ક્રિયા અગર પ્રતિક્રિયામાં આવે છે, અને શિર, મગજ અને બુદ્ધિનુ અનુયોગી—અર્થાત્ તે સર્વને સત્તાસ્ફુર્તિ આપનારૂ થાય છે આ બાબત નીચલા દૃષ્ટાંતથી સમજાશે.

આ વાસણમા આકાશ છે અને બીજા વાસણમા પણ આકાશ છે. ખરી રીતે બન્નેમાં આકાશ તો એકજ છે, પણ તમે તે વાસણમાં દેખાનારા અને બીજા વાસણમા દેખાનારા આકાશને જુદુ જુદુ જ કહેશો, પરતુ તે છતાં પણ ખરી રીતે તો એ આકાશના ભાગ કે કકડા થયેલા હોતા નથી જ, એ આકાશ અવિભક્ત જ રહે છે આકાશ કઇ એવી વસ્તુ નથી કે તમે આ રૂમાલ સાથે વર્તો છો તેમ તેની સાથે વર્તી શકો. આકાશ તો એક આવભક્ત જ વસ્તુ છે. એ આકાશમા ભાગ પાડવાનો તર્ક પણ થઇ શકે એમ નથી, અને કૅન્ટના

કહેવા પ્રમાણે આકાશ કર્તા અને કર્મવાળુ છે એટલે તેને ભાગી શકાય અથવા કાપી શકાય તેમ નથી. તેજ પ્રમાણે એ સત્ય આત્મા, સત્યતત્ત્વ અથવા કૈવલ્યઅનતતત્ત્વના ભાગ પડી શકતા નથી કે તેને કાપી શકાતુ નથી. પણ જ્યારે એ તત્ત્વજ આ જગતના પદાર્થોની સાથે સબધવાળુ ગણીએ ત્યારે બુદ્ધિ સાથે અથવા પદાર્થ સાથે તેનુ સમ્મિલન થએલુ કહેવામા પણ આપણે ખરા જ છીએ. હવે ક્રિયા અને પ્રતિક્રિયા તરીકે તે જ સત્યતત્ત્વ બુદ્ધિ અને પદાર્થ સાથે સમ્મિલન થએલુ છે. દાખલા તરીકે આ હાથ પેલી ખુરશીની સાથે સબધમા લાવીએ તો હાથનુ આકાશ તે તે વસ્તુના આકાશની પાસે આવે છે અને બન્ને આકાશ એકત્ર થઈ જાય છે. હવે હાથમાનુ આકાશ તે તે વસ્તુના આકાશના જેવુ જ થાય છે, જો કે મૂળમા પણ તે એક જ હતુ પણ હવે તમારી આખવડે પણ હાથનુ આકાશ વસ્તુના આકાશ જેવુ જ દેખાય છે.

આ પ્રમાણે વેદાન્ત કહે છે કે કૈવલ્ય સત્યતા કર્તામા રહેલી છે, અને જ્યારે તે કાર્યમા રહેલી સત્યતાની સાથે એક થઇ જાય છે ત્યારે કર્તા અને કાર્ય એકત્ર થાય છે

એ ક્રિયા અને પ્રતિક્રિયા ખરૂ કહેતા તો આત્મામા થતી નથી, પણ મર્યાદીત રીતે કહીએ તો તે આત્મામા થાય છે. જુઓ, એક બાજુથી પાણીનુ એક મોજુ આવે છે અને બીજી બાજુથી બીજુ આવે છે, જેમ એક મોજુ પાણીરૂપ છે તેવું જ બીજુ મોજુ પણ પાણીરૂપ જ છે, અને વળી જ્યારે મોજા અથડાય છે ત્યારે પણ તે પાણીરૂપ જ રહે છે, તેમા કાઇ ફેરફાર થતો નથી, અને તોપણ મોજા વચ્ચે ક્રિયા અને પ્રતિક્રિયા થાય છે. અહીં મોજાં તરીકે મર્યાદિત ગણેલું પાણી બીજા મોજા તરીકે મર્યાદિત ગણેલા પાણી સાથે સબધમા આવે છે અને અથડાય છે. આ અથડાવાથી

ફીણરૂપ દેખાવ થાય છે. તેજ પ્રમાણે બુદ્ધિથી મર્યાદિત કરેલી કૈવલ્ય સત્યતા જ્યારે પદાર્થોથી મર્યાદિત કરેલી કૈવલ્ય સત્યતા સાથે અથડાય છે ત્યારે આ જગતની ઉપાધિ, પ્રકૃતિ અને ગુણના દેખાવ દેખાય છે. જે પ્રમાણે આ હાથ કે જેનામા બીજા હાથ જેટલી જ શક્તિ છે તે બીજા હાથ જોડે અથડાય છે ત્યારેજ આ અવાજ ઉત્પન્ન થઈ સભળાય છે, તેજ પ્રમાણે આ જગતરૂપી દસ્ય ઉત્પન્ન થઈ સભળાય છે.

કૈવલ્ય સત્યતા તો જ્ઞાતાની બુદ્ધિમા તેમજ જગતના પદાર્થમાં એક જ છે, પણ જ્યારે બુદ્ધિ અથવા કર્તા, કાર્ય સાથે સબધમા આવે છે ત્યારે આત્મા કે જે તે બન્નેના અધિષ્ઠાન-આધારરૂપે રહેલો છે તે બન્નેમા જુદા જેવો દેખાય છે એ બન્ને વસ્તુઓ દરેક મનુષ્યથી જોઈ શકાય તેવી અને પારદર્શક નથી, નહિ તો તરતજ સમજી શકાય કે આ જગતના સઘળા પદાર્થોની પાછળ-તેના આધારરૂપ એકજ અદ્વૈત શક્તિ રહેલી છે આ કલમ છે આ કલમ ઉપાધિ, ગુણ અને તેના આધારરૂપ અદ્વૈત શક્તિની બનેલી છે તમે જાણો છો કે આ અન્દર રહેલી અદ્વૈત શક્તિની હયાતી માનવાને ઘણા સારા કારણો છે, કારણ કે બુદ્ધિ ઉપર ક્રિયા થઈ ને તેમાથી પાછી પ્રતિક્રિયા થઈ ગુણ ઉત્પન્ન થયા સિવાય આ ગુણો પોતાની મેળે ઉત્પન્ન થઈ શકતા નથી. આ એક કલમ છે તે અમુક ગુણની બનેલી છે, જેને આપણે ક્યૂ (q) કહીશુ અને તેનામા રહેલા સત્યતાને આપણે ઍક્સ (x) કહીશુ એ કલમ જે ગુણોની કલમ બનેલી છે તે ગુણોની બરાબરજ છે. પેલુ એક ટેબલ છે. ટેબલને બનાવવાને જે ગુણોની જરૂર છે તેની બરાબરજ એ ટેબલ છે. ક્યૂ ટી+ઍક્સ, કૈવલ્ય અદ્વૈત શક્તિ. અહીં તમે સવાલ કરશો કે પ્રથમ ઍક્સના જેવોજ આ ઍક્સને કેમ ધારો છો? સવાલ ઉત્પન્ન થાય છે કે આ કલમની અંદર રહેલા ગુણો ટેબલની અદર રહેલા ગુણોથી કાંઈક જુદા હશે. તમે

જાણો છો કે સવાલ આવો છે કે કલમના ગુણો ઉદ્ભવ્યા તે પહેલાં કાંઇક સત્યતાએ આપણી ઇન્દ્રિયો ઉપર અસર કરી હશે; અને આ ટેબલ જેથી બન્યુ છે તે ગુણો આપણા કર્તાથી ઉદ્ભવ્યા હશે. બીજી કોઇ સત્યતાએ આપણી ઇન્દ્રિયો ઉપર અસર કરી હશે જેને આપણે ઍક્સ કહીશુ તમે જાણો છો કે આ ઍક્સને બીજા ઍક્સ જેવો ગણવાનો આપણને હક્ક નથી. આ પીઆનો નામનુ વાજુ છે. જેને પ્રથમના બધા ઍક્સથી જુદુ ઓળખવાને આપણે ઍક્સ ડૅશ (x′) કહીશુ ટેબલમા અગર કલમની અંદર જે વસ્તુ રહેલી હતી તેનાથી આ જુદ હશે. અહીં એક માણસ છે જેને આપણે ઍક્સ ટૂ ડૅશ (x″) કહીશુ

પ્લેટોએ જે ભૂલ કરી છે તે હવે અહીં ધ્યાનમા રાખવાની છે. તે આ અંદર રહેલી સત્યતાને જુદી ગણે છે અંદર રહેલી સત્યતાને તે જુદી ગણે છે અને તમે પણ જુદી ગણી છે, તમારામાના ઘણાઓએ તેને જુદી ગણી છે; પણ રૂપાન્તરની પદ્ધતિ પ્રમાણે આ દલીલમા ભ્રમ છે. આપણે બતાવી શકીશુ કે આ ધારણા ખોટી છે. કલમની ઉપાધિ અને તેનો રંગ, વજન, નરમાશ અને સર્વ ગુણો તમારી બુદ્ધિ અથવા મનની પ્રતિક્રિયાના પરિણામ છે. આ બધી ઉપાધિ અથવા ગુણો પ્રતિક્રિયાને અનુસરે છે. આપણે ધારેલુ છે કે આ પેન્સિલની સત્યતા આ ગુણોની ઉપાધિ ઉદ્ભવ્યા પહેલાની હતી. આ પ્રમાણે કૈવલ્ય સત્યતા, સર્વ ઉપાધિ, સર્વ પ્રકૃતિ અથવા સર્વ ગુણોની પેલે પાર જાય છે. આ ઍક્સ ડૅશ (x′) પણ બધી ઉપાધિ અથવા ગુણની પેલે પાર જાય છે. ઍક્સ ટૂ ડૅશ (x″) પણ બધી ઉપાધિ અને ગુણની પેલે પાર જાય છે. વગેરે.

તફાવત શાથી પડે છે? મહેરબાની કરી જરા વિચાર કરો. આ દુનિયામાં બધા તફાવત ફક્ત ગુણને લીધેજ છે. તમે આ ચાકનો

કકડો અને પેલી પેન્સિલ એ બે વચ્ચે તેના ગુણોની સરખામણી કર્યા સિવાય તફાવત પાડી શકશો ? તમે શી રીતે જાણો છો કે આ ચાકનો કકડો પેલી પેન્સિલથી જુદો છે ? ફક્ત ગુણથીજ. તે ધોળો છે તે પણ ગુણ છે. આ ચાક ભાગી જાય તેવો છે એ પણ ગુણ છે. એ પ્રમાણે બધા તફાવતો ગુણને લીધેજ છે. તમે જો આ ઍક્સને પહેલા ઍક્સથી જુદો કરો તો તમે ભેદ ઉત્પન્ન કરો છો, તમે જુદાપણું ઉત્પન્ન કરો છો. બીજા શબ્દોમા તમે કૈવલ્ય સત્યતાને ફરી ગુણ ઉપર આધાર રાખતી કરો છો. ભેદભાવ અને એક બીજાથી જુદા પડેલા હોવાની માન્યતાને લીધે તમે તે બધાને ગુણો ઉપર આધાર રાખતા જુઓ છો, અને ત્યાજ ભૂલ થાય છે. તમે તેમને ગુણોથી પર ગણીનેજ શરૂઆત કરી અને તેમને ગુણો સાથે ગણીને જ તેનુ છેવટ પણ લાવો છો. જો તમે તેમને જુદા ગણશો અને એકબીજાથી જુદા પાડશો તો તમે ભૂલ કરશો. ગુણોનુ અતિક્રમણ કરવા તમે તેમને ગુણોથી પર ગણી શરૂઆત કરી અને ગુણો અને ઉપાધિની હદમા તેમને લાવીને તમેજ તમારા સિદ્ધાન્તની વિરૂદ્ધમાં છેડો લાવો છો. એમાં એજ ભૂલ થઇ છે.

આ પેન્સિલમાં રહેલી સત્યતા, આ ચાકના કકડામાં રહેલી સત્યતા કરતા જુદી છે, એમ કહેવાનો તમને હક્ક નથી. મન, કર્ત્તા અથવા બુદ્ધિમા રહેલી સત્યતા તે બળદ અથવા ગાયમા રહેલી સત્યતા કરતા જુદી છે, એમ કહેવાનો તમને હક્ક નથી. જે આત્મા આ ટેબલની અંદર રહેલો છે તે પેલા ટેબલના આત્માથી જુદો છે, એમ કહેવાનો તમને હક્ક નથી. નહિજ તમને હક્ક નથી તે માત્ર અદ્વીતિય છે, એક છે, તેજ અનન્ત શક્તિ છે, તેજ કૈવલ્ય છે, તેજ બદલાય નહિ તેવું ત્રિકાલાબાધ્ય સત્યતત્ત્વ છે.

દષ્ટાન્તથી એ વાત વધારે સ્પષ્ટ થશે. આ એક સુન્દર સફેદ ભીંત

છે તમે બધા અહીં બેઠા છો તમારામાનો એક મનુષ્ય ભીંત ઉપર સુન્દર આકૃતિઓ, ભૂમીતિના ત્રિકાણો, વર્તુળો, અડાકૃતિઓ વગેરે સહિત ધારો કે એક મહાન લડાઇનુ ચિત્ર કહાડે છે તે જ ભીંત ઉપર બીજો માણસ પોતાની સ્ત્રી, મિત્ર અને સગાના ચિત્રો આલેખે છે ત્રીજો વળી અન્ય પ્રકારના ચિત્રો આલેખે છે. આ બધા ચિત્રોની પાછળ એકજ સત્ય વસ્તુ (ખરી ભીત) રહેલી છે તેજ પ્રમાણે આ જગતમા પણ જે જે પદાર્થો તમે જુઓ છો તેની પાછળ તેના ખરા આધાર સ્વરૂપ એકજ સત્યતત્ત્વ રહેલુ છે ધારો કે અહી તમે એક ઘોડો જુઓ છો, ત્યા એક ગાય જુઓ છો, અહીં કુતરો બીજે હાથી અને ત્યા માણસ જુઓ છો, આ બધા ચિત્રો એકજ કૈવલ્ય ઍકસ (X) ઉપર તે ચિત્રમાના ઍકસ ઉપર, એકજ એકજ ભીત ઉપર આલેખાયલા છે. એ પ્રમાણે એજ આત્મા, એક અનત 'રામ' દરેક વસ્તુની અદર છે, તેજ છે; તેજ છે, તેજ છે. તમારા સ્વપ્નામા તમે બળદ, કુતરો, માણસ અને પક્ષી સ્રી જુઓ છો પણ તમે સમજો છો કે સ્વપ્નામા એ બધી વસ્તુઓ, એકજ કૈવલ્ય સત્યતત્ત્વ કે જે તમારો ખરો આત્મા છે તેના ઉપરજ આલેખાયલા ચિત્રો છે જ્યારે તમે જાગો છો ત્યારે ઘોડો પર્વત અગર નદી જે તમે સ્વપ્નમા જોયા હતા તે કોઇ પણ ઠેકાણે હોતા નથી.

આપણને પ્રતીત થતું આ જગત જે જે ગુણોનુ બનેલુ છે તે બધા ગુણો તે કૈવલ્યસત્યતત્ત્વનેજ આધારે ઉપજેલા છે અને રહેલા છે આ એક માર્મિક વાત છે, જે તરતમા તમે સમજી શકશો નહિ, માટે હમણા તો તમે તે સાભળો એજ વધારે સારૂ છે. આ પછીના બીજા વ્યાખ્યાનોમા તમે તે પરિપૂર્ણ રીતે સમજશો. આ બધા ગુણોની ઉત્પત્તિ અને સ્થિતિનો માત્ર એ કૈવલ્યસત્ય ઉપરજ આધાર હોવાથી એમ ઠરશે કે એવો આધાર આપવો એ–એવો એક ગુણ એ કૈવલ્ય સત્યમાં

પણ રહેલો છે અને તેવો એકાદ ગુણ પણ તેનામા રહેલો છે ત્યાં સુધી તેને કૈવલ્ય-અર્થાત્ નિર્ગુણતત્ત્વ કહેવાયજ નહિ, પણ તે છતા પણ આપણે એવુ શા માટે કહીએ છીએ કે "કૈવલ્ય સત્ય તત્ત્વ તે કૈવલ્ય જ છે?" જે પ્રમાણે તમે તમારા જાતિ અનુભવને આધારે "આ દુનિયા ખરી છે" એમ કહો છો, તેજ પ્રમાણે તમારાથી ઉંચા દરજ્જાના અને તેમનાથી પણ શ્રેષ્ઠ મનુષ્યોના જાતિ અનુભવને આધારે આપણે કહીએ છીએ કે જ્યારે કેવલ્યસત્યતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે ત્યારે આ બધા ગુણો અને દેશ તથા કાળ નાશ પામે છે આ પ્રમાણે કૈવલ્યસત્યતત્ત્વના લક્ષ્યબિન્દુથી જોતા તો આ ગુણો ત્રણે કાળમા છેજ નહિ માત્ર ગુણોના લક્ષ્યબિન્દુને લઇનેજ એ ગુણો અધિષ્ઠાન એટલે કૈવલ્ય ઉપર આધાર રાખે છે ઉપર કહેલા વિરોધાભાસનો ખુલાસો એ પ્રમાણે છે એ માત્ર ખુલાસો જ નથી પણ એક મહાન સિદ્ધાત છે. કૈવલ્યસત્યતત્ત્વ એ તો કૈવલ્ય જ છે, અને બધા ગુણોથી પર છે આ ગુણો તો પોતાના લક્ષ્ય બિન્દુથી જ કૈવલ્ય સત્યતા ઉપર આધાર રાખનાર છે કૈવલ્યના લક્ષ્યબિન્દુથી તો એ ગુણો કે તેને આધાર આપવાપણું એમાનુ કશુ જ નથી આ એક મુખ્ય સિદ્ધાન્ત છે કે જેનો ખુલાસો આ જગતમા બધી મુસ્કેલીઓને દૂર કરે છે

આ કઇ માત્ર કલ્પનાના જ વિષયો કે માત્ર વાતો જ કરવાની બાબતો નથી યુરોપના ફિલ્સુફો આ વિષયોને કલ્પનાના વિષયો ગણે છે પણ હિન્દુ ફિલ્સુફો એમ ગણતા નથી તેઓ તો કોઇ પણ સિદ્ધાત તર્કથી સાબીત કરેલો હોય છતા જો તે સિદ્ધાતને આચારમા મૂકીને અજમાવી જોયો ન હોય અર્થાત્ તે સિદ્ધાતનો અનુભવ લઇ સાક્ષાત્કાર કર્યો ન હોય તો, તે સિદ્ધાંતને માત્ર અર્ધો સિદ્ધ થએલો સિદ્ધાતજ ગણે છે. જ્યારે બુદ્ધિદ્વારા આપણે આ વિષયમા પ્રવેશ

કરીએ છીએ ત્યારે તે ઘણોજ મધુર લાગે છે, પરંતુ આહા જ્યારે એકવાર પણ આપણે તેનો સાક્ષાત્કાર કરીએ છીએ ત્યારે તો તે મધુરતાના પણ સત્વરૂપ અને અનુપમ પરમ આનન્દમયજ જણાય છે. તેનો સાક્ષાત્કાર કરવો એ બહુજ જરૂરનું છે. અને તેટલા માટે તમે આ સિદ્ધાંતનું મનન અને ધ્યાન કરો કે "તમે એક એવા અનંત તત્ત્વરૂપ છો કે? જે તત્ત્વ આ જગતના તમામ પદાર્થોની અંદર રહેલું છે જો તમે તે કૈવલ્ય સત્યતત્ત્વ સ્વરૂપ છો, તો તમે શરીરથી શ્રેષ્ઠ છો, મનથી પર છો આ શરીર એ કંઇ કર્ત્તા નથી પણ એ તો માત્ર કાર્યજ છે, અને તેની હયાતી "પાણીનું એક મોજું બીજા મોજા સાથે અથડાવાથી ફીણ ઉત્પન્ન થાય" તેની પેઠેજ પ્રતીત થાય છે એ ફીણરૂપી શરીર તે કાંઇ તમે નથી પણ તમે તો તે કૈવલ્યઅનંતસત્યસ્વરૂપ છો કે સત્યરૂપી મહાસાગરમાં આ બધું વિશ્વ—આ વિશ્વનાં તમામ રૂપો માત્ર મોજા, વમળ અને ફીણરૂપજ છે આવું મનન અને ધ્યાન કરીને તમે એ મહાસત્યનો સાક્ષાત્કાર—અનુભવ કરો અને આ શરીરાદિમાં અહંમમત્વ ધરાવવારૂપ દુ:ખદાયક બંધનોથી સ્વતંત્ર થાઓ. કૈવલ્ય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરો તમે જે સત્યસ્વરૂપજ—સત્યકૈવલ્યજ છો અને તે છતાં તેમનો સાક્ષાત્કાર કરતા નથી તે શું સર્વ કૌતુકોમાનું એક મોટું કૌતુક નથી? અરે, તેમ કરો! તેમ થાઓ! આહા કેવા શુભ સમાચાર! કેવું સુખદાયી ધર્મશાસ્ત્ર! તમે તે કૈવલ્ય સત્યરૂપ જ છો તે સત્ય ઍક્સ (X) તમે જ છો. તેનો સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ.

वेदान्तना केटलाक प्रश्नोना उत्तर.

(ता २३ मी डीसेम्बर १९०२ ना रोज विज्ञानशास्त्र विद्यालयमा आपेलु भाषण)

आज रात्रे कोई खास विषय उपर विवेचन थशे नहि, परतु घणा लोको 'राम'नी पासे विविध प्रकारना प्रश्नो पूछवा आवे छे, अने केटलीक वखते ते प्रश्नो विलक्षण होय छे ते प्रश्नोमाथी आजे केटलाक चर्चवामा आवशे; अने तेनो सक्षिप्तमा उत्तर आपवामा आवशे जो तमारामाना कोइने अथवा अमेरिकाना कोइ विभागना कोई मनुष्यने आ विषय उपर काइ प्रश्नो पूछवाना होय तो तेणे पोताना प्रश्नो कागळना ककडा उपर लखवा अने ते कागळनो ककडो 'राम'ने पहोचाडवो. जेथी आ हॉलमा अगर कोइ अन्य स्थळे के ज्या 'राम'ने बोलवानो प्रसग प्राप्त थशे त्या ए प्रश्नोनुं सविस्तर समाधान अपाशे

आ प्रश्नोनी शरूआत करवा पहेला मनुष्यना मनमा उद्भवी शकता सर्व प्रकारना प्रश्नो सबधी स्पष्टीकरण-सार्वत्रिक स्पष्टीकरण करवानी जरूर छे तमे जाणो छो के यूरोपना अथवा अमेरिकाना तत्त्वज्ञानीओ करता हिन्दुस्तानना तत्त्वज्ञानीओनी रीत तद्दन जुदी छे. ज्यारे हिन्दु तत्त्वज्ञानीओ अमुक विषय हाथ उपर ले छे त्यारे तेओ प्रथम ए विषयनु विवरण करे छे, अने पछी कल्पी शकाय

તેમજ પૂછી શકાય તેવા હરેક પ્રકારના પ્રશ્નો તેઓ ચર્ચે છે. 'રામ'ને પોતાને આ બધી દશાઓનો અનુભવ છે. અન્ય કોઇ મનુષ્યને ઉદ્ભવી શકે તેવા તમામ પ્રશ્નો 'રામ'ને પણ પ્રાપ્ત થયા હતા. આવા પ્રશ્નો અને વિચારોનો એક સમુદ્ર છે—એક મહાસાગર છે એમાના કેટલાક પ્રશ્નો તો 'રામ' જ્યારે પાચ વર્ષનો હતો ત્યારે તેના પોતાનાજ હતા જે પ્રશ્નો તમે હાલ રજુ કરો છો તે 'રામ' જ્યારે ૧૫ વર્ષની વયનો હતો ત્યારે તેને પણ ગુચવતા હતા, અને બીજા પ્રશ્નો 'રામ' જ્યારે ૨૫ વર્ષની વયનો હતો ત્યારે તેનુ ચિત્ત રોકતા હતા.

આ પ્રશ્નોના સબંધમા એક બીજી વાત કહેવાની છે તે એ કે આમાના કટલાક પ્રશ્નો તાત્વિક ઉન્નતિની ઘણીજ પ્રાથમિક દશા સબંધી છે, કેટલાક ધાર્મિક ઉન્નતિની માધ્યમિક દશા સબંધી છે, અને કેટલાક બીજી દશાઓ સબંધી છે. એક મનુષ્ય તમારી પાસે આવે છે અને તમારી પાસેથી ભૂમીતિના પ્રથમ સ્કધનો ૪૭ મો સિદ્ધાન્ત સમજવા ઇચ્છે છે. જો તમે આ સિદ્ધાન્ત તેને એકદમ સમજાવવા માડો અને જો તે માણુસને ૪૬, ૪૫ અગર ૧ લો સિદ્ધાન્ત પણ આવડતો ન હોય, અને ભૂમીતિના સ્વીકૃતપક્ષ (Postulates) અથવા પ્રત્યક્ષ પ્રમાણો (axioms) પણ જાણતો ન હોય તો, તમે તેને ૪૭ મો સિદ્ધાન્ત તેને સતોષ થાય તેવી રીતે સમજાવી શકશો કે? જો તમે તે કામ માથે લ્યો અને તેને સમજાવવું શરૂ કરો તો શરૂઆતમાજ તમારે ૪૬ મો સિદ્ધાન્ત લાગુ કરવો પડશે, તમારે ચોગસ આકાર દોરવો પડશે, પણ તે મનુષ્ય એ સમજતો નથી, પછી તમારે ૩૨ મો સિદ્ધાન્ત લાગુ કરવો પડશે, અને તે મનુષ્ય એ પણ સમજતો નથી, અને તેથી કરીને તમારે ૪૬ મો અને ૩૨ મો સિદ્ધાન્ત સમજાવવાનુ શરૂ કરવુ પડે છે. પરતુ આ સિદ્ધ કરવા માટે પણ તમારે પાછા ૧૬ મા, ૨૨ મા તેમજ બીજા

સિદ્ધાન્તો ઉપર પાછા જવું પડશે. અને એમ કરતા કરતા છેવટ તમને તે ૧ લા સિદ્ધાન્ત ઉપરજ પાછા લઇ જશે અને આ પ્રમાણે સ્વીકૃતપક્ષ અને પ્રત્યક્ષ પ્રમાણ ઉપર પણ તમારે જવુ પડશે, નહિ તો સર્વ બાબતો ગુચવણમા પડે છે અને કશુજ સાબીત થતુ નથી.

વિજ્ઞાનની ચર્ચા ગુચવણવાળી સ્થિતિમા થવી જોઇએ નહિ. તેની ચર્ચા પદ્ધતિપુરઃસર નિયમપૂર્વક અને ક્રમપૂર્વક થવી જોઇએ. આ વેદાન્ત તત્ત્વજ્ઞાન એ ધર્મ તેમજ વિજ્ઞાન બને છે. યૂરોપમા ધર્મ અને તત્ત્વજ્ઞાન વચ્ચે ભેદ હોય છે, પણ 'રામ' જે શિક્ષણ તમારી આગળ રજુ કરે છે તે તત્ત્વજ્ઞાન વિજ્ઞાન અને ધર્મને એકત્ર કરે છે.

આ તત્ત્વજ્ઞાન એ વિજ્ઞાનનુ પણ વિજ્ઞાન હોવાથી તેની પદ્ધતિપુરઃસર, નિયમપૂર્વક અને ક્રમપૂર્વક ચર્ચા થવી જોઇએ. જે થોડા ભાષણો તમે સાભળ્યા છે તેમા આ તત્ત્વજ્ઞાન સબધી ઇસારો પણ નહોતો આવી રીત વેદાન્ત તત્ત્વજ્ઞાન ઉપર એક પણ વ્યાખ્યાન અપાયુ નથી. અત્યાર સુધીમા તો માત્ર ઉપલક દલીલોજ વિચારી છે; અને પ્રાસ્તાવિક અથવા પ્રાવેશિક વ્યાખ્યાનોજ અપાયા છે. જો 'રામ' ને આ અદ્‌ભુત વિજ્ઞાન અને ધર્મનુ સ્પષ્ટીકરણ કરવાનો અવકાશ મળશે તો તમારી સઘળી શકાઓ અને પ્રશ્નો પોતાની મેળેજ શમી જશે.

કેટલાક લોકો પોતાના પ્રશ્નોના ઉત્તર સત્વર મેળવવા ચાહે છે, તેથી ભલે તેવાઓનાજ કેટલાક વિલક્ષણ પ્રશ્નો આપણે ચર્ચીશુ.

ગઇ રાત્રે અગર ગઇ રાત્રિની આગલી રાત્રે એક મનુષ્ય આ સવાલ પૂછવા આવ્યો: "સાહેબ! તમે શુ શિખવો છો?" "તમે શુ શિખવો છો?" "તમારે આત્મા છે? તમે આત્માનુ અસ્તિત્વ શિખવો છો? તમે આત્માને માનો છો?" 'રામે' કહ્યુ: "ના મ્હારે આત્મા નથી." તેને આથી નવાઇ લાગી અને તે આશ્ચર્ય ચકિત થયો કે આ તો શેતાનનો ધર્મ છે! આને તો આત્માજ નથી!

હવે 'રામ'ના જવાબનો શો અર્થ છે, તે જોઇએ. "મ્હારે આત્મા નથી?" ધ્યાન આપો. અમેરિકા અને યૂરોપમાં ધર્મ શું છે? તે દિવાનખાનામાં શણગારવાની વસ્તુ છે; તે દિવાનખાના અલંકૃત કરવાની વસ્તુ છે. આ મ્હારી સ્ત્રી છે, આ મ્હારા છોકરા છે, આ ભવ્ય અને વિશાળ મહેલ છે, આ મ્હારી મિલ્કત છે, અને આટલા કરોડ ડાલર બેંકમાં જમે છે. મ્હારે આ સર્વ છે, પણ તે છતાં પણ અરે! હું કાંઇક વધારે ઇચ્છું છું. હું કાંઇક વધારે ઇચ્છું છું. સંચય કરવાની આ વૃત્તિથી ઉશ્કેરાઇને, સંપાદન કરવાના, સંચય કરવાના અને એકત્ર કરવાના વિચારથી દોરવાઇને તેઓ બીજી એક વધારે વસ્તુ સંચય કરવા, એકત્ર કરવા, અને સંપાદન કરવા ઇચ્છે છે. જેવી રીતે દિવાનખાનું સંબંધીઓની છબીઓ સિવાય ઉત્તમ રીતે અલંકૃત થતું નથી તેવી રીતે થોડાક પણ ધર્મ સિવાય હું દ્રવ્યવાન મનુષ્ય તરીકે સંતુષ્ટ થઇ શકું નહિ. બીજી વસ્તુ સાથે ધર્મ પણ મ્હારે પ્રાપ્ત કરવો જોઇએ, પણ બીજી વસ્તુઓ પહેલી પ્રાપ્ત થવી જોઇએ અને આ (ધર્મ) સૌથી છેલ્લે.

કેટલાકને રૂચે નહિ તેવા શબ્દો 'રામ'ના મ્હોમાંથી નિકળે તો તે માટે 'રામ'ને ક્ષમા કરશો. મનુષ્યો કરતાં સત્યને 'રામ' વધારે માન આપે છે, અને સત્યને માન આપતાં તે તમનેજ ખરૂં માન આપે છે, કારણ કે 'રામ'ની માન્યતા પ્રમાણે તમે સત્ય સ્વરૂપજ છો અને નહિ કે આ મિથ્યા હુંપદ અગવા શરીરરૂપ છો. સત્ય આ પ્રમાણે કહેવાની 'રામ'ને ફરજ પાડે છે. આ દેશમાં (અમેરિકામાં) સાધારણ પ્રાર્થનામાં પરમેશ્વરનો શો ઉપયોગ થાય છે? લોકો પરમેશ્વરની કેવી રીતે પ્રાર્થના કરે છે? જ્યારે છોકરૂં માંદું પડે છે, જ્યારે મિલ્કતને કાંઈ નુકશાન થવાનું હોય છે, જ્યારે શરીરમાં કોઇ વ્યાધિ થાય છે ત્યારે તેઓ પરમેશ્વરને યાદ કરે છે, આંખો ફેરવે છે, હાથ ઉંચા કરે છે, અને "હે

પરમેશ્વર ! જે સ્વર્ગમા છે, હે પરમેશ્વર ! જે આકાશમા છે", એમ પ્રાર્થના કરે છે ! પરમેશ્વર ઉપર પણ દયા લાવતા નથી કે જો તે વાદળાની ઉપર રહેતો હોય તો તેને શરદી થાય "ત્યા છે તે હે પરમેશ્વર ! મ્હારા ઉપર દયા કરો અને મ્હારી મિલ્કત બચાવો. મ્હારા શરીરને આરોગ્ય કરો; અને મ્હારા છોકરાને તન્દુરસ્ત કરો." અરે ! એ ધર્મ છે ? એ ધર્મ છે ? અહીં પરમેશ્વરને માત્ર એકલા સ્વાર્થથીજ માનવામાં આવ્યો છે જયારે ઘરમા કાંઇ અવ્યવસ્થા થાય, જયારે ઘરમાં કચરો થાય, જયારે ઘર દુરસ્ત થઈ શકે તેવુ ન રહે ત્યારે તે બિચારો નીચે આવે છે અને તમારા ઘરમા ઝાડુ વાળે છે ! શુ પરમેશ્વરનો આ ઉપયોગ નથી થતો ? અહીં ધર્મ માત્ર એવા હેતુ માટેજ રાખેલો નથી ? શુ તે ધર્મ છે ? અહીં પ્રધાન વસ્તુમા શરીર, અસબાબ, સ્ત્રી અને છોકરા છે, જયારે પરમેશ્વરને તો માત્ર તેમની સેવા માટે ઓરડાઓ વાળવા ઝૂડવા માટેજ રાખ્યો છે શુ ખરેખર આમ નથી ?

હું કહીશ કે આ શિક્ષણ વેદાન્તના પ્રકાશવડે જોતા જુદુ છે ક્રાઇસ્ટનુ આ શિક્ષણ કે જેના ઉપર લોકો ભાગ્યેજ ધ્યાન આપે છે તે એ છે કે "સ્વર્ગનુ રાજ્ય શોધો, એટલે બીજુ બધુ તમને આવી મળશે" આ શિક્ષણ ઘણા આગ્રહથી અને દૃઢ રીતે ઠસાવાય છે આ શિક્ષણનો અર્થ એ છે કે શરીર, મન, સબંધીઓ, મિલ્કત અને સસાર આ સર્વ વસ્તુઓ એક પ્રિયતમ પ્રભુના ચરણમા તજી દેવી આવા ત્યાગીને માટે સમગ્ર વિશ્વ તેનુ ગૃહ અને શુભ કરવાની વૃત્તિ તેનો ધર્મ થાય છે અહીં એક આવશ્યક વસ્તુ—એક અગત્યની વસ્તુ તે સર્વસ્વ અર્પણ કરવામા આવે છે, અને બીજી સર્વ વસ્તુઓને ભ્રમમૂલક તથા વિજાતીય પ્રદેશની ગણવામા આવે છે. એવા મનુષ્યોને ગૃહમાજ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે તેમનુ આ બહારનુ ગૃહ તો તેમને મન ધર્મશાળા અથવા વીશી જેવું હોય છે. આ લોકોને

પણ પોતાના સ્ત્રી અને બાળકોની જરૂરીઆતો પૂરી પાડવી પડે છે; પણ તે કાર્ય પણ તેઓ પોતાની દૈવીભાવના પ્રમાણેજ કરે છે. હવે "તમારે આત્મા છે?" એ સવાલનો જવાબ જુઓ. આ એક પ્રાસંગિક પ્રશ્ન છે. મ્હારે તો શરીર છે તે છતાં તે પૂછે છે કે "તમારે આત્મા છે?" 'રામ' કહે છે કે "આત્મા તો હું પોતેજ છું. હું તેજ છું" "તમારે આત્મા છે?" એ કહેવું મૂર્ખાઇ ભરેલું છે, જાણે હું શરીર હોઉં અને આત્મા મ્હારી મિલ્કત હોય નહિ! પણ હું તો આત્માજ છું મ્હારે શરીર છે, અને મ્હારે આખું વિશ્વ છે.

બીજાએ એક માણસે 'રામ'ને એવો સવાલ પૂછ્યો હતો કે "તમે પરમેશ્વરને માનો છો? તમે પરમેશ્વરને માનો છો?" 'રામ' કહે છે કે "હું પરમેશ્વરને ઓળખું છું! હું પરમેશ્વરને ઓળખું છું!" જે વસ્તુ આપણે જાણતા નથી તેનેજ આપણે માનીએ છીએ, જે વસ્તુ આપણા ઉપર પરાણે ઠસાવવામાં આવી હોય તેનેજ માની લેવાની આપણને જરૂર પડે છે, જે હોવા છતાં આપણને જણાયું ન હોય તેનેજ આપણે માનીએ છીએ. પરમેશ્વરને માનવું એટલે શું? તેના વિષે તમે શું જાણો છો? "હું પરમેશ્વરને ઓળખું છું હું તે છું, હું તેજ છું" ત્યારે તે કહે છે કે "પરમેશ્વર તમારામાં છે? પરમેશ્વર તમારામાં છે?" 'રામ' કહે છે કે "શરીર અને સંસાર તેનામાં છે હું પરમેશ્વર છું" આથીજ બધો ભેદ જણાય છે. આ દેશ (અમેરિકા)ના લોકો મનુષ્ય મરી જાય છે ત્યારે કહે છે કે તેણે આત્મા તજી દીધો, ત્યારે હિંદુઓ કહે છે કે તેણે શરીર તજી દીધું. આ બંને દૃષ્ટિઓ બે ભિન્ન ભિન્ન લક્ષ્યબિન્દુ બતાવે છે તેણે આત્મા તજી દીધો એનો અર્થ તો એજ થયો કે જાણે તેનું સત્ય સ્વરૂપ એ શરીરજ હોય અને આત્મા અગર જીવ તો તેને વળગેલી બહારની વસ્તુ હોય! જાણે શરીર એ તેનું સ્વરૂપ હોય અને જીવ

અગર આત્મા તો બીજો કોઇ વિજાતીય પદાર્થ હોય! હિંદુઓ કહે છે કે 'હુ તે છુ, અને મ્હે શરીર તજી દીધુ' જેવી રીતે હુ કપડાં બદલું છુ તેવી રીતે હુ દેહ છોડી દઉ છુ.

એક બીજો પ્રશ્ન છે " જો પરમેશ્વર સર્વ શક્તિમાન હોય તો આ દુનિયામા આટલો બધો કલેશ અને દુ ખ શા માટે હોવાં જોઇએ?" તમે જાણો છો કે વેદાન્ત કહે છે કે પરમેશ્વર સર્વસ્વ છે; પરમેશ્વર સર્વ શક્તિમાન છે, તમે એ પરમેશ્વર છો. હું એ પરમેશ્વર છુ લોકો કહે છે કે તમે પરમેશ્વરના એક ભાગ છો? ના, ના. પરમેશ્વરના ભાગ પડી શકતાજ નથી, પરમેશ્વરને છેદી શકાતોજ નથી, તેમ પરમેશ્વરનો કકડો થતો નથી. પરમેશ્વરને કાતરી શકાતો નથી. તમે પરમેશ્વરના ભાગ નથી જો પરમેશ્વર અનન્ત છે, તો તમે તેના ભાગરૂપે નહિ પણ આખાજ પરમેશ્વર હોવા જોઇએ તમે પરમેશ્વરનો ભાગ હોઇ શકો નહિ પરમેશ્વરના ભાગ પડી શકતા નથી.

હવે પ્રશ્ન એવો છે કે જો પરમેશ્વર સર્વ શક્તિમાન હોય તો તેણે પોતાને એક શરીરમા સુખી સ્થિતિમા અને બીજા શરીરમાં કગાલ સ્થિતિમાં શા માટે મુકવો જોઇએ? તેણે હિદુસ્તાનમાં બ્યુબૉનિક પ્લેગ ને ગરીબાઇ તથા અમેરિકામા આરોગ્ય અને રાજકિય સ્વાતત્ર્ય શા માટે લાવવા જોઇએ? પરમેશ્વરે એક મનુષ્યને ચાર પાચ અબજ રૂપિયાનો માલિક અને બીજાને નિર્ધન,–ભૂખે મરતી સ્થિતિનો શા માટે કરવો જોઈએ? તેણે આમ શા માટે કરવું જોઇએ! તે કેવો અન્યાયી છે! આ પ્રશ્ન પુછનારનુ સમાધાન કરવાને આ દેશમા તેમજ હિદુસ્તાનમા પ્રયત્ન કરવામા આવે છે, અને ઘણા લોકો કર્મના સપ્રદાયનો કાર્ય કારણનો સિદ્ધાન્ત આગળ ધરે છે.

દરેક મનુષ્ય પોતાના પ્રારબ્ધનો રચનાર છે, ને સિદ્ધાન્તનો

આશ્રય લે છે. દરેક મનુષ્ય પોતાના આવરણુ અને પરિસ્થિતિ પોતાની ઇચ્છાથી ઉત્પન્ન કરે છે, અને તેથી પરમેશ્વર ન્યાયી છે લોકો પોતાનુ પ્રારબ્ધ રચે છે, પોતાનુ નસીબ ઉત્પન્ન કરે છે 'રામ' ને કર્મના સિદ્ધાન્તમા પ્રવેશવાની આવશ્યકતા નથી. કાર્યકારણનો સિદ્ધાન્ત હિદુસ્તાનમાથી આવે છે, અને વેદાન્ત તેનુ સમર્થન કરે છે. પણ તે માત્ર સાકતિક વિશ્વને લાગુ પડે છે, તે માત્ર રૂપનેજ લાગુ પડે છે તે પ્રશ્નના મૂળ સુધી પહોચતું નથી. આ કર્મનો સિદ્ધાન્ત કે જે પુનર્જન્મનો અને તે સબધી સર્વ પ્રશ્નોનો ખુનાસો કરે છે તે સિદ્ધાન્ત પ્રમાણે તમે હાલ જે સ્થિતિમા છો તે સ્થિતિ તમારીજ પૂર્વની વાચ્છનાઓ અને કર્મનુ પરિણામ છે. તે પ્રમાણે તમારી ગમે તેવી સ્થિતિ, ગમે તેવી પરિસ્થિતિ કે ગમે તેવુ પ્રારબ્ધ હોય તે સર્વ તમારી પૂર્વની વાચ્છનાઓ, ઇચ્છાઓ, તૃષ્ણાઓ અને પૂર્વના કર્મોથી થએલા છે જો તમે ધ્યાનપૂર્વક જોશો તો તમને સમજાશે કે આ સિદ્ધાન્ત તો માત્ર તમારી મુશ્કેલીઓજ દૂર ખસેડે છે, પણ તે આ પ્રશ્નોનો સપૂર્ણ ખુલાસો આપતો નથી 'રામ' આ સિદ્ધાન્તનો અસ્વીકાર કે ઉચ્છેદ કરવા ઇચ્છતો નથી 'રામ' તેને માન્ય કરે છે અને સમર્થન આપે છે, પણ તે આ પ્રશ્નની બીજી બાજુ, અગર તેનુ બીજુ સ્વરૂપ બતાવવા ચાહે છે કે જે સ્વરૂપનો અમેરિકાના ઘણા લોકોએ અસ્વીકાર કર્યો છે, અથવા તદ્દન અસ્વીકાર કર્યો નથી તો તેને વિસારે નાખ્યુ છે

કર્મના આ સિદ્ધાન્ત પ્રમાણે પૂર્વના કર્મોએ તમારી હાલની સ્થિતિમા ભેદ કર્યો છે ત્યારે આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે તમારા પૂર્વના જન્મમા અને જીવનમા તમારા કર્મ, તૃષ્ણા, ઇચ્છા અને તરગોમા ભેદ હતો કેટલાક માંદા હતા, કેટલાક નિર્ધન હતા, અને કેટલાક ધનવાન હતા. હવે પ્રશ્ન એ છે કે તમારા પૂર્વજન્મમાં

એવા ભેદ શા કારણને લીધે હતા ? તમારા પૂર્વજન્મની સ્થિતિમાં એવા ભેદ હોવાનુ શુ કારણ હતું ? જવાબ એ છે કે તમારી પૂર્વજન્મની સ્થિતિના ભેદ તે તેની અગાઉના પૂર્વજન્મના આવા જ ભેદોને પરિણામે હતા. અને આથી ત્રીજા જન્મમા ભેદ હોવાનુ શુ કારણ હતું ? એમ પૂછે તો તે તેનીએ પૂર્વના જન્મના ભેદોથી હતા. આ પ્રમાણે આ સિદ્ધાન્ત ઉલટો કરોડોગણો વધારે ગુચવાડો ઉત્પન્ન કરે છે, કારણ કે આ સિદ્ધાન્તાનુસાર આપણે જોઇએ છીએ કે તમારા બધા પૂર્વના જન્મો, અનન્તતા સુધીના પણ અને જો આદિ હોય તો આદિ સુધીના પણ, તમારા બધા પૂર્વજન્મોના ભેદના પરિણામ રૂપે હતા આ પ્રમાણે ઠેઠ સુધી ભિન્નતા અને વિરોધ છે. પ્રશ્નનો ઉત્તર અપાયો નહિ ને ઉલટો તે વધારે ગુચવણવાળો થયો; એથી તો પ્રશ્ન ઉલટો અનેકગણા બળવાળો થયો ફરીથી યાદ કરી જતા એ પ્રશ્ન આવે છે' પરમેશ્વરે આદિથી આ ભેદ શા માટે રાખ્યો હશે ? પરમેશ્વરે એક ઠેકાણે પોતાને ધનવાન અને બીજે ઠેકાણે નિર્ધન શા માટે બનાવ્યો હશે ? તેણે એક ઠેકાણે પોતાને રોગી અને બીજે ઠેકાણે સંપૂર્ણ તન્દુરસ્ત શા માટે રાખ્યો હશે ? આ કેટલુ અવિચારી છે ? આ ભેદ વાજબી છે એમ શી રીતે બતાવાય છે ? વેદાન્ત કહે છે કે આ પ્રશ્ન તો વેદાન્તે ઉલટો તમને કરવાનો છે, વેદાન્તને તમારે કરવાનો નથી. આ પ્રશ્નનો જવાબ તો તમારે આપવાનો હતો; તેની જવાબદારી વેદાન્ત ઉપર નથી. વેદાન્ત ઐક્ય અને અભેદ સ્વીકારે છે, અને તેની સાથેજ આ ભેદનો—આ દેખીતી ભિન્નતાનો ખુલાસો આ પ્રમાણે આપે છે: લક્ષ આપો:

ધારો કે એક જુલમગાર માણસ છે, અને તેની પાસે પાંચ જુદા માણસો છે. આ માણસો તેનાથી જુદા હોય. તે મનુષ્ય પરમેશ્વરની સ્થિતિમાં હોય અને આ બીજા માણસો તેના બનાવેલા પ્રાણી,

નોકર અને ગુલામ હોય. જો આ મનુષ્ય પોતાના એક નોકર અગર પ્રાણીને કારાગૃહમાં નાખે, બીજા નોકરને સુન્દર ઉપવનમાં રાખે, બીજા નોકરને સુન્દર મહેલમા–ભવ્ય ભવનમા રાખે, બીજાને શણગાર સજવાના ઓરડામા રાખે અને વળી બીજાના ઉપર આખો વખત ભારે દુઃખનો બોજો રાખે અને તેની છાતી ઉપર મહાન હિમાલય મૂકે અને મહાન્ હિમાલયને તેની છાતી ઉપર સઘળો વખત રાખી મૂકે તો આવા શેઠ વિષે તમે શુ ધારશો ! ધાતકી ! અન્યાયી સ્વામી ! અન્યાયી સ્વામી ! જો પરમેશ્વર પોતાના બનાવેલા પ્રાણીઓથી ભિન્ન હોય, જો પરમેશ્વર લોકોથી ભિન્ન હોય અને એક પ્રજાને ઘણી સુખદ અને બીજી પ્રજાને ઘણી દુઃખદ સ્થિતિમા મૂકે અને જો તે એક મનુષ્યને ઘણો ધનવાન અને બીજાને ઘણો નિર્ધન બનાવે તો આવા સ્વામી વિષે તમે શુ ધારશો ? ધાતકી ! ધાતકી ! અન્યાયી ! અન્યાયી ! અન્યાયી ! દયા વગરનો ! દયા વગરનો ! અને ન્યાયની છાટ પણ વિનાનો ! જે લોકો પરમેશ્વરને મનુષ્યથી ભિન્ન ગણે છે તેમને આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાનો છે વેદાન્ત તો પરમેશ્વર દૂર હોય એમ માનતુ નથી મનુષ્યે પોતાની આખ બંધ કરી પોતાની અન્દર પરમેશ્વરને જોવાનો છે.

હવે લક્ષ આપોઃ એક શેઠ એક વખતે ઉપવનમા જાય છે, બીજી વખતે મહેલમાં જાય છે, બીજી વખતે અંધારા કારાગૃહમાં જાય છે, બીજી વખતે શણગાર સજવાના ઓરડામા જાય છે, રસોડામાં જાય છે અને પોતાની ઇચ્છાથી બોજા નાચે કચરાય છે. તેને માટે શુ કહેશો ? તે અન્યાયી છે ? ના, ના. જો જે મનુષ્યોને તે કારાગૃહમાં, ઉપવનમા, મહેલમા અથવા પોશાક બદલવાના ઓરડામાં રાખે છે તેમનાથી તે ભિન્ન હોય તોજ તે અન્યાયી ગણાય; પણ જો જે પોશાક બદલવાના ઓરડામાં જાય છે અને બીજાં

સ્થળોમાં જાય છે તે તે પોતેજ હોય, જો આ બધી ક્રિયાઓ કરે છે તે તે પોતેજ હોય, તો તે અન્યાયી નથી, તે સઘળા દોષથી મુક્ત છે.

આ ઉપરથી વેદાન્ત કહે છે કે જે લોકો દુઃખ સહન કરે છે અને જે લોકો ધનવાન અને નિર્ધન છે તેમનાથી જો પરમેશ્વર જુદો હોય તોજ આ મિથ્યાભિન્નતા, આ મિથ્યા વિરોધ, વગેરે પ્રભુના નામને કલકીત કરે; પરન્તુ તે પ્રભુનુ પોતાનુ સ્વરૂપ છે, તે 'રામ'નું પોતાનુ સ્વરૂપ છે. હું પોતેજ એક ઠેકાણે ધનવાન છુ, હુ પોતેજ કારાગૃહમાં છું, હું પોતેજ સુન્દર છુ અને હુ પોતેજ વિકૃત છુ. તમે કોને ઠપકો આપશો ? ઠપકો આપનાર પણ હું પોતેજ છુ. પરંતુ આની સાથે એક બીજી પણ વાત કહેવાની છે:

આ દેશમા જ્યા "હુ" શબ્દને શરીર અગર મનના અર્થમાં વાપરવામાં આવે છે ત્યા વેદાન્તનો ઉપદેશ કરવો એ ઘણુ મુસ્કેલ છે. આ દેશમા લોકોને એવુ કહેવાની ટેવ પડી ગઇ છે કે હુ આત્મા છુ, પણ "હું" શબ્દથી તેઓ શરીર, મન, બુદ્ધિ, જન્મેલો જીવ, અથવા પુનર્જનિત જીવ તેજ સમજે છે; જ્યારે વેદાન્તનો સાક્ષાત્કાર કરેલો મનુષ્ય "હું" શબ્દથી શરીર, મન, અગર પુનર્જનિત આત્મા કદાપિ સમજતો નથી. હુ કાઇ એવો હુ નથી જો હુ કાંઇ પણ હોઉં તો હું પરમેશ્વરજ છુ.

હું નૃપ છુ, અશ્વાધિપતિ છુ, સ્વામી છુ, અમેરિકન છુ, હિંદુ છું, એવી એક ઉક્તિ છે. આ કથન હુ પરમેશ્વર છુ, એ કથનથી જુદા પ્રકારનું છે. એ ભેદ તમે ધ્યાનમા રાખો. 'હુ નૃપ છું, એ ઉક્તિમા 'નૃપ' શબ્દ ઉપાધિ જેવો છે. 'હુ અશ્વાધિપતિ છું,' મા 'અશ્વાધિપતિના' નો ઉપાધિ ધારણ કરેલા ઝભ્ભા જેવી છે. જ્યારે આપણે 'હું નિર્ધન છું' એમ કહીએ છીએ ત્યારે નિર્ધનતા

એ એક વસ્તુ છે, અને હું પોતે કોઈ બીજી વસ્તુ છુ, નિર્ધનતા ધારણ કરેલા ઝભ્ભા જેવી છે વારૂ, હિન્દુઓ 'હું પરમેશ્વર છું' એમ કહે છે. તે વખતે ધ્યાનમા રાખો-ખાસ ધ્યાનમા રાખો કે 'પરમેશ્વર' એ કાઇ ઉપાધિ નથી, 'પરમેશ્વર' એ કંઈ ગુણ નથી, 'પરમેશ્વર' એ કઇ તમે તમારૂ મિથ્યા હુંપદ તેવુ ને તેવુજ કાયમ રાખીને એકાદ ઝભ્ભાની માફક તેને પહેરી શકો એવો ઝભ્ભો નથી. એક જ્ઞાની હિંદુ જ્યારે "अहंब्रह्मास्मि"-હુ બ્રહ્મ છુ, એમ કહે છે ત્યારે કઇ એવુ સમજીને કહેતો નથી. જેમ કોઇ કહે કે "આ સર્પ રજ્જુ છે," એના જેવુ તેનુ કહેવુ છે (આગળ વાચતા આવા કહેવાનુ રહસ્ય સ્પષ્ટતાથી સમજાશે)

એક માણસે અધારામા ભૂલથી રજ્જુ (દોરડી) ને સર્પ ગણ્યો. જમીન ઉપર ગુચળુ વળેલુ દોરડુ પડયુ હતું તેને સર્પ ધારીને તે બીન્યો અને પડી ગયો. ત્યા કોઇ આવીને તેને કહે છે "બન્ધુ, બન્ધુ, એ તમારો સર્પ તો રજ્જુ છે! એ સર્પ રજ્જુ છો!" તેના આવા કહેવાનો અર્થ એજ કે જેને તમે ભૂલથી સર્પ ધાર્યો હતો તે ખરી રીતે સર્પ નથી, તે તો રજ્જુ છે ધ્યાન આપો. તમારો સર્પ રજ્જુ છે આ ઉક્તિ કાઇ હું નૃપ છુ અથવા હું શહેનશાહ છુ, એમ વિશેષણ દર્શાવનારી નથી અહીં 'સર્પ' શબ્દ એ કઈ રજ્જુ શબ્દના વિશેષણ તરીકે નથી અને તેજ પ્રમાણે રજ્જુ શબ્દ એ કઇ સર્પ શબ્દના વિશેષણ રૂપે નથી હા, જો "આ સર્પ કાળો છે" એમ કહ્યુ હોત તો ત્યા "કાળો" શબ્દ "સર્પ" શબ્દનુ વિશેષણ થાત. પણ જ્યારે તમે "સર્પ એ રજ્જુ છે" એમ કહો છો ત્યારે "રજ્જુ" એ કઈ વિશેષણ નથી. મહેરબાની કરીને લક્ષમા રાખો: આ સમજવું જરા મુશ્કેલ છે, પણ એક વખત સમજો, એટલે પછી તમને સંશય ઉઠશે નહિ. માટે આ વાત બરાબર લક્ષમા રાખો કે "સર્પ કાળો

છે" એ એક પ્રકારની ઉક્તિ છે, અને "સર્પ રજ્જુ છે" એ તદ્દન જુદા પ્રકારની ઉક્તિ છે.

તેજ પ્રમાણે જ્યારે લોકો કહે છે કે "હું દેવ છુ," "હુ ફિરિસ્તો છુ", એ એક પ્રકારની ઉક્તિ છે; અને જ્યારે હિન્દુઓ કહે છે કે "હું બ્રહ્મ છુ" ત્યારે તે બીજા પ્રકારની ઉક્તિ છે. જ્યારે તે "હુ બ્રહ્મ છુ" એમ કહે છે ત્યારે તેનો અર્થ એ છે કે તમે મને જે શરીર સમજો છો તે શરીર હુ નથી, તે હું નથી. તમે ભૂલથી મને રૂધિર, સ્નાયુઓ અને હાડ સમજો છો, પણ તેમ નથી. હું હાડ નથી, હુ સ્નાયુ નથી, હુ સાડાત્રણ હાથનુ પુતળુ નથી, હુ મન નથી, બુદ્ધિ નથી; પણ હુ તો આદિકારણ છુ, હુ સત્યશક્તિ છુ, હુ સત્યના પણ સત્યસ્વરૂપ છુ. સત્ય પરમેશ્વર, સત્ય શક્તિ એજ માત્ર એક હુ છુ, હું બીજુ કાઇ નથી, માત્ર તેજ.

વળી જેને પોતાના ન્યાયાસન આગળ લાવી શકાય, ઠપકો આપી શકાય, પોતા આગળ ઉભો કરી શકાય અને છોડી શકાય એવુ એકાદ પ્રાણી હોય તેવી રીતે લોકો પરમેશ્વરને "આમ કર ને તેમ કર," એમ કહેવા ઇચ્છે છે. જાણે કે તે માત્ર એકાદ સામાન્ય મનુષ્ય હોયને !

આ બધી શંકાઓ અને વાધાઓનુ કારણ નીચેના દૃષ્ટાન્તથી સમજાવી શકાશે.

હિન્દુસ્તાનમા એક ઘાચી રહેતો હતો. તેણે પોતાને ત્યા એક સુન્દર પોપટ પાળ્યો હતો. એક દિવસ આ ઘાચી કોઇ કારણસર પોતાની દુકાન છોડીને બહાર ગયો. તેનો નોકર પણ એક સદેશો પહોંચાડવા ગયો હતો. પોપટ દુકાનમા હતો, ઘાચીની ગેરહાજરીમાં એક મોટી બિલાડી આવી. બિલાડીને જોઇ પોપટ બીન્યો. પોપટ જોકે પાજરામા હતો તોપણ તે બીન્યો અને કૂદવા લાગ્યો. પોતાની

પાંખો ફફડાવી આમતેમ કૂદવા લાગ્યો તેથી ભીંત ઉપર લટકતું પાંજરૂં સરી પડયુ અને ઘણા કિંમતી તેલની બરણી ઉપર પડયુ. બરણી ભાગી ગઇ અને બધુ તેલ ઢળી ગયું. થોડીવાર પછી ઘાંચી આવ્યો. તે ઘણો ગુસ્સે થયો; અને પોતાનુ કિંમતી તેલ ઢોળાયલું જોઇ તેનો મિજાજ તપી ગયો. તેણે ધાર્યું કે પોપટે તોફાન કર્યું હશે. તેને બેહદ ગુસ્સો ચડયો અને તે દાબમાં રાખી શકયો નહિ, કારણ કે તેના સમજવા પ્રમાણે પોપટેજ પાંજરૂ બરણી ઉપર પાડી નાખ્યુ હતું અને આશરે ૨૫ રૂપિયાનું નુકસાન કર્યું હતું. તેણે પાંજરાનુ બારણું ઉઘાડયુ અને પોપટના માથા ઉપરના બધા પીંછાં પીંખી નાખ્યા. પોપટને ટાલવાળો કરી નાખ્યો અને તેના માથા ઉપર એક પણ પીછુ રાખ્યું નહિ. પોપટના માથામાંથી લોહી નિકળવા લાગ્યુ. જેથી પોપટ બે અઠવાડીઆ સુધી બોલ્યો નહિ પોપટે પોતાના શેઠનુ સ્વાગત કર્યું નહિ. પરિણામે શેઠ પોતાના કૃત્ય માટે ઘણો દિલગીર થયો એ અઠવાડીઆ પછી ઘાંચીની દુકાને એક ગ્રાહક આવ્યો આ ગ્રાહક ઉઘાડે માથે હતો અને વળી તે પણ ટાલવાળો હતો. પોપટ એને જોઇને ખૂબ હસ્યો, અને પોતાનો બીજો સાથી જોઇને ઘણો સુખી થયો શેઠે પોપટને આટલી ખુશાલી અને આનંદ થવાનુ કારણ પૂછયુ ત્યારે પોપટે કહ્યું કે “ અરે ! હુ પરમેશ્વરનો ઉપકાર માનુ છુ કે હુ એકલોજ ઘાંચીનો નોકર નથી, આ માણસ પણ ઘાંચીનો નોકર હોવો જોઇએ, કારણ કે જો તે ઘાંચીનો નોકર ન હોત તો તેણે પોતાના માથાના વાળ ગુમાવ્યા હોત નહિ અને ટાલવાળો થયો હોત નહિ.

કેટલાક લોકો બરાબર આવીજ ભૂલ ભરેલી દલીલ રજૂ કરે છે. તેઓ ધારે છે કે જે બધા કામ તેઓ કરે છે, જે ફરજો તેઓ બજાવે છે, તે દરેક કાંઇ હેતુપૂર્વકજ હોય છે. તેઓ જે કઇ કરે

છે તે કાંઇ પણ સ્વાર્થ, યોજના અથવા એવા કોઇપણ હેતુસરજ કરે છે, અને તેથી ઇશ્વિર પણ તેમજ કરતો હશે, એમ માની લઇને તેઓ કહે છે કે પરમેશ્વરે જગત બનાવ્યું તે પણ કઇક હેતુપૂર્વક બનાવ્યું હશે. કાંઇક તૃષ્ણા, પૂર્વની યોજના અગર તેવા બીજા હેતુસરજ બનાવ્યું હોવુ જોઇએ. ખરેખર વિવાદ કરવાની આ ભૂલ ભરેલીજ રીત છે આથી પરમેશ્વરને મર્યાદિત કરાય છે તમે તેને અનન્ત શક્તિવાળો કહો છો અને તોપણુ તમે તેને સામાન્ય મનુષ્યની સ્થિતિમા લાવવા–ગણુવા ઇચ્છો છો. પણુ તે ચાલશે નહિ–તેમ બની શકશે નહિ.

'પરમેશ્વરે આ ભેદ શા માટે ઉત્પન્ન કર્યો?' એજ પ્રશ્ન બીજા એક માણુસે 'રામ'ને બીજી ભાષામાં કર્યો હતો. જો હુ સર્વસ્વ છું તો મ્હારે દુ:ખ શા માટે સહન કરવુ જોઇએ? 'રામ' તમને માત્ર એટલુજ પૂછે છે કે "તમારા સ્વપ્નમા તમારી આસપાસ જે વસ્તુઓ છે તે શુ તમારાથી ભિન્ન છે? એ વસ્તુઓ તે તમે પોતેજ નથી? તે સર્વ તમેજ છો. તમારા સ્વપ્નમાં દેખાતા પર્વતો, જગલો, નદીઓ અને રેતીના રણો એ સર્વ તમારીજ કૃતિ છે. એ સર્વ તમારૂં પોતાનુજ બનાવેલુ–તમારા પોતામાથીજ બનાવેલુ–ઉપજાવેલુ અને તમારી પોતાનાજ કારીગરી છે; અને તોપણુ તમારા સ્વપ્નમા એક સિહ આવીને તમને ખાઇ જવા માડે છે, કે સર્પ આવીને તમને કરડે છે, કે કાઇક હાઉ જેવું આવે છે, અને તમને બીવરાવે છે. એ ખરૂં કે નહિ? અને તે છતા પણુ એ હાઉ, એ સિહ, એ વાઘ અને એ સર્પ તમેજ છો કે નહિ?

એક બીજો પ્રશ્ન પૂછવામા આવ્યો છે કે "જો હું પરમેશ્વર છું તો હું સર્વજ્ઞ કેમ નથી?" તમે જાણો છો કે 'રામ' તમને ઉપદેશ કરે છે કે તમે પરમેશ્વર, પરમેશ્વર, પરમેશ્વર છો. હવે કાઇ

પૂછે છે કે "જો હું પરમેશ્વર છુ તો હું સર્વજ્ઞ કેમ નથી ? 'રામ' પૂછે છેઃ બન્ધુ! "જ્યારે તમે પરમેશ્વર નથી ત્યારે શુ છો ? તે મને જણાવો." તેણે કહ્યુ "હું આ શરીર છુ." ભલે, જો તમે મિથ્યા વ્યક્તિજ છો, તમે આ શરીરજ છો તો તમારા માથા ઉપર કેટલા વાળ છે તે મને કહો ? શુ માથુ કાંઈ તમારૂ નથી ? તેણે કહ્યુ "છે." જો માથુ તમારૂં છે તો કૃપા કરીને તમારા માથા ઉપર કેટલા વાળ છે તેની સખ્યા મને કહો ! (જો માણસ શારીરશાસ્ત્ર ન જાણતો હોય તો) વારૂ, તમારા શરીરમા કેટલા હાડકા છે ? તે મને કહો ! તમારે કેટલા સ્નાયુ છે ? આજ સવારે તમે ભોજન કર્યું હતુંજ ત્યારે મને કહો કે આજ સવારે તમે જે જમ્યા હતા તે ખોરાક હવે કયા છે ? તે આતરડામા છે ? પેટમા છે ? હોજરીમા છે કે ફેફસામા છે ? કયા છે ? તે માણસ જવાબ આપી શકતો નથી. ત્યારે 'રામ' કહે છે તમે તમારા માથાના વાળ ગણી શકતા નથી અને તોપણ વાળ તમારા છે, તમારા હાડક અને સ્નાયુની સખ્યા તમે કહી શકો કે નહિ તો પણ તે તમારા છે, આજ સવારે તમે જમ્યા હતા તે ખોરાક કયા છે તે તમે કહી શકો કે નહિ તો પણ શરીર તમારૂ છે, અને એ ખોરાક તમેજ ખાધો છે બાજાએ ખાધો નથી, તેજ પ્રમાણે આકાશમા કેટલા તારા છે તે તમારી બુદ્ધિ કહી શકે કે નહિ તો પણ એ બધા તારા તમારાજ છે, તમારી બુદ્ધિ આ વખતે ઇગ્લૅન્ડમા શુ થાય છે તે કહી શકે કે ન કહી શકે તોપણ ઇગ્લૅન્ડ તમારૂજ છે, બુધના ગ્રહમા આ વખતે શું થાય છે તે તમે કહી શકો કે ન કહી શકો તોપણ બુધનો ગ્રહ તમારોજ છે તમે આ વસ્તુઓ કહી શકો નહિ તેથી એમ સિદ્ધ થતુ નથી કે તે વસ્તુઓ તમારી નથી કોણ વર્ણવી શકે ? આ વસ્તુઓને કોણ વર્ણવી શકે ? આ વસ્તુઓનુ વર્ણન કરવું એ અનન્ત શક્તિવાળાનુ કામ છે. (ભીંત ઉપરની છબિ બતાવીને)

તમે આ છબી કોની છે તે કહી શકશો, કારણ કે તમે જાણો છો કે છબી અમુકની છે. "તમે" એ શબ્દને જો તેની મિથ્યાભાવનામાં લઇએ તો તમે પોતે કંઈ તે છબી નથી. કર્તા અને કર્મ જુદા છે તેમ તે છબી તમારાથી જુદી છે. પણ જો તમે તે છબી હો, જો તમે સર્વસ્વ હો, જો તમારા સિવાય બીજું કાંઈ ન હોય, જો તમે અનન્ત હો, જો તમને મર્યાદિત કરે તેવુ કાંઇ ન હોય, તો તમે કોણ છો એ કોણ કહેશે? આ પ્રમાણે વર્ણન અને દર્શન અટકે છે. તે ત્યા પહોચી શકતાં નથી. વાણી અને મનની ત્યા ગતિ નથી.

બીજા એક માણસે એવો પ્રશ્ન પૂછયો હતો કે "તમે કયા પંથના છો? તમે હિન્દુ છો? બ્રાહ્મણ છો?" મ્હે કહ્યુ: "ના." "તમે ક્રિશ્ચિયન છો? યાહુદી છો? અથવા શુ છો? તમે કયા પંથના છો? કયા ધર્મના અને કઇ શાખાના છો?" એનુ સમાધાન એ છે કે જો કોઇ પણ વસ્તુ કાઇની હોય તો તે તેની મિલ્કત છે. નિર્જીવ વસ્તુ બીજાની મિલ્કત હોય છે, અને એવા બીજા પદાર્થો કોઇ માણસની મિલ્કત અથવા કોઇ માણસના હોય છે, પણ 'રામ' કાઇ એવી જડ વસ્તુ નથી. 'રામ' કાંઈ એવી મિલ્કત નથી કે તે કોઇની માલિકીનો હોઈ શકે તે જાનવર નથી. તે કોઈની માલકીનો શા માટે હોય? આ જગત, આ વિશાળ વિશ્વ 'રામ'નુ છે. અમેરિકા 'રામ'નુ છે. 'રામ' તમારૂ પોતાનુ સ્વરૂપ છે. અમેરિકા મ્હારો છે. ઍડવર્ડ રાજા મ્હારો છે તમે બધા મ્હારા છો. હિન્દુસ્તાન પણ મ્હારો છે ખ્રીસ્ત ધર્મ, મુસલમાની ધર્મ, યાહુદી ધર્મ, હિંદુ ધર્મ, વેદાન્ત એ બધા મ્હારા છે; અને ચરાચર વિશ્વ તેમજ બીજુ કાઇ પણ હોય તો તે સર્વ મ્હારૂ જ છે.

અજ્ઞાની અલ્પ જીવો પોતાનુ સ્વાતંત્ર્ય વેચે એ જુદી વાત છે, પણ તમારે કદાપિ વેચવુ જોઇએ નહિ.

આ દેશમાં લોકો કહે છે કે તેઓ સ્વતંત્ર છે. કદાચ, રાજકીય સ્વાતંત્ર્ય તેમને હશે, પણ અરે! ધર્મની પરતંત્રતા, અમેરિકાની સામાજિક પરતંત્રતા!! 'રામ' તમને અપરાધીનતા—સ્વાતંત્ર્ય, વિચાર સ્વાતંત્ર્ય અને આચાર સ્વાતંત્ર્ય આપે છે. જે ધર્મ 'રામ' ઉપદેશે છે તેને કેટલાક વેદાન્ત એવું નામ આપે છે. પણ અરે! તેને કશું નામ આપવાની જરૂર નથી. સત્ય વેદાન્ત માત્ર વેદમાંજ રહેલું નથી તે તમારા હૃદયમાં પણ છે, તેથી 'રામ' હમ્મેશને માટે તમને જણાવવા ચાહે છે કે 'રામ' માત્ર હિંદુજ નથી. 'રામ' અમેરિકન પણ છે. 'રામ'ને માત્ર હિંદુ ન ગણો. 'રામ' ક્રિશ્ચિયન પણ છે. 'રામ'ને અમુક પંથ કે શાખાનો ગુલામ ન ગણશો. 'રામ' તમારૂં પોતાનું સ્વરૂપ, સ્વતંત્રતા પોતેજ છે.

બીજા એક માણસે કહ્યું: "ભલે, તમે પરમેશ્વર જેવા હો—તમે ક્રાઈસ્ટ જેવા હો તો ક્રાઇસ્ટે તો અમુક અમુક ચમત્કાર કર્યા છે, કૃપા કરીને એવા ચમત્કાર અમારે માટે તમે પણ કરો, એટલે અમે તમને માનીશું." 'રામ' કહે છે "બન્ધુ, બન્ધુ! ક્રાઇસ્ટે ચમત્કાર કર્યાં તોપણ તમે તેને ક્યારે માન્યો છે? ક્રાઇસ્ટે ચમત્કાર કર્યાં છે તોપણ તેનામાં તમને આસ્થા ઉત્પન્ન થઈ નથી. તેને ત્રાસ આપવામાં આવ્યો હતો. તેને વધસ્તંભ ઉપર ખીલાથી જડયો હતો. શું ચમત્કાર તમારામાં શ્રદ્ધા લાવશે? બિલકુલ નહિ."

વળી ચમત્કાર એટલે શું? એ બધું શું છે? જો આ શરીર દુનિયાના બધાય ચમત્કાર કરે તોપણ તેથી મ્હારા ઈશ્વરત્વમાં એક બિન્દુ પણ ઉમેરાઇ શકશે નહિ. હું આ શરીર નથી. હું તમારૂં પોતાનું સ્વરૂપ છું. જો આ શરીર ચમત્કાર કરે તો તેથીએ શું? શરીર ચમત્કાર કરતું નથી તો પણ તે હુંજ છું. તે હુંજ છું. જો આ શરીર ચમત્કાર કરે ને એને તમે પરમેશ્વર માનો તો એ તો

ઉલટું વધારે ખરાબ. ચમત્કારથી તમે આ શરીરને પરમેશ્વર માનો ખરા પણ તમારે એમ કરવું જોઇએ નહિ. 'રામ' તમને પોતાને જ પરમેશ્વર બનાવવા ઇચ્છે છે. આ શરીરને પરમેશ્વર બનાવશો નહિ. 'રામ' ચમત્કાર કરીને તમારૂં સ્વાતન્ત્ર્ય લઇ લેવા અને આ અમુક વ્યક્તિત્વનુ ઉપરીપણું તમારા ઉપર ઠસાવવા ઇચ્છતો નથી. આગળના પેગમ્બરોએ કર્યું છે તેમ 'રામ' તમને પરતંત્ર કરવા અને તમારૂં સ્વાતન્ત્ર્ય લઇ લેવા ઇચ્છતો નથી.

તમે આ શરીર ચમત્કાર કરે એમ ઇચ્છો છો પણ એ શરીર હું નથી. જે પરમેશ્વરે આ જગતરૂપી અનુપમ મહા ચમત્કાર કર્યો છે તે પરમેશ્વરજ હું છુ. હું તેજ છુ. આ વિશાળ વિશ્વજ મ્હારો ચમત્કાર છે. આ આખુ વિશ્વ જેની કારીગરીનો નમુનો છે તે કારીગરજ હું છુ.

હિન્દુસ્તાનમાં જે ઘરમા આ શરીર રહેતું હતું તે ઘરમા એક છોકરો નોકરી કરતો હતો. તે છોકરો બધો વખત 'રામ'ના સહવાસમા રહેતો હતો. એક દિવસ તે છોકરો તે ઉચા મહેલના શિખર ઉપર ચાલતો હતો અને મોટેથી બૂમ પાડતો હતો કે "હું પરમેશ્વર છુ! હું પરમેશ્વર છુ! હું પરમેશ્વર છું!" જે ઘરની ટોચ ઉપરથી તે છોકરો બૂમ પાડતો હતો તે ઘરની જોડેના ઘરોમા બીજા લોકો હતા. તે લોકોએ તેને કહ્યુ "તુ શુ લવરી કરે છે? તુ શુ બકે છે? શુ તું પરમેશ્વર છે એમ તુ કહે છે? જો તુ પરમેશ્વર હો તો છાપરા ઉપરથી ભૂસકો માર; પછી અમે જોઇએ છીએ કે તને વાગે છે કે નહિ! જો તને નહિ વાગે તો અમે તને પરમેશ્વર માનીશુ; જો તને વાગશે તો અમે તને મારી નાખીશુ. અમે તને ત્રાસ આપીશુ. તુ એમ શા માટે બોલે છે? આવી નાસ્તિક ભાષા બોલવાનો તને હક્ક નથી.

છોકરો દૈવી ઉન્મત્તતાથી ભરપૂર હતો તે બોલ્યોઃ હે મ્હારાં

સ્વરૂપો ! હું કૂદવાને માટે તૈયાર છું; તમે બતાવો તે હરકોઇ ઉંડી ખીણમાં કૂદી પડવા હું તૈયાર છું. તમે મને બતાવો તે હરકોઈ સમુદ્રમા કૂદી પડવા હું તૈયાર છુ. પણ, અરે ! કૃપા કરીને મને એવી એક પણ જગ્યા તો બતાવો કે જ્યા હું ન હોઉં ? કારણ કે કૂદી પડવા માટે કૂદી પડવાની કોઇ પણ જગ્યા તો જોઇએજ. મ્હારા સિવાયની એક પણ જગ્યા તો બતાવો કે જ્યા મ્હારી હાજરી ન હોય. હું ઇશ્વરનો પણ ઇશ્વર છુ. મને એક પણ એવી જગ્યા બતાવો કે જ્યા હું ન હોઉં એટલે ત્યા કૂદવા હુ તૈયાર છું જે સર્વમા વ્યાપ્ત છે તે શી રીતે કૂદી શકે ? જે મર્યાદિત હોય, જે અહીં હોય અને ત્યા ન હોય તેજ માત્ર કૂદી શકે. તેનેજ કૂદવાનુ રહે છે.

જે સદ્‌ગૃહસ્થે તેને કૂદવાનુ કહ્યું હતુ તે બોલ્યો "અરે તુ તે પરમેશ્વર છો ? કે તું તે શરીર છો ?" છોકરાએ કહ્યું: "આ શરીર તમારી પોતાની ધારણાથી બનેલુ છે, હુ આ શરીર નથી. તમારા પ્રશ્નો અને વાધા મને પહોચી શકતા નથી. તે માત્ર તમારી ધારણામાજ રહે છે. તેજ પ્રમાણે જે સર્વવ્યાપી છે તે કેવી રીતે કૂદી શકે ? એવી એક પણ જગ્યા નથી કે જ્યા તે કદિ પણ ન હોય. તેજ હુ છું. તેજ હુ છુ. માત્ર આ શરીરમા જ હું હોઉં અને પેલા શરીરમા ન હોઉ તો, અલબત્ત આ શરીરદ્વારા ઇશ્વરત્વનો દાવો દૃઢ કરવાને માટે મ્હારે ચમત્કાર કરવાજ જોઇએ; પણ આ તો બધાજ શરીર મ્હારા છે-મ્હારા પોતાનાથીજ ઉત્પન્ન થએલા છે. મ્હારે માત્ર તેમનુ સ્વામિત્વ લેવાનુ છે. મ્હારે કાઇજ કરવાનુ નથી. બધુ મ્હેજ કરેલુ છે.

અન્ય એક માણસે આ સવાલ પૂછયો: "વેદ તરફ તમારૂં કેવું વલણ છે ? વેદ વિષે તમે શુ ધારો છો ?" 'રામ' કહે છેઃ "જે પ્રમાણે આપણે વિજ્ઞાનશાસ્ત્ર અનુભવીએ છીએ તે પ્રમાણે

આપણે વેદને અનુભવીએ છીએ." વેદને તમે માનો છો? 'રામ' કહે છે: "વેદ હું જાણું છુ. હું વેદની તમને ભલામણ કરૂ છુ." જે પ્રમાણે આપણે બાઇબલને સ્વીકારીએ છીએ તેજ પ્રમાણે વેદોને સ્વીકારીશુ? 'રામ' કહે છે: "તમે બાઇબલનો ઉંધો અર્થ કરો છો, તેવો વેદનો અર્થ કરશો નહિ. ખગોળશાસ્ત્ર અથવા રસાયનશાસ્ત્રનો જેમ અભ્યાસ કરો તે પ્રમાણે વેદનો અભ્યાસ કરો. જે પ્રમાણે કેટલાક હિંદુઓ માને છે તે પ્રમાણે અન્ધશ્રદ્ધાથી દરેક વસ્તુને ભોળપણથી સ્વીકારશો નહિ. 'રામ' કહે છે કે જે પ્રમાણે તમે રસાયનશાસ્ત્રનો એક ગ્રંથ હાથમાં લ્યો અને તેમા જણાવેલા સિદ્ધાંતો અમુક વિદ્વાને લખેલા હોય તેને ખાતરજ કશુ સમજ્યા વિના એમને એમજ તેને તમે સ્વીકારવાના નથી, તેમજ આ વિષયમા પણ માત્ર વાક્ય ઉપરથી જ વગર સમજે કશુ સ્વીકારશો નહિ એવી શ્રદ્ધા એ શ્રદ્ધાજ નથી. પ્રયોગો તમે જાતે અનુભવો. તમે જાતે તેનુ સત્ય શોધો અને સાચા વિજ્ઞાનશાસ્ત્ર પ્રમાણે તમારી સ્વતંત્રતા ન વેચતા તમારૂ સ્વાતંત્ર્ય સાચવીને તેનો અભ્યાસ કરો તોજ તમે વેદના રહસ્યમા પ્રવેશી શકશો, નહિ તો હમ્મેશા તમે ભૂલ કરશો. વેદના શિક્ષણને કોઇની ટીકાની બ્હીક નથી. તેને કોઇ પણ શંકા અથવા પ્રશ્નોની બ્હીક નથી. તમારા પશ્ચિમના બધા શાસ્ત્રોથી તેને તપાસો; તમારા પશ્ચિમના પ્રકાશ–જ્ઞાન–થી (ધ્યાનમા રાખો કે પ્રકાશ હમ્મેશા પૂર્વમાથી આવે છે પણ ધારો કે પશ્ચિમનો પ્રકાશ) તેના પ્રકાશમાન કિરણોથી આ જ્ઞાનનુ પૂર–શ્રુતિનુ સુન્દર મૂળ–ભલે ધુએ. શ્રુતિના સુન્દર મુખારવિન્દ ઉપર એક પણ કાળો ડાઘ કે તલ કદિએ દેખાવાનો જ નથી. વેદો વિજ્ઞાનશાસ્ત્રથી પ્રતિકૂળ નથી. તમારી અર્વાચીન શોધખોળો તો માત્ર એ શ્રુતિ મહારાણીનું પાદપ્રક્ષાલન જ છે. તે શોધખોળોજ વેદાન્તની વધારે ને વધારે સેવા કરતી જાય છે.

જે લોકોએ વેદોનો નિસ્પૃહ રીતે અભ્યાસ કર્યો છે તેમણે તેને ધન્યવાદ આપ્યો છે. શૉપનહૉર, જેને કોઈ પણ તત્ત્વજ્ઞાનનું વખાણ કરવાનું મન થયુ નથી અને જેણે પોતાના સિવાય બીજા બધા તત્ત્વજ્ઞાન ઉપર ગાળોનો વરસાદ વર્ષાવ્યો છે તે પણ વેદ સબંધી બોલે છે ત્યારે કહે છે કે **"ઉપનિષદ્ (વેદો)ના અભ્યાસ જેવો ઉત્કર્ષક અને હિતાવહ બીજો કોઈ અભ્યાસ આખા જગતમાં નથી. તે મ્હારા જીવનનું આશ્વાસન નિવડયું છે, અને મ્હારા મૃત્યુનું પણ આશ્વાસન નિવડશે."**

શૉપનહૉરના આ કથન ઉપર ટીકા કરતાં મૅક્સમૂલર કહે છે કે **"આવા સ્વતંત્ર તત્ત્વચિન્તકના શબ્દોને જો કાંઈ અનુમોદનની અપેક્ષા હોય તો યૂરોપના અને આખા જગતના બધા ધર્મના તત્ત્વજ્ઞાનની સર્વ રીતોના મ્હારા જીંદગી પર્યંતના અભ્યાસથી શૉપનહૉરના અનુભવને નિરભિમાનપણે અનુમોદન આપવાને હું તૈયાર છું."**

"જો તત્ત્વજ્ઞાન સુખદાયી મૃત્યુની તૈયારી માટે હોય તો વેદાન્ત તત્ત્વજ્ઞાન (વેદોનું તત્ત્વજ્ઞાન) કરતાં બીજી એક પણ સારી તૈયારી હું જાણતો નથી."

બીજા એક માણુસે આવો પ્રશ્ન પૂછ્યો. "તમારૂં વેદાન્ત હિન્દુસ્તાનની મર્યાદાવાળી હદમાજ કેમ અટકી રહેલુ છે?" જે પ્રશ્નો હવે ચર્ચવાના છે તે ઘણા અગત્યના અને રસવાળા છે. તે કહે છે કે "ક્રિશ્ચિયાનિટી આખા જગત ઉપર પ્રસરેલી છે; ત્યારે તમારૂં વેદાન્ત તો માત્ર હિન્દુસ્તાનની મર્યાદાવાળી હદમાજ પ્રસરેલુ છે! વળી તે માત્ર કેળવાએલા વર્ગનોજ ધર્મ છે, સર્વ સામાન્ય જનસમુદાયનો નથી." 'રામ' કહે છે કે "ક્રિશ્ચિયાનિટી જો પ્રજા ઉપર ખરેખરૂં રાજ્ય ચલાવતી હોત તો ઘણું વધારે સારૂં થાત. જો ખરી ક્રિશ્ચિયાનિટી

યૂરોપમાં પ્રવર્ત્તતી હોત તો તે રામને માટે ઘણુજ આનન્દની વાત હતી. પરન્તુ યૂરોપ કે અમેરિકામાં ખરી ક્રિશ્ચિયાનિટી પ્રવર્ત્તતી નથી, પણ "ચર્ચાનિટીજ પ્રવર્ત્તે છે. તે ક્રિશ્ચિયાનિટી (ખ્રીસ્તી ધર્મ) નથી પણ ચર્ચાનિટી (ખ્રીસ્તી ધર્મની ભાવના)જ છે."

જો તમે ધારતા હો કે ખરી–ક્રિશ્ચિયાનિટી જનસમુદાયમાં પ્રસરેલી છે તો બન્ધુ! એવી ભૂલ કરશો નહિ. જનસમુદાયમા ક્રિશ્ચિયાનિટી કરતાં શેતાનના ધર્મને અનુસરનારા લોકોજ વધારે છે. તમે જાણો છો કે દુર્ગુણ, ભૂડી તૃષ્ણાઓ, વૈમનસ્ય, ધિક્કાર, મનોવિકાર અને વિષયાસક્તિ એ શેતાનનોજ ધર્મ છે: અને એવો શેતાનનો ધર્મજ ક્રિશ્ચિયાનિટી કરતા લોકોમાં વધારે પ્રવર્ત્તે છે.

પાર્લામેન્ટની સભાના એક મહાન વક્તાને લંડનની પાર્લામેન્ટની સભામાંથી ધૂતકારી કહાડવામાં આવ્યો હતો. તે પછી તે શા શબ્દો બોલ્યો હતો તે તમે જાણો છો? તેણે કહ્યું: "તમારા પક્ષમા અધિક મત હોય તોપણ શુ થયુ?" સામા પક્ષકારોને તેણે કહ્યુ કે **"અભિપ્રાયની તો તુલના કરવી જોઇએ; તેની કાંઈ ગણત્રી કરવી જોઇએ નહિ." મતની અધિકતા એ કાંઈ સત્યની સાબીતી નથી.**

એક વખત એવો પણ હતો કે જ્યારે ગેલીલીઓએ કૉપરનિકસના સિદ્ધાન્તો રદ કર્યા. તેણે કહ્યુ કે પૃથ્વી પરિભ્રમણ કરે છે અને નહિ કે સૂર્ય. તેના મતની ઘણીજ ન્યૂનતા હતી–તે એકલોજ હતો અને આખું જગત તેની વિરૂદ્ધ હતું; મતની અધિકતા તેની વિરૂદ્ધ હતી. પણ સત્ય શું છે? સત્ય શુ કાંઇ મતની ન્યૂનતા કે અધિકતામાંજ રહેલુ છે? એવી અધિકતા કે ન્યૂનતા એ કાંઇજ નથી. એક વખત એવો હતો કે રોમનકેથૉલિક મતની અધિકતા હતી પછી વળી એવો વખત આવ્યો કે એ અધિકતા બીજી તરફ ઢળી પડી.

એક વખત એવો હતો કે ક્રિશ્ચિયાનિટી અગીઆર શિષ્યોની ન્યૂન સંખ્યામાંજ આવી રહી હતી; પછી વળી એવો વખત આવ્યો કે જ્યારે આ ક્રિશ્ચિયાનિટી કે ચર્ચાનિટીની દેખીતા મતની અધિકતા તેની તરફેણમા આવી ખરી રીતે અધિકતા અને ન્યૂનતા એ કાંઇજ નથી. આપણે સત્યના ખડક ઉપર ઉભા હોઇએ તો સત્ય બહાર આવવુંજ જોઇએ.

બીજો એક માણસ બોલ્યો કે "જગતમાં ક્રિશ્ચિયન પ્રજાઓ શામાટે બધી રીતે આગળ વધે છે? બધી પ્રજાઓમા માત્ર ક્રિશ્ચિયન પ્રજાઓજ સુધારામાં અને પ્રગતિમા શામાટે આગળ છે?" 'રામ' કહે છે "બન્ધુ! યુરોપ અને અમેરિકા, હિન્દુસ્તાન, ચીન અને જાપાન કરતાં રાજનીતિ અને સામાજિક-વિષયોમાં આગળ પડતાં હોય તો તે ક્રિશ્ચિયાનિટીને લીધે નથી. વૃથા એવો ઉંધો વિચાર ન બાંધો. જો વિજ્ઞાનની તમામ ઉન્નતિ અને સુધારો ક્રિશ્ચિયાનિટીનેજ પ્રતાપે થયો હોય તો મહેરબાની કરીને કહો કે આ ગેલીલીઓએ જ્યારે પેની નાની શોધ કરી હતી ત્યારે ક્રિશ્ચિયનો તેની તરફ શી રીતે વર્ત્યા હતા અને તેની કેવી દશા કરી હતી? બ્રુનોને બાળી મૂકેલો હતો તે કોણે બાળ્યો હતો? ક્રિશ્ચિયાનિટીએજ હકસ્લી સ્પેન્સર અને ડાર્વિનની શોધો, પ્રગતિ અને જ્ઞાનનું સ્વાતંત્ર્ય ક્રિશ્ચિયાનિટીથી ઉદ્ભવેલાં અને પોષાયલાં નથી. ક્રિશ્ચિયાનિટીની દરેક રીતે દાબી દેવાની સત્તા છતાં પણ તેઓ ટકી રહ્યા છે. શૉપનહૉરની કેવી દશા હતી? તેને કેવી રીતે જીવન ગાળવું પડતું હતું તે તમે જાણો છો? શૉપનહૉરને ક્રાઇસ્ટના જેટલોજ મહાન ભોગ આપવો પડયો હતો ક્રાઇસ્ટને પોતાના સિદ્ધાન્તો માટે મરવું પડયું હતું, જ્યારે શૉપનહારને પોતાના સિદ્ધાન્તો માટે જીવવું પડયું હતું. તમે જાણો છો કે પોતાના સિદ્ધાન્તોને માટે જીવવા કરતાં મરવું એ વધારે

સહેલું છે. શૉપનહૉરના સ્વતંત્ર મનોવેગને કોણે દાબ્યો તે તમે જાણો છો ? તેના શરૂઆતના લખાણુમાં જે જુસ્સો અને શક્તિની છોળ ઉડતી હતી તે તેના પાછળના ગ્રંથોમા તેણે ગુમાવ્યા હતાં હેગલ અને કાન્ટના તત્ત્વજ્ઞાનમા જે દુર્બળતા અને નબળાઇ હતી તે ક્રિશ્ચિઆનિટીની અસરને લીધે હતી ફીએને પોતાનુ અધ્યાપકપણું કેમ છોડવું પડયું હતું અને પોતાના દેશમાથી તેને કેમ કહાડી મૂક્યો હતો તે તમે જાણો છો ? તે શા માટે હતું ? તે ક્રિશ્ચિયાનિટીને લીધેજ હતું. શરૂઆતથીજ તમામ પ્રગતિ ક્રિશ્ચિયાનિટીને લીધે નહિ પણ તેના વિરોધી વચ્ચે થએલી છે. વસ્તુસ્થિતિનો ઉંધો અર્થ ન કરો.

હિન્દુસ્તાનનો એક ઍંગ્લો ઇન્ડિયન જે કેટલોક વખત હિન્દુસ્તાનમા રહ્યો હતો તે જ્યારે ઇંગ્લૅન્ડ પાછો ગયો ત્યારે પોતાની બહાદુરી, બળ અને હિમ્મત માટે પોતાની સ્ત્રી આગળ ફૂલાતો હતો. તેઓ પોતાના ગામડાના ઘરમા રહેતા હતા ત્યા એક વખત રીંછ આવ્યું. આ ઍંગ્લો ઇન્ડિયન કૂદીને પાસેના ઝાડની ડાળી ઉપર જતો રહ્યો. તેની સ્ત્રીએ હથિયાર પકડીને રીંછને માર્યું ત્યારે તે નીચે ઉતર્યો. એટલામા કેટલાક લોક આવ્યા અને પૂછયુ કે ' રીંછ કોણે માર્યુ ? " તેણે કહ્યુ: " મ્હેં અને મ્હારી સ્ત્રીએ રીંછને માર્યું " તેજ પ્રમાણે જ્યારે કાઇ કામ થયું હોય ત્યારે તે મ્હેં કર્યું છે, તે કરવામાં હું પણ હતો, એમ કહી મિથ્યા બડાઇ હાકી એના જેવુજ ક્રિશ્ચિયાનિટીથી ઉન્નતિ થયાનુ કહેવુ સમજવુ

યૂરોપ અને અમેરિકામા વિજ્ઞાનની અને તત્ત્વજ્ઞાનની તમામ પ્રગતિ અને આ સર્વ શોધખોળો ખરા વેદાન્તને આચારમા મૂકવાથીજ થઇ છે. વેદાન્ત એટલે સ્વાતન્ત્ર્ય, સ્વાશ્રય છે; અને તે સ્વાશ્રય તથા સ્વતંત્રતા સ્થૂલ શરીરની હાજતોથી પર રહેવાના આવેશને લીધેજ છે. આ બધી પ્રગતિ તેને લીધે છે, અને તે વેદાન્તને અજાણપણે આચારમાં

મૂકવાથી જ છે. તમે તે ખરા વેદાન્તને ખરી ક્રિશ્ચિયાનિટી પણ કહી શકો; ખરી ક્રિશ્ચિયાનિટીને જો તમે બરાબર સમજો તો તે પણ વેદાન્તથી જુદી નથી. તેઓ કહે છે કે પૃથ્વીની સપાટી ઉપરથી ગુલામગીરી અમે કહાડી નાખી અને ઘણા સુધારા કર્યા છે; પણ 'રામ' કહે છે કે "બન્ધુઓ! બન્ધુઓ! શુ ગુલામગીરી રદ કરી છે? અરે! ગુલામગીરી કહાડી નખાય એવું 'રામ' કેટલુ બધુ ઇચ્છે છે? ધારો કે ગુલામગીરી કહાડી નાખી છે એવું કહેવું આપણે માન્ય કરીએ, તો પણ તે ગુલામગીરીનુ રદ થવું એ કઈ ક્રિશ્ચિયાનિટીને લીધે થએલું નથી. જો ક્રિશ્ચિયાનિટીમા ગુલામગીરી દૂર થાય એવું કાઇ હોય તો ક્રિશ્ચિયાનિટીએ ઠેઠ ૧૭૦૦ વર્ષ સુધી ગુલામગીરી શા માટે રદ ન કરી? પણ તેને રદ કરવાનુ કારણ તો કંઇક બીજું જ હતું એ સમયે લોકો અમેરિકામા વસ્યા હતા. યૂરોપીઅન પ્રજાઓ એક સ્થળેથી બીજે સ્થળે જતી હતી ને બીજી પ્રજાઓના સહવાસમા આવતી હતી—ત્યા તે કેળવણી લેતી હતી અને ઉદાર મનની થતી હતી. અને એમ થવુ એનું નામ આ આચારમાં મૂકેલું વેદાન્ત છે. ગુલામગીરી રદ કરવાનુ આ કારણ એ વેદાન્તજ હતું અને નહિ કે ક્રિશ્ચિયાનિટી. રાજકીય અને સામાજિક સંયોગોએ લોકોનાં હૃદય અને આત્માને ઉશ્કેર્યા હતાં. જો આ શુભ વસ્તુઓ ક્રિશ્ચિયાનિટીને લીધે જ બનેલી હોય તો પછી ડાકણોને બાળી નાખવી, ગરદન મારવાના સાચા અને "ધર્મ વિચારિણી સભા" એ સર્વ શાને લીધે હતાં? તમે જાણો છો કે એ ધર્મ વિચારિણી સભા એ શુ છે? એક સમયે તેનો સાનફ્રાન્સિસ્કોમાં પૂર જોરથી દમામ હતો—અરે! ભયકર! ભયંકર કૃત્યો! છાતીમાંથી લોહી કહાડવુ ઇ તેના કૃત્યો હતા! 'રામ' બીજી બધી બાબતોમા ઉંડો ઉતરતો નથી. પણ આ બધું શાને લીધે હતું?

'રામ' ઘણા પ્રશ્નો અને પ્રત્યુત્તરો મૂકી દે છે. આપણે તે બીજે પ્રસગે જોઇશું.

કેટલાકો તરફથી એક વિશેષ પ્રશ્ન એવો કરવામાં આવે છે કે "હિન્દુસ્તાન રાજકીય સ્થિતિમા આવું ઉતરતું કેમ છે?" અને તેઓ કહે છે કે હિન્દુસ્તાનની આ અધમ સ્થિતિનુ કારણુ વેદાન્ત છે. પણુ ખરી વાત કે જે તેથી તદ્દન ઉલટી છે તે એ છે કે—હિન્દુસ્તાનની અધોગતિનુ કારણુ વેદાન્તનો અભાવ છે. તમે જાણો છો કે 'રામે' તમને કહ્યું હતું કે તે દરેક દેશનો છે. 'રામ' કાઇ હિન્દુસ્તાનનો રહીશ, હિન્દુ અને વેદાન્તી તરીકેજ અહિ આવતો નથી, પણુ તે તો 'રામ' અને 'રામ' એટલે સર્વવ્યાપક તરીકે આવે છે. 'રામ' તમારા અગર હિન્દુઓના વખાણુ કરવા ઇચ્છતો નથી. 'રામ' હિન્દુસ્તાન, અમેરિકા અગર બીજા કોઇ દેશ ઉપર આધાર રાખતો નથી. 'રામ' સત્ય, તદ્દન સત્ય અને સત્ય સિવાય બીજા કશાજ ઉપર આધાર રાખતોજ નથી, અને એ મુદ્દા ઉપર એ લક્ષ્યબિન્દુથી 'રામ'ને જે કહેવાનુ હોય છે તેજ તે કહે છે. 'રામ' હિન્દુસ્તાન કે અમેરિકાના વખાણુ કરવા ઇચ્છતો નથી. સત્ય એ છે કે જ્યા સુધી હિન્દુસ્તાનના જનસમુદાયમા વેદાન્ત પ્રવર્તમાન હતું ત્યાં સુધી હિન્દુસ્તાન તેની કીર્તિના ઉચ્ચ શિખરેજ વિરાજમાન હતું, તે સર્વોપરિપણું ભોગવતુ હતું અને આબાદ હતું. પણુ તે પછી એક એવો સમય આવ્યો કે જ્યારે આ વેદાન્ત અમુક પ્રકારના લોકનાજ હાથમાં રહ્યુ અને હિન્દુસ્તાનના સામાન્ય જનસમુદાયના હાથમા તે જવા ન પામ્યુ. અને ત્યારથીજ હિન્દુસ્તાનનો અસ્તકાળ શરૂ થયો. સત્ય વેદાન્ત અને જનસમુદાયને છેટું પડયું; અને ત્યારથી હિન્દુસ્તાનનો જનસમુદાય, હે પરમેશ્વર! હું દાસ છું. હું ત્હારો ગુલામ છુ, એવો ધર્મ માનવા લાગ્યો આ ધર્મ યૂરોપમાંથી હિંદુસ્તાનમાં આવ્યો. આ કથન હાલના કહેવાતા ઇતિહાસકારો અને ફિલ્સુફોને કદાચ અચંબો પમાડશે, અને યૂરોપીઅન લોકોને પણુ અચબો પમાડશે, પણુ 'રામ' આ કથન વગર વિચાર્યે કરતો નથી. તે કથન

ગણિતશાસ્ત્ર પ્રમાણે સિદ્ધ કરી શકાશે. જે ધર્મ પોતાની જાતને હલકી જોવાને, ધિક્કારવાને અને પોતાને કીડા, જન્તુઓ, નીચ, ગુલામ અને પાપી મનાવે છે તે ધર્મ હિન્દુસ્તાનમાં બહારથી દાખલ થયો અને તે ત્યાંના જનસમુદાયનો ધર્મ થયો. જ્યારથી જનસમુદાયે તેને સ્વીકાર્યો ત્યારથી હિન્દુસ્તાનનો અસ્ત શરૂ થયો પરંતુ કોઇ કહેશે કે એવી માન્યતાથીજ એમ બનતું હોય તો યૂરોપીઅનો પણ ગુલામગીરીની માન્યતા સ્વીકારે છેજ કે "હે પરમેશ્વર! અમે ત્હારા ગુલામ છીએ." ત્યારે રાજકીય અને સામાજિક સ્થિતિમા હિન્દુસ્તાનના લોકોએ જે અધમતા સહન કરી તેવીજ અધમતા તેમણે શા માટે ન અનુભવી? એક દૃષ્ટાન્ત કે જે સ્વભાવવાદીઓ અને વિકાસવાદીઓ ઘણીવાર આપે છે તે આ ઠેકાણે આપવાથી આ બાબત સારી રીતે સમજાશે. તેઓ કહે છે કે "કેટલીક વખતે નમળાપણું એજ જીવવાનું કારણ થાય છે! કેટલીક વખત જેઓ જીવે છે તેઓ મરનારના જેટલા લાયક હોતા નથી!" ૐ ॥ આ બાબતની સ્પષ્ટતા માટે નીચલુ દૃષ્ટાન્ત બસ થશે

એક સમયે તીડની મોટી સખ્યા અમુક દિશામા ફરતી હતી. તેમાના કેટલાક તીડોની પાંખો ખરી પડી અને તે નીચે પડી ગયા અને બાકીના તન્દુરસ્ત તીડ આગળ વધ્યાં; પણ જ્યારે તેઓ એક ડુંગર ઉપર પહોચ્યા ત્યારે તે ડુગર ઉપર દવ બળતો હતો તેથી તેના ધૂમાડાથી મુઝાઇ દવમા પડીને તે બધા તીડ નાશ પામ્યા. જૂઓ! અહીં નબળાં જીવ્યા અને સબળ મરી ગયા!

હિંદુસ્તાનના લોકો ધર્મને પોતાનુ સર્વસ્વ ગણે છે; અને તેથી જ્યારે તેઓ "હે પરમેશ્વર! હુ ત્હારો અધમ દાસ છુ, હે પરમેશ્વર હું પાપી છુ," એમ પ્રાર્થના કરે છે ત્યારે જેવા તેઓ બહાર હોય છે તેવાજ અન્દર હોય છે. જ્યારે હિન્દુસ્તાનના લોકો આ પ્રમાણે

પ્રાર્થના કરતા ત્યારે તેઓ તે અંતઃકરણપૂર્વકજ કહેતા હતા, અને તેથી કર્મના સિદ્ધાન્ત પ્રમાણે—તે ૂર અને દયાહીન, કર્મના સિદ્ધાન્ત પ્રમાણે-તેઓને પોતાની તે ભાવનાઓ ફળીભૂત થવીજ જોઇતી હતી. અને પરિણામે તે તેમજ થયુ. પરિણામે તેઓ ગુલામજ થયા. તમે કહેશો કે શું તેઓ પરમેશ્વરના ગુલામ થયા? સમાધાન એ છે કે પરમેશ્વરને કાઇ આકાર કે રૂપ નથી કે જે રૂપવડે તે આવીને તેમના ઉપર રાજ્ય કરી શકે; પણ તે છતા પરમેશ્વર આવ્યો તો ખરોજ. તમે પૂછશો કે તે કયો પરમેશ્વર? અને તે કેવે પ્રકારે આવ્યો? ઉત્તર એ કે તે શ્વેત પરમેશ્વર અને તે અગ્રેજોની શ્વેત ત્વચામાં આવ્યો અને તેમને પોતાના આધીન બનાવ્યા. આ પ્રમાણે તેઓ પરાધીન—દાસ થયા. આ પ્રમાણે ભૂલભરેલી-ક્રિશ્ચિયાનિટીએ અગર ભૂલભરેલી ચર્ચાનિટીએજ હિદુસ્તાનને આધીન સ્થિતિમા આણ્યું.

ત્યા જાઓ અને હિન્દુસ્તાનની સ્થિતિ જુઓ તો ‘ રામ ’ના કહેવાની યથાર્થતા તમને સમજાશે હિન્દુસ્તાનના બીજા સ્વામીઓ અથવા સાધુઓ તમને જે કઇ કહે તે જો માનશો તો તમે ભૂલ કરશો. હિન્દુસ્તાનની અધોગતિનુ કારણ વેદાન્તનો અભાવ છે.

હવે આ ગુલામગીરીની ભાવનાએ યૂરોપમા ગુલામગીરી કેમ ન આણી? એનુ સમાધાન એ છે કે યૂરોપીઅન લોકો ધર્મ કરતાં ધનને વધારે ચાહે છે. તેઓ પોતાની પ્રાર્થનામા અને પોતાની ધાર્મિક બાબતોમાં આગળ તમને કહ્યુ હતુ તેમ પરમેશ્વરને વધારાનો માને છે, તેથા પરમેશ્વરને તેમના ઓરડાઓ વાળવા ઝાડવાનુ જ કામ છે. ધર્મને તો તેઓએ માત્ર ઓરડા શણગારવા માટેની પ્રતિમાઓ અને ચિત્રો જેવોજ ગણેલો છે. જેથી તેમના હૃદયમાંથી—તેમના ખરા આત્મામાથી જે પ્રાર્થના નીકળી તે કાઇ ગુલામગીરી માટેની નહોતી; પણ ધન, આબાદી અને દુનિયાના લાભો મેળવવા માટેની હતી.

અને તે પ્રમાણે તેમની ઉન્નતિ પણ થઇ છેજ. આ પ્રમાણે આ સર્વ કર્મના નિયમ પ્રમાણે બન્યું છે. ઇતિહાસથી જણાય છે કે જ્યાં સુધી વેદાન્ત હિન્દુસ્તાનમા જનસમુદાયમાં પ્રચલિત હતું ત્યા સુધી હિન્દુસ્તાન સમૃદ્ધ હતો. આ ધ્યાનમાં રાખો.

ફીનીશીઅન લોક એકવાર ઘણી સત્તાવાળા હતા છતાં પણ તેઓ હિન્દુસ્તાન ઉપર ચહડી આવી તેને જીતી શક્યા નહિ. ઇજીપ્શીઅન લોક પણ એક સમયે ઘણા શ્રેષ્ઠ હતા છતા તેઓ પણ હિન્દુસ્તાનમાં રાજ્ય ચલાવી શક્યા નહિ. ઇરાનનુ રાજ્ય એક સમયે સર્વોપરિ સત્તાવાળુ હતું છતા તે પણ હિન્દુસ્તાન સામે નેત્રનો કટાક્ષ પણ નાખવા શક્તિમાન થયું નહિ. રોમન લોક કે જેમનો ગરૂડ આખી દુનિયા ઉપર ઉડી રહ્યો હતો અને તે વખતે જણાએલી લગભગ બધી દુનિયા જેમના અમલ નીચે હતી ત્યાના-રોમના બાદશાહો પણ હિન્દુસ્તાનને પોતાને સ્વાધીન કરવાની હિમ્મત ધરી શક્યા નહોતા. ગ્રીકલોક સત્તાધારી થયા ત્યારે પણ શતકોને શતકો સુધી તેઓ હિંદ સામે વાકી દૃષ્ટિથી જોઇ શક્યા નહિ. ઍલેકઝૅન્ડર કરીને એક મનુષ્ય કે જેને ભૂલથી લોકો મહાન સીકંદર કહેતા તે હિંદુસ્તાનમા આવ્યો તે વખતે પણ વેદાન્તનો જુસ્સો જનસમુદાયમા પ્રચલિત હતો. હિંદુસ્તાન જવા પહેલા સીકંદરે તે વખતની જણાએલી તમામ દુનિયા જીતી લીધેલી હતી. મહાન સીકંદરની મદદમા ઇરાનનુ બધુ લશ્કર હતું, અને ઇજીપ્તનુ બધુ લશ્કર તેની તરફ હતું, તોપણુ આ સીકંદરને હિંદુસ્તાનના નાના રાજા પોરસે બ્હીવરાવ્યો હતો અને હરાવ્યો હતો. આ હિંદુસ્તાનના રાજાએ મહાન સીકંદરને નીચો નમાવ્યો હતો; અને સીકંદરને તેના બધા લશ્કર સાથે નાસી જવું પડ્યું હતું. તેનુ બધું લશ્કર ખરાબખસ્ત થઈ ગયુ અને તેને પાછા ફરવાની ફરજ પડી હતી. આનું કારણ શું હતું? આ દિવસોમાં

હિન્દુસ્તાનના જનસમુદાયમાં વેદાન્ત પ્રવર્ત્તેલુ હતું અને જનસમુદાય વેદાન્તી હતો. આ વાતની સાબીતાની તમારે જરૂર છે ? આની સાબીતી માટે તે વખતના ગ્રીક લોકોએ હિન્દુસ્તાનનો જે ઇતિહાસ લખ્યો છે તે, વાચો. તે વખતના ગ્રીક લોકોએ અને સીકંદરના સોબતીઓએ હિન્દુસ્તાન માટે શુ લખ્યુ છે તે વાંચો.

તમે જોશો કે એ સમય સુધી આચારમાં મૂકેલુ વેદાન્ત હિંદના જનસમુદાયમા પ્રવર્ત્તેલુ હતુ અને લોકો બળવાન હતા, જેથી મહાન સીકંદરને પાછુ ફરવુ પડયું હતું.

પણ પછી એવો સમય આવ્યો કે મહમ્મદ ગઝનવી કરીને એક સાધારણ સરદારે સત્તરવાર હિન્દુસ્તાન લૂટયુ ને સત્તરવાર તેના હાથમા આવ્યું તેટલુ ધન હિન્દુસ્તાનમાથી લઇ ગયો ! તે સમયનો ઇતિહાસ વાંચો અને તમે જોશો કે તે સમયે જનસમુદાયનો ધર્મ વેદાન્તથી તદ્દન ઉલટો થઇ ગએલો હતો વેદાન્ત પ્રવર્તમાન હતું પણ તે અમુક ગણ્યા ગાંઠયા મનુષ્યોમાંજ હતું. સામાન્ય જનસમુદાયે તેને ત્યજી દીધુ હતું અને તેથી આ પ્રમાણે હિન્દુસ્તાન અધમ સ્થિતિમા આવ્યુ.

તેઓ કહે છે કે તમે વૈરાગ્યનો બોધ કરો છો, અને વૈરાગ્યથી આપણે નિર્ધન થઇએ છીએ. પણ અરે ભાઇ ! એમ નથી. સત્ય છે કે વેદાન્ત શિખવાને માટે તમારે હિમાલયના જંગલના ધાડા પ્રદેશમાં જઇને એકાન્ત રહેવુ પડે છે; પણ વેદાન્ત એમ કદાપિ કહેતું નથી, કે તમારે સદા ત્યાગીનુજ જીવન ગાળવું જોઇએ. કદાપિ નહિ ! કદાપિ નહિ ! જંગલમા એકાન્ત રહેવું તે તો માત્ર વિદ્યાર્થીને પાઠશાળામાં જવા જેવું છે. કોઇ પણ લૌકિક જ્ઞાન, વિજ્ઞાન અથવા તો તત્ત્વજ્ઞાન શિખવા માટે તમારે એકાન્તમાં રહેવું જોઇએ અને તમારી આસપાસ વિક્ષેપકારક સંયોગો ન હોય તેવે

સ્થળે જ રહેવું જોઇએ, તે શું ખરૂં નથી? જ્યાં તમારો અભ્યાસ તમે શાન્તિથી અને ઉપાધિ-રહિત થઇ કરી શકો એવી જગ્યાએજ તમારે રહેવુ જોઇએ. અને આ પ્રમાણે જો કોઇ હિન્દુ જંગલમાં એકાન્તમા રહેવા જાય તો તે વિજ્ઞાનના પણ વિજ્ઞાનનો પૂર્ણ રીતે અભ્યાસ કરવા સારૂ અને વેદાન્તના સત્ય સિદ્ધાન્તોનો પરિપૂર્ણ રીતે સાક્ષાત્કાર કરવા સારૂજ જાય છે. તમે જાણો છો કે વેદાન્ત એ રસાયનશાસ્ત્રની પેઠે અનુભવનું શાસ્ત્ર છે જેમ રસાયનશાસ્ત્રમા સબધ કર્તા પ્રયોગો કર્યા વગર તમે આગળ વધી શકતા નથી. તેજ પ્રમાણે જે મનુષ્ય તેને માનસિક કેળવણી મળે છે તેની સાથે આધ્યાત્મિક પ્રયોગો કરતો નથી તે વેદાન્તને શી રીતે સમજી શકશે? આ પ્રમાણે આધ્યાત્મિક પ્રયોગો કરીને માનસિક જ્ઞાન મેળવવા સારૂ જ લોકોને જગલમા જવુ પડે છે. જગલ એ તો માત્ર વિશ્વવિદ્યાલયો અને પાઠશાળાઓ જેવુજ છે; અને તેવુ જ્ઞાન સપાદન કર્યા પછી તે પાછો લોકોમા આવે છે, ઉપદેશ આપે છે, અને દરરોજના જીવનમા તેને અજમાવે છે, તથા તત્ત્વજ્ઞાનને કેવી રીતે આચારમા મૂકવું તે લોકોને સમજાવે છે. તેઓ શિખવવા માટેજ નીચે આવે છે. તમે જાણો છો કે દરેક બ્રાહ્મણ અગર હિન્દુને જીવનની શરૂઆત-બ્રહ્મચર્ય અવસ્થામાજ કેટલાક વર્ષ જગલમા જઇને આ જ્ઞાન સપાદન કરવુ પડતું અને જ્ઞાન સપાદન કર્યા પછી જગતમા આવીને આચારમા મૂકવુ પડતું, એટલુજ નહિ પણ તેમાના કેટલાકોને સામાન્ય વ્યવહારના કામ કરવા પડતા. જ્ઞાન સપાદન કરીને દરેકને ત્યાગી થવુ પડતું નથી. જે પ્રમાણે કેટલાક વિદ્યાર્થી એમ એ. થયા પછી અને કેટલાક ડૉક્ટર થયા પછી તેઓ બધાજ કાંઈ પ્રૉફેસર થતા નથી, પણ તેમાના કેટલાક મૅજીસ્ટ્રેટ થાય છે, કેટલાક મોટા વ્હેપારી થાય છે, અને કેટલાક પ્રૉફેસર પણ થાય છે, તેના જેવુ એ છે.

તેજ પ્રમાણે વેદાન્તનું જ્ઞાન સંપાદન કરવાથી; અને તેનો સપ્રયોગ સંપૂર્ણ સાક્ષાત્કાર કરવાથી તમે એવી સ્થિતમા આવશો કે જ્યાંથી તમને આખુ જગત સ્વર્ગવાટિકા સમાન જણાશે. જ્યાથી આખુ વિશ્વ સ્વર્ગતુલ્ય દેખાશે; અને જીંદગી જીવવા જેવી લાગશે. જે લોકો એમ કહે છે કે વેદાન્ત દરેક માણસને ત્યાગી થવાનું કહે છે. તેઓ વેદાન્તને છે તેથી ઉલટુંજ સમજાવે છે. ના, ના, ત્યાગીની બહારની પ્રણાલિકા તે વિજ્ઞાનની પરીક્ષામા ડૉક્ટર થયા પછી પ્રૉફેસરનો ધંધો કરવા જેવું છે.

આપણે જોઇએ છીએ કે સંસારી જીવનમા મચી રહેલા લોકોએ પણ વેદાન્તનો ઉપદેશ કર્યો છે. વેદાન્ત નિર્વેદવાદ નથી. બન્ધુઓ! આ ધર્મ નિર્વેદવાદ છે એમ જે સમજાવે છે, તે તેનો ઉલટોજ અર્થ કરે છે. ખરી વાન એમ નથી. ઉલટું વેદાન્ત તો અનિર્વેદવાદનુ જ ઉચ્ચતમ શિખર છે

વેદાન્ત તમને કહે છે કે તમારૂં શરીર જો સસારસમુદ્રમા સુકાન વગર, ધ્રુવ-યત્ર વગર, અને હલેસા, શઢ, વરાળ કે વિજળી વગરજ ઝોકાવશો તો જરૂરજ તમારી જીંદગીનુ નાવ ખડક ઉપરજ અથડાશે; અને તમે તમારી જાતને દરેક જાતના પવન અને તોફાનને આધીન કરશો વેદાન્ત કહે છે કે અજ્ઞાનતાને લીધેજ આ દુનિયા દુ:ખ અને કલેશથી ભરેલી છે. અજ્ઞાન એજ પાપ છે. તમારા બધા કલેશનું મૂળ એ અજ્ઞાનજ છે. જ્યાં સુધી તમે અજ્ઞાની છો ત્યા સુધીજ તમે દુખી છો; અને વેદાન્ત કહે છે કે જો તમે આ અજ્ઞાનને દૂર કરો, સપૂર્ણ જ્ઞાન મેળવો, અને સત્ય આત્માને ઓળખો તો તમારે માટે બધાય કારાગૃહો સ્વર્ગરૂપ બની જશે. જીન્દગી જીવવા જેવી લાગશે, ભ્રમણા અને ઉપાધિ કાંઇજ તમને જણાશે નહિ. તમારી સમ-બુદ્ધિનો નાશ થશે નહિ; સમયને આધીન થઇને તમે બુદ્ધિને ગુમાવશો નહિ

અને તમે દીલગીર, નિરાશ થઇ ગમગીન ચ્હેરો નહિ રાખો. શું એ ઇચ્છવા જેવું નથી? તે વેદાન્ત કહે છે કે "**હે વિશ્વના લોકો! તમેજ સંસારને ખરેખરૂં નરક બનાવો છો. જ્ઞાન સંપાદન કરો. જ્ઞાન સંપાદન કરો.**" વેદાન્તની એ સ્થિતિ છે. નિર્વેદ-વૈરાગ્ય-વાદ એમાં જરાએ નથી.

તમે જાણો છો કે જે લોકો દુનિયામાં રહેનાર છે તેમણેજ આ વેદાન્તનો ઉપદેશ કર્યો છે અને તોપણ તેઓ ત્યાગીજ હતા

હિન્દુસ્તાનનો એક મહાન રાજા સંસારની સર્વ ફરજો તજી દઇ જંગલમાં એકાન્તમાં જવાની તૈયારી કરતો હતો, તે સમયે તેનો ગુરૂ કે જે આ શરીરનો પૂર્વજ થાય છે તેણે તેને યથાર્થ વેદાન્તનો ઉપદેશ કર્યો, અને તેથી તે વૈરાગ્યનું ખરૂં રહસ્ય સમજીને અને સાચો વૈરાગી બન્યા છતાં એક મહાન શહેનશાહ તરીકે તે જગતમાં રહેતો હતો.*

મહાન યોદ્ધા અર્જુન કે જે કુરૂક્ષેત્રની લડાઇમાં મહારથી હતો, જે પોતાની ફરજ યુદ્ધ કરવાની હતી છતાં દુનિયાના કર્મ ત્યાગી એકાન્તમાં જઇ ત્યાગી થવાની ઇચ્છા કરતો હતો, તે વખતે **શ્રીકૃષ્ણે** તેને યથાર્થ વેદાન્તનો ઉપદેશ કર્યો, અને આ વેદાન્ત ખરેખરૂં સમજાયા પછી તેનામાં હિમ્મત આવી અને તેનામાં જુસ્સો અને શક્તિનો આવિર્ભાવ થયો જેથી જીન્દગીનો જોશ આવ્યો અને તે વેગવાન થઇ મહાન સિંહની પેઠે ઉઠયો અને મહારથી થયો.

વેદાન્તથી તમારામાં જુસ્સો અને બળ આવે છે પણ નિર્બળતા આવતી નથી વેદાન્તમાં એક વાક્ય એવું છે કે "नाऽयमात्मा बल-हीनेन लभ्य" "આ આત્માને, આ સત્યને, નિર્બળ મનુષ્ય કદિ પણ પ્રાપ્ત કરી શકતો નથી." અર્થાત્ તે નિર્બળ માટે નથી મન્દ હૃદયવાળો,

---

***શ્રી રામચંદ્ર અને મહર્ષિ વસિષ્ઠ વિષે આ ઇસારો સંભવે છે. મંત્રી.**

નિર્બળ શરીરવાળો, તથા નિર્માલ્ય જુસ્સાવાળો તેને કદાપિ પ્રાપ્ત કરી શકતો નથી.

એક મોટો રાજા પોતાનુ રાજ્ય તજી દઈ જંગલમાં—એકાન્તમાં ગયો. તેણે જગલમા સત્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું અને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પાછો આવી પોતાની ગાદી સભાળી લીધી તેણે આ પ્રમાણે પરિપૂર્ણ જ્ઞાન સપાદન કર્યા પછીજ તેની ગાદી તેની હાજરીથી દેદીપ્યમાન થઇ, તે પહેલા તેવી નહોતી

ત્યારે વૈરાગ્યનો અર્થ જો "ત્યાગ" એવો ન હોય તો પછી તેનો શો અર્થ છે? આ ઘણો ગૂઢ પ્રશ્ન છે. તે બીજી વખતે ચર્ચવામા આવશે

કેટલાક લોકો કહે છે કે હિન્દુઓ માસ ખાતા નથી, કારણ કે તેઓ એમ માને છે કે પરમેશ્વર દરેક જગ્યાએ છે. હિન્દુઓ માસ ખાતા નથી, વેદાન્તીઓ માસ ખાતા નથી એ સત્ય છે, પણ તેનું કારણ એ નથી. તેનુ કારણ કાઇ બીજુ છે તેમા પ્રવેશવાને આપણને હાલ વખત નથી અન્ય વખતે થઇ રહેશે.

माया अथवा जगत क्यारे अने शा माटे ?

(૧૯૦૩ ના જાન્યુઆરીમા સૅનફ્રાન્સીસ્કોમાના ગૉલ્ડન ગેઈટ હૉલમા આપેલા ભાષણો)

ૐ ॥

માયાના શાસક, અધિષ્ઠાતા, નિયામકના રૂપમા વિરાજમાન સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,

આજ રાત્રિના વિવેચનનો વિષય માયા છે. આ વિષયને ઉપલક દૃષ્ટિના વિવેચકો વેદાન્ત–ફિલ્સુફીમાનો સૌથી નબળો વિષય ગણે છે. આજે આપણે તેમનો માનેલો આ સૌથી નબળો વિષયજ ચર્ચીશુ. જેમણે વેદાન્ત ફિલ્સુફીનો અભ્યાસ કર્યો છે, તે બધા ફિલ્સુફો અને વિચારકો એકમતે કહે છે કે જો આ માયાને રદ કરવામા આવે તો વેદાન્તમાનુ બીજુ બધુ ગ્રહણ કરવા યોગ્ય છે; અને વેદાન્તની બીજી બધી બાબતો ઘણી કુદરતી, બહુ સરળ, સ્પષ્ટ, લાભદાયક અને ઉપયોગી છે. વેદાન્તના અભ્યાસકોના રસ્તામા આ એક મોટો ઠોકર ખવરાવનારો પથ્થર અને વિઘ્ન છે. આ ઘણો મોટો વિષય છે. આ વિષયને પરિપૂર્ણ રીતે ચર્ચવાને માટે ફક્ત માયાના વિષય ઉપરજ આશરે દશ ભાષણો આપવા જોઈએ; અને તો જ આ વિષયને એટલો બધો સ્પષ્ટ અને શુદ્ધ સિદ્ધાન્તવાળો કરી શકાય કે જેથી

તેના વડે સમાધાન ન થઈ શકે એવો એક પણ પ્રશ્ન આ પૃથ્વીના તળ ઉપર કે સૂર્યમંડળમા પણ હોઈ શકે નહિ. તેના વડે બધુંજ સ્પષ્ટ કરી શકાય પણ તેને સમયની જરૂર છે. ઉતાવળીઆ શ્રોતાઓ કે વાચકો તેને પરિપૂર્ણ રીતે સમજી શકે એમ આશા રાખી શકાય નહિ.

સવાલ એ છે કે 'આ જગત શા માટે અને ક્યાથી થયું ?' અગર વેદાન્તની ભાષામાં પૂછીએ તો 'વિશ્વમા આ અજ્ઞાન શા માટે ?' તમે જાણો છો કે વેદાન્ત ઉપદેશ કરે છે કે આ જગત મિથ્યા છે, ફક્ત દેખાવરૂપ છે. અજ્ઞાન અનન્ત નથી. આ બધાં રૂપ પણ સાચાં અને અનન્ત નથી. તો સવાલ એ થાય છે કે આ માયા અથવા અજ્ઞાન કે જે આ દ્રશ્ય જગતનું અથવા માયાનુ મૂળ કારણ છે અને આ બધુ 'મ્હારૂં ત્હારૂં' આ બધા ભેદ, ને મત-ભેદનું મૂળ છે તે અજ્ઞાન, મનુષ્યના સત્યસ્વરૂપ અથવા આત્માને કેમ કરીને હઠાવી દે છે ? આ માયા અગર અજ્ઞાન આત્મા અને પરમેશ્વર કરતા શા માટે વધારે શક્તિવાળુ હોવુ જોઇએ ? એવો આ સવાલ છે.

સાધારણ ભાષામા, બીજા ફિલ્સુફો અને બ્રહ્મજ્ઞાનીઓની ભાષામા કહીએ તો આ સવાલ એવો છે કે "આ વિશ્વજ શા માટે અસ્તિત્વમાં છે ? પર મેશ્વરે જગતને શા માટે બનાવ્યુ હશે ?

વેદાન્ત કહે છે કે "નહિ, બન્ધુ નહિ ! તે સવાલ પૂછવાનો તમને હક્કજ નથી. આ સવાલનો જવાબજ નથી." વેદાન્ત ખુલ્લી રીતે કહે છે કે આ સવાલનો જવાબ નથી; અને અમે પ્રયોગથી તે નિર્ણીત કરી તમને બતાવી શકીશુ કે જ્યારે તમે સત્યના સાક્ષાત્કારમાં ઉંચી ભૂમિકા ઉપર પહોચશો ત્યારે આ જગત તમારે માટે અદૃશ્ય થશે. જેથી આ જગત શા માટે અસ્તિત્વમાં છે ? એ સવા-

લનો જવાબ આપવો અમે છોડી દઇએ છીએ. જેમ એ સવાલ પૂછવાનો તમને હક્ક નથી. તેમ એ સવાલનો જવાબ આપવાની પોતાનામા શક્તિ નથી એ વાત પણ વેદાન્ત ખુલ્લી રીતે કબૂલ કરે છે; અને અહીં બીજા બધા બ્રહ્મજ્ઞાનીઓ અને સ્વમતાગ્રહીઓ અને બધા ઉપલકીઆ ફિલ્સુફો આગળ પડીને કહે છે કે "અરે! અરે! વેદાન્ત ફિલ્સુફી અપૂર્ણ છે, અપૂર્ણ છે, અપૂર્ણ છે. જગત શા માટે અને ક્યાથી થયુ તેના ખુલાસો તો તે આપીજ શકતું નથી" પણ વેદાન્ત તેમને કહે છે કે "બન્ધુ, આ સવાલના જે જવાબો તમે પોતે આપો તે બધા તમારી મેળેજ ઘણી કાળજીપૂર્વક તપાસો; અને તેથી તમને જણાશે કે તમારા જવાબો એ બિલકુલ જવાબોજ નથી માટે તે સવાલ ઉપર વિચાર કરવો એ ફક્ત વખત અને મહેનતનો બિલકુલ દુરૂપયોગ કરવા જેવુ છે એક ઝાડીમા બીજા બે પક્ષી શોધવા જવાને ખાતર હાથમાના એક પક્ષીને છોડી દેવા જેવું તે છે તમે પેલા બે પક્ષીઓ પાસે પહોચો તે પહેલા તેઓ પણ ઉડી જશે અને તમારા હાથમાનુ પક્ષી પણ તમે ખોશો વેદાન્ત કહે છે કે બધી ફિલ્સુફીઓ અને બધા વિજ્ઞાનોએ અનુભવથી બિનઅનુભવમા વધવુ જોઇએ. ઘોડાની આગલી બાજુએ ગાડીને રાખશો નહિ બિનઅનુભવેલી વાતોથી શરૂઆત કરીને અનુભવેલી વાત ઉપર આવશો નહિ

એક નદી વહેતી હતી તે નદીના કિનારા ઉપર કેટલાક લોકો ઉભા હતા, અને નદીના મૂળ સંબધી તર્ક કરતા હતા. તેમાના એકે કહ્યુ "આ નદી ડુગરના પથ્થરમાથી, વહે છે, ડુગરોમાથી પ્રવાહના રૂપમા પાણી વહે છે અને તે આ નદીનુ કારણ છે." બીજા માણસે કહ્યુ "અરે નહિ એ વાત અસંભવિત છે. પથ્થર તો બહુ સખ્ત ને મજબૂત વસ્તુ છે અને પાણી તો પ્રવાહી ને નિર્મળ છે.

તો સખ્ત પથ્થરમાંથી નિર્મળ પાણી શી રીતે વહે ? અસંભવિત, અસંભવિત—બુદ્ધિ માની શકતી નથી કે સખ્ત પથ્થરમાંથી નિર્મળ પાણી બની શકે ! છતાં જો પથ્થરમાંથી પાણી નીકળતુંજ હોય તો આ પથ્થરનો કકડો મને લેવા દો, અને તેને નીચોવવા દો આમાંથી પાણી વહેતું નથી. તે જોતા આ નદી પેલા પર્વતમાંથી વહે છે એમ કહેવુ એ વિચિત્રજ છે. પણ સાંભળો એના સમાધાનમાં મારી પાસે ઘણી સારી કલ્પના છે અને તે એ કે "કોઇ ઠેકાણે મોટા રાક્ષસના પરસેવામાંથી આ નદી વહે છે !" અને એ માનતાં પ્રમાણ જોઇતું હોય તો આપણે દરરોજ જોઇએ છીએ કે જ્યારે મનુષ્યને પરસેવો થાય છે ત્યારે તેના શરીરમાંથી પાણી છૂટે છે. માટે અહી જે આ પાણી વહે છે, તે કોઇ પણ શરીર જેને પરસેવો થતો હોય તેમાંથી વહેતું હોવું જોઇએ. કેમ જુઓ, આ પ્રમાણ કેવુ બંધ બેસતુ છે ? આપણી બુદ્ધિ એ પ્રમાણને ગ્રહણ કરી શકે છે તે પ્રશંસનીય લાગે છે અને તે તદ્દન ખરૂ છે.

એટલામાં વળી એક બીજા માણસે કહ્યુ કે 'નહિ, નહિ, કોઇ માણસ કોઇ ઠેકાણે ઉભો રહેલો છે અને તે થૂંકે છે તેનુ આ થૂંક છે" બીજા એક માણસે કહ્યું કે "નહિ, નહિ, કોઇ માણસ ત્યાં પેસાબ કરે છે અને તેજ આ નદીનુ કારણ છે"

હવે એ લોકો કે જેમણે પોતાની એવી કલ્પનાઓનેજ વાસ્તવિક અને વ્યવહારૂ માની લીધી હોય છે તેમના આગળ ડુંગરના પથ્થરોમાંથી નદી નીકળતી હોવાની વાત કહેવામાં આવે તો તે વાત ગમે તેટલી સત્ય હોવા છતાં એવા સાધારણ બુદ્ધિના મનુષ્યો કે જેઓ કદિ પણ ડુંગરપર આવેલા નદીના મૂળ સુધી ગયા નથી અને પથ્થરમાંથી પાણી નીકળતું સાક્ષાત્ જોયુ નથી તેઓ કદિ પણ કબૂલ કરશે નહિ. અસ્તુ. તેઓ તે વાત કબૂલ કરે કે ન કરે પરંતુ તેવી

કરીને ડુંગરમાંથી નદી નીકળે છે, એ સત્ય ઘટનામાં કશોજ ફેર પડતો નથી. તેમના નાકબૂલ કરવાથી કાંઈ તે સત્ય ઘટના બનતી બંધ પડી જતી નથી. તે તો ત્રણે કાળમા એકસરખી રીતે ચાલુજ રહે છે

તેજ પ્રમાણે આ જગતના પ્રવાહનુ મૂળ અને આ જીંદગીની નદીનું મૂળ ક્યા અને શા માટે છે તે પ્રકરણ જુદા જુદા લોકોએ જૂદી જૂદી રીતે વર્ણવેલુ છે. નદીનું મૂળ, થૂકથી કે પરસેવાથી છે એમ માનનારની પેઠે તેઓ પોતાની આસપાસ હમ્મેશા જેવુ જૂએ છે તેના જેવુજ જગતનું મૂળ પણ ધારી લે છે તેઓ કહે છે કે " એક માણુસ બૂટ બનાવે છે પણ કાઇ કલ્પના અથવા નમુના સિવાય તે બૂટ બનાવી શકાય નહિ એક માણસ ઘડિયાળ બનાવે છે, પણ તે ઘડિયાળ બનાવવાની ધારણા, આકૃતિ અગર નમુના સિવાય બની શકે નહિ. એક ઘર, ઘર વિષેની કલ્પના અથવા નમુના સિવાય બની શકેજ નહિ. કેમકે તેઓ હમ્મેશા તેવુ જૂએ છે, અને તેથી કહે છે કે, આ જગત પણ બૂટ બનાવનાર કે ઘર બાંધનારના જેવા કોઇ માણસ વગર થાય નહિ, માટે જગત બનાવનાર તેવો કોઈ હોવોજ જોઇએ, અને આ ઉપરથી તેઓ કહે છે કે આકાશમાં વાદળા ઉપર તેવો મૂર્ત્તિમાન ઇશ્વર છે તેઓ બિચારાની એટલી પણ દયા આણુતા નથી કે વાદળાપર તેને સ્થાન આપવાથી તેને શરદી થઇ જશે

વેદાન્ત આ પ્રકારની કોઇ પણ કલ્પના રજુ કરતું નથી. તે તો એમ કહે છે કે મ્હારૂ કહેવું સાંભળો, તે પ્રમાણે અવલોકન કરો, પ્રયોગ કરો અને સાક્ષાત્કાર કરો એટલે તમને તરતજ સમજાશે કે જેમ નદીનું મૂળ પરસેવાથી કે થૂંકથી માનનારાની કલ્પનાઓ મિથ્યા હતી તેજ પ્રમાણે આ જગતનુ મૂળ તમે જેવું ધારો છો તેવુ નથી. વેદાન્ત કહે છે કે શબ્દોથી તો હું તમને એટલુંજ કહી શકીશ કે

પથ્થરમાંથી પાણી નીકળે છે. પછી પથ્થરમાંથી પાણી કેવી રીતે નીકળે છે તે હું તમને કહી શકુ અથવા ન પણ કહી શકું, પણ હું જાણું છું કે પથ્થરમાંથી પાણી નીકળે છે. પાકી ખાત્રી કરવાને માટે તે મૂળની જગ્યા સુધી મ્હારી પાછળ આવો; અને તમે પથ્થરમાંથી પાણી નીકળતું સાક્ષાત્ જોશો. પથ્થરમાથી પાણી કેમ નીકળે છે તે હુ તમને કહી ન શકુ તો તે માટે તમે મને ઠપકો આપશો નહિ ઠપકો આપવો હોય તો પાણીને આપો કારણ કે પથ્થરમાથી તેજ પાણી નીકળે છે. અર્થાત્ પથ્થરમાથી પાણી કેમ નીકળે છે તે તમને કહેવાને હું અશક્ત છુ, પણ તે એક પૂર્ણ સત્ય હકીકત છે અને તમે જાતે તેની ખાત્રી કરી શકો તેમ છો.

એજ દ્રષ્ટાંત પ્રમાણે સિદ્ધાતમાં વેદાન્ત કહે છે કે “ માયા અગર અજ્ઞાન શા માટે છે તે હુ કહી શકું કે ન પણ કહી શકું તો પણ તે એક સત્ય હકીકત છે. તે શા માટે થયુ તે કહેવાને હું શક્તિવાન નથી. પણ વેદાન્તનું વલણ ફક્ત પ્રયોગ ઉપર છે, તેની રીત વૈજ્ઞાનિક છે તે કોઈ સિદ્ધાન્ત સ્થાપિત કરતું નથી, તે કોઇ શાસ્ત્રનુ પ્રમાણ આગળ કરતું નથી. તે દુનયાના મૂળનો ખુલાસો આપવાની શક્તિનો પણ હક્ક ધરાવતું નથી. કેમકે બુદ્ધિ અગર સમજ-શક્તિની મર્યાદા બહારની એ બાબત છે. વેદાન્તની આ સ્થિતિ છે. જગત શા માટે દેખાય છે ? વેદાન્ત કહે છે કે તમે જૂઓ છો તેથી. શા માટે દુનિયા છે? વેદાન્ત માત્ર કહે છે કે તમે જૂઓ છો તેથી; જો તમે ન જૂઓતો દુનિયા નથી. તમે તેને જૂઓ છો તેથીજ જાણો છો કે દુનિયા છે. જોશો નહિ એટલે દુનિયા ક્યાં છે ? તમારી આંખો બંધ કરો એટલે દુનિયાનો એક પંચમાંશ ભાગ નાશ પામ્યો. દુનિયાનો જે ભાગ તમે આંખે જૂઓ છો તે હવે દેખાતો નથી. તમારા કાન બંધ કરો એટલે પાછો બીજો પંચમાંશ ભાગ નાશ પામ્યો. તમારૂં નાક બંધ

કરો એટલે વધુ એક પંચમાંશ ભાગ ગુમ થયો; તમારી ઇન્દ્રિયોના એક પણ ભાગને ગતિમાન મૂકો તો દુનિયા નથી. તમેજ દુનિયાને જૂઓ છો અને તેથી દુનિયા શા માટે છે તે તમારે જ સમજાવવું જોઇએ તમે જ તેને બનાવો છો એટલે તમારે જ તમારી જાતને જવાબ આપવો જોઇએ મને શા માટે પૂછો છો ? દુનિયા બનાવો છો તો તમેજ !

એક છોકરૂ હતું. તે નાના છોકરાએ એક નાના છોકરાની આકૃતિ–પોતાના જ પ્રતિબિંબ દર્પણમાં જોયું, પ્રથમ કોઇ બહારના માણસ તરીકે માનીને કહ્યું કે “ જો, જો, આ દર્પણમાં કોઇ એક રૂપાળું અને પ્યારૂં નાનું બાળક છે બાળકે એ ઉપરથી દર્પણમાં જોયું તો તેમાં એક પ્યારૂં નાનું છોકરૂં તેને જણાયું એ બિચારાને તો ખ્યાલ પણ ક્યાંથી આવે કે દર્પણમાં તો તેનું પોતાનું જ પ્રતિબિમ્બ દેખાય છે ! અને તેથી તે બાળક તો “ દર્પણમાં બહારનું કોઇ અજાણ્યું છોકરૂં છે ” એમજ માની લીધું એ પછી તે છોકરાની મા તેને ઘણુંએ સમજાવવા લાગી કે “ દર્પણમાંનો છોકરો એ તો ત્હારૂં જ પ્રતિબિમ્બ છે, તે કાંઈ બીજું ખરૂં છોકરૂં નથી ’ પણ છોકરો તે સત્ય વાત સમજી શકયો નહિ પછી તેની માએ એક બીજું છેટેનું દર્પણ બતાવીને કહ્યું કે “જો બાબા અહીં આ દર્પણ છે તેમાં કોઈ છોકરૂં નથી” ત્યારે તે છોકરાએ ખાત્રી કરવા માટે તે દર્પણની પાસે આવીને જોયું અને તરતજ તેણે કહ્યું કે “ મા, મા જો અહીં પણ છોકરૂં છે ! ” આ પ્રમાણે જ્યારે પણ બાળક દર્પણ પાસે જઇને ખાત્રી કરવા માગતું કે તરતજ બોલી ઉઠતું કે ‘ છોકરૂં અહીં છે ? ’ ખાત્રી કરવાને માટે દર્પણ પાસે જવાની સાથેજ આ પ્રમાણે તે દર્પણમાં પોતાનું પ્રતિબિમ્બ નાખતું હતું એના તે બિચારા અજ્ઞાન બચ્ચાને શી ખબર હોય ? ફરીથી તેની માએ દર્પણમાં ખરૂં છોકરૂં નથી એમ સમજાવવાને ઘણીએ માથાફોડ

કરી, પણ દર વખતે છોકરાએ તે વાત દર્પણમા જાતે જોઇનેજ ખાત્રી કરવા માગી અને એવી ખાત્રી કરવાની ક્રિયામાંજ છોકરો પેલા છોકરાને (પોતાને) દર્પણમાં જોતો હતો.

તેજ પ્રમાણે તમે જ્યારે આવીને કહો છો કે આ દુનિયા શા માટે, ક્યાથી અને કેવી રીતે છે ? જે પળે દુનિયાનુ મૂળ અને શા માટે તથા ક્યાથી ? એ તમે શરૂ કરો છો તેજ પળે તમે દુનિયાને ત્યાં મૂકો છો. ત્યાજ તમે દુનિયા ઉત્પન્ન કરો છો. તેથી દુનિયાનુ મૂળ અને તે ક્યાથી ? એ તમે શી રીતે જાણી શકશો ? આપણે તેનુ મૂળ શી રીતે જાણી શકીશુ ? આપણે દુનિયાથી પર એવા તેના મૂળને કેવી રીતે જાણી શકીશુ ? આપણે દુનિયાની પેલે પાર કેવી રીતે જઇ શકીશુ ? કેટલાક કહે છે કે આ જગતના પરમેશ્વરે દુનિયા બનાવી; અને તે કર્ત્તા બીજે કોઇ ઠેકાણે છે. તેઓ પોતાનુ ઘર જૂએ છે તો જેમ સમજી જાય છે કે તેને કોઇએ બનાવ્યુ હતું, તે જ પ્રમાણે તેઓ કહે છે કે આ જગત પણ કોઇએ બનાવ્યુ છે. હવે સવાલ એ રહે છે કે આ કર્ત્તા દુનિયા બનાવવા માટે કોઈ ઠેકાણે ઉભો રહેલો હોવો જોઇએ તે ક્યા ઉભો રહ્યો હશે ? જો તે કોઇ પણ ઠેકાણે ઉભો રહ્યો હોય તો, જો તેને ઉભા રહેવાની જગ્યા હોય તો, પછી તે ઠેકાણે જગત હોવુંજ જોઇએ; અને તે જોતા તો તેણે જગત બનાવ્યુ તે પહેલા પણ તે ક્યારનુંએ હતુ જ, કારણ કે તે ઉભા રહેવાની જગ્યા પણ જગતમાંજ કોઇ ઠેકાણે હોવી જોઇએ. તમે જાણો છો કે જ્યારે તેણે જગત બનાવ્યુ ત્યારે તે કોઇ ઠેકાણે ઉભો હતો; અને જ્યાં તે ઉભો રહે છે એ આરામની જગ્યા તે પણ જગત અથવા જગતનો ભાગજ છે. અને તેથી જગતને તેણે બનાવ્યુ તે પહેલાં પણ અસ્તિત્વમા તો તે હતુજ જગત ક્યારથી શરૂ થયુ એ તપાસવાનુ તમે શરૂ કરો છો ત્યારે, ક્યારે, ક્યાંથી અને

શા માટેનો વિચાર એક બાજુએ, અને બીજી બાજુએ જગત હોવાનો વિચાર, એ પ્રમાણે બે વિચાર જૂદા પાડવાની ઇચ્છા કરો છો. તો શા માટે, ક્યાંથી અને ક્યારે એ શબ્દો અને કાળ, દેશ, કારણનો વિચાર, એ બધું પણ શુ જગતનોજ એક ભાગ નથી ? શુ તે વસ્તુઓ પણ જગતમાનીજ નથી ? ખરેખર તે જગતમાંનીજ છે. હવે ધ્યાન આપો કે આખુ જગત શાથી અને ક્યાંથી ઉત્પન્ન થયુ છે ? એ જાણવાની તમારી મરજી છે. શાથી, ક્યારે અને ક્યાંથી, એ આ સવાલનું મધ્યબિંદુ છે, તે પણ ધ્યાનમાં રાખો. આ કાળ, સ્થિતિ અને કારણ, એ બધા જ આ જગતમાનાજ છે. તમે જાણો છો કે તે કાંઇ આ જગતની બહારની વસ્તુઓ નથી જે પળે જગત કયારે શરૂ થયું તે પૂછવાનું તમે શરૂ કરો છો તે જ પળે એક બાજુએ જગતનો અને બીજી બાજુએ ક્યારેનો વિચાર છે. ત્યા તમે જગતને જગત જ પહેલા રાખો છો આ સમજવાનું ઘણું ગૂઢ અને અઘરૂં છે જેથી તમે કૃપા કરી લક્ષપૂર્વક ઘણી જ બારિકીથી ધ્યાન આપજો.

જગત ક્યારે શરૂ થયુ ? એ પ્રશ્ન કરીને તમે જગતને જગતથી લઇ લેવા માગો છો. ક્યારે શરૂ થયુ ? એ વિચાર પણ જગતમાની જ એક વસ્તુ હોવા છતા તેને તમે જગતથી જુદી પાડવા માગો છો. ક્યારે અને શા માટે, એ પ્રશ્નવડે તમે જગતનો અંદાજ કહાડવા માગો છો ? પણ તમે જાણો છો કે " ક્યારે અને શા માટે " એ શબ્દો જાતે જ જગત છે. એ પ્રશ્નવડે તમે જે વખતે જગતની પેલે પાર કૂદી જવા ઇચ્છો છો તેજ વખતે તમે જગતને મૂકો છો.

દૃષ્ટાંત તરીકે એક પરીક્ષક નિશાળમાં આવ્યો, અને તેણે છોકરાંઓને એવો સવાલ પૂછ્યો કે " જો એક ચાકના કડકાને હવામાં પડવા દેવામા આવે તો તે પૃથ્વી ઉપર ક્યારે પહોચશે ? " એક છોકરે જવાબ આપ્યો: " આટલી સેકન્ડમા. " " જો એક પથ્થરના

કડકાને અમુક ઉંચાઇથી પડવા દેવામાં આવે તો તે કેટલા વખતમાં નીચે પડશે ?" છોકરે જવાબ દીધો: "આટલા વખતમાં" પછી પરીક્ષકે એક આટીવાળો સવાલ પૂછયો કે "જો આ જગત પડે તો કેટલા વખતમા પડશે ? તેને પડતાં કેટલી વાર લાગશે ?" બધા છોકરા આ પ્રશ્નથી ગુચવાયા પણ એક ચાલાક છોકરે જવાબ આપ્યો કે "જગત ક્યા પડશે ? પહેલા મને એ બતાવો કે જગત કયાં પડશે ?"

તેજ પ્રમાણે આપણે પણ સવાલ પૂછીએ કે "આ દીવો ક્યારે સળગાવ્યો હતો ? ઘર ક્યારે બાંધ્યુ હતું ? આ માળ ક્યારે જડયો હતો ?" વગેરે. પણ જ્યારે આપણે એવો સવાલ પૂછીએ કે "જગત ક્યારે બનાવ્યુ હતું ? સૃષ્ટિ ક્યારે બનાવી હતી ?" ત્યારે "જગત ક્યારે પડશે ?" એના જેવોજ આટીવાળો એ સવાલ બને છે. શા માટે, ક્યારે અને ક્યાથી એ સવાલ પોતેજ આ જગતના ભાગ છે; અને જ્યારે પણ આપણે જગત શા માટે, કયાથી અને કયારે એ વિષે બોલીએ છીએ, ત્યારે તર્કાભાસ અને કુડાળા જેવીજ દલીલ કરીએ છીએ તમે તમારા પોતાનામાથી બહાર કૂદી પડી શકશો ? ના. તેજ પ્રમાણે શા માટે, ક્યાં અને કયાથી, એ શબ્દો પણ આ જગત અથવા જગતનો ભાગ જ હોવાથી તેનાવડે જગતનો અથવા વિશ્વનો ખુલાસો કદિ પણ થઇ શકશે નહિ. વેદાન્ત પણ તેજ કહે છે.

હવે એ વાત બીજી રીતે સમજાવાશે.

અહીં એક માણસ ઉંઘેલો છે; અને પોતાની ઉંઘમાં બધી જાતના પદાર્થ જૂએ છે. જો કે એમાં સ્વપ્નનો કર્ત્તા, મને કહેવા દો કે સ્વપ્નનો ભ્રમિત કર્ત્તા અને જંગલો, નદીઓ, પર્વતો તે સ્વપ્નની બીજી વસ્તુઓરૂપી કાર્ય ગઇ રાત્રે તમને સમજાવ્યું હતું તે પ્રમાણે તે પોતેજ છે. દર્પણમાં દેખાતા પેલા બાળકની પેઠે કર્તા અને કાર્ય બન્ને એકી સમયેજ દેખાવ આપે છે. હવે એ સ્વપ્નનો કર્તા-સ્વપ્નમાં મુસાફરી

કરનાર મનુષ્ય કહી શકશે કે આ નદીઓ, પર્વતો, સરોવરો અને બીજા દેખાતા દેખાવો ક્યારે અસ્તિત્વમા આવ્યા ? જ્યા સુધી તમે સ્વપ્નમાં છો ત્યા સુધી તમે કહી શકશો કે આ પદાર્થો ક્યારે થયા ? નહિ, કદાપિ નહિ નદીઓ, ખીણો, પર્વતો અને જમીનના બીજા દેખાવો જ્યા સુધી તમે સ્વપ્નમા છો ત્યા સુધી કાયમનાજ દેખાશે. આ બધું તમને કુદરતી હોય, જાણે તે આદિથીજ અસ્તિત્વમા હોય એમ જણાશે. સ્વપ્નના કર્તા પોતેજ હોવા છતા તમે કદિ પણ કલ્પી નહિ શકો કે, અમુક વખતે અને સ્થળેજ તમે સ્વપ્ન શરૂ કર્યું હતું. તમે તેને ખરૂજ જાણશો અને આ બધી ખીણો નદીઓ, જમીનના દેખાવો, અનાદિ કાળથી છે એમજ તમને જણાશે તેનુ ખરૂ મૂળ સ્વપ્નનીજ અવસ્થામા રહીને શોધવાથી તમે જાણી શકશો નહિ. જ્યા સુધી સ્વપ્નાવસ્થામા છો ત્યા સુધી સ્વપ્ન શા માટે, ક્યારે અને ક્યાથી થયુ એ કદિ પણ જાણી શકશો નહિ પણ હા, એ જાણવાનો ઉપાય–ખરામા ખરો, એકનો એક ઉપાય છે ખરો, અને તે એ જ કે સ્વપ્નમાથી જાગૃત થવુ તમે જાગૃત થશો કે એ બધુજ જતું રહેશે–બધુજ નાશ પામશે સ્વપ્નનુ કાર્ય, કર્તા, કે ક્યાથી, ક્યારે ને કેમ એ પ્રશ્નોમાનુ કશુજ પછી રહેશે નહિ

એ સ્વપ્નનીજ પેઠે આ જગતના સર્વ પદાર્થ તમે જૂઓ છો, જે તમને ખરા જણાય છે અને સ્વપ્નમા જેમ અત જણાતો નથી તેમ આનો પણ તમને અત નહિ જણાય. એ જગતરૂપ સ્વપ્ન ક્યારે શરૂ થયુ તે તમે જાણી શકશો નહિ, નહિ, અને નહિજ. શુ તમે કહી શકશો કે કાળ ક્યારે શરૂ થયો ? આ પરસ્પર વિરોધ કાન્ટે પણ બતાવ્યો છે. કાળ ક્યારે શરૂ થયો ? જ્યારે તમે અમુક વખતે કાળ શરૂ થયો એમ કહો છો તે જ વખતે કાળ શરૂ થયો. તે જ વખતે તમે કાળ મૂકો છો. આ સવાલ જ

અશક્ય-નિરર્થક છે. આકાશ કયે ઠેકાણેથી શરૂ થયુ ? એ સવાલ પણ એવો જ અશક્ય છે. જે જગ્યાથી આકાશ શરૂ થયુ, તમે કલ્પશો તેની પેલેપાર પણ તમે આકાશ હોવાનુ માનશો તો જ તમે એક કલ્પના મનમા આણી શકશો અમુક ઠેકાણે આકાશ નહોતું ત્યાથી તેની શરૂઆત થઈ એમ વિચારવા જતા જ એ નહિ હોવાના ઠેકાણાને આકાશ બનાવી દોછો. કેમકે ઠેકાણું એ પોતે આકાશમાજ હોઇ શકે—આકાશ પોતે જ છે એ તમે જાણો છો આ સવાલ અસભવિત છે. અને એજ પ્રમાણે કારણની સકલના ક્યાથી શુ કારણથી શરૂ થઇ ? એ સવાલ પણ અસભવિત છે અરે ! જો તમે કારણની સકલનાની કોઇ શરૂઆત બતાવશો તો તેમા તમે જોશો કે આ તમારો વિચાર પોતે જ કારણરૂપ છે તે તમારી પેલે પાર જાય છે અને તેથી જવાબ ન આપી શકાય તેવો એ સવાલ છે આ બાજુ કે પેલી બાજુના કોઇ પણ સમયે કાળનો અત—છેડો—નથી આ અથવા પેલી બાજુ કોઇ પણ સ્થળે આકાશનો છેડો નથી, અને આ કે પેલી બાજુ કોઇ પણ કારણસર કારણનો પણ અત નથી શૅાપનહોર આ વાત સિદ્ધ કરે છે હર્બર્ટ આ વાત સિદ્ધ કરે છે દરેક વિચારક તમને એજ વાત કહી શકશે કે એનો અન્ત નથી ! અન્ત નથી ! અન્ત નથી. જ્યાં સુધી તમે સ્વપ્નમાં પડ્યા પડયા જૂઓ છો ત્યા સુધી સ્વપ્નની શરૂઆત કે અતનો સમય, સ્થળ કે કારણનો એજ અવસ્થામા કદિ પણ છેડોજ નથી.

એજ પ્રમાણે જાગૃતાવસ્થામા પણ છે જે લોકો આ સવાલનો જવાબ ઉપલક રીતે આપે છે તે પોતાનો માર્ગ ભૂલે છે અને પોતે છેડા વિનાના ગોળ કુડાળામા હોવા છતા એ કુડાળામાથીજ કુડાળાનો છેડો શોધવા મથે છે ! અને પછી તે બિચારાઓ પોતાની મેળેજ ગુચવાઇ પડે છે ! ! આ પ્રમાણે આવા

પ્રશ્નોના બીજા જે કંઈ ઉત્તરો અપાતા હોય તે બધાજ પેલા નદીનું મૂળ, થૂંક અને પરસેવામાંથી બતાવનારા મહા બુદ્ધિશાળી (!) ફિલ્સુફોના ઉત્તરો જેવાજ અશક્ય અને અસત્ય છે. બસ માત્ર જ્યારે એ સ્વપ્નાવસ્થાનો કર્તા પોતે જાગે છે ત્યારેજ ખરો સિદ્ધાન્ત સિદ્ધ થાય છે સ્વપ્નાવસ્થાનો કર્તા ત્યારે કહે છે કે 'અરે, આ સ્વપ્ન કે તેમાનો દેશકાળ કે પદાર્થ એમાંનુ કશુંજ નહોતું ! અત્યાર સુધી તે બધુ સાચુ લાગતું હતું એ સાચુ લાગવાપણું મિથ્યા—ખોટું જ હતું ! એજ પ્રમાણે વેદાન્ત પણ દરેકને કહે છે કે તે પરિપૂર્ણ મોક્ષની સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી તે સત્યના સાક્ષાત્કારરૂપી જાગૃતિમા આવ્યા પછી તમે જોશો કે આ બધું જગત માત્ર ફારસ—ભ્રમણાજ હતી અને તે સિવાય બીજુ કાંઇજ નહોતું !

માયાનો આ સવાલ આ પ્રમાણે પણ મૂકાય છે. "જો માણુસ પરમેશ્વર હોય તો તે પોતાનો ખરો—મૂળ સ્વભાવ શા માટે ભૂલી ગએલા હોવા જોઇએ ?" વેદાન્ત એનો જવાબ દે છે કે "તમારા માનો સત્ય ઇશ્વર તેનું ખરૂ સ્વરૂપ કદિ પણ ભૂલ્યોજ નથી ! જો તમારામાનો સત્ય ઈશ્વર તેનો ખરો સ્વભાવ ભૂલી ગયો હોત તો તે આટલા વખત સુધી આ વિશ્વને નિયમમા રાખતો નહોત, તેનાપર સત્તા ચલાવતો—રાજ્ય કરતો ન જ હોત. સત્ય ઈશ્વર પોતાને કદિ પણ, જરા પણ ભૂલી ગયો નથી. હજુએ તે આ વિશ્વ ઉપર સત્તા ચલાવે છે, તેને નિયમમાં રાખે છે અને તેનાપર રાજ્ય કરે છે. પણ ત્યારે પૂછવામાં આવશે કે કોણ ભૂલી ગયું છે ? ઉત્તર એજ કે કોઇ નહિ. કોઇએ ભૂલી ગયું નથી ! એ બધુ સ્વપ્ન જેવુંજ છે ! સ્વપ્નમા જ્યારે તમે જુદી જુદી જાતના પદાર્થો જૂઓ છો ત્યારે ખરૂં જોતાં તે પદાર્થો તમે જોતાજ નથી. એ પદાર્થોના જોનાર તમે પોતે નહિ પણ સ્વપ્નાવસ્થાનો કર્તાજ તેને જૂએ છે; અને એ કર્તા પોતે પણ સ્વપ્નાવસ્થાના બીજા પદાર્થોની

સાથેજ ઉત્પન્ન થએલો છે. અને તેનેજ તે બધું જણાય છે! તેનેજ આ બધા દેખાવો દેખાય છે! સ્વપ્નની એ ખીણો, એ પર્વતો; અને એ નદીઓમા એ સ્વપ્નવાળો કર્ત્તાજ રહે છે, જાગૃતવાળો નહિજ; અને એ પ્રમાણે ખરૂ સ્વરૂપ, ખરો આત્મા, ખરો પરમેશ્વર કદિએ કશુ પણ ભૂલ્યોજ નથી! મિથ્યા સ્વપણા (ego) નો વિચાર એ તો માત્ર માયાનીજ બનાવટ છે; અને સ્વપ્નના મિથ્યા પદાર્થો અને તેના મિથ્યા જોનારની પેઠે આ જાગૃતાવસ્થાનુ જગત અને તેનો જોનાર, એ બધુ પણ એક જાતની ભ્રમણાજ છે! ખરૂ સ્વરૂપ તો કાંઈ પોતાને ભૂલ્યુજ નથી તમે કહો છો કે "શા માટે, પરમેશ્વર પોતે પોતાના સ્વરૂપને મનુષ્યના રૂપમા, નાના અભિમાની જીવના સ્વરૂપમા ભૂલ્યો?" ત્યારે વેદાન્ત કહે છે કે જેમ તર્કવાદીઓ કુંડાળા-માથી તેનો છેડો મેળવવાની બાબતને વિરોધાભાસ (circulus in Probando) કહે છે, અશક્ય કહે છે, મૂર્ખતાભરી કહે છે તેવોજ આ તમારો સવાલ છે? ભલા એટલુ તો કહો કે આ સવાલ તમે કોને પૂછો છો? તમે આ સવાલ સ્વપ્નાવસ્થાના કર્ત્તાને કે જાગૃતાવસ્થાના કર્ત્તાને પૂછો છો? સ્વપ્નાવસ્થાના કર્ત્તાને તો તમારે આ સવાલ પૂછવોજ ન જોઇએ કારણ કે સ્વપ્નાવસ્થાનો કર્ત્તા પણ કશુ ભૂલ્યો નથી. તે તો બિચારો સ્વપ્નના પદાર્થોની પેઠેજ, તે પદાર્થોની સાથેજ ઉત્પન્ન થએલો હોઇ તે પદાર્થોના જેવોજ—તે પદાર્થો—રૂપજ છે! અને એજ પ્રમાણે જાગૃતાવસ્થાના ખરા કર્ત્તાને પણ એ સવાલ તમે પૂછી શકો નહિ! કોણ સવાલ પૂછશે? તમે જાણો છો કે સ્વપ્નાવસ્થામા સવાલ પૂછનાર પણ સ્વપ્નમાનો જ હોવો જોઇએ! અને જ્યારે સ્વપ્નાવસ્થાનો કર્ત્તા ખસી ગયો ત્યારે પછી એ સવાલ કોણ અને કોને પૂછશે? સવાલ અને જવાબ રૂપી દ્વૈતનો વ્યવહાર તો એ માયીક સ્વપ્ન જ્યાં સુધી પહોચે છે ત્યાં સુધી જ શક્ય છે;

અને તેથી ફક્ત સ્વપ્નાવસ્થાના કર્તાનેજ તમે આ સવાલ પૂછી શકો. જાગૃતાવસ્થાનો કર્તા કઇ તેને માટે જવાબદાર ઠરતો નથી. સ્વપ્નાવસ્થાના કર્તાને દૂર કરવા દો; અને બધો દેખાવ—હું કહું છું કે 'આખું સ્વપ્ન જગત નાશ પામશે' અને સવાલ પૂછનાર પણ કોઇ રહેશે નહિ. પછી કોણ કોને અને શું પૂછશે ?

નદીમા એક માણસ હોડી હાકી રહ્યો છે એવું આ એક ચિત્ર છે તે તમે જુઓ. હવે એ ચિત્રમાં આલેખેલી એ હોડીને જ્યા સુધી ખરી માનવામા આવે ત્યા સુધીજ એ હોડીનો હાકનાર માણુસ ખરો કહી શકાશે. હોડી જે ભાવમા હોડી છે તેજ ભાવમા તેનો માલિક એ માલિક છે. ખરૂ જોતા તો એ સ્થળે હોડી પણ ખરી નથી ને તેનો માલિક પણ ખરો નથી. બન્નેજ મિથ્યા છે. પણ જ્યારે આપણે બાળકને બતાવીએ છીએ કે "અહીં આવ, અહીં આવ, જો આ હોડીનો માલિક કેવો સુદર છે ?" ત્યારે હોડી કરતા હોડીનો માલિક વધારે સાચો છે એમ કહેવાનો આપણને હક્ક નથી. બન્ને એક સરખા જ છે.

એવીજ રીતે વેદાન્ત પ્રમાણે હોડીરૂપી આ જગત અને તેનો કર્તા તથા નિયમમા રાખનાર, માલિકરૂપી પરમેશ્વર એ બન્ને વચ્ચેનો સબધ છે ! અર્થાત્ હોડી અને હોડીના હાકનાર વચ્ચે જે સબધ અને સમાનતા રહ્યા છે તેવોજ સબધ અને સમાનતા આ વિશ્વ અને તેના સ્વામી ઇશ્વર વચ્ચે રહેલા છે. જ્યાં સુધી હોડી છે ત્યાં સુધીજ હોડી હાકનાર પણ છે. અને જે સમયે હોડીના મિથ્યાપણાનો તમે સાક્ષાત્કાર કરો છો, તેજ સમયે હોડીવાળો પણ નાશ પામે છે.

એજ પ્રમાણે નિયમમા રાખનાર, અને બનાવનારની કલ્પના પણ જ્યા સુધી જગત તમને ખરૂ દેખાય છે ત્યા સુધીજ ખરી છે. જગતનો વિચાર જવા શે તો તેની સાથે તેના કર્તાની કલ્પના

પણ નાશ પામશે. પેદા કરનારનો વિચારજ શા માટે, ક્યારે અને ક્યાંથી એ પ્રશ્નોની ઉત્પત્તિ કરે છે; માટે ધ્યાનમા રાખો કે જગત શા માટે ક્યારે અને ક્યાંથી થયુ ? એ સવાલ પણ હોડી અને હોડી હાંકનારના જેવોજ મિથ્યા છે. હોડી, તેનો હાકનાર અને તે હોડીની રચનાનુ કારણ તથા સમય જાણવા ઇચ્છનારો સવાલ એ સર્વ એકજ પ્રકારના અને એકજ કિમ્મતના છે. એ સર્વે ભ્રમણાજ છે. શા માટે, ક્યારે અને ક્યાથી, એ સવાલજ આ જગત પોતે છે, અને જગતરૂપ હોડીનો હાંકનાર પણ તે સવાલજ છે. જ્યારે તમે આ જાગૃતરૂપી દીર્ઘ સ્વપ્નમાથી તમારા આત્મસ્વરૂપની સત્ય અવસ્થામા જાગૃત થાઓ છો, જ્યારે તમને એ અવસ્થાનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે આ આખુ જગત પડદા ઉપર હોડીના ચિત્ર જેવુજ જણાય છે, અને શા માટે, ક્યારે અને ક્યાથી ? એ સવાલ—કે જે સવાલ પોતેજ હોડીનો હાકનાર અથવા હોડીવાળો હતો; તે પણ નાશ પામે છે ખરી રીતે તો હોડી કે હાંકનાર કશુજ નહિ હોવાથી તે શા માટે, ક્યારે અને ક્યાથી ? એ સવાલ પણ છેજ નહિ. વસ્તુતઃ જે કઇ છે તેનો આ કાળ, આકાશ અને કારણની પેલે પાર છે. લોકો કહે છે કે જગત એક મૂર્તિમાન કર્ત્તાને આધારે છે વેદાન્ત કહે છે કે નેતિ, નેતિ. આ સવાલ અશકય છે. આ સવાલનો જવાબ નથી.

બીજો એક માણસ કહે છે કે "પરમેશ્વરે પોતે પોતાના મોહમાં પડીને દરપણના ઘર જેવુ આ જગત બનાવ્યુ, અને આ બધા રૂપોમાં તેણે પોતાનુ સ્વરૂપ જેવા ઇચ્છયુ તેથી તેણે આ જગત બનાવ્યુ." વેદાન્ત કહે છે 'નેતિ,' આવો સિદ્ધાન્ત અહીં મૂકવાનો તમને હક્ક નથી.

બીજો એક માણસ આવે છે અને કહે છે—જગત આટલાં વર્ષો ઉપર બનાવ્યુ હતું. વેદાન્ત કહે છે કે 'નેતિ,' 'માયા,' તે નહિ 'માયા'નો ખરો અર્થ એ છે કે 'મા' એટલે 'નહિ' અને 'યા',

એટલે 'તે.' અર્થાત્ "તે નહિ." જે વસ્તુ ખરી રીતે હોય નહિ તે છતા હોય એમ ભાસે એનુ નામજ 'માયા' છે. એ એક એવી બાબત છે કે જેનુ તમે વર્ણનજ કરી શકો નહિ હવે સવાલ એ છે કે જગત ખરૂ છે? વેદાન્ત કહે છે નેતિ, માયા, તે નહિ. તમે તેને ખરૂ કહી શકશો નહિ શા માટે નહિ? કારણ કે સત્ય એટલે "જે વધ્યા ઘટયા વિના એક સરખી રીતે સદાકાળ કાયમ રહે તે." જે ભૂતકાળમા, વર્તમાનકાળમા અને ભવિષ્યકાળમા એક—રસજ રહે છે તેનુજ નામ "સત્ય" છે. જગત સર્વકાળમા એક—રસ રહે છે? નહિજ. અને તેથી તે સત્યની વ્યાખ્યામા આવતું નથી. સુષુપ્તિ અવસ્થામાં જે દેખાતું નથી તેમ તમારી સાક્ષાત્કારની સ્થિતિમા, પરિપૂર્ણ સ્થિતિમા અથવા મોક્ષમા પણ તે દેખાતું નથી. તેથી તે સર્વકાળમા નથી. અને તેથી તે સત્ય છે એમ કહેવાનો તમને હક નથી પણ હવે પાછો પ્રશ્ન થશે કે શુ ત્યારે આ જગત અસત્ય છે? વેદાન્ત કહે છે કે નેતિ, તે નહિ, માયા. અહીં તમને લાગશે કે આ કહેવુ તો બહુજ વિચિત્ર છે! શુ આ જગત અસત્ય પણ નથી? વેદાન્ત કહે છે કે "ના, તે અસત્ય પણ નથી." કારણ કે "અસત્ય એટલે જે કોઇ પણ કાળમાં ન હોય તે." દાખલા તરીકે "મનુષ્ય શૃંગ" અથવા "વંઝાપુત્ર." તમે માણસને કદિ પશુના જેવા શિંગડા જોયા છે? અથવા શુ પુત્ર-વાળી વંઝાઓ હોઇ શકે? કદિ નહિ. આ પ્રમાણે જે વસ્તુ કોઇ પણ સમયે દેખાય નહિ તેને વેદાન્તમા "અસત્ય" કહે છે; અને તે નિયમ પ્રમાણે જગત અસત્ય નથી. કારણ તે તમને હાલ જણાય છે, તેથી તેને અસત્ય કહેવાનો પણ તમને હક નથી. ત્યારે શુ જગત થોડુ સત્ય છે અને થોડુ અસત્ય છે? વેદાન્ત કહે છે માયા, નેતિ, તે પણ નહિ. અસત્ય અને સત્ય ભેગા રહી શકેજ નહિ. આ સવાલોના જવાબોને "વેદાન્તનો માયાવાદ" કહે છે. એ વાદને "અનિર્વચનીય"

અને "મિથ્યા" એ નામથી પણ કહે છે. એ શબ્દો તમારા 'Mythology' શબ્દના જેવા છે. તેનો અર્થ જેને આપણે સત્ય પણ ન કહી શકીએ અને અસત્ય પણ ન કહી શકીએ 'એવુ કઈક' એવો છે.

નાસ્તિકો કહે છે કે પરમેશ્વર નથી? વેદાન્ત કહે છે કે, નેતિ, માયા, તમે મોટા છો પરમેશ્વર નથી એમ કહેવાને તમારી પાસે દલીલ નથી

કેટલાકો કહે છે કે મૂર્તિમાન પરમેશ્વર છે વેદાન્ત કહે છે નેતિ, તે નહિ આ પ્રમાણે કહેવાને તમને હક્ક નથી. વેદાન્ત કહે છે કે આ એક એવો પ્રદેશ છે જેમા તમારે પેસવુ જોઇએજ નહિ ! આ એક એવો પ્રદેશ છે કે જેમા તમે તમારી બુદ્ધિ ચલાવી શકો નહિ. તમારી બુદ્ધિને આ જગતમા બીજુ પુષ્કળ કામ કરવાનુ છે તેને તો ત્યાજ કામ કરવા દો "સીઝરને કરવા યોગ્ય હોય તે સીઝરને સોપો અને પરમેશ્વરને કરવા યોગ્ય હોય તે પરમેશ્વરને સોપો." સ્થૂલ ભૂમિમા, અનુભવી દુનિયામા તમારી બુદ્ધિને માટે પુરતું કામ છે, પણ આધ્યાત્મિક જગતમા તો તમારે એક રસ્તે-માત્ર એકજ રસ્તે થઇને આવવાનુ છે અને તે રસ્તો સાક્ષાત્કારનો છે, તે રસ્તો સ્નેહનો, લાગણીઓનો, શ્રદ્ધાનો નહિ પણ સાક્ષાત્ જ્ઞાનનો છે. એ આશ્ચર્યકારક જ્ઞાન એ વિચિત્ર ઈશ્વરી જ્ઞાનરૂપી ખરે રસ્તે થઇને જ્યારે તમે આ પ્રદેશમાં પ્રવેશો છો ત્યારે બધાજ સવાલ બધ થાય છે, બધા સિદ્ધાન્ત સિદ્ધ થાય છે **સામ**વેદના કેન ઉપનિષદ્માં એક પેરેગ્રાફ છે જેનો ભાવાર્થ નીચેના જેવો છે

"હુ કહી શકતો નથી કે તે હુ જાણું છુ, તેમ હુ એમ પણ કહી શકતો નથી કે તે હું જાણતો નથી. તે જાણવા અને ન જાણવાથી પર છે." અને હાલના વિચારકો કહે છે તે પણ બરાબર આવુજ છે. **હર્બર્ટ સ્પેન્સર** પોતાના પ્રથમ સિદ્ધાન્તમા આવાજ નિર્ણય ઉપર

આવ્યો છે. "ન જાણી શકાય તેવો" એવા પ્રથમ સિદ્ધાન્તના પહેલા ભાગમાં, વેદાન્ત જેવા નિર્ણય ઉપર આવે છે તેવાજ નિર્ણય ઉપર તે આવે છે તેણે જે કહ્યુ છે તે બધુજ 'રામ'ને તમારી પાસે વાંચવાની જરૂર નથી, પણ એક નાનો ફકરો વાચી શકાય. "કોઈ એવો સિદ્ધાન્ત હોવો જોઇએ કે જે સિદ્ધાંત પોતેજ સર્વ વિજ્ઞાનનો પાયો હોવાથી વિજ્ઞાનથી તે સિદ્ધ થઇ શકે નહિ. બધા દલીલવાળા નિર્ણયો-પછી તે ગમે તે વિષયના હોય તોપણ પ્રત્યક્ષ પ્રમાણ ઉપર જ તે આધાર રાખતા હોવા જોઇએ. પણ એક જગ્યા એવી હોવી જોઇએ કે જ્યા આપણે પહોચી શકીએ નહિ જ્યાં પહોચવાને બુદ્ધિ હિમ્મત ધરી શકે નાહ."

આ સિદ્ધાત-આ મુદ્દા ઉપર બધા ફિલ્સુફોને આને આ જ મતલબનુ કાઇંક કહેવાનુ હોય છે. હવે લક્ષ આપો. જ્યારે લોકો પરમેશ્વરને હેતુનુ આરોપણ કરે છે, જ્યારે તેઓ કહે છે કે 'પરમેશ્વરે આ બનાવેલુ હોવુ જોઇએ, પરમેશ્વરને દયા હોવી જોઇએ, પરમેશ્વરને પ્રેમ હોવો જોઇએ, પરમેશ્વરને ભલાઈ હોવી જોઇએ, ત્યારે તેઓ કેવો તર્કાભાસ કરે છે? ધ્યાન આપો. તમે એકજ વખતે પરમેશ્વરને અનન્ત અને અન્તન્તવાળો કહો છો. એક વખતે તમે કહો છો કે તે અનન્ત છે અને બીજી વખતે તમે કહો છો કે "અરે, તેનામાં આ ગુણ છે અને પેલો ગુણ છે" પણ જ્યારે તમે કહો છો કે તે ભલો છે, તે ભુડો નથી ત્યારે ઉલટો તે મર્યાદિત થાય છે. જ્યાં ભુંડાશ છે ત્યા ભલાશ નથી. જ્યારે તમે કહો છો કે તે સ્રષ્ટા છે, તે પ્રાણી નથી ત્યારે પણ તમે તેની મર્યાદા બાધો છો. ત્યા તમે એવી એક જગ્યા બતાવો છો કે જ્યા તે નથી; અને વળી જ્યારે તમે કહો છો કે પરમેશ્વરે દુનિયાને આ અને પેલા પદાર્થ માટે બનાવી, ત્યારે તમે, જેમ કોઈ માણસ ન્યાયાધીશ આગળ આવીને પોતાના કામનો

હિસાબ બતાવતો હોય તેમ તે માણુસના જેવું પરમેશ્વરને રૂપ આપો છો. એ પ્રમાણે જ્યારે તમે પરમેશ્વરને કોઇ પણ વસ્તુ માટે જવાબદાર ગણો છો અથવા જ્યારે તમે પરમેશ્વરની ઉપર અમુક હેતુ, કલ્પના, અને રચનાનુ આરોપણ કરો છો ત્યારે જાણે તમે પોતે પોતાને ન્યાયાધીશ અથવા જજ બનાવો છો; અને પરમેશ્વરને તમારી પાસે પોતાના કામનો હિસાબ આપવા આવ્યો હોય તેવો બનાવો છો; અને તેની મર્યાદા બાધો છો. વેદાન્ત કહે છે કે પરમેશ્વરને તમારી ન્યાયસભા આગળ લાવવાનો તમને કશો હક્ક નથી; અને તેમ તમે કદિ પણ કરી શકનારજ નથી. માટે આ સવાલ છોડી દો. આ સવાલ ગેરકાયદેસર છે.

"વેદાન્ત" એ શબ્દનો અર્થ કઇ અમુક વ્યક્તિએ કહેલો ધર્મ એવો નથી. મેહોમેદન શબ્દ મહમ્મદના નામ ઉપર આધાર રાખે છે. મહમ્મદે જે જે કર્યું હોય અગર કહ્યું હોય તે બધુ મેહોમેદને માનવું જ જોઇએ. ક્રિશ્ચિયાનિટી શબ્દનો અર્થ ક્રાઇસ્ટની ગુલામી છે; અને બુદ્ધિઝમ શબ્દ બુદ્ધની ગુલામી છે. વેદાન્ત શબ્દ એ પ્રમાણે કોઇ અમુક વ્યક્તિની અગર વ્યષ્ટિની ગુલામીના અર્થવાળો નથી. વેદાન્ત શબ્દનો અર્થ તો "જ્ઞાનનો અન્ત, છેડો, પરાકાષ્ટા, અથવા લક્ષ" એવો છે વેદાન્ત શબ્દનો અર્થ સત્ય છે; અને તેથી તેમા બિલકુલ મતાધપણુ નથી. તે સાર્વજનિક છે. તે નામ તમને અપરિચિત છે તેથી તેને માટે કાઇ પણ વ્હેમ રાખશો નહિ. હિન્દુઓએ જે પ્રમાણે તેનો પ્રત્યક્ષ અનુભવ લીધો છે અને ઉપદેશ કર્યો છે તે પ્રમાણે તમે પણ કરી શકશો. તમે જાણો છો કે બધા સત્યો પછી તે જર્મની કે અમેરિકામા, કે જ્યાં પણ શોધાય ત્યા એકજ નિર્ણય ઉપર આવે છે. મનુષ્ય કોઇ પણ સ્થળે ઉભો રહીને સૂર્ય સામુ જૂએ છે ત્યાંથી તેને તે તેજસ્વી અને પ્રકાશમાન દેખાય છે. એ પ્રમાણે જે કોઈ મનુષ્ય

પોતાના વહેમરૂપી પડદાઓને દૂર મૂકી સ્વતંત્રપણે તેના તરફ જોશે તે ગમે તે દેશ કે જાતિને હોવા છતાં એકસરખોજ તેનો પ્રકાશ મેળવીને તેના નિર્ણયો સાથે મળતો આવશે જો તમે બધી શંકાઓ, અનુરાગો અને અગમચેતીઓ દૂર કરી સ્વતંત્રરીતે અને ખુલ્લીરીતે આ સવાલને તપાસો તો આ સર્વ નિર્ણયો–વેદાન્તના આ સર્વ સિદ્ધાંતો, દલીલો અને પરિણામો એ સર્વ તમારા પોતાના જ બનશે. પોતાનાજ છે એમ અનુભવાશે.

હવે 'રામ' હિંદુઓની રીત પ્રમાણે માયાનો આ સિદ્ધાંત તમને સમજાવશે. હિંદુઓએ તેનું કેવી રીતે વર્ણન કરેલું છે? હિંદુઓના પ્રાચીન શાસ્ત્રોમાં તેનો કેવી રીતે ખુલાસો કરેલો છે? તેઓ તેનો ખુલાસો અનુભવથી અને પ્રયોગથી કરે છે તેઓ આ માયાને **અનિર્વચનીય** કે જેનો મર્યાદિત અર્થ ભ્રાન્તિ કહે છે, અને તેનું વિવરણ–વર્ણન થઈ શકે નહિ એવું છે. જેને સત્ય પણ કહી શકાય નહિ, તેમ અસત્ય પણ કહી શકાય નહિ તેમ જે સત્ય અને અસત્યના મિશ્રણરૂપ પણ નથી, એવી એ માયા અગર ભ્રાન્તિ છે. આ ભ્રાન્તિ બે પ્રકારની છે. આપણે તેને "બાહ્ય ભ્રાન્તિ" અને "આન્તર ભ્રાન્તિ" કહીશું

ધારો કે તમે અંધારામાં એક સાપ જૂઓ છો, અને તેનો તમને મરણ તુલ્ય ભય લાગે છે, જેના ડરથી નાસવા જતાં ભાન ન રહેવાથી તમે પડી જાઓ છો, તમારા હોશ ઉડી જાય છે, તમને વાગે છે અને પીડા પણ થાય છે. પાછળથી તમને ખરી હકીકત માલૂમ પડે છે કે ત્યાં સાપ નહોતો પણ તે તો એક દોરડીનું ગુંછળુંજ પડેલું હતું. હવે જે સાપથી તમને આટલી પીડા થઈ તે સાપ શું તે સમયે અસત્ય હતો? વેદાન્ત કહે છે 'ના, ના.' સાપને અસત્ય કહેવાનો તમને હક્ક નથી. જો સાપ ખોટો હોત તો તમને જે ઈજા થઈ તે થાત નહિ. સાપ એ માયા-

ભ્રાન્તિ છે; અને એ ભ્રાન્તિ જેમ સત્ય નથી તેમ તે અસત્ય પણ નથી કારણ કે જે ખોટી વસ્તુ હોય તે મેઘધનુષ્યની માફક કદાપિ હયાતીમા હોતી નથી. સૂક્ષ્મ બિંદુરૂપે ઉડતા જળના એકાદ ફૂવારા પાસે ઉભા રહેવાથી તમે રગ બેરગી મેઘધનુષ્ય જુઓ છો ? શુ તે મેઘધનુષ્ય સાચુ છે ? નહિજ. કારણ કે જ્યારે આપણે તે જે સ્થળે થએલુ પ્રતીત થાય છે ત્યા સમીપ જઇને જોઇએ છીએ ત્યારે તે જણાતું નથી. જો આપણે દિશા ફેરવીએ છીએ તો તે મેઘધનુષ્યની સ્થિતિ પણ ફરેલી જણાય છે ત્યારે શુ તે ખોટુ છે ? ના, કારણ કે ત્યા તે હોય એમ જણાય છે; અને તેની કાઈક અસર આપણા ઉપર થાય છે. જેથી તે અસત્ય પણ નથી. તે માત્ર એક ભ્રાન્તિ છે–ભ્રમ છે.

તમે દર્પણમા તમારી છબિ જૂઓ છો, તે ખોટી છે ? વેદાન્ત કહે છે ના, તે ખોટી નથી કારણ કે તેનાથી તમારા ઉપર અસર થાય છે. તમે જે જૂઓ છો તે સાચી છે ? ના, તે સાચી પણ નથી. તમે તમારૂ મ્હો બીજી બાજુ ફેરવો છો કે તરત તે નાશ પામે છે. માટે તે ભ્રાન્તિ છે. હવે આ ભ્રાન્તિ ઉપર જણાવ્યુ તેમ બે પ્રકારની છે. આન્તર ભ્રાન્તિ અને બાહ્ય ભ્રાન્તિ. રજ્જુમા દેખાતા સર્પની બાબતમા આન્તર ભ્રાન્તિ છે. તેની વિચિત્રતા એ છે કે જ્યારે ભ્રાન્તિવાળો પદાર્થ દેખાતો હોય ત્યારે ખરો પદાર્થ દેખાતો નથી. અને ખરો પદાર્થ દેખાય છે ત્યારે ભ્રાન્તિવાળો પદાર્થ દેખાતો નથી. જો સાપ હોય તો રજ્જુ હોતું નથી અને રજ્જુ હોય તો સાપ હોતો નથી. પણ બાહ્ય ભ્રમણામા બન્ને સાથે રહે છે. ખરી વસ્તુ તેમજ ભ્રમણાવાળી વસ્તુ બન્ને દર્પણમા સાથે દેખાય છે. દર્પણમા પ્રતીત થતી આકૃતિ અથવા પ્રતિબિંબ એ અસત્ય છે અથવા વૈજ્ઞાનિકોના શબ્દોમા કહીએ તો તે પ્રતિબિંબ એ સર્વવ્યાપક, અસત્ય અને

ભ્રાન્તિમય આકૃતિ છે; અને મૂળ આકૃતિ એ સત્ય પદાર્થ છે. વળી બાહ્ય ભ્રાન્તિમા આપણે એક બીજી વસ્તુ પણ જોઇએ છીએ, જેને દ્વાર અગર સાધન કહીએ છીએ. આ સાધન તે દર્પણ છે. ભ્રમણામાં દેખાતી વસ્તુ એ પ્રતિબિમ્બ છે; અને ખરો મૂળ પદાર્થ બિમ્બ છે. બાહ્ય ભ્રમણામા એ ત્રણે વસ્તુઓ દેખાય છે; અને તેમાની એકજ વસ્તુ ભ્રમણારૂપ હોય છે.

વેદાન્તીઓના પ્રયોગો અભેદ અને આખા વિશ્વની એકતા સિદ્ધ કરે છે. તે જે પ્રકારના છે તે તમને બતાવવામા આવશે. તેઓના પ્રયોગો, અનુભવો, ધર્મ સબંધી કેળવણી અને સત્યનો સાક્ષાત્કાર એવુ સિદ્ધ કરે છે કે આ વિશ્વ 'બાહ્ય' અને 'આન્તર' બન્ને પ્રકારની ભ્રમણાઓનું બનેલુ છે જ્યારે મનુષ્ય પોતાનામાં પ્રભુતાનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તે ફક્ત બહારની ભ્રમણા ઉપર જ વિજય મેળવે છે. આ વિશ્વ ઉપર પ્રવર્તતા તમામ ધર્મો, ક્રિશ્ચિયાનિટી, મુસલમાની ધર્મ, બૌદ્ધ ધર્મ, ઝોરોસ્ટ્રીઅન ધર્મ, આ બધાએ—એક વેદાન્ત સિવાય આ બધા ધર્મોએ માત્ર બહારની ભ્રમણા ઉપર વિજય મેળવવાને ઘણુ જ કર્યુ છે; અને એ પ્રકારે બહારની ભ્રમણાઓ ઉપર તેમણે જેટલે અશે વિજય મેળવ્યો છે તેટલે અશે તેઓ ખરા છે એમ વેદાન્ત કહે છે. પણ તે પછી વેદાન્ત એક પગલુ આગળ વધીને આન્તર ભ્રમણા ઉપર વિજય મેળવે છે, અને બીજા ધર્મો એ વિષ-યમા અટકી પડે છે. અને ત્યા તેઓ કહે છે કે વેદાન્ત અમારે પ્રતિકૂળ છે. ના, ના, તે પ્રતિકૂળ નથી તેનો ફક્ત જે તેઓએ શરૂ કર્યું છે તેનો અન્ત લાવે છે. અને તેમા ઉમેરો કરે છે, તે તેમને પ્રતિકુળ નથી—તે તેમની વિરૂદ્ધ નથી.

હવે જે ઘણું ગૂઢ છે તે તમને કહેવામા આવે છે. તેના ઉપર તમે બહુ એકાગ્રતાથી લક્ષ આપો. રજ્જુમાં જે સાપ દેખાયો તે

કઈ જાતની ભ્રમણાને લીધે દેખાયો ? આન્તર ભ્રમણાને લીધેજ. તમે જાણો છો કે જો ત્યા સાપ હોય છે તો રજ્જુ હોતી નથી અને જો રજ્જુ હોય છે તો સાપ હોતો નથી જે તે એકજ વસ્તુ એકજ સમયમાં દેખાય છે. ફરીથી ધ્યાન આપો. નાગ અગર સાપ જે ભ્રમણાવાળા પદાર્થમા દેખાયો તેનુ અસ્તિત્વ આન્તર ભ્રમણાને લીધેજ જૂઓ છો. બિબનુ પ્રતિબિબ જણાવામા જેમ દર્પણ એ સાધનરૂપ છે. તેજ પ્રમાણે દોરડુ એ સાપ જણાવામાં સાધનરૂપ છે. આ સાધનો દ્વારાજ ભ્રાન્તિજન્ય પ્રતિબિબ અને સર્પ આપણને જણાય છે.

એક છોકરો તમારી પાસે આવે છે અને કહે છે કે " બાપા ! બાપા ! હું બ્હીઉં છુ ! પણે સાપ છે." આપણે છોકરાને પૂછીએ છીએ કે સાપ કેટલો લાબો હતો ? છોકરો કહે છે કે આશરે બે વાર. વારૂ, તે કેટલો જાડો હતો ? છોકરો કહે છે કે ઘણો જાડો હતો. સૅન્ફ્રાન્સીસ્કો જતા વહાણમા તે દિવસે મ્હે એક દોરડુ જોયુ હતુ તેવો તે જાડો હતો. આપણે પૂછીએ: વારૂ, સાપ શું કરતો હતો ? તેણે કહ્યુ સાપ ગુચળુ વળી ગોળ પડેલો હતો. પાછળથી તેના કહેવામાં વહેમ પડી પરિણામે તમે જાણો છો કે સાપ ત્યા નથી. સાપ ખોટો હતો. ફક્ત દોરડુ ત્યા પડેલુ હતુ. એ સૅન્ફ્રાન્સીસ્કો જતા વહાણનું દોરડુ કે જે લાબુ અને જાડુ હતુ તે દોરડાની જાડાઇ, લબાઇ અને અસ્તિત્વના ગુણુજ ભ્રમણામા દેખાતા સાપમા દર્પણની પેઠે આરોપાયલા હતા. સાપ ત્યા નહોતો પણ ફક્ત દોરડામાંજ સાપ આરોપાયલો હતો તેથી મૂળમા આન્તર ભ્રમણાનુ પરિણામ સાપ હતો; અને પછી તરતજ સાપમાં બીજી જાતની ભ્રમણા ઉત્પન્ન થઇ, જેને આપણે બાહ્ય ભ્રમણા કહીએ છીએ.

ભ્રમણાની આ બીજી જાત છે. આ ભ્રમણાઓ દૂર કરવા માટે કઈ પદ્ધતિ અનુસરવાની છે ? આપણે પ્રથમ એક ભ્રમણા દૂર

કરીશુ અને પછી બીજી. બહારની ભ્રમણા પ્રથમ દૂર કરવી પડશે, અને પછી આન્તર ભ્રમણા.

વેદાન્ત મત પ્રમાણે આ આખુ વિશ્વ, આ આખુ જગત ખરી રીતે એક નહિ જાણી શકાય તેવા અને વર્ણન ન કરી શકાય તેવા સત્ય સિવાય બીજુ કાઇજ નથી, કે જ્યા બધી વાચાઓ થાકી જાય છે. જે કાળ, આકાશ, કારણ અને દરેક દ્રશ્ય વસ્તુથી પર છે. આ ખરા દોરડામા, અદર રહેલા પડમા, પદાર્થમા અથવા તમારી મરજીમા આવે તે કહો તેમા જે નામ, રૂપ, અને ભેદ અથવા તો શક્તિ, ક્રિયા, આન્દોલન દેખાય છે, તે આ સાપના જેવાજ છે. તેમા આપણે જોઇએ છીએ કે પ્રથમ આન્તર ભ્રમણા થયા પછી બહારની ભ્રમણા થાય છે અને એ બહારની ભ્રમણાને લીધે આ નામ અને રૂપમા, આ વ્યક્તિ અને વ્યષ્ટિપણામા જાણે ખરૂ સત્ય હોય અને તે પોતાને આધારે પોતાની મેળેજ રહેલુ હોય, અને જાણે તે પોતેજ સત્ય હોય તેમ દેખાય છે.

હવે જગતના ધર્મોએ શુ કર્યું છે? વ્હાલી ક્રિશ્ચિયાનિટી, વ્હાલો મુસલમાની ધર્મ, બધા ધર્મની મર્યાદાને ખાતર આપણે કહીશુ કે તેઓએ બાહ્ય ભ્રમણા દૂર કરવામા ઘણુજ કર્યું છે તેઓએ મનુષ્ય જાતને બતાવ્યુ છે કે જો તેઓ પવિત્ર જીવન ગાળે, ઇશ્વરી આનદનુ જીવન ગાળે, જો આશા, શ્રદ્ધા અને પરોપકારમય જીવન ગાળે, જો બધી દિશાઓમા આનન્દના ઓઘ સ્ફુરી આખા વિશ્વને દિવ્યતાથી ભરે તો તેમાથી દરેક વસ્તુમ તેને પરમેશ્વર જણાશે. હવે ધ્યાન આપો. સાચો સત અગર મહાત્મા, ખ્રિસ્તના નામમા પણ ઇશ્વર સમજે છે. તે દુશ્મનને ધિક્કારતો નથી, પણ દુશ્મનને ચાહે છે. "અરે, તમે તમારા દુશ્મનને તમારી પેઠે ચાહો" જીસસનુ આ સુબોધ-પૂર્ણ વચન છે. પુષ્પોમા પણ તે તેજ પરમેશ્વરને જૂએ છે. તમે તે


સ્થિતિનો કદિ સાક્ષાત્કાર કર્યો છે ? ખરા ધર્મવાળા લોકોએ તે કરેલો છે. પુષ્પો તેમની સાથે વાત કરે છે, પથ્થરમા પણ તેમને ઉપદેશ જણાય છે, વહેતા ઝરાઓમા તેમને ગ્રન્થો જણાય છે, તારાઓ તેમની સાથે વાતો કરે છે. મનુષ્યના મુખારવિન્દદ્વારા પ્રભુતા તેના સામુ જૂએ છે. આ પ્રભુતા માટે સાબીતીની-બુદ્ધિને સમજાય તેવી સાબીતીની જરૂર છે ? ના, તેની સાબીતી તેની પોતાની સાથેજ હોય છે. તે એવી સાબીતી ઉપર આધાર રાખે છે કે જે આખી દુનિયાના તર્ક અને તત્વજ્ઞાનથી પર છે. જે મનુષ્ય દરેક સ્થળે પરમેશ્વર જૂએ છે, તેમા રહે છે અને હરે ફરે છે અને પોતાનુ અસ્તિત્વ ઈશ્વરમાં જ ગણે છે, આવા પ્રકારનુ ધાર્મિક જીવનજ, અભ્યાસ અને પ્રયોગ દ્વારા બાહ્ય ભ્રમણાને જીતે છે.


તમે કહો છો કે પરમેશ્વર આ સર્વ રૂપો અને ભેદોમા રહેલો છે પણ એ કહેવુ દોરડીમા સર્પ જાણવા જેવુ છે જ્યારે તમે દરેક વસ્તુની પાછળ ઈશ્વરને જૂઓ છો; અને ખરા ધાર્મિક જીવનનો સાક્ષાત્કાર કરો છો ત્યારે તમે દોસ્ત અગર દુશ્મનમા હેતુઓ આરોપણ કરતા નથી, પણ તેમા ઈશ્વરત્વ જૂઓ છો તમે તેમની પાછળ પરમેશ્વરનીજ કૃતિ જૂઓ છો; અને તમે કહો છો કે એક સર્વવ્યાપક ઈશ્વરજ બધુ કરી રહેલો છે. આ પ્રમાણે બાહ્ય ભ્રમણા ઉપર તમે વિજય મેળવો છો; એ તમારી ઉન્નતિમા એક પગથીયુ આગળ વધવા બરાબર છે. પણ વેદાન્ત તેથી પણ આગળ વધે છે. અને તમને કહે છે કે બન્ધુ, બન્ધુ, તમે કહો છો કે બધામા પરમેશ્વર છે તે સત્ય નથી. તેની પેલે પાર જાઓ-તેની પેલે પાર જાઓ. આ બધા રૂપ અને ભેદ, આ બધી જુદી ભ્રમણાઓ અને રૂપો રજ્જુમાં સર્પના જેવાંજ ખોટાં છે. તેથી પર જાઓ અને તમે આ બધા વિચારોથી તથા શબ્દોથી પર જે સ્થિતિ છે ત્યાં પહોંચશો. હવે તમે જોશો કે વેદાન્ત

બધા ધર્મોને પરિપૂર્ણ કરનાર છે. આ દુનિયાના કોઈ પણ ધર્મથી તે પ્રતિકૂળ નથી.

આ દુનિયા આ અથવા પેલા કોઈ પરમેશ્વરે બનાવેલી હોવી જોઇએ એમ કહેવાની જરૂર નથી, એ હવે બતાવાશે. આ રૂપો અને સ્થિતિઓ આ જગત સિવાય બીજું કાંઇ નથી.

આ બે ત્રિકોણુ અને એક કાટખૂણુ ચોખૂણુ છે.





આ બન્ને ત્રિકોણની ઉપલી તથા બન્ને બાજૂઓ સરખી છે એ બને બાજુઓને ૩ નું ચિહ્ન કર્યું છે. અને ત્રીજી લાંબી બાજુ ઉપર ૫ નુ નિશાન કર્યું છે. ધારો આ આકારો કાગળમાથી અગર જાડા પુઠામાથી કાપી કહાડયા છે તેને તમે એવી રીતે ગોઠવો કે તેનો એકજ આકાર બને અથવા ત્રિકોણનો પાયો કાટખૂણુ ચોખૂણુની બાજુ સાથે બધબેસ્તો આવે. આમ કરવાથી આપણે એક છ બાજુવાળી આકૃતિ બનેલી જોઇશુ કે જેની બધી બાજુઓ ૩ નિશાન વાળી આવશે. તમે જાણો છો કે આમ કરવાથી ૫ નિશાનવાળી બાજુઓ આકૃતિની અંદરના ભાગમા આવી ગઇ છે; અને હવે તે બાજુઓ તરીકે પણ ગણાતી નથી. ઉપર તેનો આકાર પણ આપ્યો છે તે

જોવાથી સમજાશે. આ છ બાજુવાળી આકૃતિ શી રીતે બની? ત્રિકોણ અને કાટખૂણુ ચોખૂણુની જુદી રીતે મેળવણી અથવા જુદી સ્થિતિથી આ આકાર બન્યો. આ જુદી જુદી આકૃતિયોના ગુણ નવી બનેલી આકૃતિના ગુણ કરતાં તદ્દન જુદા છે. નાની આકૃતિઓના ખુણા કાટખૂણાથી નાના હતા. નવી બનાવેલી આકૃતિમાં એકે ખુણો કાટખૂણાથી નાનો નથી. મેળવણીવાળી એક આકૃતિના કાટખૂણા છે, અને નવી બનાવેલી આકૃતિમાં એકે કાટખૂણો નથી. મેળવણીવાળી આકૃતિ લંબાઇમાં ૫ નિશાનવાળી આકૃતિ હતી. નવી બનાવેલી આકૃતિને આટલી લબાઇની એકે બાજુ નથી. મેળવણીવાળી આકૃતિઓમાની એક પણ સમબાજુ નહોતી. નવી બનાવેલી આકૃતિ સમબાજુ છે; અને નવી બનાવેલી આકૃતિના બધા ખૂણા વિષમકોણ છે. મેળવણીવાળી કોઇ પણ આકૃતિના ખૂણા વિષમકોણ નહોતા. અહીં આપણે એક બનાવટ જોઇએ છીએ કે તેના ગુણો પહેલાં બિલકુલ નહિ જણાયલા હતા. આ તદ્દન નવા ગુણો ક્યાથી આવ્યા? હવે ધ્યાન આપો. આ તદ્દન નવા ગુણો કોઇ કર્તાએ બનાવેલા નથી તે પણ ધ્યાનમાં રાખો. આ તદ્દન નવા ગુણો મેળવણીના તત્ત્વોમાંથી થયા નથી. આ તદ્દન નવા ગુણો નવી આકૃતિનુંજ પરિણામ છે. તે નવી સ્થિતિનુજ પરિણામ છે. તે વેદાન્ત જેને માયા કહે છે તેનું પરિણામ છે. માયા એટલે નામ અને રૂપ. તે નામ અને રૂપનુ પરિણામ છે, ફરી જુઓ. આ ત્રિકોણને ह्र એટલે હાઇડ્રોજન કહો. આ ૨ અને આ ત્રીજું ओ=આનુ પરિણામ ह्र२ ओ એટલે પાણી આવે છે. આ મૂળતત્ત્વો હાઇડ્રોજન અને ઑક્સિજનને પોતાના ગુણ હતા. અને તેની મેળવણીના પરિણામે વળી વસ્તુ ઉત્પન્ન થઇ છે. હાઇડ્રોજન અને ઑક્સિજન આપણને પાણી આપે છે. હાઇડ્રોજન બળી શકે એવો પદાર્થ છે, પણ પાણી તેવું નથી. પાણીમાં હાઇડ્રોજન

કરતાં એક જુદોજ ગુણ છે. ઑક્સિજન બાળવામાં મદદ કરે છે પણ પાણી કરતું નથી. તેનો પોતાનો નવો ગુણ છે. હવે આપણે ફરી જોઇએ છીએ કે હાઇડ્રોજન ઘણો હલકો છે પણ ઑક્સિજન તેટલો હલકો નથી હાઇડ્રોજન બલૂનમા ભરાય છે અને તે ઉંચે આકાશમા લઇ જાય છે. પાણી તેમ કરતુ નથી. પાણી, મિશ્રિતનું પરિણામ, એમ કરતુ નથી મિશ્રિત પદાર્થના ગુણો પરિણામિક પદાર્થના ગુણોથી તદ્દન જુદા છે. પરિણામિક પદાર્થમા આ ગુણ કયાથી આવ્યો ? પોતાના કર્ત્તામાથી તેણે આ ગુણો મેળવ્યા અથવા જે મિશ્રિત ભાગોનુ તે બનેલું છે તેમાથી લીધા ? ના, આ ગુણો, નવી આકૃતિ, નવી સ્થિતિમાથી આવ્યા. વેદાન્ત તમને કહે છે કે દુનિયામા જે તમે જૂઓ છો તે માત્ર નામ અને રૂપનુ પરિણામ છે. તમારે આ અને તેને માટે કર્ત્તાનુ અસ્તિત્વ મૂકવાની જરૂર નથી. તે નામ રૂપનુ જ પરિણામ છે.

અહીં તમારી પાસે એક કોયલાનો કકડો છે. અને પણે એક તેજસ્વી, આખને આજી નાખે તેવો હીરો છે આ હીરામા કોયલાના કકડા કરતાં તદ્દન નવા ગુણ છે. હીરો એવો સખત છે કે લોઢાને કાપી શકે છે કોયલો એવો નરમ છે કે જ્યારે કાગળના કકડા ઉપર તેને ઘસો તો પણ ઘસાય છે હીરો ઘણો મોઘો અને કિમ્મતી છે; અને કોયલો ઘણો કાળો, સોઘો અને બેડોળ છે બન્નેનો વિરોધ ધ્યાનમા રાખો અને તોપણ તેઓ ખરી રીતે એકજ વસ્તુ છે. વિજ્ઞાન તે વાત સાબીત કરે છે છતાં કદાચ તમે કહેશો કે "મ્હારી બુદ્ધિ તે ગ્રહણ કરતી નથી." તમે ગ્રહણ કરો કે ન કરો પણ આ એક સત્ય વાત છે તેજ પ્રમાણે વેદાન્ત તમને કહે છે કે અહીં એક ખરાબ અને સારી વસ્તુ છે. હીરો સારી વસ્તુ અને કોયલો ખરાબ વસ્તુ છે. અહીં તમે જેને ખરાબ અને સારી વસ્તુ કહો છો તે છે. અહીં

તમે જેને દોસ્તો કહો છો તે અને તમે જેને દુશ્મન કહો છો તે છે. ખરી રીતે એ બધામા એકજ ખરી વસ્તુ જેમ કોયલા અને હીરામા કાર્બન રહેલો છે તેમ રહેલી છે. વૈજ્ઞાનિકો તમને કહે છે કે કાર્બનના રજકણો હીરામા જુદી રીતે ગોઠવાયલા છે. કોયલામા જેમ પરમાણુઓ છે તેમ જુદા આકારના પરમાણુઓ હીરામા પણ છે. હીરા અને કોયલામા ભેદ માત્ર નામ અને રૂપને લીધે છે.

તેજ પ્રમાણે સારા અને નઠારા વચ્ચેનો ભેદ માત્ર માયાને લીધે એટલે નામ અને રૂપને લીધે છે, તે સિવાય બીજી કોઇ પણ વસ્તુને લીધે નથી આ નામ અને રૂપ બને મિથ્યા છે, કારણ કે એક વખત આપણે તેમને જોઈએ છીએ, તેવા તે સદાકાળ રહી શકતાં નથી આ જગતનો ભાસ એ નામ અને રૂપ સિવાય બીજુ કાંઇ નથી ભેદ, જૂદાપણુ અને જુદા જુદા દેખાવોના સમ્મેલન સિવાય એ બીજુ કાઇ નથી; અને આ જુદી જુદી ભિન્નતા અને સમ્મેલન શાને લીધે છે? તે આન્તર ભ્રમણાને લીધે છે આ નામ અને રૂપ જે આન્તર ભ્રમણાને લીધે છે, તેમા એક દિવ્યતા ઝળહળી રહી છે દુનિયાના આ નામ અને રૂપમા પરમેશ્વર પોતે પ્રકાશી રહ્યા છે. જેને માયા કહે છે તે આ આન્તર ભ્રમને લીધે છે. આ માયાની–આ નામ અને રૂપની પેલે પાર જાઓ એટલે તમે સર્વસ્વ છો. જે બધામા સમભાવે જૂએ છે તેજ ખરેખર જૂએ છે, તેજ ખરેખર છે. જે બધામાં એક સરખી રીતે પ્રભુતા જૂએ છે તેજ ચક્ષુવાળો મનુષ્ય છે.

હવે ગીતાના ભાષાન્તરની થોડીક પંક્તિઓ તમને વાચી સભળાવાશે —

હું બલિ છું, હું ઋચા છુ, આ અનંત બ્રહ્માંડનો પિતા, માતા, પૂર્વજ અને પ્રભુ હું છું. જ્ઞાનનો અંત હું છું. તેજોમય જળનું શુદ્ધ સત્વ હું છું. હું ૐ છું. હું ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ છું. માર્ગ,

પોષણ કર્તા, પ્રભુ, ન્યાયાધીશ, સાક્ષી, રહેવાનુ સ્થળ, વિશ્રામસ્થાન, મિત્રો, જીવનનો નિર્ઝર અને સમુદ્ર, જેમાથી બી અને બી વાવનાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, જ્યાથી અનન્ત પદાર્થો ઉત્પન્ન થાય છે તે હું છુ સૂર્યની ઉષ્મા મ્હારી છે. સ્વર્ગીય વૃષ્ટિ વરસાવવી અને બધ રાખવી એ મ્હારા હાથમા છે હું મૃત્યુ છુ, અને અમરત્વ પણ હું છુ

ગગાનું મધુર સગીત, હાલતા વૃક્ષોનું મધુર ગાન, સમુદ્રના નાદનો પડઘો, ગાયોનુ આરેડવું, ઓસના પ્રવાહી ટીપા, ગર્જતા વાદળાનો ગભીર નાદ, નાજુક પગનો ખડખડાટ, જનસમુદાયનુ હાસ્ય, સૂર્યના સુવર્ણ રશ્મિ, શાન્ત તારાનો ચળકાટ, રૂપેરી ચન્દ્રનો દૂર અને નજીક પ્રસરતો આછો પ્રકાશ, ચમકતી તરવારનો ચળકાટ, તેજસ્વી જવાહીરનુ તેજ, અધારી અને ધૂમસવાળી રાત્રિમાં દીવાદાડીના દીવાનો પ્રકાશ, ગુપ્ત ધન સચય કરનારી પૃથ્વી, અને સ્વર્ગનો અખૂટ ભડાર, અનહદ નાદ, અનાદિ પ્રકાશ, અનાદિ અધકાર, અનાદિ ગતિ, માનમ સૃષ્ટિથી પર વિચાર, આન્તર દૃષ્ટિ, મનોમય વૈખરી, ઇન્દ્રિયથી પર સબળ ગ્રહણ શક્તિ એ બધુ હું છુ, હું છુ, હું જ છુ

ૐ ૐ ૐ

आत्मसाक्षात्कार संबंधी सूचना.

१

ઇશ્વરનુ આપણે હવે એક બીજુ વર્ણનાત્મક સ્વરૂપ જોઇએ. પુરાણનુ આ એક સુંદર વર્ણન છે દૂધના એક અતિ વિશાળ મહાસાગરમા—એ ક્ષીરસાગરની મધ્યમા એક અતિ સુંદર રમણીય ચક્રાકાર સર્પની—શેષનાગની શય્યા બનેલી છે છત્ર માટે એ શેષનાગની સહસ્ર ફેણુ છે આવા ક્ષીરસાગરમાં ઇશ્વરની એક સહચારિણી રમણી, દેવીનો નિવાસ છે તેનુ શરીર સુદર, સુકુમાર અને અતિ દેદીપ્યમાન છે. અર્ધમિલિત નેત્રોથી તે તેના વિભુ પ્રતિ નીરખે છે, તેના અધરમા મદ મદ હાસ્ય સ્ફુરી રહ્યું છે એ લક્ષ્મીદેવી સાક્ષાત્ વિષ્ણુ ભગવાનના ચરણકમળ તળાસી રહી છે એ સુશોભિત રમણીય મૂર્ત્તિ એક સુકોમળ વિશાળ કમળદળની પાખડીપર વિરાજમાન છે. ત્યાં વિરાજતી એ પોતાના વલ્લભ વિષ્ણુ ભગવાનના ચરણની સેવા કરે છે. પરસ્પર નેત્રવિહારમાં અન્યોન્ય દૃષ્ટિ—સમ્મેલનની ક્રીડા જામી રહી છે.

આ દેવીનુ ચિત્ર શુ પ્રતિપાદન કરે છે? એ દેવી—લક્ષ્મીજી સચ્ચિદાનદની સત્તા માત્ર છે એ પ્રભુતા છે, જ્ઞાન છે, સુખ છે, આનદ છે: એ સચ્ચિદાનન્દ સ્વરૂપની શોભા છે, વિજયશ્રી છે. એનો ભાવાર્થ એવો થાય છે કે મુક્ત પુરૂષ સાક્ષાત્ પરમાત્મા વિષ્ણુ નિરન્તર પોતાની વિજયશ્રી—શોભા—આત્માનદ—લક્ષ્મીદેવી પ્રતિ અનિમિષ

નિરખી રહ્યા છે. જગતનો તેમની દૃષ્ટિમાં પ્રલય થયો હોય છે; અને તેને તે પોતાનુજ અસ્તિત્વ—છાયા માની નિજાનદ અનુભવે છે· મુક્ત અવસ્થાની એ પરાકાષ્ટા છે. સર્વ સબધ, સસર્ગથી વિમુખ અને પર એ મુક્ત પુરૂષને આ જગતના વ્યવહાર કે વ્યાપાર સાથે કાંઇજ સબધ નથી.

સાગરની સજ્ઞા અનન્તતા સૂચવે છે; અને એ સાગરને ક્ષીર સાગર નામ એટલા માટે આપેલુ છે કે દૂધમા ત્રણ ગુણ રહેલા છે. (૧) પ્રકાશ, (૨) શ્વેતવર્ણ એટલે આનદ અને (૩) બળવર્ધક પૌષ્ટિક ગુણ એટલે શક્તિ આવી રીતે ક્ષીરસાગરની સજ્ઞાથી પરમ પ્રકાશ, પરમાનદ, અને પરમશક્તિ, એમ સૂચના થાય છે. એ ક્ષીરસાગરમાં એ બન્નેનો નિવાસ છે શેષનાગની સજ્ઞા લેવાનુ કારણ એ છે કે પ્રત્યેક પ્રાણી કરતા એનુ આયુષ્ય અતિ દીર્ઘ હોય છે. આમ વિચાર કરતા પ્રત્યેક પ્રાણીનો વિનાશ થતા સર્પજ પાછળ અવશેષ રહે છે, શેષ એટલે અવશેષ રહેનાર તત્ત્વ; અને તેથીજ તે શેષનાગ કહેવાય છે. સર્પિણી સકડો ઇંડા મૂકે છે, અને એ સર્વને એ એક પછી એક ખાતી જાય છે છતા પણ તેમાથી કોઇ પણ ઇંડુ અવશ્ય બચી જાય છે. આવી રીતે અનન્તતાની સજ્ઞાદર્શક શેષ શય્યાપર સચ્ચિદાનન્દ રૂપી ક્ષીરસાગરમા એ અજરામર પરમાત્માનો નિવાસ છે બન્ને પોતાના આત્માનદમા સપૂર્ણ નિમગ્ન અને સુખી છે. શાત અને પરમ ગભીર છે. ૐ.

'રામ' હવે બે અગત્યના વિષયપર તમારૂં ધ્યાન ખેચે છે.

૧—ક્ષુદ્ર અહકારનો ત્યાગ.

૨—આત્મભાવનાનો નિશ્ચય.

પહેલુ:—વેદાન્તના દૃષ્ટિ બિન્દુથી જોતાં તો સંપૂર્ણ વિશ્રાંત, મુક્તિ, વિરામ અને સન્યાસને જ ક્ષુદ્રઅહંકારનો ત્યાગ કહે છે. જ્યારે

જ્યારે તમને અવકાશ મળે ત્યારે ત્યારે ખુરશીપર કે અન્ય કોઇ આસનપર સ્થિર ચિત્તથી બેસી શરીર છે જ નહિ અને એનો ભાર કે વેઠ તમારે ઉપાડવાનાજ નથી એવી ભાવના દૃઢ કરો. જગતના બીજા પદાર્થોની પેઠે એ પણ પદાર્થ છે અને અન્ય પદાર્થોની પેઠે એ પણ તમારાથી દૂર છે એમ માનો. થોડીવાર શરીરને શબવત્ રાખી મૂકો એ સમયે શરીર સબંધી કોઇ પણ વિચાર મનમા ન લાવો. શારીરિક મોહ અને દેહવાસનાનો ત્યાગ કરો. દેહ સબંધી તમામ પ્રકારની ચિન્તા અને આકાક્ષાને દૂર કરો. આશા, લોભ કે મોહ વગેરેને નિર્મૂળ કરો! આવા પ્રકારની દૃઢ ભાવનાનુ નામ જ અહકારનો ત્યાગ અને પૂર્ણ વિશ્રાન્તિ છે.

બીજું:—ઇશ્વરત્વ ઇશ્વરની ઇચ્છા એજ તમારી ઇચ્છા છે એમ માનો. સુખદુ:ખના વાવાઝોડામા પણ ઇશ્વરના હેતુનેજ તમારો હેતુ બનાવો. શરીર અને તેના સબધો, મન અને તેની વૃત્તિઓ, તેમજ લાભાલાભ કે જયાજયની શકાથી પર રહો. તમે પોતેજ સર્વવ્યાપક સત્તા છો એમ અનુભવો. તમે સૂર્યોના સૂર્ય કાર્યકારણથી રહિત, માયાથી પર આ સમસ્ત ચમત્કારિક વિશ્વમડળમા એક-મેવાદ્વિતીય, સચ્ચિદાનદ સ્વરૂપ, મુક્ત 'રામ' છો સ્વાભાવિક રીતે જે કોઇ ધ્વનિથી ગાઇ શકો એ ધ્વનિથી પ્રણવમત્રની ધૂન મચાવો, તમે પોતેજ સચ્ચિદાનદ, આત્યતિક સુખ છો એમ ભાવના કરો. આમ કરવાથી આધિવ્યાધિના કારણો સ્વત:જ નિર્મૂળ થશે. આ દૃશ્યમાન થતું જગત અને તેમા તમારી વસ્તુસ્થિતિના પ્રસગો તમારી ભાવના અનુસાર ઉત્પન્ન થએલા છે. એ જગતનો ભાર હૃદય પરથી ઉતારી નાખો. જગત, સમાજ અને સમાજના અભિપ્રાય અને મતમતાતર તે સૌ તમારા માની લીધેલા વિચાર કે કલ્પના માત્ર છે. એ પરમ સત્યનું જ તમે તો નિત્ય નિરતર મનન કર્યા કરો.

તમેજ તે પરમશક્તિ છો. આ જગત તો તમારો નિઃશ્વાસ માત્ર છેઃ એ માત્ર તમારો પડછાયો છે. તમે તમારા સમીપસ્થ અંતરાત્માપર શ્રદ્ધા ન રાખતા **બહારના આ ચંચળ અને અસ્થિર ચિત્તવાળા જનસમૂહના અભિપ્રાયપર વિશ્વાસ રાખો છો. એ સમાજથી ભય પામી, તેમના ઉતાવળીઆ ન્યાયપર નમ્રતા અને વિવેક દર્શાવી તેને માન આપી, તમારૂં જીવન એવું તો કંગાલ બનાવો છો કે જેથી તમારા જીવનના પરમ ઉદ્દેશ તમે પાર પાડી શકતા નથી** 'રામ' કહે છે કે **જગતના અભિપ્રાયપર લક્ષ ન આપતાં તમે તમારી સ્વમતિ અનુસાર વર્ત્તન રાખો;** સ્વતંત્ર બનો, એ એકમેવાદ્વિતીય, પરમપ્રિયતમ, સચ્ચિદાનંદ, અંતર્યામી, વિભુ, આત્મદેવને સંતોષવાજ પ્રયત્ન કરો. આ અનેક મનુષ્યોને, અને **નાનવિધ મતિના જનસમૂહને તમે કોઇ પણ રીતે સંતોષ આપી શકશો નહિ. એ રાક્ષસી વૃત્તિવાળા નીચ સમાજના તમે કોઇ પણ રીતે જરાએ ઋણમાં નથી.** તમારે અને સમાજને શું લેવાદેવા છે? તમારે તેમનું કયું દેવું પતાવવાનું છે? કંઇ નહિ, જરાએ નહિ તમે પોતેજ તમારા પ્રારબ્ધના ઉત્પન્ન કરનાર છો, તમારા આનંદના તમે પોતેજ ભોક્તા છો, અને પ્રણુવધ્વનિ વખતે તમારી આસપાસ બીજું કોઈ છે જ નહિ એમ મોટેથી ઘોષ કરો જ્યારે એ આનંદથી તમે પોતે, એટલે તમારો પોતાનો આત્મા સંતુષ્ટ–તૃપ્ત થશે, ત્યારેજ સમાજ અને સમસ્ત જગત પણ અવશ્યજ સંતોષ પામશે એ એક મહા નિયમ છે **બીજાઓને માટેજ તમારે અમાનુષી જીવન જીવવાની શું આવશ્યકતા છે?**

એક રાજકુમાર બીજા છોકરાઓની સાથે સંતાકુકડીની રમત રમતો હતો. સંતાએલા છોકરાને શોધી કાઢવામા તેને બહુ

મહેનત ને દોડધામ કરવી પડતી હતી. એ જોઇને એક રમત જોનારાએ કહ્યું: "અરે ! તું તો રાજકુમાર છે. કેવળ હુકમથી તું ધારે તો સૌ છોકરાને એકઠા કરી શકે છે તો આમ દોડી દોડીને હેરાન શા માટે થાય છે ?" એ પ્રશ્નનો ઉત્તર અહીં એટલોજ આપી શકાય કે એમ કરવાથી રમતમા જરાએ મજા રહે નહિ. રમવામાં કશીએ ગમ્મત પડે નહિ. 'રામ'ની દૃષ્ટિના તમે એવીજ રીતે પરમસત્તાધીશ, સર્વવ્યાપક, અને સર્વજ્ઞ છો. પરન્તુ તમે આ અનેક પ્રકારની વિચારરૂપી રમત માંડી છે; અને તાનમય વિષયોની જજાળ ફેલાવી છે જ્યારે તમે આ જગતરૂપી જજાળને સતાકુકડીની રમત બનાવી છે, તો એ વિચારમાળાનો ત્યાગ કરીને એ સર્વ રમતને બધ કરે, એવી સત્તા અનુભવવામા મજા નહિ રહે. આ વિશ્વમડળમા જ્યા ભૂત, ભવિષ્ય અને વર્તમાન તમારૂ બને છે, આ સૂર્યમાળા ને તારકગણ તમારૂજ આત્મરૂપ પ્રતીત થાય છે, અને સર્વ દૃશ્ય પદાર્થો આત્મોદધિના ભરતીઓટ સમાન માલૂમ પડે છે, ત્યા તમારે કાયદાની પરીક્ષા પાસ કરવાની કે સાસારિક ઉન્નતિની શી પરવા છે? જો તમારે દિવ્ય દૃષ્ટિ જોઇતી હોય તો ઇદ્રિયોમા જે સુખ શોધો છો તે સુખની વાસનાથી તમારે પર થવું જોઇએ.

એક ઠેકાણે માછલીઓ પકડવાને માટે એક જણે જાળ નાખી હતી તેમા એક એવી તો જબરજસ્ત માછલી આવી કે જે એ જાળનેજ ખેચી લઇ ગઇ. ઈશ્વરે કેમ વર્તન રાખવુ જોઇએ એવો ઉપદેશ આપવાની આવશ્યકતા નથી. એ તમારૂ કામજ નથી. તમારી વાસનાઓ અને કામનાઓ તેની આગળ વધશે નહિ ક્ષુદ્ર અહકારનો ત્યાગ કરી મિથ્યા વાસનાઓનો પરિચ્છેદ કરી સર્વ એ પ્રભુનેજ અર્પણ કરો. પરમાત્મામા સ્વાર્પણ કરો. આમ કરવાથીજ મન અને શરીર જ્ઞાનમય પ્રકાશથી તેજોમય બનશે. પરમ પ્રભુતાની દેદીપ્યમાન મૂર્તિ

બનશે. પ્રત્યેક પ્રકારનું જ્ઞાન અને કેળવણી અંતરમાંથી ઉદ્દભવે છે. માત્ર બાહ્ય સાધનોથી કશુંજ પ્રાપ્ત થતું નથી. જગતના બુદ્ધિમાન પુરૂષો, અદ્ભુત શોધકો અને નિપુણ તત્ત્વવેત્તાઓ જ્યારે સ્વાર્થાશયમાંથી મુક્ત થઈ વ્યક્તિગત અને મનોગત ભાવનામાંથી વિમુખ રહી, ઇંદ્રિય-સુખની આશા તૃષ્ણાઓને દૂર ફેંકી પરમ આત્યંતિક વિચારદૃષ્ટિમાં ઓતપ્રોત થયા હતા ત્યારેજ તેઓ અદ્ભુત શોધોનો ભંડાર પામી શક્યા હતા. અતિ ચમત્કારિક રીતે માત્ર હૃદયરૂપ દર્પણમાંથીજ તેઓને જ્ઞાન પ્રકાશ મળતો. પુસ્તકો અને પુસ્તકશાળાઓમાં તેઓ જ્ઞાન રેડતા, તેમનાથી જ્ઞાનપુંજનો અપાર ફુટતો હતો. પુસ્તકો કે પુસ્તક-શાળાઓમાંથી તેમને કશુએ મળ્યું નહોતું. આનું નામ તે કાર્ય કહે-વાય એજ પરમ ધર્મરૂપી કર્મ કહેવાય. 'રામ' કહે છે કે વેઠે વળગા-ડેલી ગજૂરીનું નામ કર્મ નથી. એ તો મિથ્યા મહેનત છે. ચિદાત્માની સાથે એક તાલમાં રહેવું અને સમસ્ત વિશ્વની સાથે એકતા અનુભવવી એનેજ વેદાન્તમાં કર્મ કહે છે. વેદાન્તની દૃષ્ટિમાં તો પરમ સત્ય સાથે નિઃસ્વાર્થ અભેદ અનુભવવો એજ પરમ કર્મ છે અજ્ઞાની તેમજ મૂર્ખ લોકો એ મહાન ચૈતન્યયુક્ત કર્મને ઘણીવાર આળસ કે નિષ્ક્રિયતા કહીને નિંદે છે પણ કૃપા કરી તમે "ઉત્કર્ષનું રહસ્ય" એ વ્યાખ્યા-નનો પુન અભ્યાસ કરો. વળી વેદાન્ત પ્રમાણે અત્યંત પરિશ્રમનું કાર્ય તે પણ આનંદદાયક, પ્રોત્સાહક, અને એક રમત સમાન ગણવામાં આવે છે જગતનું કોઇ પણ કાર્ય વેઠ કે ભાર નથી. આવી રીતે એક દૃષ્ટિબિન્દુથી જેને અતિ ઉચ્ચતમ કાર્ય કહીએ છીએ એનેજ વેદાન્ત દૃષ્ટિમાં નિષ્ક્રિયતા ગણવામાં આવે છે.

હિંદુઓના પુરાણોમાં એટલે કે કથાવિભાગમાં ઇશ્વરના બે સ્વરૂપો પ્રસિદ્ધ છે. દરેક ધર્મમાં મુખ્યત્વે ત્રણ પ્રકાર—વિભાગ હોય છે; તત્ત્વજ્ઞાન વિભાગ, કર્મકાંડ વિભાગ; અને પુરાણ એટલે કથા

વિભાગ. તત્ત્વજ્ઞાન વિદ્વાનોને-ઉચ્ચ કોટિ માટે, કર્મકાંડ બહારના સમાજને માટે-મધ્યમકોટિ અને બાળકો માટે અથવા મંદ અધિકારીઓ માટે પુરાણુ વિભાગ છે પણુ એ ત્રણે વિભાગ અન્યોન્ય સંકલિત છે; એનો પરસ્પર સંબંધ અત્યંત આવશ્યક છે. જે ધર્મમા એ ત્રણમાથી જો એકમા પણુ ન્યૂનતા રહે તો એ ધર્મ સંપૂર્ણ અને સંસ્કૃત ન કહેવાય. એ ત્રણે વિભાગની એકતા અને સમાનતાને લીધેજ હિંદુ ધર્મ સનાતન ધર્મ કહેવાય છે; અને અત્યારે ૨૦ કરોડ લોકો એ ધર્મના અનુયાયી છે. જે ધર્મમા આમાનો એક પણુ વિભાગ ન હોય તે ધર્મ ધર્મ કહેવાય નહિ. હિંદુ ધર્મના પુરાણુ-શાસ્ત્રમાથી 'રામ' તમને પ્રભુતાના સ્વરૂપનુ એકજ વર્ણુન કહી બતાવશેઃ એ વર્ણુન નિત્ય નિરંતર મનમાં ચિરસ્થાયી રાખવાનુ છે

હિંદુ શાસ્ત્રોમા ઇશ્વરના બે સ્વરૂપોનુ વર્ણુન કરેલું છે. તેમાંના એક હિમાલયના ઉન્નત, રમણીય શિખરોપર, ધવલ, ગંભીર, ભવ્ય, સુંદર, યુવામત્ત, વિજયશાલી, ધ્યાનસ્થ, બહારના વિશ્વથી વિરક્ત, એવા અજ્ઞાનના સંહારક શિવનુ મંગલ સ્વરૂપ છે. એ સમાધિનુજ સ્વરૂપ છે. સર્વ પ્રકારની ચિન્તા અને ઉપાધિથી અતીત અવસ્થામાં એ ઉન્મત્ત રહે છે એમની દષ્ટિમા જગતનુ અસ્તિત્વજ હોતું નથી. ઇશ્વરનુ આ એક મૂર્તિમાન સ્વરૂપ છે એ મૂર્તિમાન સ્વરૂપ ધ્યાનની પ્રતિમા છે. એ મુક્ત, શાંત પ્રભુ છે. ધવલ વર્ણુ એ હિમાલયની સંજ્ઞા છે; અને ત્યા મન નિરન્તર અનન્ત શાન્તિમા નિમગ્ન રહે છે.

એ પ્રભુમૂર્ત્તિના સામીપ્યમા એની દિવ્ય સહચારિણી, સર્વાંગે સુવર્ણુમય કાંતિમતી, પાર્વતીજી વિરાજે છે. એ શિવજીના વામ ઉરૂ-સ્તંભપર બેઠા બેઠાં અનેક ઔષધનો રસ સારવી પ્રિયતમ પરમાત્માને તેનુ પાન કરાવી ઉન્મત્ત રાખે છે. શિવજીની આંખ ઉઘડતાજ પાર્વતીજી, તૈયાર રાખેલુ માદક રસનું પાત્ર તેમના મુખ આગળ ધરે

છે; અને એવી જાગ્રત થએલી સ્થિતિમાંથી પાછા પુન એ સચ્ચિદાનંદ, જ્ઞાનમય મૂર્તિ આત્માનંદનો ઉન્માદ ભોગવવા સમાધિગ્રસ્ત થાય છે. કોઇ કોઇવાર એ ઉન્મત્ત સ્થિતિમાં ધર્મના નાનાવિધ પ્રશ્નો તે તેને પૂછે છે; અને એ પ્રશ્નોના ગૂઢ રહસ્યો, સમસ્ત વિશ્વના કલ્યાણ માટે શિવજી પાર્વતીજીને સમજાવે છે. પુરાણોનો ઘણો ખરો કથાવિભાગ આમ બનેલો કહેવાય છે. પાર્વતી, એ એક મહાન રાજાધિરાજની પુત્રી છે પણ પતિની સાથે અભેદાનંદ અનુભવવા તેણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે. એ ઈશ્વર તે મંગલમય, અજ્ઞાનતિમિરના સંહારનાર શિવજી છે ને દેવી તે ગિરિજા છે.

ૐ. ૐ. ૐ.

(૨)

તમારી શારીરિક અને માનસિક શક્તિઓને તમારા જીવનની આવશ્યકતાઓ અને કર્તવ્યો હમ્મેશા ખેંચતાણમાં અને પરિશ્રમમાં રાખે છે તમારી પરિસ્થિતિની અસર તમારા જીવનપર આમ નિત્ય નિરંતર પડવા દેશો તો તમે પોતેજ તમારે માટે કબર બનાવશો; મતલબ કે તમે મૃત્યુનેજ આવાહન કરો છો.

તેને દૂર કરવામાં અથવા તો એમાંથી વિશ્રાંતિ લેવા માટે કાર્યમાંથી વિમુખ રહેવાની કે તેનો ત્યાગ કરવાની ભલામણ 'રામ' કરતો નથી 'રામ' એવી સલાહ કદિ આપેજ નહિ. પરંતુ એ અવિરત, દુસહ પરિશ્રમમાંથી મુક્ત અને વિશ્રાંત રહી શકવાના સ્વભાવનો અભ્યાસ પાડવાની અતિ ઉપયોગી સૂચના 'રામ' તમને શીખવે છે; અને એ સૂચના તે વેદાન્ત વિદ્યાનો **સંન્યાસ** છે. તમારે અહર્નિશ સન્યાસની ભાવનામાં નિમગ્ન રહેતા શીખવું જોઇએ એ ઉત્કૃષ્ટ ભાવનામાં દઢતાપૂર્વક નિમગ્ન રહેવાથી; અને તમારા સન્મુખ

જે નિયત કર્મ આવી પડે તેમાં સંપૂર્ણપણે એકતા અનુભવી દેહાધ્યાસને ભૂલી જવાથી, તમને કદિ કોઇ પણ જાતનો પરિશ્રમ લાગશે જ નહિ. તમે પોતેજ એ કાર્યરૂપ બની જશો.

જરા વધારે વિવેચન કરીએ. જ્યારે કામમા હો, અને તેમાથી ક્ષણુ બે ક્ષણુનો પણ અવકાશ મળતો હોય તે સમયે શરીર છે જ નહિ; અને છે તોપણુ તમારે તેની સાથે લેશમાત્ર પણ સબધ નથી એવી ભાવના અતરમા દૃઢ કરતા રહો. તમે તો સાક્ષી માત્ર છો; કાર્યના ફળ સાથે કે પરિસ્થિતિ સાથે તમારે જરાએ લેવા દેવા નથી. એવુ મનન કરતા હો તે સમયે નેત્રોને બધ રાખજો, અવયવોને પૂર્ણ શિથિલ કરજો, શરીરનુ અસ્તિત્વજ નથી એમ માનજો; કોઇ પણ જાતના વિચારને મનમા સ્થાન ન આપતા શરીર અને મનને સંપૂર્ણપણે સ્વસ્થ રાખજો શિરપરથી કામનો ભાર જેટલા પ્રમાણુમા ઓછો માનવામા વિજયી થતા જશો તેટલા પ્રમાણુમા તમે અધિકાધિક શક્તિ અનુભવતા જશો.

શરીરની શક્તિને મજ્જાતતુથી પોષણુ મળે છે; અને વિચારને પણુ એ મજ્જા-તતુઓનુજ અવલબન છે, તેવીજ રીતે પચનક્રિયા, રક્તવહન ક્રિયા, કેશવર્ધન ક્રિયા અને સર્વ પ્રકારની શારીરિક ક્રિયાઓનો આધાર મજ્જાતતુઓપરજ રહેલો છે. જ્યારે તમારા વિચારમા ભ્રમણુા માલૂમ પડે અને એવા ભ્રમિત વિચારોથી જ્યારે ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થાય ત્યારે પરિણુામે મજ્જાતતુ અતિશય શ્રમિત બની જાય છે. આવી રીતે અવિરત વિચાર ભ્રમણુાના રૂપમા મજ્જાતતુનુ કાર્ય જેટલુ લાભકારક છે તેટલુજ હાનિકારક છે; અને તેથીજ શરીરના મર્મભાગો નિર્બળ બની જાય છે. એક ઘોડાપર બે મોટા ભારનાં પોટલા ભર્યા જેવુ છે એક પોટલામા ભાર વધારે કરવાથી બીજા પોટલામાથી વજન ઓછુ કરવુજ પડશે; અને એ ભારને ઉતારી

લેવાથી ઘોડો માલને નુકશાન કર્યા વિના પૂરવેગમાં ચાલવા માંડશે. તેજ પ્રમાણે જો તમે તમારી શક્તિ નિભાવી રાખવા ધારતા હો, તમારૂં આરોગ્ય સંભાળી રાખવા ઇચ્છતા હો; અને અજ્ઞાતતંતુરૂપી અશ્વપર લાધેલો જીવનભાર હલકો કરવા ધારતા હો, તો વિચાર-ભ્રમણાનો ભાર તમારે ઓછો કરવોજ જોઇએ. **ભ્રાંતિજનક વિચારો અને કલેશોત્પાદક તરંગોને તમારો જીવનરસ ચૂસી જવા દેશો નહિ.** મનને અહર્નિશ વિશુદ્ધ રાખવુ, આનદમા નિમગ્ન રહેવું, ચિત્તમા સ્થિરતા અને શાતિ અનુભવવા અને કોઇ પણ પ્રકારની ચિન્તા કે ઉપાધિને અત કરણમા સ્થાન ન આપવુ એજ સપૂર્ણ આરોગ્ય અને સોત્સાહ કર્મપરાયણતા ભોગવવાનુ પરમ ગૂઢ રહસ્ય છે

આવી રીતે આત્મામા-ઇશ્વરમા નિરતર નિમગ્ન રહી, એ ઇશ્વરી ભાવનાને મનમા દૃઢ રાખી સર્વ પ્રકારની આધિઉપાધિ ચિન્તા, કલેશ, ચપળતા, ચિત્તવિક્ષેપતાને દૂર કરવા એજ વેદાન્તનો સન્યાસ અને ત્યાગ છે તમારા શિરપર કોઇ પણ જાતનુ કર્ત્તવ્ય-ફરજ નથી; તમે કોઇના જવાબદાર નથી; તમારે કોઇના ઋણમાથી મુક્ત થવાનું નથી. સમસ્ત વિશ્વમા માત્ર તમે એકજ વ્યક્તિરૂપે જીવત છો એમ પ્રતિપાદન કર્યા કરો; વેદાન્તનુ એજ શિક્ષણ કે સમાજ આચાર, વિચાર, સ્મૃતિ અને તેનો નિયમધર્મ, **જગતના લોકોની ટીકા, સમાજના અભિપ્રાય કે મતમતાંતર તમારા સચ્ચિદાનંદ સ્વરૂપને લેશ માત્ર પણ બાધ કે સ્પર્શ કરી શકનાર નથી.** આ ભાવના દૃઢ કરો, ચિન્તાને દૂર કરો: ત્યાગ-સન્યાસ વૃત્તિમાં ઉન્મત્ત બનો! પ્રણવના ઉચ્ચારમા ૐ ના ધ્વનિમા એનુ રહસ્ય ઉતારો; અને વિશ્રાતિ લેતા હો તે સમયે પ્રણવજપ કર્યા કરો.

ૐ! ૐ! ૐ!

गृहस्थाश्रम अने आत्मसाक्षात्कार.

(તા ૨૮-૧૨-૧૯૦૨ ને રોજ આપેલું વ્યાખ્યાન)

વેદાન્તના શિક્ષણ સબંધે 'રામ'ની પાસે કેટલાએક આક્ષેપ આવેલા છે. એક દિવસે તો કોઇએ એમ કહ્યું કે હિંદુઓનું આવું તત્ત્વજ્ઞાનજ હિંદુસ્તાનની રાજકીય અધોગતિનું મૂળ કારણ હોવું જોઇએ. વળી બીજા કોઇએ એવી શંકા કરી છે કે જો હિંદુસ્તાનનું તત્ત્વજ્ઞાન, ધર્મરહસ્ય, અને વેદાન્ત સમસ્ત જગતના ધર્મો કરતાં અતિ ઉચ્ચગ્રાહી અને ઉન્નત છે તો પછી ખુદ તે હિંદુસ્તાનમાંજ આટલો બધો અંધકાર અને અજ્ઞાન શા માટે છે? અને બીજી ખ્રીસ્તી ધર્મ માનતી પ્રજાઓ ઉન્નતિ અને પ્રગતિમાં શા માટે છે?

'રામ' અત્યારે આ શંકાઓનું સમાધાન નહિ કરે. કારણ કે જો અત્યારે એ પ્રશ્નોને હાથમાં લઇએ તો ધારેલો વિષય રહી જાય. એ પ્રશ્નોનો અન્ય પ્રસંગે વિચાર કરવામાં આવશે; અને જ્યારે સમાધાન થશે ત્યારે લોકો અત્યંત આશ્ચર્યચકિત થશે. જે લોકો વેદાન્તને હિંદુસ્તાનની અધોગતિનું કારણ સમજે છે તેઓ એ પ્રશ્નોના ઉત્તર સાંભળીને ખરેખર વિસ્મય પામશે. પરંતુ અત્યારે એ વિષય હાથમાં લેવાનો અવકાશ નથી. જે કોઇએ વેદાન્તનું શિક્ષણ લીધું છે તેઓને અધીરા ન બની ઉતાવળીઆ અભિપ્રાય ન બાંધવાની 'રામ' વિનંતિ

કરે છે. ધૈર્ય રાખી વક્તાને અંત સુધી સાંભળવાની 'રામ' તેમને પ્રાર્થના કરે છે.

મુસલમાન લોકોના ધર્મપુસ્તક કુરાનમાં એક નીચે પ્રમાણે ફકરો છે. **"અસત્ય વદો, દુર્ગુણ આચરો, મદ્યપાન કરો, ને વ્યભિચારી બનો એટલે તમે પોતેજ તમારો વિનાશ કરશો. તમેજ તમારા સંહારક બનશો."**

એક મુસલમાન ગૃહસ્થ અત્યંત મદ્યપાન કરતો હતો તેમજ વિષયભોગમાં અંધ બની નિરન્તર શારીરિક સુખના મોહમાંજ આનંદ માનતો હતો. એક ફકીરે તેને ઉપદેશ આપવા માંડયો ને કહ્યું કે "ભાઇ! આ તું શું કરે છે? આથી તો તું પેગંબર સાહેબનું ફરમાન તોડે છે." એમ કહીને ફકીર તેને સમજાવવા લાગ્યો પણ એ દારૂડીએ તો એ ફકરાનો અરધો ભાગ એકદમ કહી સંભળાવ્યો તેણે કહ્યું કે કુરાનેશરીફમાં લખેલું છે કે "**મદ્ય પીઓ વિવાહ કરો અને વિષયભોગ ભોગવો.** આપણા કુરાનેશરીફનાજ આ શબ્દો છે, તો પછી તેમાં પાપ શાનું?"

ભલા ફકીરે કહ્યું "ભાઇ, તું આ શું જુલ્મ કરે છે? તું એનો પછીનો ભાગ તો વાંચી જો!" આગળ તો એમ લખેલું છે કે "એમ કરશો તો તમેજ તમારા સંહારક બનશો" દારૂડીઆએ કહ્યું "બધું વાંચવાની શી આવશ્યકતા છે?" કુરાનેશરીફનો અક્ષરે અક્ષર સમજીને તે પ્રમાણે વર્તન રાખે એવો તો દુનિયામાં કોઇપણ માણસ છેજ નહિ. મ્હારે માટે તો અર્ધું વાકયજ બસ છે, આખું એ બધું કોણ વાંચવાને સમજવા જાય? અર્ધો ભાગ એક માણસ સમજે તો અર્ધો ભાગ વળી બીજો સમજે ને પાળે.

'રામ' પણ તમને એમજ કહે છે કે એ દારૂડીઆ મુસલમાનની તર્કશક્તિ કે તત્ત્વજ્ઞાનનો ઉપયોગ તમે કરશો નહિ. આખું વાક્ય

વાંચવું જોઇએ. બન્ને બાજૂ તપાસવી જોઇએ: અને એમ કર્યા પછીજ આપણે આખરના નિર્ણયપર આવી શકીએ. તે વિના સાચો અભિપ્રાય બાંધી શકાયજ નહિ.

'રામ'ની પાસે એકવાર એક સુવર્ણનું ઘડીઆળ હતું. એ ઘડીઆળના છેડાએ એક ધ્રુવ કાટો લટકાવેલો હતો ખઇ જોતાં તો એ નાનુ નકલી ઘડીઆળજ હતું તે ચાલતું નહોતું પણ તેના કાંટા અમુક રીતે રાખવાથી તેમા હમ્મેશા એક વાગતો હતો કદિ બે ત્રણ કે ચાર વાગતાજ નહોતા. તમે પણ તેવાજ એક, અદ્વિતીય, અબાધિત છો. સ્થળ, કાળ, અને કારણથી અતીત–પર રહો તે તમારાપર સામ્રાજ્યકર્તા નથી પણ તમે તેનાપર શાસન ચલાવનારા છો. તે સર્વ તમારા મનોબળના સેવક છે બે, ત્રણ કે ચાર એ સર્વ અસત્ય છે; અને એ એક અદ્વૈત તો સ્થળ, કાળથી મુક્ત છે.

પ્રશ્ન:—ગૃહસ્થાશ્રમમા આત્મ–સાક્ષાત્કાર થઈ શકે ?

ઉત્તર:—આ પ્રશ્નનો ઉત્તર હમણા ન આપતા હાથમાં લીધેલો વિષય પૂરો કરવાની સૂચનાના ઉત્તરમા એટલુ જ કહેવાનુ છે કે પ્રત્યેક વિષય 'રામ'ને તો સમાન છે. આ વિષયને પણ જો પૂરેપૂરી રીતે તપાસીએ તો તે પણ તમને અત્યંત લાભકારકજ નીવડશે. પણ ઉત્તર સાંભળતાં તમે અત્યંત વિસ્મય પામશો. છતાં તમારે તે સાંભળવો જ જોઇએ કદાચિત્ આ દેશના વિચારો તેની વિરૂદ્ધમા જશે, છતાં 'રામ'ને તેની પરવા નથી. 'રામ' તો તમને–તમારા મૂળ સ્વરૂપનેજ માન આપે છે.

આ પ્રશ્નનો ઉત્તર વેદાન્ત એમ આપે છે કે "હા, ખરેખર ઔષધી આજારીનેજ આપવામાં આવે છે; નિરોગીને નહિ." જેઓ સંસારમાં આસક્ત છે અને ત્રિવિધ તાપથી પીડિત થએલા છે, તેઓને એ શિક્ષણની વિશેષ આવશ્યકતા છે. સદ્ધર્મથી આચરણ કરનાર

ગૃહસ્થને જેટલી સુગમતાથી આત્મ-સાક્ષાત્કાર થઇ શકે છે. તેટલી સુગમતાથી અવિવાહિત પુરૂષને થઇ શકતો નથી. પણ વિવાહિત પુરૂષે સદાચારપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવવો જોઇએ. અનાચારથી રહેતાં ઇશ્વર-દર્શનની વાત તો બાજૂપર રહી, પણ ઉલટી અધોગતિ જ થાય છે. પતિપત્નીના વાસ્તવિક સંબંધના અજ્ઞાનને લીધેજ ગૃહસ્થાશ્રમમા દુખ અને ઉપાધિ આવી પડે છે. આવા અતિ ઉપયોગી અને નિકટવર્તી વિષયને શા માટે છોડી દેવો જોઇએ ? આ પ્રશ્નના લગ્નવિષયક વિભાગને આપણે અત્યારે નહિ છેડીએ. એ મહાન વિષય છે તેથી કોઇ અન્ય સમયે તેનાપર વ્યાખ્યાન અપાશે

'રામ' પોતાના લગ્ન પછી બે વર્ષ સુધી બ્રહ્મચર્યથી રહ્યો હતો. આ કઇ કહેવા માત્ર નથી, પણ ખરી બનેલી બીના છે.

લગ્ન જરાએ હાનિકારક નથી, પણ વિવાહિત અવસ્થામા જે કેટલાંએક દૂષણોને સ્થાન આપવામાં આવે છે એજ નુકશાનકારક છે. ચિન્તા, સાસારિક પદાર્થોમા આસક્તિ, નામરૂપમાં મોહ, "હુ આ શરીર છુ ને મ્હારૂં સહચારી પાત્ર પણ દેહમાત્ર છે" એ વિચારનુ દઢી કરણ માલમિલ્કત સબધી આશાતૃષ્ણા, એ સર્વ કારણોજ અધોગતિના મૂળ તત્ત્વો છે; અને જો લગ્ન સબધી અને ગૃહસ્થાશ્રમમાં આવા પ્રકારનુ પાલન થતું હોય તો વિવાહિત મનુષ્ય એવી સ્થિતિમાં કદિ આત્મસાક્ષાત્કાર કરી શકેજ નહિ.

પણ *પેનીલોપી એટલે કે કાતીને ઉકેલતા જવાનુ કામ કેવી રીતે દૂર થાય ? જે માણસ પ્રાપ્ત કરેલા ધર્મનો અધર્માચરણથી

* ગ્રીક કવિ હોમરના "ઓડેસી" નામના ગ્રથમાના વીરનર યુલેસીઝની એ પત્ની હતી. પોતાના પતિની લાબા સમયની ગેરહાજરીમા બીજા અનેક આશકો તેના હાથની માગણી કરી તેને તંગ કરતા હતા. પણ એ ચતુર સ્ત્રીએ તે સર્વને અતિ અદ્ભુત રીતે છેતરી પોતે પતિવ્રતા

વિનાશ કરે એની પ્રગતિ કેવી રીતે થાય ? વેદાન્ત નિર્ભયતાથી કહે છે કે અતિ અધમ અને પાપામિશ્રિત અર્થમા મોહરૂપે વપરાતા પ્રેમની ભાવનામાથી ઉન્નત બનીને તેમજ દેહાધ્યાસથી પર બની અતિ ઉન્નત અને વિશુદ્ધ પ્રેમમા પ્રજ્વલિત બનવુ જોઇએ; અદ્ભુત શક્તિથી પ્રોત્સાહિત બનવુ જોઇએ; એનુ નામજ કાતવું કહેવાય. સ્ત્રી કે પુરૂષમા શરીરરૂપનુજ દર્શન કરો છો. તેથીજ તમારી અધોગતિ થાય છે; પણ લગ્નની ભાવના તેથી કાઇ જૂદીજ છે. વેદાન્ત શિક્ષણ એટલા માટેજ આવશ્યક છે; તમારે એ શિક્ષણનુ પરમ રહસ્ય સમજવું જોઇએ; અને તે સમજ્યા તો લગ્નને પણ તમે તમારી ઉન્નતિનુ સાધન બનાવી શકશો, અને તે તમને એક અદ્વિતીય, મહાન સહાયરૂપ થઇ પડશે જે અત્યારે સ્ખલન વિષય છે તેજ ઉન્નતિનુ સાધન બની જશે. પરતુ જો એ લગ્ન વડે, કામવિકારનું દાસત્વજ સ્વીકારતા જતા હો, અને કામવાસનામાજ સતોષ અને તૃપ્તિ અનુભવતા હો, તો માનજો કે એ દાસત્વ ગુલામગિરીના તમે વધુ ને વધુ ગુલામ બનતા જાઓ છો; અને નીચે અને નીચે પડતા જાઓ છો.

સ્ત્રી તો નરકનુ દ્વાર છે એમ કહીને જેઓ સર્વાંશે તેની વિરૂદ્ધ બોલે છે તેમાં 'રામ' સમત નથી. માર્ગમા ચાલતા એક મનુષ્યે, પોતાના ગજવામાથી દારૂની શીશી બહાર કહાડી કોઇ સાધુને પૂછ્યુ કે "કેદખાનાનો રસ્તો કઇ તરફ છે ? મ્હારે ત્યા જવુ છે" સાધુએ

રહી હતી પોતાના સસરાની કબરપર ઓઢાડવા માટે તેણે એક ચાદર બનાવવાનુ સૂતર કાતવુ શરૂ કર્યું હતુ પોતાના દરેક આશકને તે કહેતી હતી કે આ ચાદર પૂરી થએ હુ તમારી સાથે પરણીશ પરતુ એમા યુક્તિ એ હતી કે દિવસે કાતેલા સૂતરનુ કોકડુ તે રાત્રિએ ઉકેલી નાખતી, અને એવી રીતે પતિની લાબા સમયની ગેરહાજરીમા અનેક આશકોની ખુશીખતોમાથી તે સહીસલામત રહી હતી.

પોતાના હાથની લાકડીવતી એ શીશી બતાવીને કહ્યું: "ભાઈ એજ; આ દારૂજ ત્યાં જવાનો ટૂંકો માર્ગ છે."

સ્ત્રીના સંબંધમાં પણ મહાત્માઓએ આવુંજ કહ્યું છે અલબત્ત, અર્વાચીન લગ્નવ્યવસ્થા અને ગૃહસ્થાશ્રમ તો કારાગૃહજ છે–નરકનુંજ દ્વાર છે પુરૂષ અને સ્ત્રી જો અન્યોઅન્યની અધોગતિના કારણ હોય તો જે ઈશ્વરે બાયબલ લખ્યુ તેજ ઈશ્વર તેમનામા પુરૂષમા સ્ત્રી સહવાસની અને સ્ત્રીમાં પુરૂષ સહવાસની ઈચ્છા શા માટે ઉત્પન્ન કરે ? આ એક વિરોધાભાસ છે પરન્તુ આ સબધમા ગૂઢ રહસ્ય સમાએલુ છે. માત્ર **અજ્ઞાનને લીધેજ એ ગૃહસ્થાશ્રમ નરકનિવાસ બને છે. અને ગૃહસ્થાશ્રમ કે લગ્ન નહિ કિન્તુ એ અજ્ઞાનજ નિન્દનીય છે.** એ અજ્ઞાન કેમ દૂર કરવુ એજ માત્ર પ્રશ્ન છે. દૃષ્ટાંત તરિકે આ એક મીંડુ છે. તેને જો દશાંશ ચિહ્નની જમણી બાજૂએ મૂકીએ તો કિમત ઘટ છે. ડાબી બાજૂએ મૂકીએ તો વધે છે. આમા એ મીંડાની તો જરાએ કિમત નથી પણ તેને ડાબા જમણા મૂકવામા એટલે કે તેની સ્થિતિ અને સબધ પ્રમાણે તેની કિમત બને છે. એવીજ રીતે અહી પણ તમારી સ્થિતિમાથી તમારા સબધનો નિર્ણય કરી શકાય છે, મૂળ સ્થિતિમાથી માત્ર તમારૂ વલણ અને વૃત્તિજ તપાસવા જોઇએ.

પુરૂષને પોતાને સ્ત્રી–સહવાસમા કેમ આનદ પ્રાપ્ત થાય છે ? આ પ્રશ્નનુ સમાધાન કરવુ જોઇએ નહિ તો શકાઓ અને મુશીબતો દૂર નહિ થાય એ સહવાસમા જે આનદ મળે છે તેજ પુરૂષોને દાસ–ગુલામ બનાવે છે. ટ્રોજન વૉર–ટ્રોયનુ યુદ્ધ તે તેનુ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. એક કન્યા વીરાગના બને છે અને બીજી નથી બનતી તેનુ એજ કારણ છે. સ્ત્રીમાથી એટલે સ્ત્રીના શરીરમાથી એ આનદ પ્રાપ્ત થાય છે એમ કહેવુ તે તદ્દન અવાસ્તવિક છે. આ ભ્રમણાનો

આપણે વિચાર કરવો જોઇએ. સ્રીમાં કે સ્રીના શરીરમા જરાએ આનંદ નથી.

પ્રેમપાત્રમા-પદાર્થમા કોઈ પણ જાતનો આનંદ નથી; અને જ્યારે પ્રેમપાત્રમાં આનંદ નથી તો પછી પતિ કે પત્ની અન્યોઅન્ય અંત સુધી સુખનુ સાધન બની રહેશે? આપણે જે એમ માનીએ છીએ તે વાસ્તવિક નથી. આનંદ-ભોગ ભોગવ્યા પછી તમારી કેવા પ્રકારની સ્થિતિ થાય છે? જરાએ આનંદ કે સુખ રહેતા જ નથી; અને તમે કદાપિ નપુંસક હો તો સ્રી શુ સુખદાતા છે? તેમજ વળી જ્યારે તમારી સહચારિણી રોગગ્રસ્ત કે વિશ્વાસઘાતી નીવડે છે, અથવા તો તમે પોતે જ વ્યાધિગ્રસ્ત બનો છો ત્યારે પણ તેનામા કશુ સુખ રહેતું નથી અહિ જ બે નિરાળા સત્ત્વોનો આભાસ થાય છે અને એજ દ્વૈતાભાસ છે. પરતુ જ્યારે એ દ્વૈતભાવના નિર્મૂળ થાય છે ત્યારે જ માત્ર શરીરની તો શુ પણ મન અને આત્માની એકતા અનુભવાય છે એ સમયે એવી અવસ્થા પ્રાપ્ત થાય છે કે જેનું વર્ણન કરવુ અશકય થઈ પડે છે શરીર રહેતું નથી; જગત રહેતું નથી; કેવળ અભેદ-અદ્વૈત-સ્વર્ગ-મુક્તિ-નિર્ભયપદની પ્રાપ્તિ થાય છે. કારણ કે ત્યા દ્વૈતાભાસ કે સત્તા માત્ર રહેતા નથી સંસાર અને શરીરની સત્તાનો સંપૂર્ણપણે નાશ થાય છે, માયાનો પડદો ઉડી જાય છે. હું કે મ્હારી સ્રી શરીર માત્ર નથી, એવી ભાવનામા-શરીર, મન, સંસાર, એ સર્વથી પર-સ્વર્ગની પુન પ્રાપ્તિ થાય છે (Paradise regained) ઉદ્દેશ પાર પાડે છે; અને સ્થિતિ માત્રનો અભાવ થઈ જાય છે. આ ઉપરથી એમ ફલિતાર્થ સિદ્ધ થાય છે કે કોઇ અમુક પદાર્થ સનાતન અસ્તિત્વ ભોગવે છે. વેદાન્ત કહે છે કે તમને તે સ્થિતિમા પૂર્ણ સત્તા અને સુખ છે; તમે સચ્ચિદાનન્દરૂપ છો તમારો આત્મા તે તેજ છે; तत्त्वमसि-તમે તે છો. આ અતિ આશ્ચર્યકારક સત્ય છે.

(વિજળીમાં) ધનધ્રુવ અને ઋણધ્રુવના સમ્મેલનથી વર્તુલ પૂરો થાય છે. વિજળીના દીપકની પેઠે અંતર પ્રકાશ ઉત્પન્ન થાય છે; અને જ્યારે તમારા શરીરમાં એ ગતિજન્ય વિદ્યુત્–યંત્ર ગતિમાન થાય છે; એ બન્ને ધ્રુવનું જ્યારે સમ્મેલન થાય છે ત્યારે જ નિયમિત મૂળ સ્થિતિની પુનઃ પ્રાપ્તિ થાય છે. એ જ આદિભૂત આત્મા છે; અને એ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ, આપણે એમ કહી શકીએ કે "આ મનુષ્ય પ્રભુનો પુત્ર છે." જ્યારે પુરૂષ અને સ્ત્રીની વ્યક્તિ ભાવનાનો મૂળ તત્ત્વમાં લય થાય છે, ત્યારે દ્વૈતભાવના ગળી જાય છે; આભાસ માત્ર નાશ પામે છે, વર્ણ ભેદ, જ્ઞાતિ ભેદ, આશ્રમ ભેદ, વ્યક્તિ ભેદ, જાતિ ભેદ ઇત્યાદિ સર્વ ભેદ–ભાવનાનો અંત આવે છે. મૃત્યુ પણ આનંદદાયક બને છે, આત્મા આ સર્વ ભેદનો સંહાર કરે છે. કારણ એ જ માત્ર સનાતન શેષ છે.

વળી વેદાન્ત પ્રમાણે આપણે એમ પણ જોઇએ છીએ કે અજ્ઞાની મનુષ્યો માત્ર બાહ્ય રૂપકમાં એટલે કે અસત્ય પદાર્થો સાથે જ પ્રેમ કરે છે, અને એ બહારના મોહમાં ફસીને પોતાના આત્માની અવગણના કરે છે.

જંગલમાં રહેલા કોઇ મનુષ્યે પહેલાં જમીનપર પડેલું એક પુસ્તક જોયું તે પછી વિજળીનો પ્રકાશ દીઠો. જ્યારે એ બે પદાર્થ સિવાય ત્રીજું કાંઇ પણ ત્યાં તેના જોવામાં ન આવ્યું ત્યારે તેણે કલ્પના કરી કે એ વિજળીનો પ્રકાશ પુસ્તકમાંથી ઉત્પન્ન થયો. તેને ગમે તેવી રીતે સમજાવીએ, પણ એના મનમાં એ વાત એવી સજ્જડ બેસી ગઈ હોય છે કે તે અન્ય માનતોજ નથી તેવીજ રીતે, મનુષ્ય પણ એ સુખ–સંભોગનો આનંદ સ્ત્રીના શરીરમાંથી ઉત્પન્ન થાય છે એમ માને છે! પણ વાસ્તવિક રીતે એ આનંદનું મૂળ કારણ તો ઈશ્વરજ છે–આત્માજ છે.

તમે આ સત્યનો કેવી રીતે વિચાર કરશો ? તાત્પર્ય એ છે કે જ્યારે તમે જડ વસ્તુ અને કામવાસનામાંથી મનને મુક્ત કરો છો અને પરમ સુખ કે જે પરમ શક્તિ સચ્ચિદાનન્દ આત્માજ છે તેનું ચિન્તવન કરો છો ત્યારેજ મનની અવનત સ્થિતિમાં ઉતરવાની આવશ્યકતા તમારે રહેતી નથી. એ દિવ્ય સત્તાજ આ સૂર્ય-ચંદ્ર, અનંત શક્તિ દિક્કાલાતીત આત્મા છે મહાન મહાસાગરમાં આ સર્વ પદાર્થો લહરિ કે મોજા માત્રજ છે; એક મૂળ તત્ત્વના રૂપાન્તર માત્ર છે. મોજા રૂપે એ નાના પ્રકારે ભાસે છે પણ વસ્તુતઃ એ જળજ છે; તેવી જ રીતે આ વસ્તુ માત્રમા આભાસ પામતું સુખ એ વાસ્તવિક [illegible] છે.

નદીના કિનારે બેઠેલા એક બાળકે એક પુરૂષને કહ્યું· "ભાઇ, જો કેવડી મોટી લાટ આવે છે." વસ્તુત અહીં પાણીજ છે પણ લાટને-દૃશ્ય પદાર્થને પ્રધાનપદ આપવામા આવ્યુ છે તેની દૃષ્ટિ લાટમાં છે, પાણીમા નથી; અને તેથીજ તે તેને પાણી નહિ પણ લાટ દેખાડું છુ એમ કહે છે એવીજ રીતે એમાં પણ એકજ અદ્વિતીય ઇશ્વર છે! સૂર્ય, ચદ્ર, તારા આદિ પદાર્થો એ અમારા માનસ સમુદ્રની લહરિઓ છે, "મ્હારૂ-ત્હારૂં" શબ્દોની-દ્વૈતભાવના એ ભ્રમણા માત્ર છે, એ સર્વ દ્વૈતાભાસ છે. પદાર્થના રૂપાન્તરમાં આભાસ પામે છે, પદાર્થો-શરીરોનો સંયોગ વિયોગ થાય છે, લહરિઓ એક બીજા સાથે અફળાય છે. સુખ પદાર્થના સયોગમાથી આવે છે એમ માનવુ ભૂલ ભરેલુ છે. આનદ, સુખ તો આત્મામાથી જ ઉદ્‌ભવે છે; પદાર્થો તો માત્ર સમુદ્રના મોજાની પેઠે માયાની ભ્રમણા છે. વેદાન્તી બાળકને 'સોનુ' કેવુ છે તે સમજાવવા માટે એક વીંટી લઇને કહેશે "આ સોનું છે." બાળક પ્રશ્ન કરશે કે "શું ગોળ વીંટી તે સોનું છે?" વળી સમજાવવું પડશે કે "ના." ફરી બાળક પૂછશે કે "ત્યારે શું

આ પીળો રંગ એ સોનુ છે ?" "નહિ." "શુ આ વજન એ સોનું છે ?" "નહિ." "આ ચળકાટ એ સોનુ છે ?" "નહિ." ત્યારે સોનુ શુ છે તે કેવી રીતે સમજાવવુ ? સોનાનો એક બીજો પદાર્થ લાવીને દેખાડશો એટલે તરતજ તેની બુદ્ધિ ગ્રહણ કરી શકશે કે સોનુ શુ છે. એવીજ રીતે પદાર્થના ગુણ–ધર્મ સમજીને આચરણમા મૂકો

એક વાર બીરબલે બાદશાહને પૂછ્યુ કે દુનિયામા આંધળા માણસોની સખ્યા વધારે છે કે દેખતાની ? બાદશાહે કહ્યુ આંધળા થોડા છે. બન્ને વચ્ચે વાદવિવાદ થયા પછી પ્રત્યક્ષ દૃષ્ટાંતથી સિદ્ધ કરવાનુ નક્કી થયુ બીરબલ [illegible] શિરપર વીંટાળીને લોકોને પૂછ્યુ કે "આ શુ [illegible] ?" લોકોએ ઉત્તર આપ્યો કે પાઘડી પછી તેણે તેજ લુગડાને હાથપર વીંટાળીને પૂછ્યુ કે "આ શુ છે ?" લોકોએ જવાબ આપ્યો કે "શાલ" વળી તેણે તે કમરપર બાંધીને પૂછ્યુ ત્યારે જવાબ મળ્યો કે "કમ્મરબંધી" ત્યારે તેણે કહ્યુ કે "તમે બધા આંધળા છો એ તો કપડુ છે. માત્ર ઉપયોગ ઉપરથી તમે તેને પાઘડી, શાલ વગેરે કહ્યુ."

આત્માનો સાક્ષાત્કાર કરો સોનુ જોવાને માટે તમારે આભૂષણને તોડવાની જરૂર નથી જ્યારે તમે પુરૂષ, સ્ત્રી, લકડિ, લાટ, કપડુ કે સોનુ વગેરેનો વિચાર કરો છો, ત્યારે એ વસ્તુગત રહી આત્મસત્તાની વિસ્મૃતિજ કરો છો.

ગૃહસ્થાશ્રમ–લગ્ન એ ધર્મથી વિરૂદ્ધ છે એમ ન માનો સત્ય સુખ શેમાથી મળે છે, પોતાનો સત્ય આત્મા શુ છે એનો વિચાર કરો. જિજ્ઞાસુએ તો સચ્ચિદાનંદ સ્વરૂપનુંજ ધ્યાન ધરવુ જોઇએ. એ પરમ સત્યનુંજ લક્ષ્ય રાખવુ જોઇએ જ્યારે તમે આત્મતત્ત્વનુ વિસ્મરણ કરો છો ત્યારે આકાર–રૂપ સર્વ સ્ત્રી, પુરૂષ, શાલ, પાઘડી, સોના રૂપે

પ્રતીત થાય છે; માટે એ બધનરૂપ-દ્વૈતભાવને દૂર કરી આત્મનિધિમા ડૂબકી મારો.

હુ "ૐ" પ્રણુવ છુ એવુ ધ્યાન-મનન કરો "મ્હારૂ ખરૂ સ્વરૂપ પ્રણવજ છે?-શુ હુ એ આત્મસત્તાજ છુ?" એવા પ્રશ્નો તો શકા માત્ર છે. હું પ્રણવ ૐ છુ ને આ જગત તો મારી લહરિ માત્ર છે. શા માટે હું માયાની જાળમા ફસુ ને ભ્રમમા ભટકુ? દેહાત્મભાવના, કામવાસના, ઇચ્છા-સશય વિપર્યય એ તમે આવી આત્મદ્રષ્ટિની ભાવનાથીજ વિલોકો [illegible] ગ્રહમાળાના આધારભૂત કેન્દ્ર સમજો આત્મભાવનાની ઇચ્છાશક્તિનો વેગ પ્રબળ થશે એટલે આત્મજ્યોતિનો જ્વલત પ્રદીપ પ્રકટતા એ અજ્ઞાન દૂર થશે વાસનાનો સ્વત ક્ષય થશે. આમ ક્રમશ સાધના કરતા કરતા સર્વ તિમિરાભાસ અને દુ ખ માત્ર વિનાશ પામશે. કારણ કે પ્રકાશિત સુર્યરશ્મિમા વિદ્યુતનો જરા પણ આભાસ થતો નથી પણ અધારામા જ એ વિદ્યુત્ પ્રકાશ આપે છે એવીજ રીતે આત્મસૂર્યનો પ્રકાશ પડવા માડશે એટલે એ અજ્ઞાન-તિમિર-દુ ખ-પાપ સૌ દૂર થશે. કામવાસનાનુ અધારૂ નિર્મૂળ થશે. સસાર, વિવાહ કે ગૃહસ્થાશ્રમ ધર્મસાધનામા બાધક છે એમ કહેવુ એ અવાસ્તવિક છે. તેનાથી તમારે પર થવાની આવશ્યકતા છે એનો ત્યાગ કે નિન્દા કરવાની નહિ. એ સૌ સાધન માત્ર છે, માટે બન્ધુ! એનો સાધન તરિકે ઉપયોગ કરી એ સર્વ દ્વૈતાભાસથી પર-અતીત-સચ્ચિદાનદમા પહોચો.

જગત એ એક મહાન ચમત્કાર છે, ત્યા અન્ય કયા ચમત્કારની જરૂર રહે છે? આત્માનો સાક્ષાત્કાર કરી, સર્વ પાપનુ મૂળ અજ્ઞાન છે તેનાથી દૂર રહો; અને ભીતિ-વ્યર્થ ભયનો એ જ્ઞાનાસ્ત્રથી સંહાર કરો.

આવે ન આવ કયમ કે મુજમાં રહેતું,
પાસે રહે, દૂર રહે, ભમતો ફરે તું;
'હું' મા વસે 'તું' મુજમા " તું " વિહાર પામે,
રે! 'હું' 'તું' 'છે'—સુખ સમુદ્ર વીચિ વિરામે.

સ્વામી થા અર્પવા સૌને, ના દાસ કશુ યાચવા;
ભોગી થા આત્મસત્તાનો, સુખી થા અન્ય સર્વથા.

હિંદુસ્તાનમા શાસ્ત્રીય સ્વાભાવિક અને ખરું ઉત્તર ગૃહસ્થાશ્રમ એવા છે કે ત્યા પત્ની સહચારિણી છે; પતિના ધર્મપથમાં વિઘ્નકર્ત્તા નથી. પરસ્પર બન્ને આધ્યાત્મિક ઉન્નતિમા સાહાય્યકારક પાત્રો છે.

આત્માનુભવ થયા પછી પણ 'રામ' પૂરા બે વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમા રહ્યો હતો, અને ધર્મપત્નીને વેદાન્તનુ શિક્ષણ આપ્યું હતું. તે ફૂલો લાવતી, ધૂપદીપ કરતી; અને આત્માનંદમા નિમગ્ન રહેતી. પૂજા પ્રાર્થના સમાપ્ત કરીને તે 'રામ'ના પ્રતિ એકાકાર દૃષ્ટિ કરીને ધ્યાનમા બેસતી, અને એવી રીતે ૐ નો ધ્વનિ કરતા કરતા 'રામ'માં આત્મદર્શન પામતી–પોતાના આત્મામાજ 'રામ'નો–ઈશ્વરનો અનુભવ કરતી. પરસ્પર એ જ વિચારોનો વિનિમય થતો, ઉભય એક બીજામાં આત્મદર્શન પામતા, અને માત્ર સહધર્મ અને સદાચારની સાધનામાથી આત્મસાક્ષાત્કાર થતો 'રામે તેને ઉન્નત સ્થિતિમા મૂકી હતી. થોડા સમય સુધી આ સ્થિતિ ચાલુ રહી. મહિનાઓ વિતી ગયા, કામવાસના અને અધમ વિચારો કે દેહની પૂર્ણ વિસ્મૃતિ થઈ ગઈ; અને અમે બન્ને મુક્ત બન્યા. પતિ પત્નીના સબંધનો વિચાર માત્ર પણ નહોતો રહ્યો, ત્યા તે બંધનનો તો આભાસ પણ ક્યાંથી થાય? તે 'રામ'ને પોતાનો પતિ નહોતી સમજતી તેમ 'રામ' તેને પોતાની પત્ની

નહોતો ધારતો. જ્યારે દેહાધ્યાસ અને દેહાત્મ-ભાવના હોય છે ત્યારે જ બંધન પ્રતીત થાય છે.

ફક્ત આવા સ્વાર્થી વિચારોને લીધે જ ગૃહકલહો ઉત્પન્ન થાય છે; અને તેમાંથી સ્વાર્થ-સાધનમાં વિરોધ ઉત્પન્ન થાય છે અને આખરે વિવાહ બંધનરૂપ બને છે. માટે વેદાન્ત સંપૂર્ણ રીતે સમજો અને મુક્ત બનો. બંધનરૂપે પ્રતીત થતા કારણો તો નામ માત્ર છે, સત્ય નથી; માટે તેને ટાળી શકાય તેમ છે; અને તેવા તે ટાળીને પ્રત્યેકે મુક્ત થવું જોઇએ. તમારા બાળકોને સંપૂર્ણ સ્વતંત્ર-મુક્ત થવા દો; એનાથી મનુષ્ય કદિ પણ ખરાબ થતો નથી આ સમસ્ત વિશ્વ એ સ્વર્ગ છે, અને ઇશ્વર કદિ પણ છેતર્યો છેતરાશે નહિ.

ૐ ૐ ૐ



આ વિષયનું મથાળું અંગ્રેજીમા-Problem of Sin-પાપનો સિદ્ધાંત અથવા પાપની મીમાંસા એવું છે પણ વ્યાખ્યાનનો વિષય સમજતા ગૃહસ્થાશ્રમનુ સેવન કરતા આત્મસાક્ષાત્કાર થઈ શકે કે કેમ એ પ્રશ્નનું નિરાકરણ કરેલું માલૂમ પડે છે, અને તેથી વિષયપરત્વે એ જ મથાળું રાખ્યું છે.

ભાષાન્તરકાર.

जगतनो प्रारंभकाळ कयो ?

(બુધવાર, તા. ૬ ઠ્ઠી એપ્રીલ સને ૧૯૦૪ ને રોજ આપેલું ભાષણ)

સદ્‌ગૃહસ્થો અને બાઈઓ રૂપ, ઓ ! પ્રેમ સ્વરૂપ પરમેશ્વર !

ઘણી વખતે 'જગતનો પ્રારભકાળ કયો ?' એવો પ્રશ્ન વિચારવામા આવે છે. આ પ્રશ્નનો ખુલ્લો અર્થ એજ છે કે, જગતની શરૂઆત કયે વખતે થઇ ? સૂક્ષ્મ વિચાર કરતા તો આ પ્રશ્ન પોતેજ હાસ્યાસ્પદ એટલે નિરર્થક ઠરે છે. જગત ક્યાથી પેદા થયુ ? આકાશની–દિશાઓની–શરૂઆત ક્યાથી થઇ ? આ પ્રશ્નોના ઉત્તર આપવાનો યત્ન કરવો હોય તો ભલે બીજા ચતુર મનુષ્યો કરે અને તેજ પ્રમાણે જગત કેવી રીતે નિર્માણ થયુ ? આ પ્રશ્નનો નિર્ણય કરવાની જેને જરૂર હોય તે ભલે કરે. મ્હારે તો એવા સવાલ જવાબો માટે કાઇ કરવાનુ છેજ નહિ હુ તેના વિચારોની માથાકૂટ કરવા બેસતો નથી ઘણાએ લોક એવા પ્રશ્નોની માથાફોડ કરવામા વખત ગાળે છે, પણ તેમાથી ફળ શુ થવાનુ ? વિચારતા વિચારતા એ પ્રશ્નો સુધી પહેચ્યા, એટલે એવી શકાઓ, અને પ્રશ્નોના પુછનારની અવસ્થા, જાણે કે દુર્ભેદ્ય પથ્થરની દીવાલ પોતાની સામે આવીને ઉભી હોય અને અટકી જવુ પડે, તેવીજ થાય છે.

ધારો કે મ્હારા હાથમા આ એક ચીમટો છે. એ ચીમટાથી

આ, કે પેલી ચીજ પકડી શકાય છે. પણ તે ચીમટો, પોતાને ઝાલનાર હાથ તરફ વળીને તે હાથને પકડી શકે એમ તો નથી જ એજ ન્યાયે કાળ, દેશ, અને નિમિત્ત એ ત્રણે પદાર્થવડે આ નામ-રૂપાત્મક જગતના પદાર્થો જાણી શકાશે ખરા પરંતુ જગતથી એ પર એવો જે આત્મા છે તે તો નામ અને રૂપથી રહિત હોવાથી એ સાધનોવડે તેને જાણી શકાય તેમ નથી.*

અતીન્દ્રિય જ્ઞાન જ્ઞાનેન્દ્રિયોને શી રીતે થાય ?

એક વખતે એક ઔષધશાળામા ચાર મનુષ્ય આવ્યા તેમની આખમા જન્મથીજ મોતીઆ પડયા હતા. તે શસ્ત્રપ્રયોગથી તેઓને કઢાવવાના હતા તેઓને બિલકુલ સુઝતું નહોતું તેઓને નસીબે માત્ર [illegible] ન્દ્રિયોવડેજ સર્વ કામકાજ કરવાનું સૂઝાયલુ હતું એક સમયે તે મનુષ્યો વચ્ચે બારાના કાચ [illegible] તકરાર પડી. એક કહે મ્હારો દીકરો કૉલેજમા શીખે છે, તે અહીંઆ આવ્યો હતો તે આ કાચનો રગ પીળો કહેતો હતો. તેથી હુ કહુ છુ કે એ કાચનો રગ પીળોજ હોવો જોઇએ બીજો બોલ્યો મ્હારા ભાઇ શહેર સુધરાઇ ખાતાના પ્રમુખ છે. તેઓ પરમ દિવસે મ્હારે ત્યાં આવ્યા હતા એમણે બારીના કાચને લાલ રગનો કાચ કહ્યો હતો. તેઓ ઘણા કાબેલ, અને બહુ માહિતીવાળા છે આ મુજબ તેઓમા કાચના રગની તકરાર પડી ' ત્રીજો બોલ્યો 'મ્હારો ભત્રીજો કૉલેજમા પ્રૉફેસર તરીકે અધ્યાપકનુ કામ કરે છે. તે મને મળવા આવ્યો ત્યારે એ કાચને લીલા રગનો કહેતો હતો એવો મોટો માણસ કદિ ખોટુ બોલેજ નહિ. આ પ્રમાણે મતભેદ પડવાથી તે કાચના રગની તપાસ તે બધાઓએ જાતિ અનુભવથીજ કરવા માંડી.

---

* " निर्विकल्पमनन्तं च हेतु दृष्टान्त वर्जितम् ॥ " श्रुति.

પ્રથમ તેઓએ એ કાચને જીભથી ચાખી જોયો. પણ જીભે તો સ્વાદ જણાય, જીભેથી કાંઈ રંગ જોવાય નહિ. પછી તેઓએ એ કાચને ખખડાવી જોયો. ખખડાવાથી અવાજ થાય; અને તે અવાજ કાનેથી સંભળાય. આ પ્રમાણે શબ્દ એ કાનનો વિષય છે. બહેરો ખોખરો અવાજ કાનેથી તો જણાય, પણ કાન કાંઇ રંગ જોઈ શકે નહિ. તે પછી તેઓએ તે કાચને સુંઘ્યો. પણ સુઘવાની ઇંદ્રિયથી એટલે નાકથી તો ગંધ માલૂમ પડે, પણ તેનાથી રંગ જોવાય નહિ રંગ તો ચક્ષુવડેજ દેખાય, પણ એકે જણને ચક્ષુ હતું નહિ, એટલે જીભ, નાક, કાન અને ચામડી, આ ચાર જ્ઞાનેન્દ્રિયોથી કાચનો રંગ શી રીતે પરખી શકાય? ઇંદ્રિયોવડે આ જગતના કારણરૂપ બ્રહ્મને જાણવાનો આપણો યત્ન પણ એવીજ જાતનો છે [illegible] [illegible] જ્ઞાન મળવવુ એ કેટલુ અસંભવિત છે? તેમ થાય તો બ્રહ્મને પોતાનું અનન્તપણું છોડી દઇ, જ્ઞાનેન્દ્રિયોનો વિષય થવું પડે. પણ એમ થવું એ ત્રણે કાળમા અસંભવિત જ છે. અદ્વૈત આત્મજ્ઞાન પરમાત્મસાક્ષાત્કાર થયા સિવાય બ્રહ્મના અનન્તપણાનુ જ્ઞાન થઇ શકતું નથી. જુઓ, આ મ્હારા હાથમા એક દીવાસળી લઉં. હાથ સાથે સરખાવતા તે બહુજ નાની અને જડ છે; અને તેથી તે પોતાને પકડનાર હાથને જાણી શકશે નહિ. એજ પ્રમાણે જગતથી પર અને અમાપ એવુ જે પરમાત્મતત્વ કે જે ઇંદ્રિયોનો વિષય નથી, જે ઇંદ્રિયોથી પર છે, તેને ઇંદ્રિયો કદિ પહોચી શકનાર નથી. આત્માનુ જ્ઞાન બીજા કશાથી થનાર નથી. ઉપરના દૃષ્ટાન્તમા વિના ચક્ષુએ કાચનો રંગ જોવાના યત્ન જેવો જ ઇંદ્રિયો વડે આત્માને જાણવાનો પ્રયત્ન છે. એ આંધળાઓની પાસે રંગ જોવાનુ સાધન જે આંખો જોઇએ તે તો હતી જ નહિ, એટલે દરેક જણ ગમે તેનુ પ્રમાણ આપી પોતાનુ મત મજબૂત કરતો હતો.

બે ભાગ હાઇડ્રોજન વાયુ અને એક ભાગ પ્રાણ વાયુના સંયોગથી પાણી તૈયાર થાય છે, આ વાત મને કહેવામાં આવી, તેથી મ્હે તે જાણી. પણ અમૂક વાત જાણવા માત્રથી જ કાંઇ તે વાતનુ ખરૂ અનુભવ સિદ્ધ જ્ઞાન થયુ એમ શી રીતે કહી શકાય ? બધા રસાયન શાસ્ત્ર જાણનારાઓ એ વાત કહે છે, પણ મ્હારી જાતે પ્રયોગશાળામા જઇ, પ્રત્યક્ષ પ્રયોગ કરી જોઉં નહિ, ત્યા સુધી મને એ સિદ્ધાન્ત ઉપયોગમા આવે નહિ. બધી બાબતોમા આપણો જાતિ અનુભવ એ જ ખરૂ પ્રમાણ છે. શ્રીકૃષ્ણ, ઇશુ, કે બુદ્ધના આપ્ત વાક્યમા માત્ર અંધશ્રદ્ધા રાખવાથી જ મ્હારૂં કામ થનાર નથી. મોટા પુરૂષોના વચન છે. એમ 'બાવો બોલ્યા એ સત્ય' તેથી અમારા મનનુ સમાધાન થનાર નથી જાતિ અનુભવ, એ જ સત્યની ખરી કસોટી છે. એક માણસ કહેતો હતો કે, તેના બાપનો જઠરાગ્નિ બહુ તેજ છે, અને મ્હારૂ ખાધેલુ અન્ન તે પચવી આપશે, પણ એમ તો થતું જ નથી દીકરાનુ અન્ન દીકરે જાતેજ પચવવુ જોઇએ. જગતમા અવતરેલા મોટી મોટી વિભૂતિઓના મહાત્માઓને મારા નમસ્કાર છે પણ મ્હારૂ અન્ન તેઓ મને પચવી આપી શકનાર નથી તે કામ તો મ્હારૂ, માટે મ્હારી જાતે જ કરવું પડશે, અને તેવી રીતે ઇશ્વરની સાથે મ્હારી એકરૂપતા-એકાત્મતા તેઓથી કરાવી આપી શકાશે નહિ એ એકરૂપતા તો મ્હારે જાતે જ સાધ્ય કરવી જોઇએ આ વિષયનુ વિવેચન આગળ ઉપર તમો આગળ હુ કરીશ.

નાસ્તિક અને પ્રત્યક્ષ વાદીઓ કહે છે કે, 'જગતના તાત્પર્યની-ગૂઢ તત્ત્વની ચોકસી અમે અમારી જાતે જ કરી લઇશુ' પણ તેમની નજર કેટલે સુધી પહોચી શકે છે, તે આપણે તપાસીએ. તેમને આપણે દીવાસળી આપીએ, અને કહીએ કે તે દીવાસળીમાં અગ્નિ છે, પણ તેને સળીમાં અગ્નિ–પ્રકાશ દેખાતો નથી. તેને ક્યાં શોધવો ? પછી

તે દીવાસળીના નાના નાના ટૂકડા કરી નાખે છે; અને તપાસે છે, પણ પ્રકાશનો પત્તો મળતો નથી. વળી તે સળીનો ઝીણો ભૂકો કરી તપાસે તોપણ અગ્નિ–પ્રકાશ જણાતો નથી. આ જ રીતે આત્માને શોધવાને માટે કોઇ શરીરના ટુકડે ટુકડા કરીને તપાસે તોપણ ચૈતન્યનો પત્તો લાગશે નહિ. હાડકાનો બારિક ભૂકો કરી જુઓ, પણ જીવન તત્ત્વ તેમાંથી જડી શકશે નહિ આટલી મહેનત કર્યા પછી પણ તે સ્વાભાવિક બોલી ઉઠે છે કે, "હું પડું" અર્થાત્ આત્મ તત્ત્વરૂપી સદ્વસ્તુ હોવી તો જોઇએ જ પણ તે વસ્તુ જાણી શકાય એવી નથી. નાસ્તિકવાદીનું આ વચન તેની દૃષ્ટિના અગોચર જ છે. તેની બુદ્ધિના પ્રમાણમા તે બરોબર જ છે તેને વ્યષ્ટિ જ્ઞાન–વ્યાવહારિક જ્ઞાન ઉત્પન્ન થએલુ છે ખરૂં પણ તેને વ્યાપક સમષ્ટિ જ્ઞાન–બ્રહ્મજ્ઞાન થએલુ નથી પોતાની અહંવૃત્તિના વ્યષ્ટિજ્ઞાનવડે જગતમાં વ્યાપેલુ અવિનાશી, અનંત તત્ત્વ કયુ છે, તે સમજવાને તે પ્રયત્ન કરે છે, પણ એ તો ખુલ્લુ જ છે કે, તે તેનાથી જાણી શકાવાનુ નથી. વ્યાવહારિક સારાસાર–વિચારશક્તિની એવી જ સ્થિતિ થાય છે. આ જગતમા વ્યાપ્ત એવુ કોઇ અવ્યય કે અવિનાશી તત્ત્વ છે, એટલુ જ માત્ર એ વિચારશક્તિથી સમજાય છે. પણ તે તત્ત્વ તે શુ છે એ વાત વ્યાવહારિક વિચારબળથી સમજી શકાતી નથી જેમ કોઇ પાછળથી આવી મ્હારી આખે પાટો બાધે તો હુ જાણુ કે તે કોઇ માણસ જ હશે અને તે સ્નેહિજ હોવા જોઇએ. કારણ, કોઇ અજાણ્યુ–પરજન આવી ચેષ્ટા કરી શકે નહિ. એટલુ તો અનુમાન થઇ શકે, પણ તે કોણ હશે ને કેવું હશે તેનુ પ્રત્યક્ષ જ્ઞાન મને થાય નહિ. જેમ કોઇ માણસ ભીંતમાં દડો મારે તો તે ભીંતમા પેસીને તેની પાર જઇ શકતો નથી પણ અફળાઇને પાછો જ પડે છે. એવી જ ગતિ વ્યાવહારિક વિચારશક્તિની થાય છે.

બરાબર એવીજ સ્થિતિ વિચારશક્તિની થાય છે. આપણી મર્યાદિત–સંકુચિત વિચારશક્તિ અનંત બ્રહ્મમાં પ્રવેશ કરવાને અસમર્થ થાય છે; અને એ અસમર્થપણું તેજ સર્વથા યોગ્ય છે. કારણ કે, જો બ્રહ્મનુ જ્ઞાન આપણને થઇ શકે, તો તેનુ '**एकमेवाद्वितीयम्**' એવું જે વર્ણન છે તેને બાધ આવે, અને બ્રહ્મ અને તેને જાણનાર આપણે બને બ્રહ્મ નહિ, એમ ઠરે. એક રૂપતા–અદ્વૈતભાવ ટળી તત્કાળ જ દ્વૈતભાવ થાય કેવળ સર્વાત્મ–જ્ઞાનથી જ વ્યાપક અનત બ્રહ્મ સિદ્ધ થઇ શકે છે.

સત્સંગ–મહિમા.

હવે ઇશ્વરનો સાક્ષાત્કાર–આત્માનુભવ શી રીતે થાય છે તેનો આપણે વિચાર કરીએ, પણ એ વિચારતા પહેલા એકાદ નાના બાળક વિષે થોડો વિચાર કરી લઇએ નાના બાળકને 'હુ' 'મ્હારૂ' 'ત્હારૂ' કે આ જગત એવી કશી વૃત્તિ થતી નથી, તેમ તેવુ ભાન પણ તેને હોતું નથી તેને પોતાના વિષેનુ વ્યષ્ટિ–જ્ઞાન જ નથી તો સમષ્ટિ–જ્ઞાનની તો વાતજ શી ? ધારો કે, આપણી પાસે એવુ કોઇ એક બાળક છે હવે "એ બાળકને જરાએ સમજણ નથી તેથી તેને સમજણ આવવા દો. પછી હુ તેની સાથે બોલચાલ કરીશ." એવો વિચાર આપણે કરીશુ ખરા ? નહિ જ તેને પોતાની આજુબાજુની વસ્તુઓના નામ આવડે, તેનુ ઓળખાણ થાય, તે પછી જ આપણે તે વસ્તુઓની સમજણ તેની સાથે વાતચીત કરી તેને પાડીશુ, એવી ધારણા આપણે કરીએ છીએ ? નહિ જ. બાળક નાનુ હોય છે ત્યારથી જ આપણે તેનુ નામ પાડીએ છીએ. તેને 'ગોવિંદ' 'રમેશ' આદિ નામથી બોલાવીએ છીએ. ઘરના મોટેરા પણ તેને તેજ નામથી બોલાવે છે, ઓળખે છે; અને તેની સાથે જૂદી જૂદી ચીજો અને નવાં નવાં માણસોની વાતચીતો કરે છે. આ ચીજ સારી છે અને

આ વસ્તુ મીઠી છે એમ તેને કહે છે. અમારૂં બાળક કેવું હોંશીઆર, ચાલાક, આવડતવાળુ અને સમજણું છે? આવુ આવું કહીને તેને બોલ બેટા, 'મા' 'બાપા' બોલ, એમ બોલી મા, બાપને બોલાવતાં તેને શીખવાડીએ છીએ. થોડોક વખત જતા બાળક મોટું થતું જાય છે; અને તેને તોતડુ, કાલું, કાલું બોલતા આવડે છે. આમતેમ રમતા, ફરતા તેને આવડે છે. પછી 'મા' 'બાપા' શબ્દો તેને કાને વારવાર પડતા હોવાથી, તે શબ્દોનુ અનુકરણ કરી તે બોલવા કરે છે. દીકરો 'બાપા' બોલવા લાગે છે. એટલે બાપ દીકરાને 'અહીં આવ' કહે છે. આ બાપનુ 'અહીં આવ' બોલેલુ બાળક થોડુંજ સમજે છે? પણ, બાપ પોતાના હાથ લાંબા કરી હસતે મ્હોંએ, મોટા ઉમગે તે બાળક તરફ જોતો હોય છે, તે જોઇને બાપા પોતાને બોલાવે છે, એવુ તે બાળકને સમજાય છે; અને તેથી તે તેની પાસે જાય છે, અને એ પ્રમાણે જેમનામા વ્યષ્ટિજ્ઞાન જાગ્રત થયુ છે એવા વડીલોના સહવાસ–પરિચયથી બાળકનુ સામાન્ય વ્યવહારજ્ઞાન વિકાસને પામતું આપણા જોવામા આવે છે એજ ન્યાયે વિશ્વમા જે સર્વ ભૂત માત્રને આત્મામા જુએ છે, જેમને આત્મસાક્ષાત્કાર થયો છે, એવા સત્પુરૂષોના સહવાસથી, આત્માના સત્ય વ્યાપક સ્વરૂપના સાક્ષાત્કાર–અનુભવ થઈ શકે * સહવાસ વા સગનુ કેવુ બળવાન પરિણામ આવે છે એ તો આપણા અનુભવની વાત છે. ક્રોધ કલેશી અને દુખીની સોબતમા રહેવાથી આપણને પણ ઉદ્વેગજ

* तद्विज्ञानार्थं स गुरुमवाभिगच्छेत् ।
समित्पाणि श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥ मुण्डकोपनिषद् खं २ । १२
तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्वदर्शिन ॥ गीता. अ. ४ । ३४

થાય છે—અને કોઇ ગમ્મતી, ઉલ્લાસીના સહવાસ અને સંગથી આપણુને પણ ઉલ્લાસ અને આનંદ થાય છે. એ જ પ્રમાણે સત્સંગનું ફળ પણ સમજવું. કોઈ તત્ત્વદર્શી મહાનુભાવના ગ્રંથો વાચવાથી, તેમની સાથેની પ્રત્યક્ષ વાતચીતથી, કિંવા વિશ્વની અલૌકિકતા તથા સૃષ્ટિ-સૌન્દર્ય જોવાથી પણ આત્માનુભવ જાગ્રત થાય છે. બાપ દીકરાને 'ગોવિંદ' 'ગોવિંદ' કે 'રમેશ' કહી બોલાવે છે, અને તે ગોવિંદ વા રમેશ થાય છે. તેને રામ કહી બોલાવીએ તો તે રામ થાય છે. શું એમ થતું નથી? તેજ મુજબ ઓરડામા છોકરા જ્યા ઉંઘી ગયા હોય ત્યા જઈ, 'ગોવિંદ' કહી હાક મારીએ તો ગોવિંદજ જાગીને જવાબ આપે છે. 'રામ' જવાબ આપતો નથી. 'રામ' તો ઉંઘ્યાજ કરે છે.

ચમત્કારમાં શું આવી ગયું ?

આત્મજ્ઞાનીને અથવા સમ્યગ્જ્ઞાનીને કેટલીક વખતે એમ કહેવામા આવે છે કે "અહો! મહાત્મન્! આપને ઇશ્વરસાક્ષાત્કાર થયાનુ આપ કહો છો ત્યારે તો આપ અમોને કાંઇ ચમત્કાર કરી બતાવો. આ આખુ વિશ્વ ઇશ્વરે સરજ્યું. પણ તમારાથી તો એક તરખલુ એ પેદા થતું નથી. આપને જ્યારે ઇશ્વરપણાનુ અભિમાન છે તો જો આપનામા કાંઇ આવડત વા દિવ્ય બળ હોય તો, તે પ્રત્યક્ષ કરી બતાવો." પણ આવુ કહેવું એ મૂર્ખાઇ ભરેલુ છે. ઈશુ ખ્રિસ્તને પણ આમ લાલચમાં લપેટવાનો પ્રયત્ન નહોતો કરવામા આવ્યો ? સેતાને (પાપી પુરૂષે) તેમને પર્વત ઉપરથી પડતું મૂકવાનાં વચનો કહીને શું લલચાવ્યા નહિ હતા? પણ જીસસે પાપી પુરૂષના મેંણા ટોંણાની પરવા નહિ કરતાં તેને એટલો જ ઉત્તર આપ્યો હતો કે, 'જા અહીંથી, તુંજ પડતું મૂક! ઈશુ પોતે શક્તિમાન હતા, પણ તે શક્તિ શું એક

શ્રદ્ધા વિનાના નાસ્તિક આગળ નિષ્ફળ વાપરી બતાવે એવા હતા? નાસ્તિકો આગળ ગમે તેટલા ચમત્કારો કરી બતાવો, પણ તેઓ થોડાજ પલળવાના કે વળવાના? તેમને પોતાને આત્મસાક્ષાત્કાર થયા વિનાનુ સર્વ ફોકટજ છે. આપણે કહીએ, 'હુ ઈશ્વર છું.' પણ આનો અર્થ શુ? શુ આ જડ શરીર ઈશ્વર છે? નહિજ. ત્યારે આ મન ઈશ્વર છે? તે પણ નહિ. મન ઈશ્વર શી રીતે થાય? આનો આશય નીચે મુજબ છે. કલ્પના કરો કે, કોઇ એક મનુષ્ય એમ. એ ની પરીક્ષામા પાસ થયો અને તેને એમ. એ. ની પદ્વી મળી. કોઇ એક માણસ રાજા છે. રાજાની પદ્વ તેને મળેલી છે. આ બંને દાખલામા એમ. એ. અને રાજાની પદ્વીઓ તો તેમનામા માત્ર આરોપાયલીજ છે. એટલે તે બહારની વ્યાવહારિક કે સાસારિક ઉપાધિઓજ છે. તેજ પ્રમાણે આ સાપ કાળો છે, આમ હુ બોલ્યો. આમાં કાળાપણું એ સાપના શરીરનો રંગ છે. એ કાળાપણાના રંગનુ સાપમા આરોપણ કર્યું કહેવાય. પણ હું જયારે સાપને રજ્જુ (દોરડુ) કહું, ત્યારે તો 'સાપ' અને 'દોર'નો સબધ, 'કાળાપણું' અને 'સાપ'ના સબધના કરતા જૂદી તરેહનો અને જૂદી જાતનો થયો. 'હુ રાજા છુ. એમાં રાજા' એ તો માત્ર ઇલકાબ અને અધિકારનુજ નામ છે. એ વાક્યમાં રાજા તો મ્હારી પદવીનું નામ છે. પણ 'હુ ઈશ્વર છુ;' એનો અર્થ કઇ આ મ્હારો ક્ષુદ્ર અહકાર એટલે ઈશ્વર એવો થતો નથી. દોરડામાં સાપની ભ્રમણા અથવા સાપનો ભાસ છે, અને માત્ર દોરડુંજ ખરૂં છે. તેજ પ્રમાણે 'મ્હારૂં, ત્હારૂં અને મમતા' તે અસત્ય છે. અવિદ્યાથી થએલો ભાસ ભ્રમણા છે, જંજાલ છે, મૃગજળ છે. માત્ર ઇશ્વરજ સત્ય છે. હું કેવળ તેજ ઈશ્વર છું, કેવળ ઈશ્વર, અનન્ત, સચ્ચિદાનન્દ સ્વરૂપી, एकमेवाद्वितीयम् ब्रह्म છું.

આ સિદ્ધાન્તને વધારે ખુલાસા સાથે સમજાવવા માટે આપણે સમુદ્રના બે મોજાનો દાખલો લઇએ. આ બે મોજાના પાણી શું જુદા જુદાં છે ? આખા સમુદ્રમા પાણી એકજ છે. બને મોજાનાં પાણી એકજ છે. એ મોજાંમાંજ જુદાપણું જણાય છે એ તો આકારનું જુદાપણું છે. પાણી તો એકજ છે. તેમજ આ શરીરનો આત્મા પેલા શરીરના આત્માથી જુદો છે એ શી રીતે બને ! સર્વ શરીરોમાં એક આત્માજ રમી રહ્યો છે આ સર્વ શરીરો, વા રૂપ કે આકારો એકજ આત્માના છે. આત્મા एकमेवाद्वितीयम् છે સઘળા શરીરો આત્માનાં છે, તે મ્હારાજ છે. કારણ હું આત્મા છુ. ભેદ છેજ નહિ. જુદી જુદી ભાષામાં અજવાળાના જુદાં જુદા નામ હોય છે. અગ્રેજીમા અજવાળાને ' લાઇટ ' કહે છે અને જર્મન ભાષામા તેને ' લિપટ ' કહે છે તેને ગમે તે નામથી ઓળખાવો તેમા શુ ? અજવાળુ તો ઇંગ્લાંડ અને જર્મની તેમ બધા દેશોમા એકજ છે ' એવીજ રીતે વસ્તુઓના જુદા જુદા નામ અને રૂપ અસત્ય હોઇ માત્ર ઇશ્વરજ સત્ય છે. નામ જુદા પણ આત્મામા જુદાપણું છેજ નહિ. કારણ આત્મા સર્વવ્યાપી છે, નિત્ય છે, સદ્ છે, શાશ્વત છે.

હું પોતે સર્વવ્યાપી થાઉં.

આપણા આ શરીરના બધા અવયવો અને અંગો એક બીજા ઉપર આધાર રાખી રહેલા છે, અને આ બધા અંગો અને અવયવોનુ બનેલુ શરીર તે એક સંચો છે. છતાં હાથ કહે કેઃ " આખા શરીરનું પોષણ હું કરૂં છુ અને બીજા અવયવો શાનુ ખાય છે ? તો એવું ચાલશે નહિ. હુ પેદા કરૂં તે હું ભોગવું. બીજાને આપવાનું ક્યાંથી હોય ? આવાજ વિચારથી જો મ્હો અન્ન ચાવવાનું, પેટ તેને પચાવવાનું અને પચવવાથી થએલુ પોષક દ્રવ્ય બીજા અવયવોને

વહેંચી આપવાનું બંધ કરે અને આપણે તે અન્નને શસ્ત્રક્રિયાથી હાથમાં ઘલાવીએ તો તે રીત હસવા જેવી થયા વિના રહેશે શું? હાથ નાણું પેદા કરે છે, એમ કહી હાથે સોનૈયા કે રૂપૈયા બાંધ્યા. ધારો કે, એટલામાં કોઇ પીળી ભમરી આવીને ડંખી. જેથી હાથે મોટો સોજો ચઢયો અને દુસહ તેમ તીવ્ર વેદના થવા લાગી. પણ હાથ કાપી નાખ્યા સિવાય પીડા જાય નહિ, અને બીજા અવયવોને વેદના થયા સિવાય હાથ કાપી શકાય નહિ; કારણ કે સર્વ અવયવો મળીનેજ એક શરીર યંત્ર થયું છે, અને હાથ પણ એ અવયવોમાં નોજ એક અવયવ છે. પેટ અન્ન પાચન કરે છે ત્યારેજ એને એના ભાગનું પોષણ મળે છે નહિ તો એની શી વલે થાય? આવી દૃષ્ટિથી વિચારતા એમ નિષ્પન્ન થાય છે કે, સમષ્ટિથી—વ્યક્તિ—વ્યષ્ટિ અલગ થઇ શકે નહિ 'મ્હારૂં, ત્હારૂં'ની મમતા અને સંકુચિતપણું છોડી એકરસ, અભેદ, સ્વરૂપાનુભવ સિવાય આપણાં દુખોનું નિવારણ છે નહિ, અને તે સિવાય બીજી ગતિ પણ નથી. જ્યારે પરમાત્મસ્વરૂપ વિલસે છે, અભેદ—સાક્ષાત્કાર થાય છે, એકરૂપતા થાય છે, વૃત્તિ બ્રહ્માકાર થઇ જાય છે, એટલે ભેદના સર્વથા અભાવનો આપણને નિશ્ચય થાય છે.

એક સમયે એક સંન્યાસીએ સોનીને ત્યાં જઇ કહ્યું કે. 'તમારી પાસેની વીંટીઓમાંથી સરસમાં સરસ વીંટી લાવી પ્રભુની આંગળીએ પહેરાવો.' પછી તે સંન્યાસી મોચીને ત્યાં ગયો અને કહ્યું "સારામાં સારા જોડા લાવી પ્રભુને પગે પહેરાવો" પછી તેણે દરજીને ત્યાં જઇને કહ્યું: 'સીવીને તૈયાર કરેલો ઉંચામાં ઉંચો પોષાક પ્રભુને અંગે ધરાવો—પ્રભુના શરીરને પહેરાવો!' 'પ્રભુના અંગ ઉપર' આ શબ્દો બોલવામાં સંન્યાસીનો આશય 'તેમના પોતાના અંગ ઉપર' એવો હતો. લોકોએ જ્યારે આવી બધી વાતો સાંભળી ત્યારે તેમને

નિશ્ચય થયો કે; સ્વામિ કોઇ ધૂતારો, પાખંડી અને ઢોંગી છે માટે લોકોએ એમને વગર ભાડાની કોટડીમાં મોકલવાનો ઠરાવ કર્યો. 'ભલે મને વગર ભાડાની કોટડીમાં પકડી લઇ જાઓ, પણ તે પહેલા મ્હારી હકિકત સાંભળો' એમ સન્યાસીએ વિનતિ કરી અને તે તે લોકોએ કબૂલ કરી. સન્યાસીએ લોકોને પૂછ્યું આ જગતનું નિર્માણ કોણે કર્યું ? લોકે કહ્યું: 'ઇશ્વરે' આકાશમાંના સૂરજ અને તારા કોણે સરજ્યા ? 'ઇશ્વરે' આ ખેતરો અને તેમાંનુ ધાન્ય કોણે બનાવ્યું ? 'પ્રભુએ' સઘળા પ્રશ્નોના ઉત્તરમા 'ઇશ્વરે' 'પ્રભુએ' એટલોજ ખુલાસો મળ્યો ઠીક ત્યારે તમારી આ શ્રદ્ધા અડગ, અવિચલ છે ? લોકોએ કહ્યુ.' હા, છેજ એમા સંશય શાનો'? તે પછી સન્યાસી બોલ્યા આ મ્હારો દેહ કોનો છે ? તેઓએ કહ્યું 'ઇશ્વરનો' આ પગ, આ હાથ કોના ? આ બધા પ્રશ્નોનો એકજ ઉત્તર 'ઇશ્વરનો' એવો મળ્યો. આ બધી માયા ઇશ્વરની છે. આ પ્રમાણે તેમને પોતાને મ્હોડેથીજ વિવેક કરાવી, નિકાલ આણી પોતાના સિદ્ધાન્તની સત્યતા તેમને તે સન્યાસીએ સમજાવી. કારણ લોકો અજ્ઞાન હતા અને સન્યાસી તો ઉંડા જ્ઞાનવાળા હતા

હિન્દુસ્તાનમા કોઇ માણસનુ મરણ થાય છે, ત્યારે તેણે પોતાનો દેહ છોડયો એમ બોલવાનો રિવાજ છે તમારામાં તેણે પોતાનો આત્મા આપ્યો એવુ કહેવાનો રિવાજ છે મરણની કલ્પના જણાવવાની તમારી આ પદ્ધતિ કરતા હિન્દુસ્તાનની પદ્ધતિ વધારે સયુક્તિક છે કારણ કે આત્મા અને શરીરને કશો સંબંધ કે કશી સગાઇ છેજ નહિ આત્મા અને શરીર જૂદાજ છે આ તત્ત્વ આ ગીતાર્થ હિન્દુસ્તાની પદ્ધતિએ વધારે સ્પષ્ટ રીતે બતાવી શકાય છે. મરણની કલ્પના જણાવવા સારૂ, હિન્દુસ્તાનમા તેના શરીરમાંથી પ્રાણ ગયા, એમ બોલવાની રૂઢી છે. એક વખતે એમ બન્યુ કે,

ત્રણ જણ એક ઠેકાણે બેસી મનમાનતો દારૂ પીતા હતા. તેઓ નિશાના ખૂબ પૂરમાં ચઢયા, એટલે તેમનામાંથી એક જણ બોલ્યો: આપણે જરા ફળાહાર નાસ્તો કરીએ. આમ બોલી એક જણને ફરાળ, નાસ્તાની જણસ ભાવ લેવાને મોકલ્યો તે લઇને આવે એટલે ઉજાણી વા મિજબાની થાય. થોડીવાર પછી એક બીજાને કહ્યું: 'ભાઇ, પ્રાણ નીકળી જાય છે, ચુંથારો થાય છે, કાંઇક થઇ આવ્યુ.' આ શબ્દો સાભળી બીજા જણે તેનું નાક બંધ કરી રાખ્યુ એટલે પેલો બોલ્યો: જા, જા, ભાઇ આમ કાઇ નીકળી જતા પ્રાણ રોકાતા હશે? આ પ્રમાણે નાક દાબી દેવાનું પરિણામ શુ આવે? તે ઉઘાડુજ છે. છતાં આ હું નાક, કાન, મ્હો દાબવાની મૂર્ખતા કરૂં છુ એવુ તેને ભાન સરખું પણ નહોતું.

એક મોટા સમારંભમા શ્રીકૃષ્ણે અમીર, ઉમરાવ અને બીજા મોટા મોટા લોકને નિમંત્રણ કર્યું. પણ પોતાની પ્રિયતમા રાધાને તેડયા નહોતા દરબારમા મુખ્ય પ્રધાને શ્રીકૃષ્ણને રાધાને તેડાવવાનો પુષ્કળ આગ્રહ કર્યો પણ તેના આગ્રહપૂર્વક બોલવા ઉપર શ્રીકૃષ્ણ ભગવાને લક્ષજ આપ્યુ નહિ. આથી પ્રધાનોને લાગ્યુ કે: આ કાઇ ઠીક થયુ નહિ. જેથી તેઓએ રાધા પાસે જઇ બધી હકિકત નિવેદન કરી. ત્યારે તેમણે તેમને એટલોજ ઉત્તર આપ્યો કે: આપણે ઘેર જ્યારે કોઇ મિજબાની, ઉત્સવ વા ઉજાણી હોય છે, ત્યારે આપણે આપણા ઇષ્ટમિત્રો, સ્નેહિઓ, સોબતીઓને તેડીએ છીએ; પણ આપણને પોતાને તેડુ કરવાનો રિવાજ ક્યાં હોય છે? શ્રીકૃષ્ણ ભગવાનને ત્યા ઉજાણી છે. તે પૂર્વેથીજ હુ જાણું છુ. કારણ, અમે તો એકરૂપજ છીએ.

એક વખતે મજનૂની *પ્રિયા કોઇ કારણથી બેકરાર થઈ. તેનું ચિત્ત અસ્વસ્થ થયું. ગમે તેટલા અને ગમે તેવા ઇલાજ કરતાં પણ તેને કરાર થયો નહિ. છેવટે વૈદ્યને તેડી આણ્યા. વૈદ્યે લોહી કહાડવાનો ઠરાવ કર્યો. લૈલીના હાથમાંથી લોહી કહાડવા પ્રયત્ન કર્યો પણ લોહીનુ એક ટીપુ સરખુંએ નીકળ્યું નહિ; અને મજનૂનના હાથમાથી લોહીની ધાર નીકળી. આ મોટા ચમત્કારની વાત થઇ. તે બનેનો પ્રેમ એટલો બધો અભેદમય હતો.

---

* 'ફરહગ અસાફિયા' નામના એક ફારસી ગ્રથમા એમ જણાવેલું છે કે લૈલી અને મજનૂન આ બને અરબસ્તાનના નેજદ શહેરમા બે કુલીન કુટુબોમા થઈ ગયા તેમના ઘર છેક એક બીજાની પડોશમા હતા. નાનપણમા તેમનામા એકમેક વચ્ચે ગાઢ પ્રેમ થયો પણ લૈલીના બાપને એ પસદ નહિ આવવાથી તેમણે તેનો લગ્નસબધ બીજા કોઇ એક તરૂણ સાથે કર્યો આ જાણી મજનૂન કેવળ દીવાનો થઇ ગયો લૈલીને આ ગમ્યું નહિ, તેથી તે નિરાશ થઈ થોડા દિવસમાજ મરણ પામી લૈલીના દેવલોક થયાની વાત સાભળતાજ બહુ પ્રેમના પરિણામે મજનૂનને તત્કાળ મૂર્છા આવી તે અચેત થઈ ધરણીપર ઢળ્યો, અને પછી તે ઉઠયોજ નહિ લૈલી અને મજનૂનની બેસુમાર મહોબ્બતના અનેક કીસ્સા મશહૂર છે મજનૂનનું મૂળ નામ કૈસ હતું પણ લૈલીના પ્યારમા દીવાનો થયા પછી તેનું નામ મજનૂન એટલે પ્રેમઘેલો પડયુ હતુ 'જનૂન' શબ્દની વ્યુત્પત્તિ 'જીનૂન' (ગાડપણ) શબ્દમાથી થએલી છે

प्रश्नोत्तर.

(ગોલ્ડન ગેટ હોલમા ગુરૂવાર તા ૨૨-૧-૧૯૦૩ ના બપોરે આપેલુ ભાષણ)

પ્રશ્ન —" આપણે મુક્ત થઇશુ " એમ કહેવાનો તમારો શો અર્થ છે ?

ઉત્તર—" આપણે મુક્ત થઇશુ " એ વાક્ય ચોક્કસ રીતે બોલતા ખરેખર ભુલભરેલુ છે. આપણે મુક્ત થવાનુ નથી કારણ કે આપણે આ પળેજ મુક્ત છીએ; આપણે શરૂઆતથીજ મુક્ત છીએ, આપણે કદાપિ ગુલામી કે દાસત્વમા નહોતા. એટલે " આપણે મુક્ત થઇશુ " એ બોલવુજ ભુલભરેલુ છે એમ છતા સામાન્ય વાતચીતમા આનો અર્થ જ્ઞાન અથવા જ્ઞાન સપાદન કરવુ એમ દર્શાવવાનો છે જેવી રીતે કેટલાક જગતમા પરતત્ર હોય છે તેવી આ કાઇ પરતત્રતા નથી આ તો માત્ર ખોટા વિચાર, અજ્ઞાન અને ખોટા આચારનુજ પરિણામ છે ખરેખરી ગુલામગીરી કે દાસત્વ આમા છેજ નહિ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ અને આત્મા અગર સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર તમને એકદમ મુક્ત—સદાકાળને માટે મુક્ત કરે છે આ મુક્તતા ખરી રીતે તો ગુમાવેલીજ હોતી નથી તેથી આ મુક્તિ પણ ભવિષ્યમાં પ્રાપ્ત થશે એમ તમારે ધારવાનું નથી, એ તો હમ્મેશા તમારીજ છે, એ મુક્તિ તો તમારા જન્મસિદ્ધ હક્ક તરીકે પ્રાપ્ત છે, અને એ મુક્તિ તો તમારો પોતાનો સ્વભાવજ છે એમ ધારવાનુ છે.

* એક મનુષ્યની પાસે તેના ગળામાં એક લાંબી કીમતી માળા હતી. એક સમયે આ માળા આ ડાબી બાજુને બદલે ડોકની પાછલી બાજુ તરફ લટકી પડવાથી પોતાની છાતીપર તેને ન જોવાથી તે ખોવાઇ ગઇ માનીને ઘણો દિલગીર થયો અને તેની શોધ કરવા માટે વળખા મારવા લાગ્યો; પણ તેને તે જડી નહિ. એવામા કોઇએ તેને કહ્યુ કે તે માળા તેના ગળામાજ પીઠ તરફ લટકી રહેલી છે જેથી તે ઘણો સુખી થયો. હવે શબ્દના બ બર અર્થમા જોઇએ તો માળા કાઇ જડી નથી કારણ કે ખરી રીતે આટલો બધો વખત તે ત્યાજ હતી; તે ખોવાઇ નહોતી પણ તેનુ વિસ્મરણજ થયુ હતું. તેજ પ્રમાણે તમારો ખરો આત્મા, "अहं" તે કાલે આજે અને હમ્મેશા તેનો તેજ છે; માત્ર તેના વિષે મન અને બુદ્ધિમા રહેલુ અજ્ઞાનજ જીતવાનુ છે. મન જેમ માને છે કે કીમતી માળા જડી છે તેજ અર્થમાં આપણે કહીએ છીએ કે આપણે મુક્તિ-મેળવીએ છીએ. ખરી રીતે તમારી મનહર માળા કદિ પણ ગુમજ થઇ નહોતી કે જેથી તે તમને પ્રાપ્ત થાય; અને તેજ પ્રમાણે મુક્તિ પણ ટળી ગઇ નહોતી કે જેથી તે નવેસરથી મેળવવાની હોય.

પ્રશ્ન:—જીવનું આપણું વ્યક્તિત્વ આપણે ચાલુ રાખીએ છીએ?

ઉત્તર—આનો પ્રત્યુતર "જીવ" શબ્દના અર્થ ઉપર આધાર રાખશે "જીવ" તે આત્માના અર્થમાં લેતાં તો તે કદાપિ જન્મ્યો નથી અને કદાપિ મરતો પણ નથી. તેને જન્મ કે મરણ છેજ નહિ અને તેથી ચાલુ રહેવાપણું પણ અશક્ય છે. જો તમે "જીવ" નો અર્થ આ જન્મ મરણ પામતું શરીર એટલે કે; સ્થૂળ દેહ સમજો તો તો જીવન અને મરણ તેને છેજ

મહર્ષિ યાજ્ઞવલ્કયને બે સ્ત્રીઓ હતી. મૈત્રેયી અને કાત્યાયની. તેઓ ઘણા ધનવાન હતા. તેઓ હિંદુસ્તાનના એક અત્યંત શ્રીમાન

રાજાના ગુરૂ હતા. એક વખતે પોતાની બે સ્ત્રીઓ વચ્ચે પોતાની મિલકત વહેંચીને અરણ્યમાં એકાન્ત–જીવન ગાળવાની તેમની વૃત્તિ થઇ. મૈત્રેયીએ પોતાનો ભાગ લેવાની ના પાડી, તે એવું વિચારીને કે જો એથી અમરત્વ પ્રાપ્ત થતું હોત તો તેનો પતિ પોતેજ એનો ત્યાગ કરત નહિ.

આ સમયે મૈત્રેયીના હૃદયમાં એવો વિચાર ઉદ્ભવ્યો હતો કે પોતાનો પ્રિય પતિ કે જે આખા હિંદુસ્તાનમા વધારે ધનવાન હતો તે પોતેજ પોતાની બધી દોલત તજી દેવાને અને એક બીજા જ પ્રકારનુ (એકાન્ત) જીવન ધારણ કરવાને શામાટે તત્પર થયો હતો? જુના જીવન કરતાં નવા જીવનમાં વધારે આનન્દ અને સુખ ન હોય તો કોઇ પણ મનુષ્ય એક પ્રકારનુ જીવન તજી દઇ બીજા પ્રકારનું જીવન ધારણ કરતો નથી. આથી તેને જણાયુ કે તેનો પતિ જે પ્રકારનું જીવન તે વખતે ગાળતો હતો તેના કરતા તે ધારણ કરવા ઇચ્છતો હતો તે જીવન તેના પતિ માટે વધારે આનન્દજનક અને સુખપ્રદ હતું. એમ વિચાર કર્યો અને પોતાના પતિને પૂછ્યુઃ—

“ આધ્યાત્મિક સંપત્તિમા સાંસારિક સંપત્તિ કરતા વધારે સુખ છે કે તેથી ઉલટું છે? ”

યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો “ ધનવાન મનુષ્યોના જેવુંજ મ્હારૂં સાસારિક જીવન છે પરંતુ આવા જીવનમાં ખરો આનન્દ, ખરૂં સુખ અને ખરી સ્વતંત્રતા નથી.”

મૈત્રેયીએ કહ્યું “ એના કરતાં એવું કયુ ઉચ્ચ જીવન છે કે જેની પ્રાપ્તિ તમને વિશેષ મુક્ત કરે અને જે તમને સાસારિક મોહ અને તૃષ્ણાથી મુક્ત કરે? મને તે સમજાવો, મ્હારે તે જોઇએ છે.”

એ પછી યાજ્ઞવલ્કયની સર્વ બહારની દોલત કાત્યાયનીને આપી

દેવામાં આવી અને આ પત્ની, મૈત્રેયીને તેની આધ્યાત્મિક સંપત્તિ મળી. આ આધ્યાત્મિક સંપત્તિ શું હતી?

(અહીં ઉપનિષદ્‌માંથી થોડીક પંક્તિઓ સ્વામી બોલ્યા અને શ્રોતાઓને તેનો અર્થ કરી બતાવ્યો.)

नवा अरे पत्युः कामाय पतिः प्रियोभवत्या त्मनस्तु
कामाय पतिः प्रियोभवति ।
नवा अरे जायायै कामाय जाया प्रिया-
भवत्यात्मनस्तु कामाय जाया प्रिया भवति ॥

બૃ. ઉપનિષદ્.

આ શ્લોકના ઘણા અર્થ છે. મેક્સમૂલરે એક રીતે તેનો અર્થ કર્યો છે; અને ઘણા હિંદુઓએ બીજી રીતે કર્યો છે. બન્ને અર્થ યથાર્થ છે.

એક અર્થ પ્રમાણે "પતિ વહાલો હોવાનું કારણ તેનામાં કાંઇ સારા ગુણ છે અથવા તેનામાં કાંઇ ખાસ વહાલ ઉત્પન્ન કરે તેવું છે એમ નથી પણ તે એટલા માટે વહાલો છે કે તે સ્ત્રીને દર્પણ જેવો છે. જે પ્રમાણે આપણે પોતાનું સ્વરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થએલું જોઇએ છીએ તેજ પ્રમાણે પોતાના પતિરૂપી દર્પણમાં સ્ત્રી પોતાનું સ્વરૂપ જૂએ છે અને તેથીજ પોતાના પતિને તે ચાહે છે તેનો પતિ આ માટે તેને વહાલો છે તેનું કારણ એજ છે."

બીજો અર્થ એવો છે કે "સ્ત્રી પોતાના પતિને પતિ હોવા માટે ચહાતી નથી પણ તેણે પોતાના પતિમાં સાચી શાશ્વતતા, પ્રભુતા અને સાચી દિવ્યતા માની લીધી છે તેટલા માટે ચહાય છે."

આ વાર્તા પૂર્ણ સત્ય જ છે કે પરસ્પર માટે સુખબુદ્ધિ ન હોય તો કોઇ કોઇને ચાહે નહિ. આ ઉપરથી જણાય છે કે આપણે બીજામાં પ્રતિબિંબિત થએલા આપણા સ્વરૂપનેજ ચાહીએ છીએ.

આપણે સુખના રૂપમાં પોતાના સત્યસ્વરૂપને, અન્તરાત્માને જોવો છે તેથીજ દરેક વસ્તુને ચાહીએ છીએ. આપણે કોઇ પણ વસ્તુને તે વસ્તુની ખાતર ચહાતા નથી.

આ કલ્પનાને તપાસો, બારિકીથી અવલોકો અને તમને સમજાશે કે બહારની વસ્તુઓ વહાલી લાગવાનું કારણ માત્ર તે સત્ય આત્માજ છે. બધી મીઠાશ તમારી અન્દર રહેલા સત્ય આત્મામાજ છે. આ લાગણીઓનો ખોટો ઉપયોગ કરશો નહિ. જે નિસરણી તમારી ઉન્નતિ માટે નિર્માયલી છે. તેને તમારી અવનતિનું અથવા અજ્ઞાન અને દુ:ખનું કારણ થવા દેશો નહિ. આનુ અવલોકન કરો અને ખરી મીઠાશ, ખરો આનન્દ અને ખરૂં સુખ ક્યા છે તે તમને યથાર્થ રૂપમા જણાશે. તમને જણાશે કે તે સુખ તમારા પોતાના સ્વરૂપમા સત્ય આત્મામાજ છે. તે સુખને તમે પ્રાપ્ત કરો અને સંસારની સર્વ તૃષ્ણાઓથી પર થાઓ. આ નીચ ક્ષુદ્ર તૃષ્ણાઓથી તમારી જાતને ઉન્નત કરો. દિવ્યતા સાથે એક થાઓ

नवा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया
भवन्त्यात्मनस्तु कामाय पुत्राः प्रिया भवन्ति ।

બૃ ઉપનિષદ્.

"ખરી રીતે પુત્રો, પુત્ર હોવાના કારણથી, વહાલા નથી પણ આત્માને લીધેજ પુત્રો વહાલા છે."

"પુત્રો સત્ય સ્વરૂપ—સુખ સ્વરૂપ—સત્ય આત્માને લીધેજ વ્હાલા છે" જ્યારે તમારા પુત્રો તમારા સામા થાય છે ત્યારે તમને દુ:ખ થાય છે, તમે તેમને તમારાથી દૂર કરો છો. એ પરથીજ તમે સમજી શકો તેમ છો કે પુત્રો શા માટે વ્હાલા છે?

દાખલા તરીકે તમારે તમારા પુત્ર માટે થોડાં કપડા જોઇએ છીએ. તે કપડાં તમને ઘણા વહાલાં છે પણ તે કપડા કપડાંની

પોતાની ખાતર નહિ પણ માત્ર પુત્રની ખાતરજ વ્હાલાં છે. કપડાં કરતાં એ પુત્રજ વધારે વ્હાલો છે; અને એજ પ્રમાણે આપણે સમજી શકીએ તેમ છીએ કે પુત્ર તેના અન્ય સ્વરૂપ આત્માને લીધેજ વ્હાલો ગણાય છે; અને તેથી આત્મામા, સત્ય સ્વરૂપમાં પુત્ર કરતા વધારે સુખ અને શાન્તિ હોવાં જોઇએ.

नवा अरे वित्तस्य कामाय वित्तं प्रियं
भवत्यात्मनस्तु कामाय वित्तं प्रियं भवति ॥५॥

બૃહદારણ્યક ઉપનિષદ્ ૨-૪.

"ખરી રીતે મિલકત મિલકતની પોતાની ખાતર વ્હાલી નથી પણ મિલકત સ્વસ્વરૂપને લીધેજ વ્હાલી છે."

તમે આ દેવની અને પેલા દેવની પ્રાર્થના કરો છો, અને કહો છો કે, "હે પ્રભુ ! તું એવો આનન્દ-સ્વરૂપ, તું એવો સ્નેહસ્વરૂપ, એવે કૃપાળુ ને સ્નેહાળ છે કે તુંજ દરેક કાર્ય કરે છે." વગેરે તમે આ શા માટે કરો છો ? કારણકે પરમેશ્વર તમારી જરૂરીઆતોની સભાળ રાખે છે, તમારા સ્વરૂપની-તમારી અન્દર રહેલા સત્ય સ્વરૂપની સેવા કરે છે. તમારા સત્ય સ્વરૂપને લીધેજ પરમેશ્વર તમને વ્હાલો છે. કાંઇ તેની પોતાની ખાતર નહિ ! આ વાત તમે સપૂર્ણ લક્ષમા રાખો. સત્ય સ્વરૂપ એજ સર્વ સુખ અને શાન્તિનો ઝરો છે. એ ઝરામાથીજ સર્વ સુખોની ઉત્પત્તિ છે માટે તેનો સાક્ષાત્કાર કરો-તેનુ જ્ઞાન પ્રાપ્ત કરો.

હિન્દુસ્તાનમા દેખાડાતા પુતળાના નાચમા એક માણસ પડદા પાછળ ઉભો રહે છે, અને પુતળાના સ્થૂળ શરીર સાથે સધાડેલા ઝીણા તાર પોતાના હાથમાં રાખે છે. પુતળાનો નાચ જોવા આવનાર લોકો આ ઝીણા તારને અને પડદા પાછળ ઉભેલા આ તાર ખેચનારને જોઇ શકતા નથી પણ માત્ર પુતળાંઓના નાચનેજ જોઇ શકે છે. તેજ

પ્રમાણે આ દુનિયામાં આ બધાં સ્થૂળ શરીરો સ્થૂળ પૂતળાં જેવાં છે. સામાન્ય લોકો અજાણ્યુપણાને લીધે આ સ્થૂળ શરીરોનેજ ખરે-ખરા કાર્ય કરનાર, સ્વતત્ર કાર્ય કરનાર અને શક્તિવાન કર્તા ગણે છે. સ્વરૂપની તેમા રહેલી પૂર્ણ સત્તા–સ્ફૂર્તિની ખબર ન હોવાથીજ તેઓ શરીરને સ્વતત્ર ક્રિયા–શક્તિ ગણે છે. જો તેમના સગા અથવા મિત્રો તેમની સારી રીતે સેવા કરે છે તો તેઓ તેમનાપર પ્રસન્ન થાય છે, અને જો આ મિત્રો અને સગાંઓ પ્રતિકૂળ વર્તન કરે તો દુઃખ, ધિક્કાર, અને નિરાશા ઉદ્ભવે છે અને તે મિત્રો અગર સગાને ચ્હાવાને બદલે તમે તેમને ધિક્કારો છો. આ એક વર્ગના લોકો છે. આથી ઉચી પક્તિના લોકોનો એક બીજો વર્ગ છે જે ઝીણા તારને–દોરાનેજ કાર્ય કરતા તરીકે સમજી લઇને વધારે મહત્વ આપે છે. આ લોકો પ્રથમ પ્રક ના લોકો કરતા વધારે બુદ્ધિમાન, વધારે તાત્વિક અને વધારે આધ્યાત્મિક હોય છે. આ લોકો ઝીણા દોરાને–ઝીણા તારનેજ બધુ મહત્ત્વ અર્પણ કરે છે તેઓ સત્ય કારણને એ દોરા તરીકે આકૃતિરહિત છૂટુ દ્રવ્ય અથવા ચેતન ગણે છે, અને તે ચેતનને સ્થૂળ દેહ સાથે સબધ ધરાવતુ ચેતન સમજે છે.

અહીં સુધી આ લોકો ખરા છે. તેઓ કારણ અને કાર્યને જોઇ શકે છે તેઓ ઝીણા તારને અને તેની સ્થૂળ શરીર ઉપર થતી અસરને જુએ છે. પણ આપણે જોઇએ છીએ છે કે મનુષ્યની અત-રમાં રહેલી શક્તિ, સત્ય અથવા પડદા પાછળ રહેલુ તત્ત્વજ, આ ઝીણા તાર અથવા દોરાને ખેચે છે. તે મૂળ શાક્ત કે જે ખરી રીતે કારણ, દેશ અને કાળથી મર્યાદિત થતી નથી તે અનિર્વચનીય શક્તિ-રૂપ આત્મા કે જેનાથી શક્તિ અનુભવનારાં બધાજ રૂપો નિયમમાં રખાય છે. તે આત્માજ ખરૂં અમરપણું, સુખ અને આનન્દ છે, તેજ સર્વ છે.

લોકના આ સાંસારિક સ્નેહ અને સંબન્ધ મનુષ્ય જાતને શિક્ષણ રૂપ છે. તે જનસમુદાયને માટે એક પ્રકારની કેળવણી છે. અને બીજી એક મોટી ઉત્તમ ભૂમિકા કે જે તરફ તમારા દુનિયાના સ્નેહ અને સંબંધ તમને લલચાવીને લઇ જાય છે તે ભૂમિકાનું દર્શન-અનુભવ થવો એજ એ સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર છે. અને તે ભૂમિકા એજ તાર ખેંચનાર, રંગભૂમિની પાછળ રહેલો તમારો દરેકનો આત્મા છે. આ બધા બહારના જગતના સંબધો અને અંતરાયો દૂરથી આંગળી કરીને તમને બતાવે છે કે તમારે આત્મ-સાક્ષાત્કાર કરવો જોઇએ, તમારે તે સત્ય સ્વરૂપનુ અસ્તિત્વ જાણવું જોઇએ, કે જે બધાની અન્દર વ્યાપી રહેલુ છે; અને જે મનુષ્યના મન અને શરીરને નિયમમા રાખે છે, અને ચલાવે છે. લોકોના મન અને શરીર, આ ઉત્તમ શક્તિરૂપી સત્ય સ્નેહ અને શ્રેષ્ઠ સત્યનાજ આધારે અને તેમનાજ નિયમનમાં રહેલાં છે.

આ પ્રમાણે જ્યારે તમે મિત્રને જુઓ છો ત્યારે તમે તેની અન્દર રહેલા સ્વરૂપનેજ જુઓ છો એમ તમારે જાણવું જોઇએ. જ્યારે તમે તેને વાત કરતા સાંભળો છો ત્યારે આ સાભળવાપણું અન્દર રહેલા તે સત્ય સ્વરૂપથીજ નિયમમા રહે છે. જ્યારે તમે મિત્રની ગતિ ઉપર ધ્યાન આપો છો ત્યારે અન્દર રહેલી અનન્ત શકિત ઉપરજ ધ્યાન આપો છો. જ્યારે તમે આ શક્તિમા નિમગ્ન રહો છો ત્યારેજ તમે છેતરાતા નથી, દુઃખી થતા નથી અને ક્ષોભ પામતા નથી.

જ્યારે લોકો પૂતળાંને ચલાવનાર અને દોરીને ગતિ આપનાર પડદામાં રહેલા મનુષ્યને જુએ છે ત્યારેજ ખરૂં રહસ્ય સમજે છે. તે પ્રમાણે જેઓ પોતાના સત્ય સ્વરૂપને જાણે છે તેઓ સમજે છે કે સત્ય સ્વરૂપ એ બધાની પાછળ રહેલી શક્તિ છે.

લોકોના કર્મની અન્દર રહેલી શક્તિ જુઓ, તેનો સાક્ષાત્કાર કરો અને તમે તેજ છો એમ જાણો.

ब्रह्म तं परादाद्, योऽन्यत्रात्मनो ब्रह्म वेद ।
क्षत्रं तं परादाद्, योऽन्यत्रात्मनः क्षत्रं वेद ।
लोकास्तं परादुर्योऽन्यत्रात्मनो लोकान् वेद ।
देवास्तं परादुर्योऽन्यत्रात्मनो देवान् वेद ।
भूतानि तं परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद ।
सर्वं तं परादाद् योऽन्यत्रात्मनः सर्वं वेद ।
इदं ब्रह्म, इदं क्षत्र, मिमे लोका इमे देवाः ।
इमानि भूतानि, इदं सर्वं, मिदमयमात्मा ॥ ६ ॥

બૃ. ઉપનિષદ્ ૨–૪.

ભાવાર્થ—"જેણે સ્વરૂપ સિવાય બીજામા બ્રહ્મને શોધ્યો તે બ્રહ્મથી તજી દેવાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામાં ક્ષત્રને શોધ્યો તે ક્ષત્રથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામા જગતને શોધ્યુ તે જગતથી તજાયો જેણે સ્વરૂપ સિવાય બીજામા દેવને શોધ્યો તે દેવથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામા પ્રાણીઓને શોધ્યા તે પ્રાણીઓથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામા કોઇ પણ વસ્તુ શોધી તે સર્વ વસ્તુઓથી તજાયો. આ બ્રહ્મ, ક્ષત્ર, જગત, દેવ, પ્રાણીઓ અને આ બધીજ વસ્તુઓ આ સર્વ સ્વરૂપ છે."

અહીં અનન્ત શક્તિને સ્પષ્ટ અને તાદૃસ્ય ભાષામા સમજાવી છે.

એ સમજણને તમારા હૃદયમા ઉતરવા દો અને તમને સાક્ષાત્કાર થશે કે તમે મુક્ત છો. તમે તમારો જન્મનો હક્ક ફરી પ્રાપ્ત કરશો.

"આ બ્રહ્મ, વેદ, સર્વ સ્વરૂપ છે."

આ દૈવી સૂત્ર છે. જો તમે સ્થૂળ પદાર્થ માટે સ્થૂળ પદાર્થ ઉપર વિશ્વાસ અથવા આધાર રાખશો તો સૂત્ર અને વેદ કહે છે કે તમારે

નિષ્ફળ થવું જોઇએ. તમારી તૃષ્ણાના સર્વ વિષયોથી તમારે પર થવું જોઇએ. આ એક નિયમ છે. જ્યારે તમે કોઇ મહાન પુરૂષ અથવા મહાન રાજ્યકર્તા પાસે જાઓ છો; અને જ્યારે તમે તેના સ્થૂળ શરીરપર—વ્યક્તિત્વ ઉપર આધાર રાખવાનું શરૂ કરો છો ત્યારે વેદ કહે છે કે તમે ઘણા કાચા મસોખડાનો ટેકો દો છો; અને તેથી તમે જરૂર ત્યાંથી પડશો. તમે એમાંએ પાપ કરો છો કે તેના સ્થૂળ શરીરને તેના સત્ય સ્વરૂપ અથવા અનન્ત શક્તિ કરતાં વધારે મહત્વ આપો છો. સત્યને બદલે અસત્ય રૂપો અને મડળોનું તમે સ્થાપન કરો છો; અને અન્દર રહેલી અનન્ત શક્તિને ઉથાપો છો સત્યને જુઠાપણું આપો છો. તમે મૂર્તિપૂજા કરો છો. તમે શરીરના આકારને પૂજો છો. તમારી પૂજા એ મૂર્તિપૂજા છે, તે કાંઇ અનન્ત શક્તિ અથવા પરમેશ્વરની પૂજા નથી, અને તેથી તેનૂં સ્વાભાવિક પરિણામ એજ આવે છે કે તમારે દુઃખ અને સકટ વેઠવાંજ જોઇએ; અને એમ થવુ એ એક નિયમરૂપજ છે. વેદ કહે છે કે જ્યારે તમે તમારાં સંસારના કાર્યો કરો ત્યારે પણ અન્દર રહેલી અનન્ત શક્તિ અને આત્માને જુઓ લોકો સાથેના સસારનાં કાર્યો ગૌણ ગણાવાં જોઇએ તેને સ્વપ્નવત્ ગણવા જોઇએ; અને અન્દર રહેલા સત્ય સ્વરૂપના જેટલું મહત્વ તેમને આપવું જોઇએ નહિ. **વ્યક્તિત્વ કરતાં સ્વરૂપ વધારે છે એમ તમે અનુભવો.** મિત્રની છબીને આપણે કીમતી અથવા પ્રિય ગણીએ છીએ તેનું કારણ તે છબી નથી પણ તે જેની છબી છે તે મિત્રજ છે. પ્રતિકૃતિ કરતાં મિત્રજ વધારે વ્હાલો છે. વસ્તુઓના સંબન્ધમાં વસ્તુ કરતાં તેની અંદર રહેલા સ્વરૂપનોજ વધારે અનુભવ કરવો જોઇએ; અને ત્યારેજ સંસારનો સ્નેહ, અને જગતનાં કાર્યો, સીધાં, સરળ અને વિઘ્નવગરનાં થશે. બીજી રીતે કરવાથી તે વાંકાં, ક્લેશમય અને વિઘ્નવાળાંજ થશે; અને એ પણ એક નિયમજ છે.

આ સંબંધમાં એક વાત કહીશું. એક ગામડામાં એક અનાડી સ્ત્રી રહેતી હતી. તેની પાસે એક કૂકડો હતો. ગામના લોકો તે સ્ત્રીને ચીડવતા હતા અને તેનાં નામ પાડતા હતા અને તેને ઘણો ક્લેશ અને ઉદ્વેગ કરાવતા હતા. જેથી તે સ્ત્રીએ તે ગામના લોકોને કહ્યું: "તમે મને ચીડવો છો અને આટલો બધો ત્રાસ અને કંટાળો આપો છો, માટે હવે યાદ રાખજો કે હું પણ તેનું વેર લઇશ." આ કહેવાની લોકોએ કાંઇ દરકાર કરી નહિ તેથી ફરી તેણે કહ્યુ: "જાગૃત થાઓ હે ગામડીઆઓ! જાગૃત થાઓ, હું તમારા તરફ ઘણી સખ્ત થઇશ. લોકોએ પૂછયુ તુ શુ કરીશ? તેણે કહ્યુ: "હુ આ ગામડામા સૂર્યને ઉગવા નહિ દઉં." તેઓએ તે સ્ત્રી સૂર્યને શી રીતે ઉગવા દેશે નહિ એમ પૂછયું ત્યારે તેણે કહ્યુ. "જ્યારે મ્હારો કૂકડો કૂકડેકૂક કરે છે ત્યારેજ સૂર્ય ઉગે છે ને? જો તમે મને આ પ્રમાણે દુઃખ આપ્યા કરશો તો હુ મ્હારો કૂકડો લઇ બીજે ગામ જઇશ અને પછી આ ગામમાં સૂર્ય ઉગશેજ નહિ."

એ ખરૂં છે કે જ્યારે કૂકડે કૂકડેકૂક કર્યું ત્યારે સૂર્ય ઉગ્યો પણ કૂકડાનું કૂકડેકૂક કરવું, એ કાંઇ સૂર્ય ઉગવાનું કારણ નથી. પછી એ સ્ત્રીએ ગામ છોડયુ અને બીજે ગામ ગઇ, કારણ તેને ઘણોજ ત્રાસ થતો હતો. જે ગામમાં તે ગઇ ત્યાં કૂકડે અવાજ કર્યો અને તે ગામમાં સૂર્ય ઉગ્યો. પણ સૂર્ય તો જે ગામ તેણે તજી દીધું હતુ ત્યાં પણ ઉગ્યો! તેજ પ્રમાણે કૂકડાનું કૂકડેકૂક એ તમારી તૃષ્ણાઓનો અભિલાષી અને ઉત્કંઠાવાળો સ્વભાવ છે. તમારી તૃષ્ણાઓ એ કૂકડાના કૂકડેકૂક જેવી છે; અને તૃષ્ણાવાળા પદાર્થની પ્રાપ્તિ થવી એ સૂર્યના ઉગવા જેવી છે. તૃષ્ણાવાળા પદાર્થની અભિલાષા અને ઉત્કંઠાઓ એક સૂર્ય કે જે સ્વસ્વરૂપ અને અનન્ત શક્તિવાન છે તેનાથીજ વ્યવસ્થામાં, મર્યાદામાં અને નિયમમાં રખાય છે અને

પ્રાપ્ત થાય છે. સત્ય સ્વરૂપ વ્યવસ્થા કરનાર સૂર્ય રાત્રિ દિવસ અને સવાર સાંજ તે કર્યા કરે છે. સંસારનાં સર્વ વ્યાવહારિક કાર્યોની વ્યવસ્થા અને મર્યાદા સત્યસ્વરૂપ અનન્તશક્તિજ રાખે છે. તે શક્તિજ ઇન્દ્રિયોમાં સોંસરી આરપાર ઉતરી જાય છે. તાર ખેંચનાર રૂપે તે આત્માજ તે સૂર્યનો સૂર્યજ તે પ્રકાશનો પ્રકાશજ સર્વ વ્યવસ્થા રાખે છે, એ સ્મરણમા રાખો.

લોકો હમ્મેશાં ક્ષુદ્ર અભિલાષી તૃષ્ણાવાળા અને સ્વાર્થી એવા આ બાહ્ય સ્વરૂપનેજ સર્વ અર્પણ કરે છે, તમે આ ભૂલ કરશો નહિ. તેમાંથી મુક્ત થાઓ–જરા અવલોકન કરો. જે સૂર્યથી પ્રભાત થાય છે તેજ કૂકડાની આંખોમા પ્રવેશી તેના ગળાને ઉઘાડે છે, અને કૂકડેકૂક બોલાવે છે. કૂકડાનું કૂકડેકૂક અને પ્રભાતનું થવું, એ સર્વ સૂર્યનીજ સત્ય ઉષ્માને લીધે અને શક્તિને લીધે નિયમમાં રહીને થાય છે. એક તરફ આ સજીવ પદાર્થો અને બીજી તરફ તમારા પોતાના વિચારો આ સર્વ સૂર્યના પ્રકાશના પ્રકાશ, સત્યસ્વરૂપ આત્માથીજ મર્યાદામાં અને નિયમમા રખાય છે તે જાણો અને મુક્ત થાઓ. એકનું બીજામા મિથ્યા આરોપણ કરશો નહિ, ઉંધો અર્થ કરશો નહિ. પદાર્થોને ખરા તરીકે જુઓ નહિ, પદાર્થોને આપણે ખરા તરીકે માનીએ છીએ એ માન્યતાજ ખોટી છે; અને તે માન્યતાજ સર્વ દુઃખ અને કલેશનું કારણ છે. આ સત્ય તમે સમજો, અનુભવો અને સર્વ વસ્તુઓને એક મોટા પ્રહસન રૂપ અગર એક મહાન નાટકના ખેલ તરીકે જુઓ. એક જણ મેકલેથ અથવા કલીઓપેટ્રાનો વેશ ભજવે પણ ખરી રીતે તે આપઘાત કે ખૂન કરનો નથી. તેમ તે કાંઇ ખરેખરા રાજા કે રાણી પણ નથી. તે તો માત્ર નાટકનું એક પાત્રજ છે, અને તે તો ફલાણો ફલાણો સદ્‌ગૃહસ્થજ છે. તેજ પ્રમાણે તમે પણ કામ કરો, પણ ભૂલશો નહિ કે તમે સત્યસ્વરૂપ મનની શક્તિ છો.

સમજો કે અવિકૃત, આનન્દસ્વરૂપ, સુખસ્વરૂપ છું; આ વાત કદિએ ભૂલશો નહિ. એ સ્વરૂપનો સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ.

स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्यान्‌ शब्दाञ्‌-
शक्नुयाद्‌ ग्रहणाय,
दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः ॥७॥

ભાવાર્થ—જેમ ઢોલનો અવાજ વગાડવામા આવે છે ત્યારે બહારથી તેને પકડીને અટકાવી શકાતો નથી, પણ જ્યારે તે ઢોલને અથવા ઢોલના વગાડનારને પકડવામા આવે છે ત્યારેજ તે અવાજને પકડી–અટકાવી શકાય છે એજ પ્રમાણે તૃષ્ણાના બધા બાહ્ય પદાર્થો જ્યાંથી ઉદ્ભવે છે અને જેને લીધે તે ઉદ્ભવે છે તે મૂળ ઠેકાણું જણાય છે ત્યારેજ તે પકડાય છે.

स यथा शंखस्य ध्मायमानस्य न बाह्याञ्‌ शब्दाञ्‌ शक्नुयाद्‌ ग्रहणाय, शंखस्य तु ग्रहणेन शंखध्मस्य वा शब्दो गृहीतः ॥८॥

ભાવાર્થ—શંખના નાદ વગાડવામા આવે છે ત્યારે બહારથી તેને કાંઇ પકડી શકાતો નથી, પણ જ્યારે શંખ અથવા શંખ ફૂંકનારને પકડવામા આવે છે ત્યારેજ તે પકડાય છે એજ પ્રમાણે જે **બ્રહ્મ સાથે એક થાય છે તેની બધી તૃષ્ણાઓ પૂર્ણ થાય છે.** કાંઇ પણ તેની કદાપિ વચના કરી શકતું નથી. દુઃખ અથવા ક્લેશ તેને કદાપિ થતો નથી.

स यथा सर्वासामपां समुद्र एकायनमेवं सर्वेषाम्‌ स्पर्शानां त्वगेकायनम्‌, एवं सर्वेषां रसानां जिह्वैकायनम्‌ एवं सर्वेषां रूपाणाँ चक्षुरेकायनम्‌, एवं सर्वेषां शब्दानाँ श्रोत्रमेकायनम्‌, एवं सर्वेषां सङ्कल्पानाँ मन एकायनम्‌, एवं सर्वासां विद्यानां हृदयमेकायनम्‌, एवं सर्वेषां कर्मणाँ हस्तावेकायनम्‌, एवं सर्वेषामानन्दानां उपस्थ एकायनम्‌, एवं

सर्वेषां विसर्गाणां पायुरेकायनम्, एवं सर्वेषामध्वनां पादावेकायनम्, एवं सर्वेषां वेदानां वागेकायनम् ॥ ११ ॥

ભાવાર્થ—જે પ્રમાણે સર્વ પાણીનું મધ્યબિન્દુ સમુદ્રમાં છે, સર્વ સ્પર્શનું મધ્યબિન્દુ ત્વચામાં છે, સર્વ રસનું રસનામાં છે, સર્વ સુગન્ધનું નાસિકામાં છે, સર્વ રૂપનું નેત્રમાં છે, સર્વ નાદનું શ્રોત્રમાં છે, સર્વ સંકલ્પનું મનમાં છે, સર્વ જ્ઞાનનું હૃદયમાં છે, સર્વ કર્મનું હસ્તમાં છે, સર્વ ગતિનું પાદમાં છે, અને સર્વ વેદનું વાણીમાં છે તે પ્રમાણે સર્વ જગત અને જગતના સર્વ પદાર્થોનું મધ્યબિન્દુ પોતાના સ્વરૂપ સત્ય આત્મામાંજ છે. સર્વ નાદનું પોતાનું મધ્યબિન્દુ સ્વસ્વરૂપ અથવા આત્મામાંજ છે. સર્વ રંગનું મધ્યબિન્દુ પણ તેમાંજ છે. સર્વ નાદ, રંગ, સ્વાદ અને ઇન્દ્રિયોનું ચલનવલન એ સર્વનું મધ્યબિન્દુ પણ એક આત્મા અથવા સ્વસ્વરૂપમાંજ હોય છે. તેમાંથીજ સર્વ ફિલ્મ્ભવે છે

स यथा सैन्धवखिल्य उदके प्रास्त उदक मेवानुविलीयेत, न हास्योद्ग्रहणमेव स्यात्। यतो यतस्त्वाददीत लवणमेव। एवं वा अर इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एव, एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्यवानु विनश्यति न प्रेत्य संज्ञास्तीत्यरे ब्रवीमि, इति होवाच याज्ञवल्क्यः ॥ १२॥

ભાવાર્થ—જેમ મીઠાનો ગાંગડો સમુદ્રમાં નાખવામાં આવતાં તે ઓગળી જાય છે અને ફરીથી હાથમાં આવી શકતો નથી પણ તે પાણી ચાખવામાં આવે છે ત્યારે ખારૂં લાગે છે તેજ પ્રમાણે, હે મૈત્રેયી! આ મહાન જગતનું અસ્તિત્વ પણ અન્ત વગરનું, મર્યાદા વગરનું છે અને જગતમાં પણ તે આત્મસ્વરૂપ વિના બીજું કાંઈજ નથી. આ સર્વ તત્વો તેમાંથીજ ઉત્પન્ન થાય છે અને ફરી તેમાંજ નાશ પામે છે. હે મૈત્રેયિ! જ્યારે તે તત્વોમાંથી સ્વરૂપ જુદું પડે છે

ત્યારે વિશેષ ચૈતન્ય તેમાં રહેતું નથી એમ હું કહું છું. આ પ્રમાણે યાજ્ઞવલ્કય બોલ્યા.

મનુષ્ય જ્યારે આ સત્યનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તેની સાથે એકરૂપ થાય છે અને નામ તથા રૂપથી જુદો પડે છે

स होवाच मैत्रेयी, अत्रैवमा भगवान् मूमुहत् न प्रेत्य संज्ञास्ति, इति

ત્યારે મૈત્રેયીએ કહ્યુ "જ્યારે તમે એમ કહ્યુ કે સ્થૂળ તત્વોથી તે જુદો પડે છે ત્યારે તેમા વિશેષ ચૈતન્ય રહેતું નથી એ વાક્યથી હે ભગવાન તમે મને સંશયમા નાંખી."

મૈત્રેયીના મનમા શંકા ઉત્પન્ન થઇ કે દરેક પ્રકારના દુઃખ પણ એ આત્મસ્વરૂપમાથીજ ઉત્પન્ન થતા હશે અને તે આત્મસ્વરૂપજ દુખો અને અંતરાયોનુ કારણ બને અને જો આત્મસાક્ષાત્કારથી મનનુ વિશેષ ચૈતન્ય ન રહે તો આપણો નાશજ થઇ જાય, આપણા વ્યક્તિત્વનો લોપ થાય અને આપણો તદ્દન ઉચ્છેદજ થાય અને તેટલા માટે તેવું સમજીને કહે છે કે "મ્હારે ઉચ્છેદ જોઇતો નથી." તમારૂં આ સ્વરૂપ જે નાશવન્ત, મર્ત્ય અને અન્તવાળુ છે તે મ્હારે જોઇતુ નથી. જો તેની પ્રાપ્તિથી મ્હારે સર્વસ્વ ખોવાનુ છે, તો પછી તેની મને ઇચ્છા નથી."

स होवाच, न वा अरेऽहंमोहं ब्रवीम्यलं वा, अर इदं विज्ञानाय ॥ १३ ॥

यत्र हि द्वैतमिव भवति, तदितर इतरं जिघ्रति, तदितर इतरं पश्यति, तदितर इतरं शृणोति, तदितर इतरमभिवदति, तदितर इतरं मनुते, तदितर इतरं विजानाति; यत्र वा अस्य सर्वमात्मैवाभूत, तत्केन किं जिघ्रेत् तत् केन कं पश्येत्, तत् केन कं शृणुयात् तत केन कमभिवदेत्; उत

केन कं मन्वीत, तत केन कं विजानीयात्? येनेदं सर्वं विजानाति, तं केन विजानीयात्? विज्ञातारमरे केन विजानीयात्? ॥१४॥

ભાવાર્થ—યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો કે "હે મૈત્રેયી! હું તને જે કહું છુ તે ગુચવણવાળુ શંકા કરવા જેવું નથી. હે પ્રિયે! જડ ચૈતન્યના વિવેક માટે તે કહેવુ ઠીક છે."

કારણ કે જ્યારે દ્વૈ ભાવ હોય છે ત્યારે એક બીજાને જુએ છે, સુંઘે છે, સાંભળે છે, નમન કરે છે, નિહાળે છે અને ઓળખે છે. પણ જ્યારે માત્ર સ્વરૂપજ આ બધુ છે એવું અદ્વૈતદર્શન થાય ત્યારે તે બીજાને સુંઘી, સાભળી, નમન કરી, નિહાળી અને ઓળખી શી રીતે શકે? જેનાથી આ બધુ જાણી શકાય છે તેને તે શી રીતે જાણી શકે? હે પ્રિયે! જ્ઞાતા (પોતાને) તે કેવી રીતે જાણે?"

ન સાભળવાનાં બે કારણો હોઇ શકે. એક કારણ જ્યારે તે બ્હેરો અને મુગો હોય ત્યારે અને બીજુ કારણ પોતાની બહાર કાંઇ પણ નાદ હોયજ નહિ ત્યારે. ન જોવાના પણ બે કારણ છે. એક તમે આંધળા હો ત્યારે અને બીજુ તમારી પોતાની બહાર બીજું કાઇ જોવાનુ ન હોય ત્યારે. વાસ નહિ લેવાના પણ બે કારણ છે. જ્યારે તમારે ઘ્રાણેન્દ્રિયશક્તિ ન હોય ત્યારે અને બીજુ જ્યારે તમારી પોતાની બહાર બીજુ કાઇ સુંઘવાનું ન હોય ત્યારે. અહી મૈત્રેયીએ શંકા એજ કરી કે જો સ્વરૂપ–સત્ય સ્વરૂપથીજ આપણે સાભળવાનું, જોવાનુ, સુંઘવાનુ અને સ્વાદ લેવાનુ છે તો શુ તેથી રહિત થતાં આપણે ખરી રીતે બ્હેરાં, મુગા કે આંધળા નથી? આ શંકાનો જવાબ એ રીતે અપાય છે કે સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થવાને લીધે આમ થતું નથી. પણ અંત વગરના સ્વરૂપ સિવાય બીજુ કાંઇ છેજ નહિ એવા અનુભવને લીધેજ તેમ બને છે. શ્રવણશકિત નાશ પામવાથી સંભળાતું નથી એમ નથી, પણ સાંભળવાની વસ્તુજ નથી તેથી સંભળાતુ નથી.

એમા દ્વૈતભાવ નથી, મર્યાદા નથી, અને કોઇ પણ પદાર્થ નથી કે જેને તમે જુઓ. તમારી વિચારશકિત નાશ પામી છે તેથી તમારે કાંઇ વિચારવાનુ નથી એમ નથી, પણ આત્મા સિવાય બીજો કોઇ પદાર્થજ નથી તેથી એમ છે. ફરી બતાવવામા આવ્યુ કે અનન્ત સ્વરૂપ સિવાય કાંઇજ નથી અને તે અનન્તસ્વરૂપજ નાકને સુંઘવાનુ અને કાનને સાંભળવાનુ કારણ છે. એ બધુ સ્વરૂપની શકિતને લીધેજ છે સ્વરૂપની સત્તા—સ્ફૂર્તિથીજ નેત્ર જોઇ શકે છે. બધી ઇન્દ્રિયો, અને તેવડે જણાતા પદાર્થોનુ અસ્તિત્વ એક એ અનન્ત સ્વરૂપનેજ આભારી છે

જ્યારે મન આ અનન્ત સ્થિતિમ અનિર્વચનીય વિશ્વમા પહોચે છે, ત્યારે તે સાક્ષાત્કાર કરી શકતું નથી; કારણ કે જ્યા વિચાર પ્રવેશી શકતો નથી. જે સ્વરૂપ વિચાર ઉપર આધિપત્ય ભોગવે છે તેમા વિચાર શી રીતે પ્રવેશી શકે ?

ધારો કે આપણી પાસે એક ચીપીઓ છે આ ચીપીઓ તમારી આંગળીઓના કબજામા છે. તમારી આગળીઓ આ ચીપીઆ ઉપર ચપસીને બેઠેલી છે, અને આ ચીપીઆથી તમારી મરજીમા આવે તે વસ્તુ તમે પકડી શકો છો પણ આ ચીપીઆને જેણે પકડેલો છે તે આગળીઓને પાછો ફરીને પકડવાની તે ચીપીઆમા શક્તિ છે ? નહિજ

તેજ પ્રમાણે તમારૂં વિજ્ઞાન છે, બુદ્ધિ, મન, કે મગજ ચીપીઆ જેવુ છે. પણ આ વિચિત્ર પ્રકારનો ચીપીઓ છે. સામાન્ય રીતે ચીપીઆને બે પાખા હોય છે પણ આ ચીપીઆને ત્રણ પાખા અથવા પકડ છે. એક પકડ 'શા માટે' ની અથવા કારણની છે બીજી 'ક્યારે' ની અથવા સમયની, અને ત્રીજી 'ક્યા' ની અથવા દેશની છે. એમ કારણ, કાળ અને દેશરૂપી ત્રણ પાંખડાંવાળી સાણસી છે. હવે એક વસ્તુ અગર વિચારને પૂરેપૂરો સમજવો એટલે શુ ?

વસ્તુને સંપૂર્ણ સમજવી એટલે આ પડદો અથવા પાંખીઆંથી

તેને બરાબર મજબૂત પકડવી એ છે. જ્યારે તમે અમૂક વસ્તુનું 'આ માટે, ક્યારે, અને ક્યાં' સમજો છો ત્યારેજ તે સમજાય છે, અને લક્ષમાં આવે છે. એટલે કે તે છે એમ તમારી બુદ્ધિ પ્રમાણે ત્યારેજ ઠરે છે. તમારી બુદ્ધિ તેમાં અને તે તમારી બુદ્ધિમાં રહે છે.

એ પ્રમાણે જો કે એ ત્રણ પાખાવાળા વિચિત્ર ચીપીઆરૂપી બુદ્ધિવડેજ આ જગતમાની સર્વ વસ્તુઓ સમજી શકાય છે. પણ તેજ વખતે આ બુદ્ધિ અને મન ચીપીઆના પાખાંની પેઠે સ્થિતિના વિચિત્ર નિયામક–વિચારકરૂપી આત્માના કબજામાજ રહેલા હોય છે. આ વિચિત્ર શક્તિથીજ સમજશક્તિ ચલાવાય અને દોરવાય છે.

તમારી બુદ્ધિ, મન સ્વતત્ર છે? જો તેમ હોય તો આળસની સ્થિતિમા અગર ઉંઘની સ્થિતિમાં તેઓ શા માટે તેજ રૂપમા હોતાં નથી? જો તે સ્વતન્ત્ર હોત તો દરેક અવસ્થામા તેઓ સરખાજ રહેત પણ તે સ્વતન્ત્ર નથી. મન–બુદ્ધિ કોઇ મહાન શક્તિના કમાનમાં છે. બુદ્ધિમા પાછુ ફરીને તે અનન્તશક્તિને, તે સત્ય સ્વરૂપને કે જેના કબજામા તે છે તેને પકડવાની શક્તિ નથી. બુદ્ધિ સત્ય સ્વરૂપને સત્ય આત્માને સવાલ પૂછી શકતી નથી બુદ્ધિ આત્માને સમજી શકતી નથી, તેમજ ગ્રહણ પણ કરી શકતી નથી. આત્મા તેનાથી પર છે અને પરથી પણ પર છે

બુદ્ધિ આત્માને પકડી શકતી નથી. જેવી રીતે સમુદ્રમા પરપોટો સમાય છે તેવી રીતે આત્મામા તે મળી જાય છે પરપોટો સમુદ્રની બહાર નીકળી શકતો નથી પણ તેમાંજ ફૂટી જઇને એકરૂપ થાય છે, તે પ્રમાણે બુદ્ધિ આત્માને સમજી શકતી નથી પણ તે આત્મામાં એકરૂપ થઇ જાય છે અને ખરી રીતે આજ માયાનો ટૂંકામાં સાર છે. બુદ્ધિ આત્માને અથવા પરમેશ્વરને "આ જગત શા માટે, ક્યારે અને ક્યાં ઉત્પન્ન કર્યું?" એ સવાલ પૂછી શકતી નથી–તે હિમ્મતથી સવાલ પૂછી શકતી નથી.

આ આત્માને-આ સત્યના સત્ય સમુદ્રને આ નિમન્ત્રણ કરનાર અને નિયામક સ્વરૂપને તેની સાથે એકરૂપ થવા માટે જાણવો, જોવો અનુભવવો અને સાક્ષાત્કાર કરવો જોઇએ. આ સત્ય સ્વરૂપ અથવા આત્મા अहं છે. આ સત્ય સ્વરૂપ, આ પરિપૂર્ણ अहं તે દેશ, કાળ અને કારણથી પર છે. આ સંપૂર્ણ સત્ય સ્વરૂપને ૐ થી દર્શાવાય છે. ૐ ॥ એટલે अहं અને ૐ ના ધૂન ગજાવતી વખતે તમારે બીજા કોઇને સંભળાવવાનુ નથી. ૐ ॥ની પ્રણવ-ધૂન ગજાવતી વખતે તમારી પોતાની બહાર બીજુ કોઇ છે તેને બોલાવો છો એમ માનશો નહિ. ૐ ના ધૂન ગજાવતી વખતે આ સત્ય अहं સાથે તમારી અભિન્નતાનો અનુભવ તમારે કરવો જોઇએ. આ ઉત્કટ લાગણીથી મન સત્ય સાથે મળી જાય છે. આ દૃઢ માન્યતાથી, મનના આ પ્રત્યક્ષ જ્ઞાનથી મન એક પરપોટા જેવું થાય છે કે જે પરપોટો સત્યના મહાન સમુદ્રમાં ફૂટે છે. આજ સાક્ષાત્કારનો માર્ગ છે. તમારી જાતને મુક્ત કરવાનો અને અન્ય પ્રાપ્ત કરવાનો અને તમારા ખોટા-મિથ્યા સ્વરૂપના મોહનો નાશ કરવાને તમારા મનમાં આ પ્રત્યક્ષ જ્ઞાનને દૃઢ કરવુ, એજ એક માત્ર ખરો રસ્તો છે.

આત્મસ્વરૂપ, એ સત્ય अहंજ આ શરીર અને બધા શરીરમા દેખાય છે એ સત્ય अहंજ નિયામક, શાસક, રાજ્યકર્તા અને અનન્ત સ્વરૂપે આ નાના અણુથી લઇને મહાન સમુદ્ર સુધીમા એકરસ વ્યાપી રહેલુ છે દેશ, કાળ અને કારણ સર્વમાં, એ એકજ આત્મસ્વરૂપ રહેલુ છે, તેનો અનુભવ કરો ! તમે તેજ સત્ય अहं છો, એમ સાક્ષાત્કાર કરો. તમે તે અનન્ત, અનિર્વચનીય સ્વરૂપ છો, એમ અનુભવો અને પછી તમારી સ્થિતિમા કેવો મોટો ફેર અને રૂપાન્તર થાય છે તે જુઓ. એમ ધારો કે તમે બધા દેશમાં પ્રવેશી શકો છો, તમે બધા કાળમાં છો, જે બધો દેશ ધારણ કરે છે તે સ્વરૂપ તમે

છો, આ અનન્ત દેશ તમારાજ આધારથી છે. તમારાથીજ છે. અનન્ત દેશ, અનન્ત કાળ, અનન્ત કારણ, અનન્ત બળ, અનન્ત શક્તિ-સત્તા, આ સર્વ હું છું. આ સત્ય અજ્ઞાનમાં નથી. ખરી રીતે તો હું પોતાને જેવો પણ ધારૂં છુ તેનુ કારણ પણ તેજ છે, હમ્મેશાં તેજ તમારૂ સ્વરૂપ છે. આનો વિચાર કરો અને તમે ઉન્નત થશો અને સર્વ સ્વાર્થની વૃત્તિઓથી તમે મુક્ત થશો. તેમાં આસ્થા રાખો અને તે સર્વ દુઃખ અને ચિન્તાઓ દૂર કરશે. સર્વ દ્વેષ, કકાસ, કલેશ, ઉદ્વેગથી તમે પર થશો. તમે તે **अहं** છો એમ અનુભવો. તમે **તેજ છો.**

તમારી બુદ્ધિને તેની અસરનું કારણ પૂછવાનો અને કારણ સાથે એકરૂપ થવાનો હક નથી.

આ એક રેશમી કપડાનો કકડો લ્યો. તે બીજી કોઇ વસ્તુ સાથે મળતો આવે છે? તે રેશમ સાથે મળતો આવવો જોઇએ કે જેનો તે બનેલો છે અને જેને તે મળતો આવે છે, પણ તેને તેની લંબાઈ, પહોળાઇ અને જાડાઇ સાથે એકતા બનાવવાનો હક્ક નથી. તેજ પ્રમાણે બુદ્ધિ જ્યારે કોઇ વસ્તુ સાથે એકરૂપ થાય છે ત્યારે તે તે પદાર્થ અગર તેના સત્ય સ્વભાવ સાથે એક થવી જોઇએ. તે પરપોટા રૂપે થવી જોઇએ અને अहंના આત્માના મહાન સમુદ્રમાં એકરૂપ થવા ફૂટી જવી જોઇએ. શરીર સાથે તેની એકતા થવી જોઇએ નહિ. શરીર એ તો ફક્ત પરિણામજ છે અને તેથી બુદ્ધિને ક્ષુદ્ર શરીર સાથે એક થવાનુ યોગ્ય નથી.

અરે! સત્ય ઐશ્વર્ય, આત્મરૂપ આ શ્રેષ્ઠ શક્તિને દુનિયાના સબન્ધ અને કર્મો સાથે એકરૂપ ગણવાનો કશો હક્ક નથી. તમેજ તે શ્રેષ્ઠ ઐશ્વર્ય, તે સત્ય સ્વરૂપ છો! **તેને જાણો, તેનો વિચાર કરો, તેનો અનુભવ કરો અને સર્વ શોક અને દુઃખથી પર થાઓ.**

ॐ ॥ ॐ ॥ ॐ ॥

प्राणायाम.[1]

(તા ૮ માર્ચ, સને ૧૯૦૩ ને રોજ આપેલું વ્યાખ્યાન.)

જેઓએ 'રામ'ના આજ સુધીના વ્યાખ્યાનો સાભળ્યા છે, તેઓને આજના વ્યાખ્યાનથી બહુ લાભ થશે. આપણે પ્રથમ પ્રાણાયામનો વિષય લઇશુ. 'પ્રાણાયામ' શબ્દનો અક્ષરાર્થ પ્રાણ અથવા શ્વાસનો નિરોધ અથવા પ્રાણનુ નિયમન[2] એવો છે યમ, નિયમાદિ[3] યોગનાં આઠ અગ છે, અને તેમનુ' વર્ણન યોગશાસ્ત્રના ગ્રથમા કરેલુ છે. આજે આ સર્વ અગોનુ વર્ણન કરવાનુ કારણ નથી પણ એ આઠ અંગો પૈકી 'પ્રાણાયામ' એક અગ છે. આ અગ ઘણુંજ અગત્યનું છે. એથી આજ 'રામ' તમો સમક્ષ એ અગ ઉપર વ્યાખ્યાન આપશે.

પ્રાણાયામ કરવાથી લાભ શુ? આ પ્રશ્ન તમો કરશો. 'રામ' આ પ્રશ્નનો એટલોજ ઉત્તર આપી શકે છે કે; તમે પ્રાણાયામ કરવાની રીત શીખો અને તે રીતે જાતોજાત પ્રાણાયામનો અભ્યાસ

---

૧ પ્રાણાયામ કરનાર માટે પૂરક, રેચક અને કુભકના સમયનો નિયમ જાળવવાની પુરેપુરી આવશ્યકતા તરફ અહીં ધ્યાન ખેચવામા આવે છે. અધિક સ્પષ્ટીકરણ આગળના ટીપ્પણ સાથે સૂચનરૂપે આવશે મ ત્રી. સ સા.

૨ प्राणः स्वदेहजो वायुरायामस्तन्निरोधनम् ।

૩ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ.

કરી જુઓ; એટલે તે કેટલો ઉપયોગી, ઉપકારક, અને લાભકર્તા છે, એ તમે તમારી મેળેજ અનુભવથી જાણી શકશો. માથું ભમતું હોય, ચકરી આવતી હોય, મનમા બેચેની જણાતી હોય, ઉદાસી કે ખેદ[1] થતો હોય, આશા ભગ થઈ હોય, ક્લેશ થયો હોય, ત્યારે ત્યારે બતાવેલી રીતિ મુજબ પ્રાણાયામ કરવાથી તમારા મનને તેજ સમયે શાંતિ મળશે;[2] અને પ્રાણાયામની આ રીતિનો ઉપયોગ તમારા સમજવામા આવશે. જ્યારે તમારે કોઈ વિષય ઉપર નિબધ લખવાનો કે વિચાર કરવાનો હોય અને તેમા વ્યવસ્થાસર વિચાર ન આવતા હોય, મનની એકાગ્રતા થઈ શકતી ન હોય, ત્યારે પ્રાણાયામ કરો અને પછી જુઓ કે કેવો ચમત્કાર થાય છે! જે વિષયનો નિબધ તમે લખતા હશો, તે વિષયમા તમે એવાતો તલ્લીન, તદ્રૂપ, તદાકાર થઈ જશો, અને વિચારો એવાતો સંકલનામા બરાબર ગોઠવાયલા, સુસબદ્ધ આવશે કે, તે જોઇને તમોને મોટો અચબો લાગશે, પેટની પીડ, માથાનુ કળતર, ફેફસા અને હૃદયના રોગ, તેમજ તેવાજ બીજા રોગો પણ પ્રાણાયામના અભ્યાસથી મટી જાય છે. હવે આપણે પ્રાણાયામના અભ્યાસની રીતિની તપાસ કરીશુ. અમેરિકામાં પ્રાણાયામ

---

૧ જ્યારે ચિત્ત ચચળ થાય અથવા વિશેષ ક્રોધ થાય, ત્યારે પ્રાણાયામ કરવો નહિ . . . અને વળી ચિત્તશાતિ પ્રાણાયામ કરવાથીજ થાય છે, એવો સિદ્ધાન્ત છે આ પરસ્પર વિરુદ્ધ વચનોમા સશય ઉપજશે; પણ આ બંને વાત ખરી છે; તે એવી રીતે કે જ્યારે બેચેની કે ક્રોધ થાય ત્યારે ચિત્તશાતિ કે ક્રોધશાતિ માટે પ્રાણાયામ કરવો, પણ યોગનું ફળ મેળવવાનો પ્રાણાયામ તે વખતે કરવો નહિ.

(યોગ સોપાન—પૂર્વ ચતુષ્ક)

૨. चले वाते चलं चित्तं निश्चले निश्चलं भवेत् ।
योगी स्थाणुत्वमाप्नोति ततो वायुं निरोधयेत् ॥

કરવાની જુદી જુદી રીતો અને પદ્ધતિઓ ચાલે છે. પણ જે રીતિ અને પદ્ધતિનુ વર્ણન આજે 'રામ' તમો આગળ કરનાર છે, તે રીતિ, અને તે પદ્ધતિ અનેક વર્ષોની કસોટીએ ચઢીને ઉત્તમ ઠરેલી છે. અમારા આર્યાવર્તના પ્રાચીન ઋષિ, મહર્ષિઓ એજ રીતિ અને એજ પદ્ધતિથી પ્રાણાયામ કરતા હતા; અને આજે પણ આર્યાવર્તમાં એજ રીતિ અને પદ્ધતિથી પ્રાણાયામ કરવામાં આવે છે. જેમણે પ્રાણાયામનો અભ્યાસ એ રીતિ અને પદ્ધતિથી કર્યો છે, તેમને બહુ લાભ મળ્યો છે, એમા શંકા નથી.

પુરક, કુભક, અને રેચક.

પ્રાણાયામનો અભ્યાસ કરવા બેસવું હોય ત્યારે તમારે સુખરુપ સહજ અને સ્થિર આસનથી એકાગ્ર મને બેસવુ જોઇએ જમણા પગને ડાબા પગની સાથળ ઉપર અને ડાબા પગને જમણા પગની સાથળ ઉપર—એમ ઉલટ સુલટ પગ ચઢાવીને બેસવુ. આ આસન પ્રાણાયામના અભ્યાસકને બહુ સુખકારક છે. પણ એમ આસન વાળીને બેસવુ તમોને તો પાલવે નહિ. કઠિન લાગે; એથી તમે લોક (પાટલુન પહેરવાની અને ખુરશીએ બેસવાની ટેવવાળાઓ) આરામ ખુરસી ઉપર બેસસો તો પણ ચાલશે શરીર, મસ્તક, અને ડોકને નિશ્ચળ અને સીધાં રાખી, સ્થિર થઇ, આડુ અવળું જોયા વિના ટટાર પોતાની નાસિકા સન્મુખ દષ્ટિ કરી દિશાઓ તરફ નજર નહિ કરતા પ્રસન્ન ચિત્તથી આસન વાળી બેસવુ જોઇએ.[1] આ રીતે તૈયાર થઇ પછી જમણા હાથના અંગુઠાવડે જમણું નસ્કોરૂં દાબીને બધ કરવું; અને ડાબે નસ્કોરેથી શ્વાસને ધીરે ધીરે અદર લેવો. આ શ્વાસ અદર લેવાની ક્રિયાને પૂરક કહે છે. આ પૂરકની ક્રિયા મન શાંત, અને સ્વસ્થ થાય ત્યાં

1. एवं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिर । गीता अ. ६, १३.

લગી કર્યા જવી. આ ક્રિયા વખતે મનને શૂન્ય કે નકામું રાખવું નહિ. આ પૂરક ક્રિયા ચાલતી હોય, ત્યારે ચિત્તને એકાગ્ર કરવું, અને ચિન્તન કરવુ કે; સર્વજ્ઞ, સર્વ શક્તિમાન્, અને સર્વવ્યાપી બ્રહ્મતત્વ; જે આ ચરાચર જગતમા વ્યાપી રહેલુ છે, તે સત્ તત્વને હું મ્હારા શરીરમાં લઉં છું-પૂરૂં છુ. હું સમગ્ર વિશ્વ અને બ્રહ્માણ્ડરૂપ દિવ્ય જ્યોતિર્મય આદિ કારણ અમૃતત્વનું પાન કરૂં છું શ્વાસ પૂરેપૂરો માંહે લઇ રહ્યા, એમ તમોને જણાય, એટલે તમારે કનિષ્ઠિકા અને અનામિકા આગળીઓવડે ડાબુ નસ્કોરૂં દાબીને બંધ કરી લેવુ.[1] આ પ્રમાણે શ્વાસ લઇને બંધ કર્યા પછી મ્હોંથી તેને નીકળવા દેવો નહિ; આને કુંભક ક્રિયા કહે છે. આમ માહે લઇ બંધ કરેલા વાયુને ફેફસાં, પેટ, અને હોજરી વગેરેમાં ભરી દેવો. શરીર અંદરની સઘળી ખાલી જગ્યાઓ આ વાયુથી ભરી નાખવી. તેજ પ્રમાણે આ વાયુ શરીરમાં લઇ ભરી રાખતી વખતે પણ મનને નકામું રહેવા દેવુ જોઇએ નહિ પણ, ' હું બ્રહ્મ છુ; જે સર્વ શક્તિમાન પરમેશ્વર આ જગતના દરેક અણુ અણુમાં વ્યાપી રહ્યા છે, રમી રહ્યા છે, જે અખિલેશ્વર બ્રહ્મથી આ વિશ્વ આખુ છવાઈ રહ્યું છે, તેજ હું છુ, એવી ભાવનાનું એકાગ્ર મને ધ્યાન ધરવું તમારી સર્વ શક્તિઓ અને તમારૂં સઘળુ મનોબળ વાપરીને આ ભાવનાના ધ્યાનને સજ્જડ, મજબૂત અને અચળ કરવુ. બ્રહ્મપ્રાપ્તિ કરવી. તમે સત્ છો, તમે દિવ્ય અલૌકિક તે સત્તા છો કે જેથી આ સમગ્ર વિશ્વ ભરપૂર છે. તમારા આ પરમેશ્વરનુ ધ્યાન તમારે ચાલુ રાખ્યા કરવું પછી તમોને જણાય કે; વાયુ-શ્વાસ બહુ વખત સુધી માંહે રાખી શકાય એમ નથી, એટલે ડાબું નસ્કોરૂં બંધ રાખી,

---

१. पूरकांते कुंभकांतं धार्यं नासापुटद्वयम् ।
कनिष्ठ[illegible].कांगुष्ठस्तर्जनीमध्यमांविना ॥

જમણું નસ્કોરૂં ઉઘાડી નાંખવું, અને તે વાટે માંહે લઇને બંધ કરેલો શ્વાસ હળવે હળવે બહાર કાઢવો; આને રેચક–ક્રિયા કહે છે. આ રેચક–ક્રિયા કરતી વેળાએ મનની વૃત્તિને બ્રહ્માકાર કરી નાંખવી અને દઢ ભાવના કરવી કે; આ બહાર જતા વાયુ સાથેજ મ્હારા મનનો મેલ માત્ર, સઘળી અશુદ્ધિઓ, કુવિચારો, અજ્ઞાનતા, દુષ્ટપણું, અને પાપરૂપી મળ નીકળી જાય છે. ધોવાઇ જાય છે, એ બહાર જતા વાયુ સાથે નબળાઇ અને દુબળાઇ માત્ર ચાલી જાય છે. એ પછી દુબળતા કે અજ્ઞાનતા રહેતી નથી, ભય કે કલેશ પણ નથી રહેતા, ખેદ, ઉદ્વેગ, ઉદાસી વગેરે પાપો પછી રહી શકતાજ નથી ઉપાધિ માત્ર, તાવ માત્ર નષ્ટ થઇ જાય છે. માંહે પૂરીને બંધ કરેલો વાયુ આમ નીકળી જાય, એટલે બંને નસ્કોરા ઉઘાડાં કરી દેવા પણ વાયુ ને–શ્વાસને અંદર લેવો નહિ. નાક ઉપરથી હાથ ઉઠાવી લેવો તમારાથી બનતા બધા યત્નોથી વાયુને અંદર આવવા દવો નહિ. શ્વાસને બહાર રાખવાની અને અંદર નહિ આવવા દેવાની આ ક્રિયા જ્યારે ચાલતી હોય ત્યારે મનને નકામું રહેવા દેવું નહિ. અને એકાગ્ર ચિત્તથી, સંપૂર્ણ મનોબળ–આત્મબળ વાપરીને 'આ ઉપાધિરહિત કેવળ બ્રહ્મસ્વરૂપ હું પોતે છું,' એવા અવિચળ ધ્યાનમા મગ્ન રહેવું. દેશ, કાળનો મને બાધ નથી, મારૂં આત્મસ્વરૂપ દેશ, કાળ, કારણ અને પ્રકૃતિથી પર છે. જગતની કોઇ પણ ઉપાધિ અથવા જગતનું કોઇ પણ બંધન મને નડતર કરી શકે એમ છે નહિ. હું કેવળ સ્વતંત્ર છું. આ બ્રહ્મસ્વરૂપને કાળ, માયા–પ્રકૃતિ કે જગતનો કોઇ પણ વ્યવહાર બાધ કરી શકતો નથી. કલ્પના અને વિચારથી જે પર છે, એવું દિવ્ય તેજોમય, અવિનાશી, સર્વવ્યાપી, સર્વસાક્ષિભૂત, કૂટસ્થ બ્રહ્મરૂપ–પરાત્પર પરમાત્મસ્વરૂપ તત્વ હું પોતે છું. આજ ધ્યાનમાં મગ્ન રહ્યા કરવું.

પ્રાણાયામની શારીરિક અને માનસિક ક્રિયા.

અહીં સુધી વર્ણવેલી પ્રાણાયામ-પદ્ધતિના ચાર ભાગ પાડેલા છે, અને તે હરેક ભાગમા શારીરિક અને માનસિક, એવા બે ભેદ છે, આ વાત તમારા લક્ષમા આવીજ હશે. ડાબે નસ્કોરેથી પ્રાણને માંહે ખેચી પૂરવો (પૂરક*), એ પ્રાણાયામનો પ્રથમ ભાગ છે. આ ભાગમાં શ્વાસને માહે લેવાની ક્રિયા તે શારીરિક ક્રિયા, અને **सोऽहं** ઇશ્વર ઇશ્વર કહે છે તે હુ પોતે, '**अहं ब्रह्मास्मि**' એ મનોભાવને ધ્યાનમા શ્વાસક્રિયા સાથે અચળ-સ્થિર કરવો તે માનસિક ક્રિયા થઇ. તે પછી માહે ખેચીને ભરેલા વાયુને કેટલાક વખત સુધી અદર રાખી મૂકવાની અને તે ફેફસાં, પેટ, હોજરી આદિ પોકળમા પૂરવાની ક્રિયાને કુભકx કહે છે. આ કુભક કરવામા પણ શારીરિક અને માનસિક ક્રિયાઓ કરવી પડે છે. શ્વાસને પૂરી મૂકવો-શ્વાસનો નિરોધ કરવો, એ બીજા ભાગનો શારીરિક ક્રિયાભેદ થયો, અને એ વખતે સર્વ ચરાચરમા હું વ્યાપી રહેલો છુ, આ અખિલ વિશ્વ હું છુ, એવી સુદૃઢ મનોભાવનાનો નિદિધ્યાસ કરવાની માનસિક ક્રિયા થઇ જમણે નસ્કોરેથી શ્વાસને છોડી દેવાની ક્રિયાને રેચક+ ક્રિયા કહે છે. ત્રીજા ભાગની શારીરિક ક્રિયા આ રેચક ક્રિયા થઇ, અને શ્વાસ સાથે સર્વ દુર્બલતાને અન્તઃકરણમાંથી હાંકી મૂકવી, સ્વરૂપ સ્થિર થવાનો અચલ અને અડગ નિશ્ચય કરવો, કુવાસના, કુતર્ક, કુશકા અને એવી બીજી નબળાઇઓને નજીક ફરકવા પણ દેવી નહિ, અને મોહનો નાશ કરવો, એ માનસિક ક્રિયા થઇ કહેવાય છે. શ્વાસને માંહે આવતો

* बाह्यादापूरणं वायोरुदरे पूरको हि सः ।

x सपूर्णकुंभवद्वायोर्धारणं कुंभको भवेत् ।

\+ बहिर्यद्रेचनं वायोरुदराद्रेचक.स्मृत· ।

અટકાવી બહારનો બહાર રહેવા દેવાની ક્રિયા પ્રાણાયામના ચોથા ભાગમાં આવે છે. ચોથા ભાગની આ ક્રિયા સિદ્ધ થઇ જાય એટલે પ્રાણાયામનો અર્ધો ક્રમ થયો સમજવો. આ સ્થળે જરૂર જણાય તો થોડીક વાર થોભવું, થોડીએક વિશ્રાન્તિ લેવી. આ વિશ્રાન્તિ લેતી વખતે શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક ગતિથી ચલાવવા. ઝડપથી લાંબી મજલ ચાલીને આવીએ છીએ તે સમયે જોરથી જેમ શ્વાસ ચાલે છે, તેમજ શ્વાસને ચલાવવો. આમ જોરથી ઝડપે ચાલતી શ્વાસની ક્રિયા પણ પ્રાણાયામ કહેવાય છે. સ્વાભાવિક પ્રાણાયામ તે એનુંજ નામ છે.* આ રીતે થોડો વખત વિશ્રાન્તિ લીધા પછી અર્થાત્ શ્વાસને સ્વાભાવિક રીતે ચાલવા દીધા પછી (શાસ્ત્રોક્ત) પ્રાણાયામની શરૂઆત કરવી જોઇએ. હવે ડાબાને બદલે જમણુ નસ્કોરૂં લેઇને, માનસિક ક્રિયા પણ પહેલાની પેઠે કરવી. એ નસ્કોરેથી પૂરક કરવો. આ શારીરિક ક્રિયા ચાલતી હોય, ત્યારે હું અમૃતત્વ—ઈશ્વરત્વ પુરૂં છું, એવી દૃઢ મનોભાવના કરવી. શરીરમા માઇ રહે તેટલો વાયુ લીધા પછી તેને શરીરમા ધારણ કરી રાખવો, એટલે કે કુંભક કરવો, અને આ સચરાચર વ્યાપેલુ ચૈતન્યબ્રહ્મ હું છુ, સકલ વિશ્વનુ પ્રાણતત્વ હું છુ, સર્વ જગતને પ્રકાશનાર તેજોરાશિ હું છુ, અને જગતના પ્રાણ અને ચૈતન્ય મ્હારા પોતાના છે, એવી દિવ્ય કલ્પનાનુ મનમા ધ્યાન કરવુ. પછી ડાબે નસ્કોરેથી શ્વાસને બહાર કાઢવો. શ્વાસ બહાર કાઢવાની—એટલે રેચક—ક્રિયા ચાલતી હોય ત્યારે, હુ મનની નબળાઇઓ અને અવિદ્યા—અજ્ઞાનને બહાર ફેંકી દેઉં છુ, સૂરજ ઉગતાજ જેમ ઝાકળ ઠંડી, ધુમસ, અંધકાર વિગેરે જતા રહે છે, તેમ '**अहं ब्रह्मास्मि**', હું બ્રહ્મ છુ—એવા જ્ઞાનનો—જ્ઞાનસૂર્યનો અન્તઃકરણ દેશમાં

---

* ભસ્ત્રા એનેજ કહે છે યોગશાસ્ત્રમા એનું નામ કપાલભાતિ છે. ભસ્ત્રિકા વિધિ તેજ આ.

ઉદય થવાથી માયા અને મોહથી થએલી સઘળી મિથ્યા ભ્રમણાનો અન્ધકાર આપોઆપ નષ્ટ થઈ જાય છે, એવી મનની મજબૂત ભાવના કરો પછી બહારના વાયુને માંહે પેસવા દેવો નહિ. આવી રીતે પ્રાણાયામના એકંદરે આઠ ભાગ થાય છે. પહેલી ચાર ક્રિયામાં પ્રાણાયામનો અડધો ક્રમ થાય છે; અને છેવટની ચાર ક્રિયામા પ્રાણાયામનો વિધિ પરિપૂર્ણ થાય છે. દરેક ક્રિયાના અભ્યાસમાં વખતને હળવે હળવે વધારતા જવુ, ઉતાવળ કરવી નહિ પૂરક, કુંભક, અને રેચકના વખતને ધારે ધારે અને ક્રમથી વધારવો. દરેક ક્રિયા પ્રમાણ સહિત અને યથાયોગ્ય રીતિથી કરવી જોઇએ. શ્વાસને સારી પેઠે માહે ખેચ્યા પછી એકદમ છોડી દેવો નહિ જોઇએ. દરેક દરેક કામ તાલબધ, નિયમબધ કરવુ જોઇએ. ઘડીઆળનુ લોલક જેમ ઠરાવેલી–નક્કી કરેલી ગતિ પ્રમાણે આમથી તેમ અને તેમથી આમ હાલડોલ કરે છે, તેમ આપણા શ્વાસ પણ નિયમબધ, નક્કી કરેલા તાલ–માપથી ચલાવવા જોઇએ. આ પદ્ધતિ પ્રમાણે તમે જો પ્રાણાયામ શીખશો અને પ્રાણાયામનો અભ્યાસ કરશો, તો તમારામાં અપૂર્વ બલ આવશે, તમારા રોગ માત્ર દૂર થશે; લોહી–બિગાડથી થતા સઘળાં દર્દો, તેમ રોગ માત્રનો રાજા ક્ષયરોગ પણ પ્રાણાયામના અભ્યાસથી નષ્ટ થઈ જશે.*

પ્રાણાયામનો અભ્યાસ કરનાર લોકને મંદવાડ થાય છે, એ રામના જોવામાં આવ્યુ છે.× આ મંદવાડ થવાનું કારણ એટલુજ જણાય છે કે અભ્યાસમા તેઓ કુદરતનો નિયમ જાળવતા નથી; આટલી પળોમાં શ્વાસ લેવો અને આટલી પળોમા શ્વાસને છોડવો જોઇએ, એવી તેઓની ખોટી હઠથી મંદવાડ થાય છે. પ્રાણાયામની

---

* 'प्राणायामेन युक्तेन सर्वरोगक्षयो भवेत् ।

× अयुक्ताभ्यासयोगेन सर्वरोगसमुद्भव: ॥'

દરેક ક્રિયામાં કુદરતના નિયમને સભાળથી પાળવો જોઇએ. દરેક ક્રિયા, દરેક ભાગ અને દરેક ભેદના વખતને વધારવાનો અવશ્ય યત્ન કરવો, પણ થાક લાગે અને કંટાળો ઉપજે એવુ તો કદી કરવુંજ નહિ. એકદમ શ્વાસને ખેંચવાનો અથવા તેને માહે ગોંધી રાખવાનો યત્ન કરવો નહિ. એમ કરવાથી તમોને થાક લાગી જશે. ધીરે ધીરે સ્વાભાવિક રીતેજ અભ્યાસ વધારવો.+ શ્વાસને માહે લેવાની અને તેને ધારણ કરી રાખવાની બે ક્રિયા કરવાથી તમોને થાક લાગ્યો જણાય અને કંટાળો આવે તો તે વખતે તમારે આરામ લેવો. એક દિવસમા આઠે ક્રિયા શીખી લેવાય અને આઠે અંગોનો અભ્યાસ કરી તેમને સાધી લેવાય એવી કાંઈ તમારામા શક્તિ નથી. એજ ક્રિયા કરવાથી જો પ્રથમ દિવસે થાકી જાઓ તો બીજે દિવસે પહેલાના કરતા વધારે હોશીઆરી અને સાવધાની રાખવી પહેલી બે ક્રિયા તમારે એવી ત્રેવડથી કરવી કે પાછળની બે ક્રિયા કરવાનો તમારામા ઉત્સાહ રહે બધી ક્રિયા યોગ્યવિધિથી અને પ્રમાણસર કરવી જોઇએ *

+ 'પૂરક, કુભક, અને રેચકના માપ બાબત જૂદા જૂદા મત છે. પરતુ પૂરકથી ચોગણો વખત કુભકનો અને રેચકનો બમણો, સર્વસમત મત છે

* 'युक्त युक्त त्यजेद्वायुं युक्तं युक्तं च पूरयेत् ।
युक्तं युक्तं च बध्नीयादेवं सिद्धिमवाप्नुयात्' ॥

સૂચના–આ કથનનુ સ્પષ્ટીકરણ એજ છે કે પૂરકની ક્રિયા એટલા જ પ્રમાણમા કરવી કે જેથી તેનાથી બમણો સમય રેચકમા અને ચારગણો સમય કુભકમા ગાળી શકાય અને તેમા ઉતાવળ કરી દેવાય નહિ સમયનું આ પ્રમાણ એક કરતા બીજાનુ પુરેપુર બમણુ નહિ હોય ને ઓછુ હશે તોયે ચાલશે, પણ એક કરતા બીજાનું કઇક પણ વધુ તો હોવુંજ જોઇએ જો તેને બદલે કઇક ઓછુ પ્રમાણ રહ્યુ તો નુકશાન થવાનુ. પૂર્ણ લાભ મળવાને ખાતર અભ્યાસ વધારતા જઇ એકબીજાથી બમણા પ્રમાણ સુધી પહોચી જવું

પ્રાણાયામમાં કાંઇ ગૂઢ નથી.

પ્રાણાયામ કરવાની આ એકજ પદ્ધતિ બહુ ઉપકારક છે. પ્રાણનો આયામ એટલે પ્રાણાયામ. પ્રાણની કસરત અથવા પ્રાણનો નિરોધ આ રીતે કરવાથી ઘણાજ લાભ થાય છે. શરીરશક્તિ વધારવાની એક જાતની પ્રાણની કસરતનુ નામ પ્રાણાયામ છે એમાં ગૂઢ કે ભેદ જેવુ કાઇજ નથી. પ્રાણાયામમાં કાઇ ગુપ્ત રહસ્ય કે ભેદ કે કોઇ જાતની અજાયબી છે, એમ જો કોઇનુ માનવુ કે સમજવુ હોય તો તે બહુ ભૂલભરેલુ છે. પ્રાણાયામનો અર્થ બ્રહ્મજ્ઞાન કે ઇશ્વર સબધી જ્ઞાન એવો થતો નથી પ્રાણાયામથી અધિક કલ્યાણકારક કશુ છેજ નહિ, અને આત્માનુભવનુ શિખર પ્રાણાયામજ છે, એવી માન્યતા હોય તો તે તદન જૂઠી અને ભૂલભરેલી છે. પ્રાણાયામમા લેશ પણ પરમાર્થ કે અચબો નથી એ તો જેવી શરીરની કસરત હોય છે તેવીજ પ્રાણની કસરત છે. આપણે મેદાનની ખુલ્લી હવામા જઇને અગો કેળવવાને અને મજબૂત કરવાને જેમ જુદી જુદી અગ કસરતો કરીએ છીએ, તેવી ફેફસાં અને હૃદયને માફ તેમજ મજબૂત રાખવાને તથા મનને સ્થિર કરવાને પ્રાણાયામ એ પણ પ્રાણની કસરતજ છે. પ્રાણાયામમા ભેદ કે રહસ્ય જેવું કાઇ છેજ નહિ તેમજ પ્રાણાયામ એ આત્મજ્ઞાન પણ નથી. આત્મજ્ઞાન પામવાનું એક સાધનજ પ્રાણાયામ છે 'રામ' તમોને આ વારવાર ઘોષ કરીને કહે છે.

પ્રાણાયામમા એક વાત બહુજ ધ્યાનમા રાખી મૂકવા જેવી છે, તે એ કે જ્યારે તમે શ્વાસને અદર લ્યો અને બહાર કાઢો, ત્યારે પેટને સકોચી નાખો. આનાથી તમોને બહુ લાભ થશે તેમજ વાયુ

આવશ્યક છે કુંભકરહિત સરખા માપના દીર્ઘશ્વાસ-પ્રશ્વાસ પણ ફાયદાકારકજ છે, પણ અધિક લાભ ઇચ્છનારે તો એકબીજાથી બમણા પ્રમાણયુક્ત પૂરક, રેચક અને કુંભક સિદ્ધ કરવા જરૂરી છે. મંત્રી. સ. સા.

અંદર લેતી વખતે આખા પેટને તેનાથી ભરી નાખવાનું ચૂકતા નહિ. પ્રાણવાયુ છાતી સુધીજ જઇને અટકી જાય નહિ, પણ છેક પેટના તળીઆ સુધી તે પહોચી જાય તેમ કરવું જોઇએ. પેટના સર્વ ભાગ વાયુથી ભરી નાખવા જોઇએ. અહીં સુધીમા પ્રાણાયામનો વિચાર સમાપ્ત થયો કેવળ પ્રાણાયામનાજ અભ્યાસથી અનેક લાભ થાય છે. જેમને આધ્યાત્મિક—આત્મિક કલ્યાણની ઇચ્છા છે, જેમને પરાત્પર પરમાત્માના ધ્યાનમા મગ્ન રહેવાનો અભિલાષ છે તેમને ધ્યાન, ધારણાદિક અભ્યાસમા પ્રાણાયામ બહુ હિતકર છે.

ચિત્તની એકાગ્રતા

હવે રામ તમને મનને એકાગ્ર કરવાની એક પદ્ધતિનું વર્ણન કહી બતાવશે તમારે 'બ્રહ્મજ્ઞાનનો માર્ગ' એ વિષયનો અભ્યાસ કરવાની હાલ જરૂર નથી મનની એકાગ્રતાનો કેવી રીતે અભ્યાસ કરવો, તેજ તમોને રામ આજ શિખવશે જેઓએ રામનાં આ પહેલાના વ્યાખ્યાન સાભળ્યા હશે, તેમને વાસ્તે આ વિષય છે આજ સુધીનાં રામના વ્યાખ્યાન નહિ સાભળનારને આ વિષયમા પ્રેમ થશે, રસ આવશે નહિ, છતા પણ આ ની પદ્ધતિ ધ્યાનપૂર્વક સાભળીને જે કોઇ સમજી લેશે, તેમને કાઇને કાઇ લાભ તો અવશ્ય થશેજ, એ પદ્ધતિને તેઓ પોતાની પ્રાર્થનામા યોજી—વાપરી શકશે આ નિબધને ઘેર લઇ જઇ, કોરાણે નાખી મૂકવાની જરૂર નથી, પણ તેમા યોજેલી પદ્ધતિને ધ્યાનમા લઇ, તમારી પ્રાર્થનામા તેનો અમલ કરશો એટલે થયું. આ નિબધ લખાઇને તૈયાર થએલો છે, છપાઇને હજુ બહાર પાડ-વામા આવ્યો નથી. આ નિબધ તમોને ઉપયોગી જણાતો હોય તો તમો પૈકી કોઇ એક એને છપાવી કાઢજો + આ નિબધ પણ એક

+ સ્વામિની ઇચ્છા મુજબ આ નિબધ અમેરિકામા છપાયો હતો એમા આત્મસાક્ષાત્કાર કેમ થાય છે તે વિષે અમૂલ્ય સૂચના છે (સ્વામી રામતીર્થ ભાગ ૫ મામા એ વિષય આવી ગયો છે.) મંત્રી. સ. સા.

જાતની પ્રાર્થના છે. પ્રાર્થના શબ્દનો જે અર્થ તમો સમજો છો, એવા અર્થવાળી પ્રાર્થનાનો આ નિબંધ નથી. આ પ્રાર્થનામાં 'એ પ્રભુ મને સ્ત્રી આપો, પુત્ર આપો, આ આપો, પેલુ આપો,' એવી રાકડી ભીખ નથી; પણ આપણને પરમાત્મા સાથે એકરૂપ, એકાકાર થવાનું શિખવનારી, અને આપણને અપરોક્ષ અનુભવ કરાવનારી અથવા આપણને આત્મસ્વરૂપ સમજવાને શક્તિવાન કરનારી આ પ્રાર્થના છે રામનું લખેલું 'આત્મ સાક્ષાત્કાર'નું નાનુ સરખુ પુસ્તક તમારા પૈકી ઘણાએ જોયુ હશે. આ નિબધ પણ તેજ મૂલ્કમાં લખેલો છે. "આ નિબધને છેડે सोहं,' મથાળાવાળો એક લેખ છે, તે તમારે તમારા ખીસામા રાખી મૂકવો, અને જ્યારે જ્યારે તમે દુઃખી પ્રસગોમાં ઘેરાઇ જાઓ, તમને અકળામણ આવે, ક્લેશ થાય, જીદગી અકારી લાગે, રાક થઇ જવાય, ખેદ, ઉદ્વેગ અને સતાપ થાય, ત્યારે ત્યારે એકાંતમા બેસીને રામની આજ્ઞે બતાવેલી પદ્ધતિ પ્રમાણે 'सोहं;' ભાગનો અભ્યાસ કરો, જેથી તમારી ક્લેશજાળ કપાઇ જશે, ઉદ્વેગ અને ઉદાસીનો પત્તો પણ ખાશે નહિ, અને તમારી જીદગી કેવળ આનન્દ આનન્દરૂપ થઈ રહેશે.

'एकं सत्'.

'**सोहं**' ભાગનો પાઠ કરતી વખતે સુખ ઉપજે એવુ આસન લગાવીને તમારે બેસવું. પ્રાણયામમાં આસનનો જે નિયમ છે તેજ નિયમ આસનને માટે આ '**सोहं**'ના પાઠમા છે. અને પ્રાર્થનામાં જે પ્રકારની તમારી વૃત્તિ હોય છે, તેજ જાતની વૃત્તિ રાખીને, ભક્તિપૂર્ણ અન્તઃકરણથી, આખો બંધ કરીને અગર અર્ધી મીંચેલી રાખીને, એક એક વચનનો ઉચ્ચાર કરવા માંડવો. 'જગત્માં સદ્વસ્તુ એકજ છે, ૐ! ૐ!! ૐ!!!' આટલાજ વચનનો ઉચ્ચાર કરીને કાગળને કોરાણે મૂકવો. અને ફરી 'જગત્માં સદ્વસ્તુ એકજ છે, એવું

વચન ઉચ્ચારવું નિદાન રામના વ્યાખ્યાનો જેમણે પ્રેમપૂર્વક સાભળ્યાં છે, તેમને તો આ વચનની સત્યતા જાણવામા છે. જેમને નિશ્ચય થયો નહિ હોય તેમણે આ ભાવના દઢાવવાનો-મજબૂત કરવાનો અભ્યાસ કરવો. 'જગતમાં સદ્વસ્તુ એકજ છે, આ ભાવનામા તદ્રૂપ, તન્મય, એકરસ થઇ જાઓ. 'જગતમાં સદ્વસ્તુ એકજ છે,' આ વચન પછી ૐ! ૐ!! ૐ!!! એવું ત્રણ વખત લખેલુ છે આ ૐ ના એવો અર્થ છે કે 'જગત્મા સદ્‌વસ્તુ એકજ છે' એ ભાવના તમારા અન્તરમાં જડાઇ ગઇ, એ ભાવનાના રગથી તમારૂં દિલ રગાઇ ગયુ, તમારૂ આખુ અન્તઃકરણ એ ભાવનાથી રસ બસ-તરબોલ થઇ ગયુ, તમારા રોમેરોમ એ ભાવના ગાજી રહી, 'एकं सत्' આ ભાવનામય તમે થઇ ગયા, એની તમોને લહે લાગી ગઇ 'પછી જગત્માં સદ્‌વસ્તુ એકજ છે,' એવુ લાબુ લચરક વચન ઉચ્ચારવાની તમોને જરૂર રહેતીજ નથી. કેવળ ૐ પ્રણવ મત્રો ચ્ચારથી તમારા મનના મનોરથો ફળશે. ૐ મા એ આખી ભાવનાનો સમાવેશ થએલો છે. બીજગણિતમા જેમ क्षः ज्ञ अ. ब. ઇત્યાદિ સકેત અક્ષરોથી મોટી મોટી સખ્યાઓ બતાવાય છે, તેમ વેદાન્તના બીજગણિતનો સકેતાક્ષર કે સજ્ઞા ૐ શબ્દ છે વેદાન્તના સિદ્ધાન્ત માત્રનો સમાવેશ ૐ એવા એક અક્ષરમાજ થઇ રહે છે. ૐ એ બહુજ પવિત્ર બીજ છે-અક્ષર છે. પરમેશ્વરના સકલ ગુણને બતાવનાર મહામત્ર તે પ્રણવમત્ર ૐ છે. 'एकं सत्', એ તત્ત્વે ધ્યાન બાધીને આ અતિ પવિત્ર એવા ૐકારનો ઉચ્ચાર કરો. આ પ્રણવ મત્રનો ઉચ્ચાર ચલાવતા 'જગત્મા સદ્‌વસ્તુ એક છે,' એવા સિદ્ધાન્ત-શિરોમણિનો અનુભવ કરી લ્યો. 'સદ્‌વસ્તુ એકજ છે,' આ શબ્દો સાભળવા માત્રથી કાંઇ બોધ થનાર નથી, એ તો શબ્દજાળ છે એમ 'રામ'ને ખબરજ છે. પણ 'રામ'ના પ્રથમનાં

વ્યાખ્યાનો સાંભળીને જેઓએ તે ઉપર પાકો વિચાર કર્યો હશે, તેમને તો '**एकं सत्**' આ સિદ્ધાન્તના ખરાપણાની ખાત્રી થઇ ગઇ હશે જ. એમા લેશ પણ શંકાને અવકાશ નથી. 'સદ્‌વસ્તુ એકજ છે,' એનો અર્થ એટલોજ કે આ બાહ્ય વિશ્વ-ઇંદ્રિય ગોચર જગત્-પદે પદે ઉત્સાહભંગ કરનાર, કલેશ, ખેદ, અને ઉદ્વેગ ઉપજાવનાર અતિ વિષમ પ્રપંચજાળ-એ માત્ર નામ રૂપાત્મક છે, મિથ્યા છે, ભ્રમ છે. 'જગત્‌મા સદ્‌વસ્તુ તે એકજ છે.' આ પરિસ્થિતિઓ, આ અનુકૂલ અને પ્રતિકૂલ ફેરફારોવાળી પરિસ્થિતિઓ, એવું આ જગતની અગર વ્યવહારની ભાષામા બોલાય છે; પણ વસ્તુત; એ બધી શબ્દજાળ છે, ભ્રમ છે, આભાસ માત્ર છે; અજ્ઞાનને લીધેજ એમની હયાતી આપણા માનવામા આવે છે; પણ ખરૂ જોતાં તો જગત ક્યાએ નથી. 'જગત્‌માં સદ્‌વસ્તુ એકજ છે, અને તેજ પરાત્પર પરમાત્મા.' જેમણે આ દિવ્ય સિદ્ધાન્તનો અનુભવ લીધો નથી, જેઓ આ દિવ્ય સિદ્ધાંતનો અનુભવ કરતા અચકાય છે-બીહે છે-શંકા કરે છે, **જેઓ આ દિવ્ય તત્ત્વનો અનુભવ કરવાનો મૂકીને, સંસારની મિથ્યા જાલ-જૂઠી જાલમાં પોતાની શક્તિનો ગેરવ્યાજબી વ્યય કરી નાંખે છે, તેઓનેજ આ તત્ત્વ સમજાતું નથી.** એવા મૂર્ખ-મુકુટમણિ જગતનું મિથ્યાત્વ કબૂલ કરતા નથી; પણ ब्रह्म सत्यं जगन्मिथ्या નો આ સિદ્ધાન્ત તો અનુભવથી ખરો ઠરેલો છે-રસાયનશાસ્ત્રના સિદ્ધાન્તોની પેઠે અન્તરની પ્રયોગશાલામા પ્રયોગ કરી ચોકસી કરતાં, પ્રત્યક્ષ અનુભવથી આ સિદ્ધાન્ત ખરો ઠરેલો છે. 'एकं सत्' આ ત્રણે કાલમાં અબાધિત અને દિવ્ય સિદ્ધાન્ત છે. એકવાર આ સિદ્ધાન્ત તમારા સમજવામા આવ્યો-તમે તેનો અનુભવ કર્યો કે તમારો ક્ષુદ્ર અહંકાર ગયો; તમારી અહંતા, મમતા ઓગળી ગઇ અને તમે પરમ

તત્ત્વમાં એક રૂપ—એકરસ—એકાકાર થઇ ગયા. આમ એક વખત આ ભાવનામાં સ્થિર થવાથી કેવુ અદ્ભુત મ ગલમય પરિણામ નિ-પજી આવે છે ? તમારી આત્મશ્રદ્ધા—આત્મવિશ્વાસ—આત્મનિષ્ઠા વધવા માડશે શ્રદ્ધા અને ભાવનાનુ બર્ળ અને તેની મહત્તા કેટલી છે, એ વિષે ઇશુખ્રિસ્તે પણ એક ઠેકાણે કહ્યુ છે, કે 'જો તમારામા રાઇના એક દાણા જેટલી પણ શ્રદ્ધા હશે, અને તમે પર્વતને કૂદીને સમુદ્રમા પડવાની આજ્ઞા કરશો, તો તે પર્વત તમારી આજ્ઞાનુ ઉલ્લ ઘન કદી કરી શકનાર નથી. તેને તે આજ્ઞા પાળવી પડશે'—નઝરે થતા ઇશુના આ શબ્દો ઉપર ધ્યાન રાખો 'ब्रह्म सत्यं जगन्मिथ्या' આ સત્ય—આ તત્ત્વ એક વખત તમારી બુદ્ધિમાજ આવીને, મન, વચન અને કાયાથી તમે એ તત્વને કામકાજમા ઉતારવા લાગશો—વ્યવહારમા વણી લેવા માડશો—તમારા દરરોજના હરેક કામમા આ સત્યનુ—આ તત્ત્વનુ તેજ ઝલકવા માડશે, એટલે તમોને આખુ જગત્ પલટાઇ ગએલુ લાગશે તૂટી પડવાને ઝઝુમી રહેલા તમારા સ કટો, સર્વ જાતના તમારા સન્તાપો, ચિન્તા અને દુ ખો પલાયન કરી જશે. અલોપ થઇ જશે પહેલાની વિષમ પરિસ્થિતિ પલટાઇ ગએલી તમારા જોવામાં આવશે; જગજ્જ જાલ—ભ્રમણા માત્ર ભાગી જશે આપણને જુદી જુદી જાતના સન્તાપ, ત્રાસ, ચિન્તા થયાજ કરે છે; શરીર અને મનના અનેક ક્લેશ આપણને સહન કરવા પડે છે, આપણે ત્રિવિધ તાપમા બળીને ખાખ થઇ જઇએ છીએ, આ બધાનું એકજ કારણ છે કે પરમેશ્વર—પરમપુરૂષના કરતા વધારે પ્રીતિ, વધારે આસક્તિ, વધારે વિશ્વાસ અને વધારે શ્રદ્ધા આપણે આ નામ રૂપાત્મક મિથ્યા માયિક જાલ—જ જાલમા રાખીએ છીએ. ખરેખર મિથ્યા એવા આ જગતને પરમેશ્વર કરતા પણ અધિક ખરૂં માની બેશીએ છીએ. સર્વત્ર

— નવો કરાર. (માથ્થી) અ ૨૧ ક. ૨૧

ચૈતન્ય વ્યાપી રહેલું છતા આપણા અજ્ઞાનથી આપણે તેને જડ બનાવીએ છીએ. બાહ્ય વિશ્વ હોવાનો આપણને દઢ મોહ થયો છે એજ ભ્રમ છે—આપત્તિ માત્રનુ મૂળ છે. જ્યારે જ્યારે તમોને મનમાં ખેદ—ક્લેશ થાય, તમે ઉદાસ થાઓ કે તમોને ઉદ્વેગ થાય, ત્યારે ખીસ્સામાથી આ કાગળ કાઢી 'જગતમા સદ્‌વસ્તુ એકજ છે' એ વચનને અનુભવવા યત્ન કરજો તમારી ઇંદ્રિયોએ તમારા મનમાં—તમારા અન્તઃકરણમા ઠસાવેલી બધી વસ્તુઓમા માત્ર 'एकं सत्' એ એકજ સત્ય છે—એ એકજ વસ્તુ બહુ મૂલ્યવાન્ અને કલ્યાણ કરનાર છે, એમ જાણજો. ઇંદ્રિયોએ જે વાત ખરી કહીને તમારા મનમા ઘાલી છે અને જેના ખરાપણા વિષે તમારા અન્તઃકરણમાં મજબૂત વિશ્વાસ બેસાડયો છે, તે સર્વ ઇંદ્રિયગોચર વસ્તુઓ ખરૂં જોતા વસ્તુ નથી, પણ અવસ્તુ છે, કેવળ ઇંદ્રિયોથી ઉપજેલો ભ્રમ માત્ર છે અજ્ઞાનના આવરણથી વસ્તુપણાનુ આપણને તેમા ભાન થાય છે એટલુંજ. માટે ઇંદ્રિયોમા ફસી જાઓ નહિ. કોઇ તમારાં નામ પાડે, કોઇ તમારી ટીકા કરે, કોઇ તમોને ગાળ દે અથવા વખાણી વખાણીને છાપરે ચઢાવે કે વખોડીને હેઠા પાડે, તોએ તમે એમાના કોઇ પણ ફિસાદોમા ફસાશો નહિ. એ સ્તુતિ અને નિંદાઓ વિગેરે સર્વ મિથ્યા છે, ભ્રમ છે—ઇંદ્રિયોથી ઉપજતો આવો ભ્રમ તત્ત્વ સમજાય નહિ, ત્યાં સુધીજ રહે છે, પરમ તત્ત્વનો અનુભવ થતાજ તે ભ્રમ નિર્મૂલ થઇ જાય છે. આ વાતને ખૂબ લક્ષમાં રાખો. **સત્‌તત્વ એકજ છે—સદ્‌વસ્તુ એકજ છે.** આ વાતને દિલમાં ઉતારો; આ દિવ્ય જ્ઞાનનો અનુભવ કરો. મોંઢેથી ૐકારનો અજપા જાપ જપી જપીને બાહ્ય વસ્તુઓપર ચોંટેલો તમારો પ્રેમ—મોહ અન્તઃકરણમાંથી ઉખેડીને ફેંકી દો. તેની ઉપરની શ્રદ્ધાનાં મૂળ ઉખેડી નાંખો, અને તે સર્વ અવસ્તુજ છે, એવો સજજડ

સંકલ્પ કરીને 'સદ્‌વસ્તુ એકજ છે,' એવા નિશ્ચયમાં આરૂઢ થાઓ—એવી શ્રદ્ધા અચલ કરો. 'સદ્‌વસ્તુ એકજ છે,' એવી કલ્પનાથી તમારા રોમેરોમ ગજાવી મૂકો. દિવ્ય અને ત્રણે કાળમાં સત્ય એવા આ સિદ્ધાન્તનો અનુભવ લેવામાજ તમારી સર્વ શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કરો. एकमेवाद्वितीयम् ब्रह्म ॐ! ॐ!! ॐ!!! આ સત્ય તત્ત્વને પરિપૂર્ણ રીતે મનમાં ઠસાવો. 'सोहम्' ભાગનો પાઠ કરવાથી 'સદ્‌વસ્તુ એકજ છે,' આ સૂત્રનો અનુભવ તમોને સમ્પૂર્ણ થશે એટલાજ વચનના—સૂત્રના ઉચ્ચારથી તમારી ચિત્તવૃત્તિ પ્રસન્ન થશે, તમારૂં અન્તઃકરણ ઉલ્લસિત અને ઉમગથી પરિપૂર્ણ થશે; તમે મોહજન્ય શોક, દુઃખ તરી જશો; કેવલ સુખરૂપ—આનન્દરૂપ થઇ જશો, એટલાથી જ તમે સિદ્ધાર્થ થશો. પાછળના વચનનો ઉચ્ચાર કરવાની ઇચ્છા થાય તો ભલે કરજો; નહિ તો આ પ્રથમ વચનના યથાર્થ ઉચ્ચાર અને અનુભવથી તમારૂ કામ સિદ્ધ થશે; તમે કૃતકૃત્ય થશો એટલેથી તમારૂ સમ્પૂર્ણ સમાધાન થાય નહિ તો 'સદ્વસ્તુ હું છું,' એ પાછળના વચનનો ઉચ્ચાર કરજો. 'સદ્‌વસ્તુ એકજ છે,' આ કલ્પના જોડે 'તે સદ્‌વસ્તુ હું પોતેજ છુ' ની કલ્પના સરખાવતા 'સદ્વસ્તુ હું પોતે છું,' એ કલ્પના વધારે ઉંચા દરજ્જાની છે; તમોને સ્વરૂપાનુભવની છેક સમીપમા લઇ જઇને મૂકનારી એ કલ્પના છે. અહો! મ્હારો પાડોશી—મ્હારો ભાઇ પણ મ્હારાથી જુદો નથી તેનામાં સાક્ષીરૂપે જે આત્મા રહેલો છે 'તે હુંજ છું; સર્વ હુંજ છુ; સદ્‌વસ્તુ તે હુંજ', આ વચનનો એવો અર્થ છે.

ખુલ્લા હાથ રાખી પ્રણવ મંત્ર ૐકારનો જાપ જપાય નહિ, પણ બદ્ધાંજલિથી ૐ પ્રણવોચ્ચાર કરવો, એવુ ઘણાકનું કહેવું છે; પણ રામને એવું બંધન પાળવાનું કાંઇ કારણ જણાતું નથી. ફક્ત 'સદ્‌વસ્તુ તે હુંજ,' એજ કલ્પનાનું ચિન્તન અને એજ કલ્પ-

નાનો નિદિધ્યાસ કરવાને રામ કહે છે. 'अहं ब्रह्मास्मि' આ એકજ ભાવના સાથે લક્ષ્ય સાંધી રાખવા માટે રામનું કહેવું છે. આ ચિન્તન કરતી વખતે કેમ બેસવું, આસન કીયું અને કેમ રાખવું, વિગરે શરીરસ્થિતિ ઉપર લક્ષ આપવાનું કાંઇ કારણ રામને જણાતું નથી. એવી શરીરની બાબતોમાં કાઇ ચોક્કસ બંધન છેજ નહિ. પ્રાણાયામમા અંગવિન્યાસ આમ અને તેમ કરવા જોઇએ, એમ લોકો જે કહે છે, તે ઉપર પણ ધ્યાન આપશો નહિ.* કેવળ ' સદ્‌વસ્તુ તે હુંજ' એજ ચિન્તન અને એજ ધ્યાન કર્યા કરો. પછી એ મનન, એ ચિન્તન, એ નિદિધ્યાસન દિલ ચાહે તો તાલી બજાવીને કરો, કિંવા તાલ, મંજીરા વગાડીને કરો, નાચીને કરો કે કૂદીને કરો, લહેર આવે તો સુતાં સુતાં અને લહેર આવે તો બેઠા બેઠા કરો, એમાં કોઇ જાતના નિયમ કે બંધનની જરૂર જણાતી નથી. પથારીમાં પડયે પડયે પ્રણવજપ કરવો પસંદ પડે તો તેમ કરો. માત્ર ' સદ્‌વસ્તુ તે હુંજ છું ' એ ભાવનાને ચોક્કસ રીતે અનુભવમાં ઉતારો. એ બેસવાનો કે ઉઠવાનો કે એવો કોઇ બીજો નિયમ કે બંધન એ બાબતમાં નથી. ફક્ત ' સદ્‌વસ્તુ તે હું છું ' એ ભાવનામાં તન્મય, તદ્રૂપ, તદાકાર–લીન થઇ જાઓ. ' હું સર્વ શક્તિમાન છું,' એ ભાવના પછી આવે છે. એ ભાવનાનું પાછું પૂર્વવત્ શ્રવણ, મનન, નિદિધ્યાસન અને અન્યોન્યમાં વાતચિત પણ કરવા મંડો મતલબ કે તમે મૂર્તિમાન્ એ ભાવનારૂપજ થઇ જાઓ. જે શ્રોતાઓએ રામનાં પૂર્વનાં વ્યાખ્યાન સાંભળ્યાં હશે તેમને તો નિશ્ચય થયોજ હશે કે ખરો દેહી–આત્મા સર્વ–શક્તિમાન્–પ્રભુ જ છે, તેની સત્તાના પ્રભાવ-

---

* રામ સ્વામીનું આ કહેવું વેદાન્તના વિવેકાદિ સાધનસંપન્ન ઉચ્ચ અધિકારી પરત્વેજ સમજી અન્ય માટેના વિધિનો એથી નિષેધ માનવા જેવું નથી. મંત્રી. સ. સા.

થીજ જગતનો સમગ્ર વ્યવહાર ચાલે છે. ભૂતલ ઉપર જેમ સૂરજની સત્તાથી વર્ષાદ વરસે છે, વાયુ વાય છે, ઘાસ ઉગે છે, ગુલાબ ખીલે છે, નદીઓ વહે છે, પ્રાણીઓ જાગીને પોત પોતાની નિયત પ્રવૃત્તિ કરે છે, તેજ પ્રમાણે વિશ્વનો વ્યવહાર માત્ર એક સર્વ શક્તિમાન પરાત્પર પરમાત્માનીજ સત્તાસ્ફૂર્તિથી ચાલે છે. પરમાત્મા સર્વશક્તિમાન છે. ૐ! ૐ!! ૐ!!! 'પરમાત્મા સર્વ શક્તિમાન છે' આવો તમારો સુદૃઢ સંકલ્પ થયો, અને પછી 'હું પોતે સર્વ શક્તિમાન છું' એવી ભાવનાને તમે પ્રાપ્ત કરી, એટલે તમને આશાભંગ કરી છોડી દેનારી સર્વ શંકાઓ, તમને ભમણાના ચક્રમાં ભમાવનારી સઘળી મિથ્યા ભ્રાંતિઓ, તમારી ગેરસમજુતીઓ, તમારા સ્વાભાવિક બલવીર્યાદિને હરી લેનારી કુશંકાઓ, રાંકડા અને દુર્બલપણાના સઘળા વિચારો, એ બધા તમોને જોઇને નાશી જશે—પાસેજ આવી શકશે નહિ. તમારા અન્તઃકરણમાં જ્ઞાનરૂપી સૂર્ય ઉદય થયા પછી તેવા વિચારનો તમોને સ્પર્શ પણ થવાનો નહિ મનુષ્ય જેવી ભાવના કરે છે, તેવું તે પોતે થાય છે. જેવી જેને ભાવના તેવી તેને સિદ્ધિ થાય છે. તમે પોતે પાપી છો એવી ભાવના કરશો તો પાપીજ થવાના. હું મૂર્ખ છું, એવું સમજશો તો અવસ્ય મૂર્ખ થશો હું દુર્બલ અને રાંક છું, એવો વિચાર તમે કરશો તો આ જગતમાં એવી કોઇ પણ શક્તિ નથી કે જે તમોને શક્તિમાન્—બલવાન અને સંપત્તિમાન્ કરવાને સમર્થ થઇ શકે એટલે 'પરમાત્મા સર્વ શક્તિમાન્ છે,' અને એવો 'સર્વ શક્તિમાન્ પરમાત્મા હું છું' એવો સુદૃઢ સંકલ્પ—એવી દ્રઢભાવના કરવાથી તમોને સ્વરૂપલાભ થશે—તમે સર્વ શક્તિમાન્ પરમાત્મસ્વરૂપજ થઇ રહેશો.

પરમાત્મા સર્વજ્ઞ છે.

લક્ષ્ય સાધવાની આ ભાવના વિસ્તારને પામતા પામતા સહ-

વસ્તુના–પરમાત્માના સર્વજ્ઞપણાની ભાવનારૂપે પરિણામ પામે છે. 'પરમાત્મા સર્વજ્ઞ છે' ની ભાવનાનું મનન, ચિન્તન, અને નિદિધ્યાસન, ૐકાર પ્રણવમંત્રના જપ સાથે કરવું. ૐકાર પ્રણવમંત્રમાં પરમાત્માના સર્વજ્ઞપણાની ભાવના–કલ્પનાનો સમાવેશ થએલો છે. વિમૂઢ અને મૂર્ખ કરનારી તમારી સર્વ કુતર્કજાલને કાપી નાખો. મનને શાંત અને વિમલ કરો. પરમેશ્વરને પામવાનો સરલ અને સીધો આ એકજ માર્ગ છે. 'સદ્‌વસ્તુ એકજ છે,' 'તે સદ્‌વસ્તુ હું પોતેજ છું'' 'સર્વ શક્તિમાન છું, હુ સર્વજ્ઞ છુ' આ ભાવનાઓને ક્રમેક્રમે અન્ત.કરણમા સજ્જડ જડી લ્યો. તેજ પ્રમાણે આત્માના સર્વવ્યાપીપણાનુ મનન, ચિન્તન, અને નિદિધ્યાસન કરવાનુ શીખો. આત્મા ઘટ ઘટમા વ્યાપી રહેલો છે–સચરાચરમા આત્મારામ રમી રહ્યો છે–સર્વત્ર ભરપૂર છે, આવી કલ્પનાનો દૃઢ અભ્યાસ કરો. આત્મા વિનાનો ઠામ ઠાલો નથી "સર્વ પરમાત્મમય છે. હુ પરમાત્મા છુ, હુ અવિનાશી છુ, હુ અપરિછિન્ન છુ, અનાદિ, અનન્ત છું, અજરામર છુ. આ ક્ષુદ્ર શરીર 'હુ' નથી. જેને અજ્ઞાનથી–અવિદ્યાથી હુ હુ કહેવામાં આવે છે તે દેહ પણ હુ નથી, આ અહકાર આ તુચ્છ જીવ તે પણ હુ નથી; પણ હુ તો જે હરેક અણુ, પરમાણુમાં જે સતત્ત્વ વ્યાપી રહેલુ છે તે છુ. હુ સર્વવ્યાપી વિભુ છુ" આ સકલ્પમાં આ ભાવનામાં સુસ્થિર–અચલ થઇ જાઓ. સ્થાવર, જગમમાં વ્યાપેલો હુ આત્મારામ છુ, સર્વ આકાર અને સર્વ શરીરો મ્હારાંજ રૂપ છે, એવો અનુભવ કરી લ્યો ૐ। ૐ॥ ૐ!!!

આ નિબધનાં બાકીનાં વચનો ઉપર વિશેષ વિવેચન કરવા જેવું રામને જણાતુ નથી. તે વાંચી જણાવ્યાં એટલે થયું. અત્યાર સુધીમાં કહેલી પદ્ધતિ પ્રમાણે ચિત્તની એકાગ્રતા કરવાનો અભ્યાસ કરો; અને

એક અઠવાડીઆમાં જો તમોને આત્માનુભવ થાય નહિ, તથા સદ્‌વસ્તુ સાંપડે નહિ, તો રામને જૂઠો કહેજો.

દીનતા અને દુર્બલતાનો ત્યાગ કરો.

'પૂર્ણ આરોગ્યતા તે હુંજ' એ એ પછીનું વચન છે. જે શરીરને તમે મ્હારૂં મ્હારૂં માની બેઠા છો, તેને જ્યારે રોગ કે મંદવાડ થાય ત્યારે તે શરીરનો સંકલ્પજ ઉઠવા દેવો નહિ. 'મૂર્તિમાન્ આરોગ્ય હું છુ, હું આરોગ્યની મૂર્તિ છુ,' એવી દૃઢભાવના કરીને તેમાં સુદૃઢ શ્રદ્ધા રાખવી; એટલે આપોઆપ તમારૂં શરીર નિરોગી થઇ જશે. માત્ર તમારી તે તે ભાવના સતત, દૃઢ, અને એકાગ્રતા તથા શ્રદ્ધાયુક્ત હોવી જોઇએ 'જેવી ભાવના તેવુ ફલ' એટલીજ આની મતલબ છે. 'અનામય તે હુજ' આ ભાવનાનો પ્રત્યક્ષ અભ્યાસ કરીને જુઓ, એટલે આ ઉપદેશનું ખરાપણું તમારા અનુભવમાં સ્હેજે આવી જશે આરોગ્યજ છુ, એવી તમારી દૃઢ, સતત ભાવના થઇ, એટલે કશીએ ઔષધી વિનાજ, અને 'ઓ દેવ! મ્હારો રોગ મટાડો, મને કરાર કરો,' એવી એવી પ્રાર્થનાઓ કર્યા સિવાયજ તમે નિરોગી, નિરામય થઈ જવાના. "**नायमात्मा बलहीनेन लभ्यः**" એટલે બળ વિનાનાને આત્માનુભવ પ્રાપ્ત થઇ શકતો નથી, એવુ મુણ્ડકોપનિષદ્‌નુ વચન છે. વ્યવહારમાં પણ આવો ન્યાય પ્રવર્તતો આપણે નજરે નથી જોતા શુ? તમારે અમેરિકાના સંયુક્ત સંસ્થાનના પ્રેસીડેન્ટની મુલાકાતે જવું હોય, અને તમે ભીખારીના ચીંથરીયા હાલમાં જાઓ તો દરવાન બારણામાથીજ તમોને હાંકી મૂક્યા સિવાય રહેશે ખરો? એજ ન્યાયે **તમારે પરમેશ્વરના મંદિરમાં-દરબારમાં પરમેશ્વરના દર્શને જવું હોય તો, રાંકડાવેડા છોડી, દુબળાપણાનો, ભિખારીનો ચીંથરીઓ પોષાક**

ફેંકી દઇને, આત્મશ્રદ્ધાનો-આત્મવિશ્વાસનો-નિસ્પૃહતાનો, દિવ્ય મૂલ્યવાન પોષાક ધારણ કરીને જવું જોઇએ. ભિખારી અને રાંક ભાવે જશો તો તમોને ધક્કા મારી હાંકી કહાડવામાં આવશે. આ વાત ખૂબ લક્ષ્યમાં રાખો. '**હું આરોગ્ય-મૂર્તિ છું**' **એવી દૃઢ ભાવના કરો,** એટલે તમે એકદમ તંદુરસ્ત થશો. '**જેવી ભાવના, તેવું ફળ,**' આ તત્ત્વ વિસારશો નાહ, અને કોઇ વાતની બીખ માગી રાકડાવેડા કરવાને માટે પ્રત્યક્ષ દેવ આગળ જઈ તે દેવને નાહક તસ્દી આપશો નહિ.

'**સર્વ શક્તિ હુંજ છું**' એ ભાવના તે પછી અભ્યાસ કરવાની આવે છે. આ ભાવનાનું મનમાં ચિન્તન કરવાથી અને મ્હોડેથી ૐ! ૐ!! ૐ!!! એવા પ્રણવ મંત્રનો જપ કરવાથી તમે સર્વ-શક્તિમાન થશો. આ સર્વ વિશ્વ તે મ્હારી કલ્પના છે, કેવળ મ્હારી ઇચ્છાએ કરીને આ વિશ્વ પેદા થયુ છે; આ વાત મનમા આવ્યા પછીનીજ એ ભાવના છે. આ ભાવનામાં અવિચલ વિશ્વાસ રાખવો, અને આ શબ્દો વાચતી વખતે આ નામરૂપાત્મક જગત્નુ મિથ્યાપણું સબૂત અને સજ્જડ કરવાને વેદાન્તીઓ જે જે દલીલો કરે છે, અને જે જે પ્રમાણો કે પૂરાવાઓ આપે છે, તે તે દલીલો અને તે તે પ્રમાણો કે પૂરાવાઓનુ મનન કરવુ. જો વેદાન્તમાં તમારો અભ્યાસ હોય નહિ, જો વેદાન્તના વિષયમા તમારૂ મુખ હોય નહિ, એ વિષય વિષે કાઇ વાંચવામા આવ્યુ હોય નહિ, અથવા એ વિષય ઉપર તમે કોઇ પણ ભાષણ કે વ્યાખ્યાન સાંભળ્યું હોય નહિ, તો જગત્ મિથ્યા છે, તે કેવળ કલ્પના છે, એ વચનમા શ્રદ્ધા રાખીને તેનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરવો; એટલે આ જગત્ આપણી કલ્પનાનો ખેલ છે, એ 'સત્ય' તમારા અનુભવમાં ચોક્કસ ઉતરશે. આજ પદ્ધતિથી નીચે લખેલાં વચનોમાંથી એકેક લઇ તે ઉપર વિચાર કરવો, તેનું મનન કરવું;

અને તે તે વચનોની ભાવનાનો અનુભવ કરી લેવો.

હું સર્વ આનન્દ છુ. ॐ ! ॐ !! ॐ !!!

હું સર્વ જ્ઞાન છુ. ॐ ! ॐ !! ॐ !!!

હું સર્વ સત્ય છુ. ॐ ! ॐ !! ॐ !!!

હું સર્વ પ્રકાશ છુ. ॐ ! ॐ !! ॐ !!!

મને કોઈ ઠેકાણે ભય નથી-હું નિર્ભય છું. ॐ ! ॐ !! ॐ !!!

હું રાગ દ્વેષથી રહિત છુ-રાગ દ્વેષથી અતીત હુ છુ. ॐ ! ॐ !! ॐ !!!

હું અવાપ્ત કામ છુ, એટલે સમ્પૂર્ણ પરિતૃપ્ત છુ. ॐ ! ॐ !! ॐ !!!

હું પરમાત્મા છુ. ॐ ! ॐ !! ॐ !!!

સર્વના નેત્ર તે મ્હારાજ નેત્ર છે. ॐ ! ॐ !! ॐ !!!

સર્વના કાન તે મ્હારાજ કાન છે. ॐ ! ॐ !! ॐ !!!

સર્વનુ મન તે મ્હારૂજ મન છે. ॐ ! ॐ !! ॐ !!!

સર્વ મુનિ જે તત્ત્વ જાણવાની ઇચ્છા કરે છે, તે તત્ત્વ હુંજ છુ. ॐ ! ॐ !! ॐ !!!

ચદ્ર, સૂર્યમા જે તેજ-ચૈતન્ય છે, તે હુંજ છુ. ॐ ! ॐ !! ॐ !!!

અહીંઆં 'સોહમ્' ભાગ સમ્પૂર્ણ સમાપ્ત થાય છે.

જેવી ભાવના તેવું ફળ.

હવે રામ તમો સમક્ષ હિંદુ લોકના પુરાણમાંથી એક વાત કહી બતાવશે. એ વાતથી અત્યાર સુધીમા કરેલા વિવેચનનો વધારે ખુલાસો થશે, અને આ વિષય ઉપર વધારે અજવાળું પડશે. એક વખતે કોઇ એક પંડિત લોક આગળ પુરાણ-કથા કરતા હતા. વેદાન્તના કોઈ એક સિદ્ધાન્તનું વિવેચન ચાલતું હતું. કેટલીક ગોવાલણીઓ-મહીઆરીઓ તે વખતે દૂધ વેચવા જતી હતી. તેમના કાને

શાસ્ત્રી મહારાજના મુખના પાછલાં વચન પડયાં કે " આ અપાર સંસાર સમુદ્ર તરવાને પરમેશ્વરનું નામસ્મરણ એજ મુખ્ય વહાણ છે. પરમેશ્વરના નામસ્મરણ માત્રથીજ આ પ્રપચરૂપી મહાસાગર સહેજે તરીને પાર ઉતરાય છે, તો પછી નદીઓ તરી પાર ઉતરી જવાનો તો હીસાબજ શો ? " તે વિદ્વાન પુરાણી બાવાના મુખનાં આવા વચન તે મહીઆરીઓએ સાંભળ્યાં, અને તેમને તે અક્ષરે અક્ષર સાચાં અને ખરા લાગ્યા પુરાણી મહારાજના વચનોમાં તેમની શ્રદ્ધા ચોટી. તેઓ નદી ઉતરીને સામે તીર રોજ દૂધ વેચવા જતી હતી અને તેમને જતા આવતાં મળીને બએ પૈસા હમેશ ખર્ચ કરવો પડતો હતો. શાસ્ત્રી બાવાના વચનો તેમના મનમા ઘોળાયા કરતા હતા, અને તેમાથી તેમણે એવો વિચાર–નિર્ણય કર્યો કે એવા મ્હોટા, પ્રતિષ્ઠિત પડિતના શાસ્ત્ર પ્રમાણે કહેલા વચનો કદી અન્યથા થાય નહિ. એ તો સાચાજ પડવાના નદી પાર જતા અને આ તરફ આવતા હર વખતે આપણને બે પૈસાનો ખર્ચ થાય છે, તો શા માટે આ વિદ્વાન પડિતજીના ઉપદેશનો આપણે લાભ નહિ લેવો ? પરમેશ્વરનુ નામસ્મરણ કરીને આપણે પણ રોજ નદી ઉતરી સામે તીર જઇ પાછા ફરીશુ. આવી રીતે નદી ઉતરવાના ખર્ચનો બચાવ શા માટે ન કરીએ ? પુરાણી બાવાનાં વચનોમા તે રબારી મહીઆરીઓની અવિચલ શ્રદ્ધા થઇ ગઇ હતી. બીજેજ દિવસે તે ઉપદેશનો અમલ કરવાનો તેમણે નિશ્ચય કર્યો. દેવનું નામ સ્મરણ કરીને અને ૐકાર પ્રણવનો મત્ર જપતી જપતી તેઓ નદી ઉતરી ખુશ ખુશાલ સ્હામે તીર ગઇ. પછી તેઓએ રોજ રોજ દેવનુ નામ સ્મરણ કરીને નદી ઉતરીને સામે તીર જવાનું અને પાછું આ તીરે ઉતરી આવવાનુ ચાલુ રાખ્યું. હોડીનો રોજનો ખર્ચ બચવા માંડયો. જે પુરાણી મહારાજનાં ઉપદેશ ચનોથી આ પ્રમાણે

રોજ તેમના ખર્ચનો બચાવ થવા લાગ્યો, તે પુરાણી મહારાજ ઉપર તેમના મનમા અપૂર્વ કૃતજ્ઞ બુદ્ધિ થવાથી ભાવ ઉત્પન્ન થયો તેથી શાસ્ત્રીજીને ઘેર તેડી તેમનો યથાશક્તિ આદરસત્કાર કરીને ઉપકાર જણાવવાનો તેઓએ નિર્ણય કર્યો. મહીઆરીઓની અલૌકિક શ્રદ્ધા જોઈ પંડિતજીએ તેમનો આદરસત્કાર સ્વીકારવાની હા પાડી. ઠરાવેલે દિવસે તે ગોવાલ મહીઆરીઓમાથી એક બાઇ પંડિતજીને તેડુ કરવા આવી. એટલે તત્કાલ પુરાણી બાવા પોતાના મિત્ર પરિવારસહિત તેમને ગામ જવાને તૈયાર થયા. પેલી મહીઆરી પુરાણી બાવા મિત્રમંડળ સહિત આવે છે, એવી ખબર સહીઅર મહીઆરીઓને આપવાને આગળ ચાલતી થઇ, અને પુરાણી બાવા પાછળ ધીરે ધીરે મંડળી સાથે આવવા લાગ્યા. નદી નજીક આવતા, મુખેથા રામસ્મરણ કરીને, ૐ કાર મંત્રનો જપ જપતી જપતી તે એક ક્ષણુમાં નદી ઉતરી સામે તીર જઇ ઉભી. આ બાજુ પુરાણી બાવા નદી કાંઠે આવીને અટકી પડયા, અને સામે તીર જવા માટે નાવડાની વાટ જોઈને બેઠા. થોડા વખત પછી ગોવાળણીએ જોયુ તો શાસ્ત્રી મહારાજ તો સામે તીરેજ બેઠેલા હતા. આમ થવાનુ કારણ શુ? પુરાણીને આવતા આટલી વાર શાથા લાગી, વિગેરે બાબત તે મહીઆરીને મોટો અચબો લાગ્યો. પુરાણીને શુ થયુ, તે જોવાને તત્કાળ તે મહીઆરી પાછી ફરી, અને નદી ઉતરીને આવતા શાથી વાર થઇ, એમ તેણે પૂછ્યુ. વાર થઇ એટલે? હું ક્યારનોએ અહીઆં હોડીની વાટ જોઇને બેસી રહ્યો છુ; પણ હોડીનો પત્તો નથી! એટલે સામે તીર શી રીતે આવી શકાય! તેમને તે મહીઆરીએ હાથ જોડીને કહેવા માંડયુ: “પુરાણી મહારાજ! ખરેખર આપનો અમારી ઉપર મોટો ઉપકાર થએલો છે. આપના અમે ઓશીંગણુ છીએ, આપનાજ ઉપદેશથી અમારો જન્મ સફળ થયો છે;

અમારૂં કલ્યાણ થઇ ગયું છે; અમારા અત્યાર સુધીના હોડી ખર્ચના પૈસા બચે છે; અમે નિર્ણય કર્યો છે કે હોડીવાળાને એક પૈસો પણ પરખાવવો નહિ. મહારાજ ! અમે ખરાં ભાગ્યશાળી કે આપના ઉપદેશથી અમને મોટો લાભ થયો. નદી ઓળંગી સામે તીર જવાને હવે અમારે કશાની ગરજ પડતી નથી, પૈસો પણ ખર્ચ થતો નથી, તો પછી આપ મહારાજ હોડીવાળાને નદી ઉતરવાના પૈસા અપાવવાનો ફોકટ ખર્ચ શુ કરવા કરો છો? આપના ઉપદેશથી જ્યારે નદી ઉતરતા અમો સરખાને હરકત પડતી નથી, ત્યારે આપની તો વાતજ શી? આપ જ્ઞાની છો, અને જોતજોતામા હોડી વિના નદી ઉતરી સામે તીર જઇ શકો એમ છો, એ શુ અમે જાણતાં નથી? તેથીજ હું આપને પાછળ મુકી નદીને સામે તીર ગઇ, અને આપ પાછળ કેમ બેશી રહ્યા, અને આપને આવતાં શાથી વાર થઇ, તેનો તપાસ કરવા હું પાછી આવી છું." ગોવાળણીના આ શબ્દો સાંભળી શાસ્ત્રી બાવા તો દગજ થઇ ગયા! તે બોલ્યાઃ "મ્હે તમોને એવો તે કયો ઉપદેશ કર્યો હતો કે જેના યોગે તમો હોડી વિના નદી ઉતરી શકો છો!" તેના જવાબમા તે મહીઆરી બોલીઃ "મહારાજ! આ શુ? આપ શુ અમારી આમ પરીક્ષા કરી જુઓ છો? **આ ભવસાગર તરવાને ભગવાનના નામની નૌકા છે.** એવુ આપે એક વખતે કથા કરતા નહોતું કહ્યુ કે?" આ શબ્દો સાભળતાજ આ પંડિત પુરાણીજીના મનમાં અનેક શુભ ભાવનાઓનો પ્રકાશ પડયો, જ્ઞાન થઇ આવ્યુ, તે મહીઆરીની આવી અપૂર્વ શ્રદ્ધા જોઇ, પુરાણી મહારાજે પણ પોતાનાં ઉપદેશ વચન પ્રમાણે ચાલવાનો નિર્ણય કર્યો. પુરાણી બાવાએ એક લાબુ દોરડું મંગાવ્યું, અને તેને પોતાની કેડે બંધાવીને તેના છેડા પોતાના સોબતીઓના હાથમાં આપીને કહ્યું કે દેવનું નામ સ્મરણ કરીને

હું પણ નદી ઉતરૂં છું, પણ જો હું બૂડવા માંડું તો દોરડું ખેંચી મને બહાર તાણી કહાડજો, અને બૂડવા દેશો નહિ ! આ પ્રમાણે ચલિત નિશ્ચય અને લથડતે પગે પુરાણી બાવાએ જેમ તેમ બળાત્કારે મનને ઠેકાણે રાખીને નદીમાં ઝોંકાવ્યું. પણ પાંચ દશ કદમ જતાં જતાં તો તેઓ ગભરાઈ જવા લાગ્યા. પાણી જ્યાં જરા વિશેષ આવ્યુ ત્યાં તો ડૂબવા પણ લાગ્યા ! તેજ સમયે તેમના પેલા મિત્રોએ દોરડુ ખેચી તેમને બહાર તાણી કાઢી તીરે આણ્યા. આવી રડતી શ્રદ્ધા કાઇ કામમા આવતી નથી. આ વાતમાંના પુરાણી બાવા જેવી ડગમગતી શ્રદ્ધા આત્માના અનુભવમાં કાઇ પણ ઉપયોગની નથી. કાચો વિશ્વાસ, વહેમીપણું, આ બધા અન્તઃકરણના દોષો છે, અવગુણો છે, દુર્બળતાઓ છે, મનની નબળાઇઓ છે; અને એજ આપણા વિનાશનુ–પડતીનું–અધોગતિનુ કારણ છે.* પ્રવણ મત્ર ૐકારનો જપ કરતી વખતે 'હુ પોતે તદુરસ્ત છુ, આરોગ્યની મૂર્તિ હું પોતે છુ, હું નિરામય છુ.' આ કલ્પનાન્–ભાવનાનુ ધ્યાન ધરતાં જો લેશ પણ શકા તમારા મનમાં રહેશે તો બધુએ પાણીમાં જશે ! પણ "જો" અને "તો" તમારા મનમાં રહેશે, હું બૂડુ તો મને તાણી કાઢજો, એવી જાતનુ ડગુમગુપણું જો તમારા મનમા–અન્તઃકરણમાં રહી જશે, તો એવી ભાવનાથી કે પ્રાણાયામથી તમને કશોજ લાભ થવાનો નથી. અવિચળ શ્રદ્ધાની–અડગ વિશ્વાસની આ કામમાં ઘણીજ જરૂર છે. વિશ્વાસ વિના એકલા સકલ્પથી કે કલ્પનાથી કાઇ ફળ પ્રાપ્તિ થતી નથી, એ વાત બહુ ધ્યાનમા રાખવી જોઇએ. આ આખુ વિશ્વ આપણી કલ્પનાનોજ ખેલ છે. સર્વ ભેદ અને અભેદ, બધી પરિસ્થિતિઓ, જુદા જુદા પ્રસગો અને બનાવો આપણાજ છે. આપણી જાતેજ નિર્માણ

---

* अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति. गीता. अ. ४. ४०

કરેલા છે. એમાં લેશ પણ શંકા નથી. તમે પ્રત્યક્ષ ઈશ્વર છો, દેવના દેવ છો, એવી ભાવના શ્રદ્ધાપૂર્વક સ્થિર કરો, એટલે તમને તેવો અનુભવ થશે. આ દેહેજ અને બને તો આને આ ક્ષણે આ વાતની સત્યતાનો અનુભવ કરી લ્યો. માત્ર આ વચનોમાં સુદૃઢ શ્રદ્ધા રાખવી જોઇએ. અચલ શ્રદ્ધા સાથેજ અનુભવ મળી ચૂકે છે. આજે કહેલી પદ્ધતિ પ્રમાણે, આ નિબંધની મુખ્ય કલ્પનાનો અભ્યાસ કરવો, એટલે તમારામાં નબળાઈ લાવનાર, તમારા વિચારબળને સૂકવી નાંખનાર, તમારા પગને ઢીલા કરી નાંખનાર તમારી શંકા, કુશંકા અને તમારા અજ્ઞાનથી–અવિદ્યાથી ઉપજેલ 'જો' 'તો' નિર્મૂળ થઇ જશે. 'હું પરમેશ્વર છું,' આ ભાવનામા તદાકાર થઇ જાઓ; આ ભાવનાથી તમારા અન્તઃકરણને રંગી કાઢો, આ ભાવનામય તમારૂં અન્તર કરી નાંખો, એટલે અશ્રદ્ધાથી નીપજનાર 'જો' અને 'તો' અર્થાત્ આપણા આધ્યાત્મિક ઈશ્વરપણા સંબંધીની ભૂલભરેલી ભ્રમણાઓ તત્કાળ ટળી જશે આ નિબંધના સિદ્ધાન્તનું રોજ પાંચવાર મનન કરવું, તેટલી વાર ન બને તો નિદાન બે વાર તો કરવુંજ; જેથી તમારા સંદેહ માત્ર ટળી જશે, અને હું ઈશ્વર છું, એવી ભાવના તમારા અન્તઃકરણમાં સજ્જડ–મજબૂત ચોટી જશે.

હવે ત્રણ વાર ૐકાર પ્રણવનો ઉચ્ચાર કરી રામ આજનું વ્યાખ્યાન સમાપ્ત કરે છે. જે કોઇને આ અથવા બીજા વિષય બાબત પ્રશ્ન પૂછવા ઇચ્છા હોય, તેમણે રામના વ્યાખ્યાનપીઠ ઉપરથી ઉઠયા બાદ, બેલાશક આનંદપૂર્વક પૂછવા.

આજ સુધી થએલા વ્યાખ્યાનો જેઓએ સાંભળ્યા નહિ હોય, તેમને આજના વ્યાખ્યાનનો યથાર્થ બોધ થશે નહિ, તેવાઓને સગવડ કરી આપવા ખાતર, વેદાન્તના સિદ્ધાન્તોને પદ્ધતિ પુરસર ગોઠવીને એક ગ્રંથ લખવાનો રામનો વિચાર છે. એ ગ્રંથથી વેદાન્તના તત્ત્વ-

જ્ઞાનનું જ્ઞાન અહીંના લોકને ઘણું સુલભ થઇ શકશે. જેમના મનમાં વેદાન્ત સબંધી જુદી જુદી શકાઓ ઉપજતી હોય, તેમણે ધ્યાનમાં રાખવું કે તેવી શકાઓ રામને પોતાને પણ ઘણાં વર્ષો ઉપર થતી હતી. જે સદેહ આજે તેમના મનમાં થાય છે, તેજ સદેહ રામના મનમા પણ થતા હતા. તમોને જે જાતનો વ્યામોહ થાય છે, તેજ જાતનો વ્યામોહ રામને પણ થતો હતો. પણ આ સઘળા સદેહ, શકા, અને કુતર્કાદિ મોહજાળને તોડીફાડી રામ પોતે મુક્ત થયો અને પોતાનું કલ્યાણ રામે સાધી લીધુ. વ્હેમ, મોહ અને અવિશ્વાસ, એ અજાનથી થએલી વિપરીત કલ્પનાઓનું પરિણામ છે, એ વાત બરાબર લક્ષમાં રાખવી. ખરેખર જ્ઞાન થતાની સાથેજ સશય માત્ર ટળી જાય છે, સદેહ લોપ થઇ જાય છે, અને મનની ગાઠો છૂટી જાય છે. નિમિષ માત્રમાં શકા માત્રનુ સમાધાન થઇ જાય છે. હજુ પણ કોઇને કાઇ શકા રહી જતી હોય અને પૂછવાની ઇચ્છા હોય તો રામ તૈયાર છે તેને માટે રામ અહીં થોડો એક વખત થોભનાર છે.

વેદાન્ત તમારૂં છે.

બીજી એક વાત ધ્યાનમા રાખવા જોગ છે. તે એ કે જો દુ:ખ માત્રથી, ઉપાધિ માત્રથી છૂટવાની, મુક્ત થવાની, ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની તમારી મરજી હોય તો વેદાન્તનો અભ્યાસ કરો. વેદાન્તના સિદ્ધાન્તોને તમારા નિત્યના વ્યવહારમાં ગણી લો. તમારાં સર્વ કામકાજ વેદાન્ત પ્રમાણે કરો. જીવનુ કલ્યાણ કરવાનો આ એકજ માર્ગ છે. વેદાન્ત સિવાય તારણનો બીજો માર્ગ નથી, એ રામ ફરી ફરીને દાંડી પીટીને, ઘણ્ટ ઘોષ કરીને કહે છે. સર્વે જાતના ધર્મ, પંથ, સર્વ જાતના મત મતાંતરો, સર્વ જાતના અનુભવો, સારાંશ

કે શાસ્ત્ર માત્ર તમને વેદાન્તમાંજ મળી આવશે. અમેરિકામાં નવા નવા નીકળીને ચાલુ થએલા ધર્મ-પંથો વેદાન્તના સિદ્ધાન્તોનો અનુવાદ કરે છે, વેદાન્તને પોતાનુ કરી લે છે, વેદાન્તનેજ પ્રતિપાદન કરે છે. આ બહુ મંગલકારક ચિહ્ન છે. વેદાન્તના તેઓ આભારી છે, એમ જણાવવાની જરૂર નથી. ખ્રિસ્ત ચિકિત્સા,* નવવિચાર પંથ,† સંચારવાદ,‡ ઇત્યાદિ શાસ્ત્રો અથવા નવાં શાસ્ત્રોનો પ્રચાર કરવાને

---

* ખ્રિસ્ત ચિકિત્સા (ક્રિશ્ચિઅન્ સાયન્સ) ભાવનાથી રોગ મટાડવાની પદ્ધતિ મેરી એકર અડિ નામની એક અમેરિકાની વિદુષી બાઇએ સને ૧૮૬૬ના સુમારમા આ પદ્ધતિનો પ્રચાર કરવાની શરૂઆત કરી. ઔષધ વિના કેવળ ઈશુ ખ્રિસ્તની પ્રાર્થના કરીને તેજ શ્રદ્ધા વડે મોટા મોટા રોગ મટાડવાનું કામ આ ચિકિત્સા પદ્ધતિમા વિશેષ છે

† નવવિચાર પંથ (ન્યુ થૉટ) આ પંથનો મુખ્ય પ્રવર્તક અમેરિકામા એમર્સન નામનો તત્ત્વજ્ઞાની થયો ખ્રિસ્તિ ધર્મના પરંપરાના આચાર વિચારને વળગી નહિ રહેતા, સ્વતંત્ર બુદ્ધિથી તેમની ચોકસી કરીને, જે બુદ્ધિ કબુલ કરે નહિ, તેનો નિષેધ કરવો, એવું આ પંથનું મુખ્ય તત્ત્વ છે. સને ૧૮૩૦ થી તે સને ૧૮૫૦ સુધી આનુ અમેરિકામા વિશેષ મહત્વ હતું ધાર્મિક બાબત જેટલીજ સામાજિક, ઔદ્યોગિક અને રાજકીય બાબતોમા સુધારણા કરવાના કામ ઉપર આ પંથ તે વખતે ધ્યાન આપતો હતો. મોક્ષ આપણી પાસેજ છે ..આપણા આત્મામાજ તેનો શોધ કરો .. મનુષ્ય પોતેજ ઈશ્વર છે ..ખ્રિસ્ત એમ સાબિત કરે છે, એવું કહીને તેના વ્યક્તિત્વમા જોર આપવું એ મહા દોષ છે એવા પ્રકારનો આ પંથનો મત છે.

‡ સંચારવાદ (સ્પિચ્યુઆલિઝમ્) આને પ્રેતાવાહન પણ કહે છે. મરી ગએલાંના આત્માને જીવતા માણસમા દાખલ કરી આપણા મનની વાતો જાહેરમા મૂકાઈ શકાય છે, એવો વાદ સંચાર આ બધા માણસમાં થઇ શકતો નથી. કોઈ અસાધારણ માણસમાંજ આ સંચાર થઇ શકે છે; અને તેને આ વાદની પરિભાષામાં મધ્યસ્થ (મિડિઅમ) કહે છે. આ વાદ બાબતમા જુદી જુદી ઉપપત્તિઓ છે. તે તે ઉપપત્તિ પ્રમાણે કેટલીક સમ-

અમેરિકામાં નવી નવી સંસ્થાઓ વેદાન્તનોજ અપ્રત્યક્ષ રીતે અનુવાદ કરે છે; સત્યનુંજ પ્રતિપાદન કરે છે અમેરિકાના લોકોના ભાગ્યોદયનું આ પૂર્વ ચિહ્નજ છે અમેરિકામા રોજ નીકળતા નવા નવા ધર્મો, પંથો અને મતો અથવા શાસ્ત્રો હરેકને ઉપકાર અને કલ્યાણ કરનાર છે, પણ જો તમારે સત્યને તેના સમ્પૂર્ણ તેજોમય ઐશ્વર્ય સહિત અનુભવવુ હોય, જો સત્ય તત્વનુ સર્વાંગ સુન્દર અને સમ્પૂર્ણ સ્વરૂપ જાણુવાની જો તમારી મનીષા હોય, તો તે માટે તો આર્યોનુ વેદાન્તજ છે. વેદાન્તને તમે ગમે તે બીજુ નામ આપો, પણ જો કોઇ પણ ઠેકાણે સત્યને તેના સમ્પૂર્ણ—નિશ્ચિત સ્વરૂપમાં—ખુલ્લે ખુલ્લી ભાષામાં જણાવેલું—પ્રતિપાદન કરેલુ હોય, તો તે હિંદુઓના વેદાન્તમાંજ પ્રતિપાદન કરેલુ છે '**तत्त्वमासि**' આ દિવ્ય સિદ્ધાન્તનો અનુભવ કરી લ્યો, એટલે તમારી ઉપાધિ માત્ર ટળી જશે. પછી તમને ઉપદ્રવ કે હાનિ કરવાનુ કોઇનુ સામર્થ્ય ચાલશે નહિ. તમે સર્વેશ્વર થશો હું દેવનો દેવ છુ, આ ચરાચર મ્હારોજ નિશ્વાસ છે, મ્હારીજ કલ્પનાનો—મ્હારાજ સંકલ્પનો આ સર્વ ખેલ છે, આ સત્યનો અનુભવ કરી લ્યો. વેદાન્તની વિચારસરણીનો સહજ પણ પરિચય

સંચારવાદમા ૨૯ છે સુમારે સને ૧૮૪૮મા અમેરિકાના સંયુક્ત સંસ્થાનમા આ વાદે એક નવુજ રૂપ પકડવાથી તેનો યુરોપ અને અમેરિકામા ભારે ફેલાવો થયો ભોયપર પગનો ખડખડાટ, મેજ ઉપર ખટખટ અવાજ કરીને, લખીને, બોલીને અને એવીજ બીજી રીતોથી મરી ગએલાના જીવાત્માઓ પોતાના વિચારો જણાવે છે, એવું માનવામા આવે છે સંચારવાદ ખ્રિસ્તના ધર્મથી વિસંગત નથી, એવું સંચારવાદીઓ કહે છે ખરૂ જોતા આપણે અમર છીએ એવું અમરપણાનું તત્ત્વ લોકોના મનમા ઠસાવવાને વાસ્તે, તેમ હાલના વખતમા વિષયોપભોગમાં પારાવાર મચ્યા રહેવાની વૃત્તિ એટલે જડવાદના ખણ્ડન માટે પરમેશ્વર આવા ચમત્કાર પ્રકટ કરે છે—બતાવે છે. એવું તેમનું મત છે.

નહિ હોવાના કારણથી આવી જાતનાં વચનો તમોને કઠિન-કઢંગાં લાગશે; પણ તેથી ગભરાશો નહિ. તમારા વડવાઓને આ વેદાન્તના સિદ્ધાન્તોનુ જ્ઞાન નહોતું તેમાં થઇ શુ ગયુ? વેદાન્તના સિદ્ધાન્તની માહિતી તે વખતે તેઓને થઈ શકે એમ નહોતું; પણ તે પરિસ્થિતિ આજે રહી નથી. વેદાન્ત તમોને ઘેર બેઠે ગગાની પેઠે મળ્યુ છે, તો તેનો ઉપયોગ કરી તમારે પોતાનું કલ્યાણ સાધી લેવુ જોઇએ. તમારા જીવનનું કલ્યાણ તમારે જાતેજ કરવાનું છે. એ કામ કાઇ તમારા ઘરડાઓનું નથી. તમારાં ઘરડાઓએ તેમના પોતાના દેશ કાળમા જે કાઇ થઇ શકયુ તે કર્યું છે. તેમને વેદાન્તની ખબર નહોતી, તેમા તેઓનો શો વાક? તેમજ તમે વેદાન્તને પારકુ કે વિદેશી સમજશો નહિ. વેદાન્ત તમારૂ છે; હરેકનુ છે, અને હરેકને તે સ્હેજે મળી શકે છે. શુ તમારો જીવ પારકો છે? અર્થાત્ તે પારકો નથી. અને તેજ પ્રમાણેજ વેદાન્ત પણ તમારાથી જુદું નથી, તેમ પારકુ પણ નથી. તમારૂં પોતાનુજ છે, કારણ કે વેદાન્ત એટલે શુ? વેદાન્ત એટલે આત્મા વિષેનું જ્ઞાન-આત્મજ્ઞાન. તમારો આત્મા જો પારકો ગણતા હો તોજ વેદાન્ત તમોને પારકુ લાગે. એ વેદાન્તનો અનુભવ કરી લેશો, આત્મજ્ઞાન સંપાદન કરશો, એટલે તમારાં દુઃખ માત્ર ટળી જશે. ત્રિવિધ તાપથી તમે બચશો-છૂટશો. વેદાન્તનો અનુભવ કરી લેવો એ કાઇ એટલુ બધુ કઠિન નથી. આજે કહી બતાવેલી પદ્ધતિનો જો તમે ભક્તિ અને પ્રીતિપૂર્વક અમલ કરશો, તો સહેજે તમોને આત્માનો અનુભવ કરતા આવડશે.

ૐ! ૐ!! ૐ!!!

तमारां कुटुम्ब शी रीते सुखी करवां ?

(૧૯૦૨ના ડીસેમ્બરની ૩૦ મી તારીખે "એકેડેમી ઓફ સાયન્સીઝ"મા સ્વામી રામતીર્થે આપેલું ભાષણ)

મ્હારા પોતાના આત્મારૂપ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો!

આજે આપણી પાસે આટલા બધા કાગળો છે. જ્યારે એક વકીલ કોર્ટમાં આવે છે ત્યારે તે ઘણું કરીને પોતાની સાથે આટલી સંખ્યામા કાગળો લાવે છે, પરન્તુ એ બધાની સુનાવણી થતી નથી. આ કાગળો પૈકીની મ્હોટી સંખ્યા આજે સુનાવણી થયા વિનાજ પડી રહેશે. આ કાગળોમાંના ઘણાખરા આપણે શા માટે ચર્ચીશુ નહિ તેનુ એક બીજું પણ કારણ છે. તેમાના ઘણાખરા બીજી સૃષ્ટિ-આધ્યાત્મિક સૃષ્ટિના સબંધમા છે. હાલ તમે આ સૃષ્ટિમાં છો અને તેથી જે વિષય સાથે તમને હમણાં સબંધ ન હોય તે વિષયને ચર્ચવા કરતાં જે વિષય તમારા ઉદ્યોગને અને તમારા મનને વધારે રૂચે એવો હોય તે વિષયપરજ થોડી વાત કરવી એ વધારે ઉચિત છે.

ગઇ રાત્રે ચર્ચેલો વિષયજ આપણે શરૂ રાખીશુ. તે ઘણા મહત્વનો છે. "લગ્ન કરેલો મનુષ્ય વાસ્તવિક રીતે સાક્ષાત્કાર કરવાની

અભિલાષા રાખી શકે ?" આ વિષય ઘણો લાંબો છે અને આજ રાત્રિના વ્યાખ્યાનમાં તે સમાપ્ત થઇ શકે તેમ નથી. આજ રાત્રે આપણે આ વિષય વિષે કેટલુ જાણી શકીએ છીએ, તે આપણે જોઇએ.

હિન્દુસ્તાનમા એક ઘણો ક્રૂર અને ગમ્મતી શેઠ હતો. તે તેના નોકરને ઘણી રમુજી રીતે દુઃખ દેતો હતો. એક વખતે નોકરે તેના શેઠ માટે ઘણું સ્વાદિષ્ટ પકવાન બનાવ્યુ. નોકર આ પકવાનમાં ભાગ પડાવે એ શેઠને ગમ્યુ નહિ. તે પકવાન રાત્રે બનાવ્યુ હતું. શેઠે કહ્યુ: "હમણાં આપણે ઊંઘી લઇએ અને સવારમા આપણે તે ખાઇશુ." રાત્રે કાંઇ પણ ન ખાવાથી કકડીને ભૂખ લાગે અને સવારમાં તે પોતે બધુંજ ખાઇ શકે અને નોકરને માટે કાંઇ પણ બચે નહિ, એવો એ શેઠનો વિચાર હતો. નોકરે તો રોટલાના ટુકડાજ ખાવા જોઈએ એમ તેની મરજી હતી, પણ તેનો વિચાર તે ખુલ્લી રીતે નોકરને કહી શકતો નહિ, તેથી તેણે નોકરને એ પ્રમાણે કહ્યું હતું વળી વિશેષમાં કહ્યું કે "રાત્રે આપણા બેમાંથી જેને સૌથી મધુર અને સુંદર સ્વપ્ન આવશે તે પકવાન્ન ખાશે; અને બીજાએ રોટલાના ટુકડાઓ ઉપર સંતોષ માનવો પડશે."

હવે સવાર થયુ અને શેઠ અને નોકર એક બીજાની સામા બેઠા. શેઠે નોકરને તેનુ સ્વપ્ન કહી સભળાવવા ફરમાવ્યુ અને નોકરે કહ્યુ: "સાહેબ, આપ શેઠ છો અને આપનો પ્રથમ હક્ક હોવો જોઇએ. આપનું સ્વપ્ન આપે પહેલુ કહી સભળાવવુ જોઇએ અને પછી હુ મ્હારૂં કહીશ." શેઠે પોતાના મનમા ધાર્યું કે આ પામર અજ્ઞાન નોકર ઘણું સરસ સ્વપ્ન ઉપજાવી શકશે નહિ. તેણે કહેવા માંડયુ: "મ્હારા સ્વપ્નમાં હુ હિન્દુસ્તાનનો શહેનશાહ હતો. મ્હારા સ્વપ્નમા મ્હેં જોયું કે યૂરોપ અને અમેરિકાનાં બધાં રાજ્યો હિન્દુસ્તાનના તાજ નીચે આવ્યાં હતાં, અને તેથી હિન્દુસ્તાનના શહેન-

શાહ તરીકે હું બધી દુનિયા ઉપર રાજ્ય કરતો હતો ” અહીં યાદ રાખવાનું છે કે એક ક્રૂર શેઠનુંજ આ સ્વપ્ન હતું. કાંઇ ખરા હિંદુઓ માસના પૂતળારૂપી રાજાઓને લક્ષ્યરૂપે રાખીને તેમને પૂજવાની બાળકોની રીત પસંદ કરતા નથી. વારૂ, તેણે પોતાને હિન્દુસ્તાનની ગાદી ઉપર બેઠેલો અને આખી દુનિયાનું સામ્રાજ્ય ચલાવતો માન્યો અને ત્યા તેણે બધા દેશોના રાજાઓને પોતાની આગળ ઉભેલા અને નમન કરતા જોયા. આ ઉપરાન્ત તેના સ્વપ્નમાં તેણે બધા દેવો અને ઋષિઓને પણ પોતાના દરબારમા આવેલા અને પોતાની આસપાસ બેઠેલા જોયા. હવે પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યા પછી તેણે નોકરને તેનું સ્વપ્ન કહી સંભળાવવાનું કહ્યું.

ગરીબ બિચારા નોકરે પગથી માથા સુધી ધ્રૂજતા ધ્રૂજતા કહ્યું “આપને જેવું સ્વપ્ન આવ્યું તેવું કોઇ સ્વપ્ન મને આવ્યું નથી.” શેઠ આ સાંભળી ઘણો ફૂલાઇ ગયો અને સુખી થયો અને ધાર્યું કે સર્વ સ્વાદિષ્ટ પકવાન હવે તેનાજ ભાગમા આવશે, પણ નોકરે કહેવા માડયું કે પોતાના સ્વપ્નમા તેણે એક મોટો રાક્ષસ, ઘણો વિરૂપ ભયંકર દૈત્ય તેના હાથમા ચકચકતી તલવાર લઇને તેના તરફ આવતો જોયો ” વારૂ, “ પછી શું, પછી શું ! ” એમ શેઠ પૂછવા લાગ્યો. ત્યારે તેણે કહ્યું “ સાહેબ, તે મ્હારી પાછળ દોડયો, તે મને મારી નાખવાની તૈયારીમા હતો. ” શેઠ હસ્યો કે તે આશા જનક ચિહ્ન હતું “ તેણે મને મારી નાખવા માડયો—તે મને કાપી નાખવા લાગ્યો. ” “ અને તેં શું કર્યું ? તને મારી નાખવામા તેનો શો હેતુ હતો ? ” નોકરે કહ્યું: “ સાહેબ, તેની ઇચ્છા મને પેલું સ્વાદિષ્ટ પકવાન ખવડાવવાની અથવા તો જીવથી મારી નાખવાની હતી. ” અર્થાત્ તે પકવાન્ન જો હું તેજ સમયે ન ખાઇ જાઉં તો મને જીવથી મારી નાખવાનું તેણે કહ્યું. ત્યારે તે શું કર્યું ? તેણે

કહ્યું "પછી હું માત્ર રસોડામાં ગયો અને બધું ખાઇ ગયો." શેઠે કહ્યું: "તેં મને જગાડયો કેમ નહિ ?" નોકરે જવાબ આપ્યોઃ "સાહેબ, આપ બધી દુનિયાના શહેનશાહ હતા. આપના દરબારમાં મહાન ભવ્ય સભા મળી હતી અને ત્યાં ઉઘાડી તલવારે માણસો ફરતા હતા અને તોપો ડરાવી રહી હતી. જો મ્હે આપ નામદારની પાસે આવવાનો પ્રયત્ન કર્યો હોત તો ચોકીદારો તરતજ મને મારી નાખત, જેથી હું કેવી ભયકર દુર્દશામાં હતો તે આપની પાસે આવીને જણાવી શકયો નહિ, અને તેથી તે મિષ્ટ પકવાન ખાઇ જવાની તથા મ્હારે પોતે એકલાનેજ તેનો ઉપભોગ કરવાની, મને ફરજ પડી.

રામ કહે છે કે તમને ભવિષ્યના કૈલાસ અથવા ભવિષ્યના સ્વર્ગ અથવા ભવિષ્યની આવવાની દુનિયાનાં સ્વપ્ન આવે છે આ મિષ્ટ અને મધુર સ્વપ્ના છે અને આ સ્વપ્નોમા તમે હવામાં કિલ્લા બાંધો છો. તમે હવાઇ કિલ્લા બાંધો છો અને ધારો છો કે તમારે આ કરવુ જોઇએ અને પેલુ કરવુ જોઇએ તમારે શેતાન અને પ્રભુ બન્નેથી બ્હીવુ જોઇએ. નહિ તો ફલાણો દેવદૂત તમને પાપ નિવારણની જગ્યામાથી સ્વર્ગમાં જવા દેશે નહિ તમને આ વિષેનાં સ્વપ્ન આવ છે; પણ રામ તમને કહે છે કે જે નોકર રાક્ષસથી બ્હીન્યો હતો અને સ્વાદિષ્ટ પકવાન ખાઇ ગયો હતો તેવા થવુ તે પસન્દ કરવા જેવુ છે. કેમકે તેજ ચાલતા કામને અનુસરતું હતું. જે આપણા હૃદયમાં તરતજ સ્ફુરે, જે તમારા ધધાને અને મન સાથે સંબંધ ધરાવતુ હોય તેનેજ અનુસરવુ, એ વધારે સલાહ ભરેલું છે. બીજી સૃષ્ટિ પોતાની સંભાળ પોતેજ રાખશે. દાન ઘરથીજ શરૂ થાય છે. પોતાના ઘરથીજ પેલાં શરૂઆત કરો.

હવે જે વિષય સાથે તમો સર્વને હાલ સબંધ રહેલો છે તે વિષય ઉપર રામ આવે છે. તે વિષય એ છે કે, "લગ્ન થયેલાં દંપતીએ પોતાનું લગ્ન ક્લેશ, ચિન્તા, દુખ અને શોકમાં પરિણમે

નહિ તે માટે કેવી રીતે જીવન ગાળવું જોઇએ?" તેઓ કહે છેઃ

"હે પ્રભુ! અમારા દુઃખો દૂર કર. હે ક્રાઇસ્ટ! મ્હારાં દુઃખ દૂર કર. હે કૃષ્ણ અને બુદ્ધ! મ્હારાં દુઃખ દૂર કરો!" પણ રામ તમને કહે છે કે મૃત્યુ પછી તેઓ તમારાં દુઃખનું નિવારણ કરે કે કદાચ ન પણ કરે. પણ આ જીન્દગીમા પતિએજ પોતાની પત્નીના **તારક** (ક્રાઇસ્ટ) થવુ જોઇએ, અને પત્નીએ પોતાના પતિના **તારક** (ક્રાઇસ્ટ) થવુ જોઇએ. પણ તેને બદલે હમણાં જે સ્થિતિ છે તે પ્રમાણે તો ઉલટી દરેક પત્ની પોતાના પતિની જ્યુડાસ ઇસ્કૅરિયોટ (Judas Iscoriot) છે અને દરેક પતિ પોતાની પત્નીનો જ્યુડાસ ઇસ્કૅરિયોટ (Judas Iscariot) છે આનો ઉપાય શુ? ઉપાય એજ છે કે પ્રત્યેક પત્ની અને પતિએ ત્યાગ ગ્રહણ કરવો પડશે તમે જાણો છો કે ક્રિશ્ચિયન ધર્મ પ્રમાણે ક્રાઇસ્ટ ત્યાગની જે સાક્ષાત મૂર્તિ છે, અને તેજ પ્રમાણે જો **પ્રત્યેક પત્ની ત્યાગની મૂર્તિ થાય તો જ તે પોતાના પતિને ઉદ્ધારી શકે.** ત્યાગ શબ્દ દરેકને કડવો લાગે છે—દરેકના મનને મુંઝાવે અને કપાવે છે, પણ એ **ત્યાગ સિવાય તમારા કુટુમ્બમાં લગારે સ્વર્ગીયતા આવવાનો લેશ પણ સંભવ નથી.** ત્યાગ શબ્દ સમજવામા મ્હોટી ગેરસમજ થાય છે. આ શબ્દ આગળના વ્યાખ્યાનોમા એટલી બધી વાર વપરાયો છે કે તેનો ખરો મર્મ સમજાવવો એ પિષ્ટપેષણ કરવા જેવું છે. ત્યાગ તમને હિમાલયના અરણ્યમા નિવાસ કરવાની ફરજ પાડતો નથી. ત્યાગ તમને તમારાં સર્વ વસ્ત્રોથી વિયોગ કરાવતો નથી. ત્યાગ તમને ઉઘાડે પગે અને ઉઘાડે માથે ફરવાની ફરજ પાડતો નથી. તે ત્યાગ નથી. જો ત્યાગનો એજ અર્થ હોય તો લગ્ન કરેલુ યુગ્લ ત્યાગીજ શી રીતે થઇ શકે? તેઓ પતિ પત્ની તરીકે રહે છે, તેઓને ઘરબાર હોય છે, તેઓને સંપત્તિ હોય છે. તેઓ ત્યાગી શી રીતે થઇ શકે? હિન્દુ શાસ્ત્રમાં

પોતાની આસપાસ પોતાના કુટુમ્બ સાથે બેઠેલા પ્રભુ શિવ, અને દેવી પાર્વતીને ત્યાગની મૂર્તિ ગણેલા છે. પતિ પત્ની પોતાના કુટુમ્બ સાથે, પોતાના કર્તવ્યો બજાવતા સાથેજ રહે છે, છતાં પણ હિન્દુ ધર્મ-શાસ્ત્રમાં તેમને ત્યાગની મૂર્તિજ ગણેલા છે. લોકો એમ સમજે છે કે હિન્દુઓ ત્યાગ શબ્દથી અરણ્યમાં નિવાસ કરવાનુ, સમાજનો ત્યાગ કરવાનુ, દરેક વસ્તુ તજી દેવાનું અને સર્વ વસ્તુઓને ધિક્કારવાનુ માને છે. હિન્દુઓની માન્યતા પ્રમાણે ત્યાગ શબ્દનો આ અર્થ નથી. હિન્દુઓને તેમના સંસારી જીવનમાં પણ ત્યાગનું પાલન કરવુંજ પડે છે. જો આ વેદાન્ત, જો આ તત્ત્વજ્ઞાન અથવા સત્ય જે થોડા લોકો અરણ્યમાં નિવાસ કરે તે નાની સખ્યાને માટેજ માત્ર હોય તો તેની શી અગત્ય છે? આપણે તેની જરૂર નથી તેને ગંગામા પધરાવી દો આ ત્યાગ કે જેનો હિન્દુઓ ઉપદેશ કરે છે તેની દરેકને જરૂર છે. હિન્દુઓનો ઉપદેશેલો આ પ્રકારનો ત્યાગ એ જ વિજયની ગુહ્ય કુચી છે. કોઇ પણ વીર પુરૂષ જો તે ત્યાગી ન હોય તો પ્રખ્યાત થઇ શકે નહિ, કોઇ પણ કવિ જો તે ત્યાગી ન હોય તો તમને એક પણ કાવ્ય આપી શકે નહિ. તમે બાયરન કે જેને, તે અનીતિમાન હતો એમ માનીને ઇગ્લડમાથી કહાડી મુકયો હતો તેનો દાખલો આપશો; પણ વેદાન્ત કહે છે કે બાયરન પણ તેની બુદ્ધિ માટે ત્યાગનેજ આભારી છે. રામ જે તમને સમજાવા ઇચ્છે છે, તે ત્યાગની ભાવના બહુ વિલક્ષણ છે. વૉશિગ્ટન ત્યાગી પુરૂપ હતો. જો તે ત્યાગી ન હોત તો લડાઇમાં તે વિજયી થાત નહિ. હવે આ બહુ વિચિત્ર છે. તમે જોતા નથી કે પ્રત્યેક વીર પુરૂષ, નેપોલિયન બોનાપાર્ટ, વૉશિ-ગ્ટન, વેલિંગ્ટન, ઍલેકઝાન્ડર (સીકન્દર), સીઝર અગર હરકોઇ યોદ્ધાને વિજયી થવાને, પ્રજાઓના સ્વામી થવાને અને સર્વ લશ્કરોને

નિયમમાં રાખવાને માટે પોતાની જાતે દુનિયાથી અને સર્વ મોહથી પરજ રહેવું પડે છે? તેનું મન અવિકળ શાન્ત અને સ્વસ્થ રહેવુંજ જોઇએ અને એક કેન્દ્રમાં તેની સર્વ શક્તિઓનું એકીકરણ થવુંજ જોઇએ. બીજા સયોગોથી તેને ક્ષોભ થવો જોઇએ નહિજ. અને એનો અર્થ શો? એનો અર્થ **બીજા સર્વ પદાર્થોનો ત્યાગ એજ છે. મનુષ્યમાં જેટલી ત્યાગવૃત્તિ વધારે હોય તેટલોજ, તે ઉત્તમ છે. નેપોલિયન** સમરાંગણમાં આવે છે અને "હૉલ્ટ" (થોભો) એટલા એક શબ્દથી તેને જીતવા આવેલા હઝારો માણસોને અટકાવે છે. આ શી રીતે થાય છે? આ બધી શક્તિ કયાંથી આવે છે? આ શક્તિ **ને**પોલિયનને તેના પોતાનામાં રહેલા સત્ય દિવ્ય આત્મામાં નિમગ્ન થવાથીજ પ્રાપ્ત થાય છે આ શક્તિ ક્યાંથી આવે છે તેની તેને પોતાને ખબર હોય અથવા ન હોય, પરતુ તે શક્તિનુ સ્થળ શરીર, મન અને સર્વ વસ્તુઓથી પર હોય છે; અને એ સ્થળમા જગત એ જગતરૂપે રહી શકતું નથી.

એજ પ્રમાણે સર આઇઝૅક ન્યૂટન જેવા મહાન બુદ્ધિમાન પુરૂષોને પણ દુનિયાને પોતાના તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનથી સમૃદ્ધ કરવા માટે આ ત્યાગનોજ પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવો પડે છે. જે શરીર, મન અને પદાર્થથી પર થાય છે, તે **ઘરમાં બેઠો હોય છે તોપણ ઘર તેના મનથી ઘર નથી.** મિત્રો તેના મનથી મિત્રો નથી. વિરક્તિની આ કેવી સ્થિતિ! લોકો કહે છે કે તે કશુ કરતો નથી પણ જ્યારે તમે કહો છો કે તે કશુ કરતો નથી ત્યારેજ તે તેના ખરા સર્વોત્તમ સ્વરૂપમાં હોય છે. જો કે દેખીતી રીતે તે શાન્ત હોય છે; તેણે સર્વનો ત્યાગ કર્યો છે; પણ તે તેના સર્વોત્તમ સ્વરૂપમાજ હોય છે. આ લોકો, આ વીર પુરૂષો, આ મહાન બુદ્ધિમાન પુરૂષો અજાણતાં પણ ત્યાગ સાથે અથડાય છે, અને એ સત્ય ત્યાગને તેઓ

અજાણતાં આચારમાં મૂકે છે તેથીજ તેમની ઉન્નતિ થાય છે અને તેઓ પ્રખ્યાત થાય છે. તે ત્યાગનુ સ્વરૂપ પદ્ધતિપૂર્વક તમારી આગળ રજુ કરવાનો હિન્દુ તત્ત્વજ્ઞાનનો હેતુ છે. હિન્દુ તત્ત્વજ્ઞાનનો હેતુ બરાબર રીતે તમને ત્યા લઈ જવાનો, તેનુ શાસ્ત્ર બતાવવાનો અને જે નિયમો, સિદ્ધાન્તો અને માર્ગો તમને ત્યા લઇ જાય છે તે સમજાવવાનો છે.

આ ત્યાગને હિન્દુઓએ જ્ઞાન તરીકે વર્ણવ્યો છે; એટલે કે ત્યાગ અને જ્ઞાન એ એકજ વસ્તુ છે. પણ આ પ્રતિપાદિત જ્ઞાન, સ્થૂલ પદાર્થોનુ જ્ઞાન નથી. હા, એ જ્ઞાન પણ તમને મદદ કરવા ઘણું કરે છે પણ એ કાઇ ખરૂં જ્ઞાન નથી. એ જ્ઞાન તમને કદાપિ શાન્તિ આપી શકે નહિ. જે જ્ઞાન ત્યાગનો પર્યાય શબ્દ છે તે જ્ઞાન તો સત્યનુ જ્ઞાન છે, સત્ય આત્માનુ જ્ઞાન છે. તમે જે વસ્તુ રૂપે છો તે વસ્તુનુ જ્ઞાન છે. હવે તમે જે છો તેનું જ્ઞાન તમને બુદ્ધિથી આપી શકાય એ પુરતું થશે? કેટલેક અંશે થશે ખરૂં પણ સપૂર્ણ અંશે તો નહિજ. તમારે જ્ઞાની થવા માટે, ઉદાર થવા માટે, તમે આ જીંદગીમા હો ત્યારે પણ આ વિશાળ જગત તમારે માટે સ્વર્ગરૂપ થાય તેટલા માટે તમારે આ જ્ઞાન-"તમે પોતે પ્રભુ છો, તમે પોતે દૈવી તત્ત્વ, અવ્યક્ત શ્રેષ્ઠ સત્તા અથવા બળ કે જે નામ આપવું તમને પસન્દ પડે તે, તમે પોતેજ છો." આ શ્રેષ્ઠ સત્યનો તમારે સાક્ષાત્કાર કરવો પડશે. અને આ સાક્ષાત્કાર એટલે કાંઈ માત્ર બુદ્ધિ દ્વારા સપાદન કરેલુ જ્ઞાન નહિ પણ આ જ્ઞાન તમારા આચારમાં મૂકાયલું હોવું જોઇએ. તમારા લોહીમાં-તમારી નસોમા વ્હેતુ હોવું જોઇએ. તમારી નાડીઓમાં ધડકતુ હોવુ જોઇએ. અને તમારા અણુએ અણુમાં આવિર્ભૂત થયેલું અને રમી રહેલુ હોવું જોઇએ આવું જ્ઞાનજ જીવન્મુક્ત કરે છે. આ જ્ઞાનનું નામજ ત્યાગ છે. **આ જ્ઞાન પ્રાપ્ત કરો એટલે તમે ત્યાગી થશો.**

અરણ્યનિવાસ એ તો માત્ર લક્ષ્યને સિદ્ધ કરવાનું સાધનજ છે, એ તો માત્ર વિશ્વવિદ્યાલયમા શીખવાને જવા જેવુજ છે, વિશ્વ-વિદ્યાલયમાં આપણે જ્ઞાન સપાદન કરીએ છીએ એ ઉપરથી એમ કદાપિ માનવામા આવતુ નથી કે આપણે હમેશને માટે ત્યાજ રહેવુ જોઇએ. અને તેજ પ્રમાણે આ જ્ઞાન સંપાદન કરવા માટે પણ થોડા સમય માટે તમે સુખેથી અરણ્યવાસ કરો પણ વેદાન્ત તત્ત્વજ્ઞાન એમ તો કદાપિ શિખવતુ નથી કે સદાનો અરણ્યવાસ એજ ત્યાગ છે. ખરેખરા ત્યાગને તમારા સ્થળ, સ્થિતિ અથવા શરીરના કામ સાથે કશોજ સબધ નથી. આ ખરો ત્યાગ તો તમને ઉલટો શ્રેષ્ઠ સ્થિ-તિમા મૂકે છે, તમને શ્રેષ્ઠ પદમાં સ્થિત કરે છે. આ ત્યાગ તો તમા-રામા બીજરૂપે રહેલા બળને બહાર લાવે છે, શક્તિઓને ગુણે છે, ગતિને દૃઢ કરે છે તમારો સઘળો શોક દૂર કરે છે. તમારી સર્વ ચિન્તાઓ અને બ્હીક દૂર કરે છે. તમને નિર્ભય અને સુખી અવ સ્થામાં રાખે છે અને તમને ઇશ્વરસ્વરૂપ બનાવે છે.

લગ્ન કરેલો મનુષ્ય આ ત્યાગનો સાક્ષાત્કાર શી રીતે કરી શકે ? જો પતિપત્ની એક બીજાને સુખી કરવા સમ્મત થાય તો એ વાતનો આજેજ નિર્ણય થઈ જાય જ્યા સુધી પતિપત્ની એક બીજાનાં તારક અથવા ક્રાઈસ્ટ થાય નહિ ત્યા સુધી બધા ધર્મશાસ્ત્રો બહુજ થોડુ હિત સાધી શકે તેમ છે, લક્ષ આપો જ્યારે લોકો ધાર્મિક વ્યાખ્યાનો સાભળવા આવે છે ત્યારે તેમને સર્વનો ત્યાગ કરવાનુ, તેમની સપત્તિ અને શરીર પ્રભુના ગણવાનુ અને તેઓ પોતે આ શરીર નહિ પણ દિવ્યતત્ત્વ રૂપે છે એમ સ્વીકારવાનું કહેવામા આવે છે, તેમને આવો ઉપદેશ આપવામા આવે છે. આ પ્રમાણે અહીં તેઓ થોડુ જ્ઞાન મેળવે છે; પણ તેઓ ઘેર જાય છે ત્યારે શુ બને છે ? તેની પત્ની આવે છે અને કહે છે "મી. ફલાણા ફલાણા,

મ્હારે એક ભારે સાડી જોઇએ છે," અને પેલો કહે છે કે મ્હારી પાસે નાણા નથી. એનો શો અર્થ ? તેનું બાળક આવે છે અને કહે છે "બાપા ! ઓ વ્હાલા બાપા ! અંદર આવો" અને તેના ઉત્તરમાં મ્હારા પુત્ર, મ્હારી પત્ની, મ્હારી પુત્રી, એ પ્રમાણે આ માણસ તેમને સંબોધે છે.

આના આજ પુત્રી, ભગિની, સંપત્તિ, ગૃહ અને કુટુમ્બ, કે જે સર્વને દેવળની અન્દર પ્રભુને સમર્પણ કરેલા હતા, તે જ્યા ઘેર પહોચ્યા કે તરતજ પ્રભુ પાસેથી અકબંધ પાછા લેવાય છે। હવે તે સર્વને "મ્હારૂં" "મ્હારા" બનાવી દેવાય છે। હવે તે પ્રભુનાં નથી। "હે પ્રભુ, હું તારો છુ, હું તારો છુ સર્વસ્વ તારૂં છે. હું તને સમર્પણ કરૂં છુ." આવી ક્ષણિક લાગણીથી દેવળમા જે મન વ્યાપ્ત થયુ હતું તે લાગણીઓ ઘેર આવીને પત્ની અને બાળકોના મુખ જોતાની વારજ ક્ષણ માત્રમા વિલુપ્ત થઇ જાય છે આ ઉપરથી તમે જોઇ શકો છો કે આધ્યાત્મિક ઉન્નતિ અને કૌટુમ્બિક જીવન એક બીજાથી વિરૂદ્ધ છે; તેઓ એક બીજાથી પ્રતિકૂલ છે. જે કાર્ય દેવળમા કરવામા આવે છે તેને ઘરમા આવીને રદ કરવામા આવે છે. કદાચ રદ કરવાથી પણ વધારે ખોટુ થાય છે, કેમ કે સમય વૃથા થાય છે 'પેનીલોપીસ' ના જેવુ થાય છે. તે આખો દિવસ ફરકી ઉપર સુતર વીંટયા કરતી હતી; પરન્તુ રાત્રિ પડતી એટલે પાછુ વીંટેલુ હોય તેટલુ તે ઉકેલી નાખતી. તમે બધા પણ એવુજ કરો છો; દેવળમાં જઇને તમારી આધ્યાત્મિક ઉન્નતિને પ્રાર્થનાઓ અને સ્તોત્રોમા વીંટાળો છો, પણ ઘેર આવીને પાછુ બધુજ ઉકેલી નાખો છો—રદ કરો છો; અને એમ બેઉ પ્રકારે વૃથા સમય ખુઓ છો. જો વસ્તુસ્થિતિ આ પ્રમાણેજ ચાલ્યા કરશે તો તમારે માટે બિલકુલ આશા નથી. જો તમારે પરમેશ્વરની મશ્કરી કરવી ન હોય અને જો

તમારે તમારી પ્રાર્થનાઓ હાસ્યાસ્પદ ન કરવી હોય તો આ વિષયનો તમારે વાસ્તવિક રીતે અભ્યાસ કરવો પડશે. તમારી આધ્યાત્મિક ઉન્નતિની આડે જે કારણ આવે છે તે તમારે દૂર કરવું પડશે. પ્રત્યેક **પત્નીને તેના પતિના તારક થવું પડશે** અને પ્રત્યેક **પતિને પોતાની પત્નીના તારક થવું પડશે.** સ્રીપુરૂષ પરસ્પર કહે છે કે "અરે હું તમને ચાહું છુ. હું તમને ચાહું છુ." આ કેવો ઢોંગ ! જો તમે તમારી પત્ની અથવા પતિને ખરી રીતે ચ્હાતા હો તો તમારે તેને માટે કાંઇ પણ ભોગ આપવોજ જોઇએ. જો તમે ખરી રીતે તેને ચ્હાતા હો તો તમારે તેને માટે કાંઇ પણ ત્યાગ વેઠવોજ જોઇએ. પણ તમે તેમ કરો છો ? ના, ના સ્ત્રી પોતાના પતિને વશ રાખવા ઇચ્છે છે અને પતિ તેની પત્નીને જાણે તે એક તેની માલિકીનો જડ પદાર્થ હોય એમ સમજે છે એક બીજાને પોતાના આશ્રિત કરવા ઇચ્છે છે. જો તમે ખરી રીતે પરસ્પર ચ્હાતા હો તો પ્રત્યેકના હિતની ઉન્નતિ કરવા તમારે પ્રયત્ન કરવોજ જોઇએ. શુ ખરી રીતે તમે એ પ્રમાણે કરો છો ? તમે એમ માનતા હશો કે તમે તેમ કરો છો, પણ તમારી એ પ્રકારની માન્યતામા તમે ભૂલ ખાઓ છો. બન્ધુ ! પત્ની અથવા પતિની કામવાસના પૂર્ણ કરવી એ કાંઇ તેને ખરા સુખનો અનુભવ કરાવવા જેવું નથી, બિલકુલ નહિ. જો સુખ પ્રાપ્ત કરવાનો એજ માર્ગ હોય તો સર્વ કુટુમ્બો સુખીજ બની ચૂકયાં હોત પણ શુ એમ બન્યુ છે ? કુટુમ્બો સુખી છે ? હજારોમાં એક પણ નહિ. તેઓ શા માટે સુખી થતાં નથી ? કારણ કે એક બીજાના સુખની શી રીતે વૃદ્ધિ કરવી અને એક બીજાનુ હિત શી રીતે વધારવું તેની તેમને ખબરજ નથી. તેઓ એ બાબત જાણતાંજ નથી. તેઓ એટલુજ સમજ્યાં હોય છે કે માત્ર પશુવૃત્તિને તૃપ્ત કરવી એનું નામજ સુખની પ્રાપ્તિ છે.

પણ એમ એક બીજાના વિકારોનું ક્ષણિક પોષણ કરવું એ કાંઇ ખઇ હિત કરવા જેવુ નથી. કોઇએ કહ્યું છે કેઃ "સ્નેહજ દુખનું મૂળ છે," અને ઘણાખરા નવલકથાકારો, ઇતિહાસકારો, અને આ દુનિયાના લોકોનો એવોજ અનુભવ છે કે "સ્નેહ એજ દુઃખનુ મૂળ છે." પણ એમ શાથી બનવું જોઇએ? શુ સ્નેહમા કોઇ પ્રકારની ભૂલ થાય છે કે જેથી પરિણામે શોક થાય છે? ના એમ નથી. તમે **સ્નેહનો જે ઉપયોગ કરો છો તેમાંજ કાંઈક ભૂલ હોય છે કે જેથી કરીને શોકનાં ગાડેગાડા તમને પ્રાપ્ત થાય છે.**

હિન્દુસ્તાનના એક શાસ્ત્રમા એક એવી કથા છે કે હિન્દુસ્તાનના પ્રસિદ્ધ તારક પ્રભુ–હિન્દુસ્તાનના ક્રાઇસ્ટ શ્રીકૃષ્ણને એક રાક્ષસ ગળી જવાની તૈયારીમાં હતો. તેમણે પોતાના હાથમા કટાર લીધી. તેમનો કોળીઓ કરી ગળી જવામા આવ્યા. રાક્ષસના પેટમા ગયા પછી તેમણે રાક્ષસનુ પેટ વિંધી નાખ્યુ. તેનું પેટ ચીરાઇ ગયુ, લોહી વહ્યું અને પ્રભુ શ્રીકૃષ્ણ બહાર નિકળ્યા. આ દૃષ્ટાન્ત આબેહુબ છે. સ્નેહ શુ છે? **સ્નેહ** એ કૃષ્ણસ્વરૂપ છે; એટલે કે **સ્નેહ એ પ્રભુ** છે. અને તેનો હૃદયમાં પ્રવેશ થાય છે, તે કામાસક્તિવાળા મનુષ્યના હૃદયના આન્તરમાં પ્રવેશ કરે છે. અને જ્યારે તેને હૃદયના મર્મ ભાગમાં સ્થાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે ઘા કરે છે અને પરિણામ શુ આવે છે? હૃદય તૂટે છે. હૃદય ભગ્ન થાય છે. દુઃખ અને શોક એ તેના પરિણામ આવે છે. જગતના સર્વ સ્નેહોમાથી જુદાઇ, નાશ, દુઃખ અને દ્વેષરૂપીજ પરિણામો આવે છે? આ પ્રકારે આ સ્નેહથી જે કાઇ બને છે તે આ પ્રમાણે છે.

આ એક નિયમજ છે કે, હરકોઇ સંસારના પદાર્થ ઉપર સ્નેહ લગાડો, હરકોઇ સંસારના પદાર્થને તેની પોતાની ખાતર ચ્હાવાનું શરૂ કરો, એટલે પ્રભુ શ્રીકૃષ્ણ તમારી અન્દર પ્રવેશે છે અને તમને

જખમ કરે છે. હૃદય વિધાઇ જાય છે. તમે શોકાન્વિત થાઓ છો અને તમે બબડો છો અને બૂમ મારો છો કે " અરે ! આ સ્નેહ ઘણો નિર્દય જ, તેણે મ્હને મહા દુઃખી કરી નાખ્યો છે. "

આ એક દૃઢ નિયમ જ છે કે **હરકોઇ મનુષ્ય આ સંસારમાંની અમુક વ્યક્તિ અથવા અન્ય પદાર્થ ઉપર મોહ રાખે છે તો પરિણામે તેને દુ:ખ થશેજ.** કાતો તે મિત્ર અથવા પદાર્થ તેની પાસેથી લઇ લેવામા આવશે, અથવા તે બેમાથી એક મૃત્યુવશ થશે કે તે બન્નેની વચ્ચે અણબનાવ થશે. આ એક અનિવાર્ય નિયમ જ બરાબર લક્ષ રાખી શ્રવણ કરો. અને આ દૃઢ નિયમને તમારા હૃદયમા ઉંડો ઉતરવા દ્યો તેને તમારા મનમા પ્રવેશવા દ્યો. પુન શ્રવણ કરો કે, જ્યારે મનુષ્ય સસારના પદાર્થો ઉપર મોહ રાખે છે, જ્યારે તે અમુક પદાર્થને તેની પોતાની ખાતર ચ્હાવુ શરૂ કરે છે, જ્યારે **મનુષ્ય તે બાહ્ય પદાર્થમાંથી સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે ત્યારે તે છેતરાશેજ.** તે માત્ર ઇંદ્રિયોના પોતાને અન્ધ થયેલો જોશે. **સંસારના પદાર્થો ઉપર મોહ રાખીને તમે સુખ પ્રાપ્ત કરી શકો નહિ.** આ એક નિયમ છે. તમારા **સંસારના હરકોઈ મોહનું પરિણામ હૃદય ભગ્ન થવા માંજ આવશે** બીજુ કાઇ નથી. **કરોડાધિપતિમાં શ્રદ્ધા રાખશો નહિ, પ્રભુમાંજ આસ્થા રાખો.** આ અને પેલા પદાર્થમા શ્રદ્ધા રાખશો નહિ. પ્રભુમા, તમારા નિજાત્મામા–સ્વરૂપમાંજ શ્રદ્ધા રાખો **સંસારના મોહરૂપી એન્જીનની પાછળ દુ:ખનાં ગાડેગાડાં સંકળાયલાં છે.** જ્યા એ મોહને પ્રવેશવા દીધો કે એ બધાંજ વેગનો તે ઠેકાણે ઠલવાઇ પડશે. **દુનિયાનો મોહ એ મૂર્તિપૂજા છે.** જેમ ધાતુ ઇત્યાદિની સુન્દર મૂર્તિઓ, ચિત્રો વગેરે હોય છે તેમ આ શરીરો પણ ચિત્રો અને મૂર્તિઓજ છે. તમે અમુક ચિત્રને

તેની પોતાની ખાતર ચ્હાવાનુ શિખો છો ખરા, પણ જેનું તે ચિત્ર છે તેની તો અવગણના કરો છો ? ત્યારે કહો કે તમે માત્ર મૂર્તિનીજ પૂજા કરતા નથી ?

ધારો કે તમારી પાસે તમારા એક મિત્રની છબિ છે અને તમે તે છબિને તમારી પાસે રાખો છો, તમે તે ચિત્રને ચાહો છો, લાડનો વર્ષાદ વર્ષાવો છો, તેની ઉપર સર્વ પ્રેમ અર્પણ કરો છો, અને એટલો બધો પ્રેમ કરો છો તોપણ જ્યારે તે જેની છબિ છે તે મનુષ્યજ ખુદ તમારે ત્યા આવે છે ત્યારે તો તમે તેની કશીજ પર્વા કરતા નથી ! અરે ! ઉલટા તમે તેનુ અપમાન કરો છો ? શુ એ વાસ્તવિક છે ? શુ એ મિત્ર પોતાની છબિ તમારી પાસે રહેવા દેશે ? ના, ના. તમે તેનું સ્મરણ કરો તે માટેજ તેણે તો પોતાની છબિ તમને આપી હતી. તમને તેનું વિસ્મરણ થાય અને ખુદ તેની પોતાની અવગણના કરો તે માટે તેણે પોતાની છબિ તમને આપી ન્હોતી ખુદ તેની પોતાની અવગણના થઇને તેની છબી માત્રનીજ પૂજા થવી જોઇએ નહિ. છબિને માત્ર છબિનેજ ખાતર ચ્હાવી એનુ નામજ મૂર્તિ-પૂજા છે. તમારે તો પ્રભુને, તે છબિના સ્વામીનેજ માલીકને ચ્હાવાનું હતું અને **તેજ પ્રમાણે આ દુનિયાના સર્વ પદાર્થો, એ બીજું કશુંજ નહિ પણ એ પ્રભુનાંજ ચિત્રો અને ચિહ્નો છે.** પતિ અને પત્નીઓ આ ચિત્રોનાજ ભોગ થાય છે. તેઓ મૂર્તિ-પૂજાનાજ ગુલામ થઈ જાય છે તમારૂ બાઇબલ (ધર્મશાસ્ત્ર) કહે છે કે તમારે પ્રભુની પ્રતિમા અથવા છબિને સ્વીકારવી જોઇએ નહિ. તમારે મૂર્તિપૂજા કરવી જોઇએ નહિ. 'મૂર્તિપૂજન' ના આ નિષેધથી એમ કહેવામાં આવ્યું નહોતુ કે તમારે આ મૂર્તિઓની પૂજા કરવી નહિ, પણ તેનો અર્થ એ હતો કે આ સ્થૂળ મૂર્તિઓ પોતેજ મૂળ વસ્તુ છે એવું સમજી લઇ તેને પૂજવી નહિ.

હિન્દુસ્તાનમાં એક કબ્રસ્તાનમાં રામે એક કબર ઉપર નીચેનો સ્મરણોલ્લેખ વાંચ્યોઃ—

" અહીં એક બાળક જે મ્હારા હૃદયની મૂર્તિ હતું તે સૂતું છે, જો વિવેકી પ્રભુએ આમ ન્યાયપૂર્વક કર્યું છે તો હમારે વિખુટાં થવું એ આવશ્યકજ હતું."

આ એક સ્ત્રીએ લખ્યુ હતું. તે સ્ત્રી આ બાળકની મૂર્તિપૂજાજ કરતી હતી. કેમકે તે બાળકનુ જે મૂળ સત્ય સ્વરૂપ હતું તેના કરતાં તે બાળકનુ શરીર કે જે ખરી રીતે તેનુ ચિત્રજ હતું તેને વધારે અગત્ય આપતી હતી, અને તે બાળક લઇ લેવાવુ જોઇએ, એ નિયમજ છે-એ કાયદો છે. જો તમે એવા ચિત્રોનો ખરો ઉપયોગ કરશો તોજ તે તમારી પાસે રહેશે; અને તેનો દુરૂપયોગ કરશો તો કલેશ, શોક, ચિન્તા અને ત્રાસજ થશે. જો આપણે મૂળ સ્વરૂપને તેની છબિ કરતા વધારે ચાહીએ તોજ માત્ર આપણે તેની છબિને આપણી પાસે રાખી શકીએ અને નહિ તો કદાપિ નહિ. એ ઈશ્વરી નિયમ છે.

દરેક કુટુમ્બમાં ત્યાગનો અનુભવ કરવાનો આજ માર્ગ છે.

હવે એ વધારે વિસ્તારથી સમજાવાશે. ધારો કે તમે એક મનુષ્ય, સ્ત્રી, ગૃહસ્થ અથવા સન્નારી, દેવ અથવા દેવી છો, અને તમારા સ્નેહનું એક પાત્ર છે. તમને તે પાત્ર તરફ કઇ વસ્તુથી મોહ, લાલચ અને આકર્ષણ થાય છે? તે આકર્ષણ તેનુ શરીર, તેની ત્વચા, તેના નેત્રો, નાસિકા, કર્ણ વગેરે પ્રત્યે છે? ના, ના, બિલકુલ નહિ. એવી નશ્વર સ્થૂળ વસ્તુના ગુણ ગાયા કરવાનુ પેલા કવિઓ પાસેજ રહેવા દઇ તેમના કરતાં તમે જરા વધુ વિવેકી અને સમજુ થાઓ. તમે એ બાહ્ય અંગોથી આકર્ષાતા નહિ. જો સ્નેહનો વિષય એજ હોય, જો એ અંગોમાંજ ખરી મોહકતા હોય તો જ્યારે

શરીર પ્રાણુરહિત થાય છે, ત્યારે પણ તેઓ આકર્ષક રહેવાંજ જોઇએ. અને એ સ્થિતિમાં પણ તમે તેના તરફ આકર્ષાવા જોઇએ. પણ તેમ બનતું જણાતું નથી. ત્યારે હવે એ મોહકતા શામાં છે ? આ મોહ અને આકર્ષણ શાથી થયું ? એનું કારણ એ શરીરમાં રહેલો તે જીવ, તે આન્તર જીવન, તે આન્તર શક્તિ અથવા તે અન્તરાત્માજ છે, બીજું કાંઇ નથી. દરેકના નેત્રોદ્વારા તમારી સાથે જે વાત કરે છે તે એ અન્તરાત્માજ છે. એ અન્તરાત્માની પ્રતિમા, ચિત્ર અને પોશાક દાખલજ આ શરીર છે. તે પોશાકને જે પહેરે છે તે પહેરનાર અન્દર રહેલા સત્ય આત્મા કરતાં તે પોશાકને વધારે વ્હાલો નહિ. હવે મનન કરો એટલે તમે સમજશો.

કેટલાક લોકો બીજાઓ કરતા વધારે આકષક હોય છે અને તેમનામાં વધારે પ્રતિભાશક્તિ હોય છે. જે વિષય વિષે વાત કરવાની રીતિ નથી તે વિષયને રામ ચર્ચે તો તેને ક્ષમા કરશો. જે વિષય આપણા હૃદયના પણ હૃદયમા હોય છે અને જે આપણન અત્યત રસિક લાગે છે તે પ્રત્યે તો આપણે લક્ષજ આપતા નથી એજ નવાઇ જેવુ છે. આ વિષય ઘણો જ અગત્યનો અને ખરી રીતે તમારી સાથે સંબધવાળો છે તેથી, તેમજ બીજા લોકો એ વિષય ચર્ચતા નથી તેથીજ રામ તેની ચર્ચા કરે છે.

વારૂ, એ પ્રતિભાશક્તિ ક્યાથી આવે છે ? એ પ્રતિભા, એ મનોવૃત્તિ અને એ ચ ચલતા એ શું છે ? શાથી છે ? શુ તે નેત્ર, કર્ણ કે નાસિકાથી છે ? ના, નેત્ર કર્ણ વગેરેમાં તો તે માત્ર દૃશ્ય થાય છે એટલુજ. ક્લીઓપેટ્રા, પેલી ઇજીપ્તની છોકરી ક્લીઓપેટ્રા, પેલી આફ્રીકાની હબસી છોકરી કે જેણે પેલા શહેનશાહ માર્ક ઍન્ટનીને લલચાવીને મોહવશ કર્યો હતો, તે એ પ્રતિભાને લીધેજ હતું. એ પ્રતિભા તમારી અન્દર રહેલી દિવ્યતામાંથીજ આવે છે

બીજા કક્ષામાંથી આવતી નથી. તે સ્ફૂર્તિ, બળ અથવા ગતિ શાથી છે? લક્ષ આપો. તમે ડુંગરા ઉપર ચ્હડી શકો છો, તમે ઉભા પર્વતો ચ્હડી શકો છો તમે એક સ્થળથી બીજા સ્થળે, જ્યાં ઇચ્છો ત્યા જઇ શકો છો, પણ જ્યારે શરીર મૃત્યુ પામે છે ત્યારે તેનું શુ થાય છે? ત્યારે તે ગતિ, તમારો તે અન્તરાત્મા કે જે તમને આટલી ઉંચાઇએ લઇ જતો હતો તે હવે તેને પ્રથમની પેઠે તેમ કરતો નથી સ્નાયુઓને ગતિ આપે છે, વાળ ઉગાડે છે અને તમારી રક્તવાહી નસોમા લોહી વહાવે છે એવુ આ શરીરમા કોણ છે? શરીરના અવયવોને સ્ફૂર્તિ, ગતિ અને બળ આપે છે એ શુ છે? તે એક સર્વવ્યાપક શક્તિ, એક સર્વવ્યાપક દિવ્યતા અથવા સર્વવ્યાપક પ્રભુજ છે, અને તે તમે પોતે જ છો વસ્તુતઃ તમે જ તે સર્વવ્યાપક શક્તિ, સર્વવ્યાપક પ્રભુતા અને તે આત્મા છો જ્યારે કોઇ મનુષ્ય મરી જાય છે ત્યારે કેટલાક માણસોને તેને સ્મશાનમા અથવા કબ્રસ્તાનમા ઉચકી લઈ જવો પડે છે. પણ જ્યારે તે જીવતો હતો ત્યારે ઘણા પૌંડનુ તેનુ ભારે શરીર ઘણે ઉંચે, ઉંચા પર્વતો ઉપર કોણ લઇ જતુ હતુ? એ જે કોઇ અદૃશ્ય અને અવર્ણનીય વસ્તુ છે તે તમારી અન્દર રહેલી દિવ્યતાજ છે, તેજ સર્વમાં રહેલો પ્રભુ છે અને સર્વ વસ્તુઓને ગતિ અને શક્તિ તેજ આપે છે તે પ્રભુને લીધેજ પ્રત્યેક મનુષ્યની ગતિમાં પ્રતિભાશક્તિ હોય છે જ્યારે એક મનુષ્ય નિદ્રાવશ હોય ત્યારે તેના નેત્ર જોતા નથી, જ્યારે તે નિદ્રાવશ હોય છે ત્યારે તેના કર્ણ સાભળતા નથી. શા માટે? કારણ કે તે દિવ્યતા અથવા આત્મા જેવી રીતે પ્રથમ સત્તાસ્ફૂર્તિ આપતો હતો તે પ્રમાણે હવે આપતો નથી નેત્રદ્વારા જે જુએ છે તે એ અન્તરાત્માજ છે. જેના વડે શ્રોત્ર સાંભળે છે તે એ અન્તરાત્માજ છે. જેના વડે નાસિકા વાસ લે છે તે એ અન્તરાત્માજ છેઃ અને સ્નાયુઓને જે બળ આપે છે તે પણ એ અન્તરાત્માજ છે. સર્વ દૃશ્ય પ્રતિમાઓનો

સાર અથવા રહસ્ય એ અન્તરાત્માજ છે. એ સ્મરણમાં રાખો. એ લક્ષમાં રાખો. જ્યારે તમે કોઈ મનુષ્યના સામુ જુઓ છો ત્યારે તે પણ તમારા સામું જુએ છે. એ કોણ છે ? તે અન્તરાત્માજ છે. બહારના નેત્રો, ત્વચા, કર્ણ વગેરે તો માત્ર તેના આચ્છાદનજ છે, એ તો માત્ર તેનો બહારનો પોષાકજ છે અને બીજુ કાંઇજ નથી.

હવે જ્યારે આ જગતના લોકો પદાર્થોની તૃષ્ણા અને સ્નેહ કરે છે ત્યારે તેઓ ખરો અન્તરાત્મા કે જે શરીરરૂપી પોષાક અને આચ્છાદનદ્વારા પ્રકાશે છે તેના કરતા પોષાક અથવા આચ્છાદનનેજ વધારે ચ્હાય છે અને આ પ્રમાણે તેઓ અન્દરના સત્ય અથવા મૂળ વસ્તુ કરતાં તેની મૂર્તિ અથવા આચ્છાદનનીજ વધારે પૂજા કરે છે અને આથીજ તે લોકો આ પાપનુ ખરાબ પરિણામ ભોગવે છે. આ પ્રમાણે હોવાથી એ મૂર્તિ–આચ્છાદનથી પર થાઓ, તેથી પર થાઓ અને પ્રત્યેક પતિ પત્ની એક બીજામા પ્રભુતા અનુભવવાનો પ્રયત્ન કરો એક બીજામાં રહેલા એ અન્તરાત્માને જુઓ અને તે અન્તરાત્માનીજ પૂજા કરે.

આમ કરવાથી પ્રત્યેક વસ્તુ તમને દૈવીજ લાગવી જોઇએ. પત્ની નરકના દ્વારને બદલે પતિને પ્રભુનો સાક્ષાત્કાર કરવાના દર્પણરૂપજ થઇ પડવી જોઇએ. પતિ પણ નરકના દ્વારને બદલે પત્નીને પરમાત્મદર્શન કરવાના દર્પણરૂપજ થઇ પડવો જોઇએ.

પરંતુ આ પતિ અથવા પત્ની પોતાના સાથીને આ સાક્ષાત્કાર, આ દિવ્યતા, સર્વ શક્તિઓ આ વેદાન્તી નિગ્રહ શી રીતે પ્રાપ્ત કરાવી શકે ?

જો સ્ત્રીને પોતાના પતિના તારક થવું હોય તો પહેલાં તેણેજ તેને સર્વ ભ્રષ્ટતામાંથી ઉદ્ધારવો જોઇએ. જો તેનું લગ્ન થયું ન હોય તો દરેક પ્રકારનાં પ્રલોભનોનું બલિદાન થવાને તે પાત્ર હોય છે.

સુકાન વિનાના મછવાને જેમ પવન અને તોફાન ગમે તે દિશામાં ખેંચી જાય છે તેમ જ્યા સુધી મનુષ્ય કુંવારો હોય છે ત્યા સુધી તે અસ્થિર હોઈ દરેક જાતના કલંકો તેને સહન કરવાં પડે છે. સૌથી પ્રથમ તેની સ્ત્રી બધાં પ્રલોભનોમાથી તેને બચાવે તેમ હોય છે પણ સામાન્ય સ્ત્રીઓ પોતાના પતિને આવાં પ્રલોભનોમાથી બચાવવાને બદલે ઉલટી તેઓ પોતેજ પ્રલોભન કરાવનારી થઈ પડે છે. કોઈ એક મનુષ્ય પોતાનું બધુ દ્રવ્ય આપી દઇને તે બધા દ્રવ્યની એક નોટ ખરીદે તેના જેવુજ આ પણ છે, કેમકે આવો મનુષ્ય બીજા પ્રલોભનોમાંથી મુક્ત થાય છે પણ હવે આ એક પરતન્ત્રતા તો આગળની બીજી બધીજ નામોશીઓ કરતા વધારે હોય છે. પહેલાના અનેક પ્રલોભનોનો તે ભોગ થતો નથી પણ આ એક પ્રલોભન અથવા નામોશીજ તેને માટે પુરતી છે

આ તો એક ઘોડો એક મનુષ્ય પાસે પોતાનુ રક્ષણ કરાવા આવ્યો હતો તેના જેવુ છે. તમે જાણો છો કે પ્રથમ એક સમય એવો હતો કે મનુષ્યો પણ અરણ્યમા વસતા હતા, અને ઘોડા પણ અરણ્યમા વસતા હતા. જેમ હાલ રહે છે તે પ્રમાણે સાબરો અને હરણો પણ જંગલમાજ વસતાં હતા. એક વખતે એક સાબરની સાથે લડાઇમા એક ઘોડો હાર્યો. સાબરે તેના સાબરશિંગા વડે તેને જખમી કર્યો. ઘોડો મનુષ્ય પાસે મદદ માગવા આવ્યો. મનુષ્યે કહ્યુ: “ ઠીક છે; હું તમને મદદ કરીશ, મ્હારા હાથમાં બાણ છે. તમે મ્હને તમારી પીઠ ઉપર લઇ જાઓ એટલે હું તમારી સાથે આવીશ અને તમારા દુશ્મનનો નાશ કરીશ ” પછી તે મનુષ્ય ઘોડાની પીઠ ઉપર સવારી કરીને અરણ્યમાં ગયો અને સાબરને મારી નાખ્યુ અને તેઓ વિજયી થઈ ઘેર આવ્યા. હવે ઘોડાને જવાની ઇચ્છા થઇ. ઘોડાએ મનુષ્યનો ઉપકાર માન્યો અને કહ્યુ: “વ્હાલા સાહેબ ! હું તમારો

ઉપકાર માનુ છું. હવે મ્હારે તમને છોડવા પડશે." મનુષ્ય તેની નજીક ગયો અને કહ્યું "અરે ઘોડા, ઘોડા! તારે ક્યાં જવું છે? તમે કેટલા ઉપયોગી છો તે હવેજ મને સમજાયુ છે. અને તેથી હવે હું તમને જવા દઇશ નહિ. તમારે મ્હારા નોકર, મ્હારા ગુલામ થવું પડશે." ઘોડો આ પ્રમાણે હરણુ, સાબર અને જંગલના બીજા પ્રાણીઓથી રક્ષિત થયો ખરો પણ તેણે પોતાની સ્વતન્ત્રતા તો ગુમાવીજ અને જે ગુલામી તેના વિજયનું પરિણામ તરીકે મળી તે તેને થયેલા લાભ કરતા વધુ નુકશાનકારકજ થઇ પડી.

પરણેલા મનુષ્યનું પણ આજ પ્રમાણે થાય છે. લગ્ન પછી જો કે ઘણા પ્રલોભનોમાથી તે બચે છે, પણ પોતાની સ્ત્રી તરફથી જે ગુલામી અથવા પરતન્ત્રતા તેને પ્રાપ્ત થાય છે તેનુ પ્રયોજન પેલા મનુષ્યે ઘોડાના કરેલા સ્વાગત જેવુંજ નીવડે છે.

હવે સ્ત્રી મનુષ્યની તારક શી રીતે થઇ શકે? તે વિષયપર આવીએ. તે કેટલીક લાલચોમાથી તેને બચાવે છે. આટલે સુધી તો બધુ બરાબરજ છે પણ બીજી વાત એ છે કે તેણે મનુષ્યને ગુલામ બનાવવો જોઇએ નહિ. (અમેરીકનો કહે છે કે તેઓએ ફીલીપીનોસ જીત્યુ છે, પણ જો તેઓ સાવધ નહિ રહે તો તેઓ ગુલામ બનશે.) આમ શી રીતે બને? પત્નીએ પોતાના પતિને ગુલામ બનાવવો જોઇએ નહિ અને તેના પતિએ તેને આશ્રિત બનાવવી જોઇએ નહિ હવે આ બીજુ પગથીઉં છે. જો આ પ્રમાણે બને તોજ સર્વ પ્રકારની આશાઓ રાખવાની છે અને નહિ તો એકે નથી આ વાત તમારા લક્ષમાં ભાગ્યેજ લાવવામાં આવતી હશે અથવા કદાપિ લાવવામાં આવતી નથી, પણ તે સત્ય છે. તમે જાણો છો કે ક્રાઇસ્ટને મનુષ્ય જાતનો ત્રાતા સ્વીકારવામાં આવ્યો હતો અને એમ મનાતું હતું કે તે આખા વિશ્વને તારશે, તે બધાં પાપ ધોઇ નાખીને પૃથ્વી ઉપર સ્વર્ગનું

રાજ્ય લાવશે, પણ તમારાં બધા બાયબલ અને વેદો હોવા છતાં પણ જગત પ્રથમના જેવુંજ અધાર્મિક આપણને જણાય છે. તેનું શુ કારણ? કારણ એજ કે હજી અસત્યનુ કારણ નાશ પામ્યુ નથી. ખરી અડચણ તમારી સાસારિક ભૂમિકામાંજ છે. જયા સુધી પત્ની પતિનુ ખરૂં શુભ ઇચ્છવાનુ અને પતિ પત્નીનું શુભ વધારવાનુ માથે લે નહિ ત્યા સુધી ધર્મની ઉન્નતિ કદાપિ થઇ શકે નહિ ધર્મને માટે કશી આશા નથી.

તમે જાણો છો કે આ જમાનો વરાળ અને વિદ્યુતનો છે. જેથી અમલી બેલગાડી જેવા ધર્મે હવે ગામડા પોટના બાંધીને વિદાયજ થવુ જોઇએ. અરે ક્રિશ્ચિયનો! અરે હિન્દુઓ! અરે મુસલમાનો! જો તમે જગતના કલેશો ખરેખર નાબુદ કરવાજ ઇચ્છતા હો, જો તમે મનુષ્ય જાતના દુખોનુ નિવારણજ કરવા ઇચ્છતા હો તો તમારે આ બધા ઉપર ધ્યાન આપવુ જોઇએ. તમારે લગ્નના સબધોનુ રહસ્ય બરાબર રીતે પ્રતિપાદન કરવુ જોઇએ. તમારે પ્રત્યેક સંસારી અને સદ્‌ગૃહસ્થના મનમા અવશ્ય ઉતારવુ જોઇએ કે "પોતાના પતિ અથવા પત્નીના તારક થવાનુ મુખ્ય કર્તવ્ય તેઓ દરેકને શિર રહેલુ છે. આ કર્તવ્ય બજાવવાને દરેક સ્ત્રી પુરૂષ બધાયલા છે" આ ઉપદેશ આપવાને આપણે સર્વ બધાયલા છીએ. આ આપણું અનિવાર્ય કર્તવ્ય છે આ કાર્ય કેવી રીતે થઇ શકે? જો સ્ત્રી પોતાના પતિને ગુલામ બનાવવા ન ચ્હાય અને પતિ પોતાની સ્ત્રીને તાબેદાર કરવા ન ચ્હાય તો જ એ કાર્ય બની શકે. તમે સર્વ રીતે સ્વતત્ર થાઓ અને તમે મુક્ત થશો, આ નિયમ છે. "આઘાત અને પ્રત્યાઘાત સરખા અને સામસામા હોય છે" તેને (સ્ત્રીને) તમારે આધીન કરો, તમારી ગુલામ કરો અને તમે પણ તેના ગુલામ બનશોજ. અરે! આ ઘણું કડવું વ્યાખ્યાન છે. આ વાત હમેશાં અરૂચિકર અને

ત્રાસદાયકજ લાગે છે. ક્રાઇસ્ટે આ ત્રાસદાયક સત્યનો ઉપદેશ કર્યો તેથી તેને દુઃખ દેવામા આવ્યુ હતું અને તેને વધસ્તંભ ઉપર ચડાવ્યો હતો. સૉક્રેટીસ બહાર આવ્યો અને તેને પણ ઝેર આપવામાં આવ્યુ લોકોએ સત્યનો કદાપિ આનન્દથી સત્કાર કર્યોજ નથી. આ ઉક્તિ દુઃખદાયક લાગે છે પણ ખરી રીતે એ એમજ છે. બરાબર લક્ષમાં રાખો.

એક મનુષ્યના હાથમા બળદની ડોકે બાધેલા દોરડાનો છેડો છે. તે એમ માને છે કે બળદ તેનો નોકર—ગુલામ છે. પણ જેટલા અંશે તે બળદ તેનો ગુલામ છે તેટલોજ તે મનુષ્ય પણ બળદનો ગુલામજ છે. તે બળદનો માલીક છે એમ કહેવાનો તેને શો હક્ક છે? એજ કે બળદ તેની પાસેથી જઇ શકતો નથી. હવે જરા ધ્યાન આપો. બળદ તેની પાસેથી જઈ શકતો નથી એજ કારણ એમ માનવામા હોય તો, અમે કહીએ છીએ કે તે મનુષ્ય પણ બળદને મૂકીને જઇ શકતો નથી! બળદ તેની પાસેથી જતો નથી તેનું કારણ એજ કે તે બળદને તજતો નથી. જો તે પોતે છૂટો હોત તો તે બળદ પણ તેનો ગુલામ ન થાત! આ નિયમ છે.

તમે જૂઓ છો કે યૂરોપ, અમેરિકા, જાપાન, હિન્દુસ્તાન અથવા બીજા દેશોમા ઘણું ખરૂં બધાંજ કુટુમ્બો દુઃખી છે. શુ એ સાચુ નથી ? તેઓ કહે છે ખરા કે "સુખી કુટુમ્બ! સુખી કુટુમ્બ!" કેવો ઢોંગ! તેમનું એ સુખ તે માત્ર નામનું, કહેવાનુ અને સ્વપ્ન જેવુંજ છે. આ લોકો અને કુટુમ્બો શાથી દુઃખી છે? શુ આ કુટુંબો સુખી થાય એવું તમે તમારા અંતઃકરણપૂર્વક ઇચ્છતા નથી? જો તમે સુખની આશા રાખતા હો તો તે માટે તમારે ઉત્સુક પણ થવું જોઇએ. તમારા ગૃહને એક મોટા દ્વારસ્વરૂપ બનવા દો નહિ. કારણ શોધી કહાડવા પ્રયત્ન કરો. તીવ્ર અને સાચી ઉત્સુકતા રાખો, કારણની

તપાસ કરો. નિરીક્ષણ કરો; અને તમને જણાશે કે કુટુમ્બના ક્લેશનુ અને ઐક્યની ખામીનું કારણ માત્ર એકજ છે. તે એજ કે "કુદરતના નિયમોનું અજ્ઞાન" મનુષ્યો અજ્ઞાનરૂપી અસુરથી ઘેરાયલા છે. કુદરતની શી સકલના છે અને વિકાસની ગતિ કઇ દિશાએ જાય છે તે તેઓ જાણતા નથી. તેની તેમને ખબર નથી. 'રામ' તમને કહે છે કે વિકાસની ગતિ અને કુદરતનું કામ એ છે કે, સર્વ મનુષ્યોએ પગથીએ પગથીએ ધીમે ધીમે ઉપર ચડવું જોઇએ, અને અન્તરાત્માના સાક્ષાત્કારની નજીક પહોચવું જોઇએ. જગતની બધી દેખાતી વસ્તુઓ ગતિમાન છે. તેમનો માર્ગ—તેમની ગતિ તે તરફજ છે. પ્રત્યેક મનુષ્યે પોતાના અતરાત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ, અને સાક્ષાત્કાર કરીને પૂર્ણાત્મારૂપ, પૂર્ણ અનન્તતારૂપ બનવું જોઇએ. લોકો આનો સાક્ષાત્કાર કરતા નથી તેથીજ અસ્તિત્વ (જીવન) માટે આ બધા તરફડીઆ તેમને મારવા પડે છે અને સુખીને બદલે દુ ખી જીવન તેમને ગાળવું પડે છે.

તમારા પતિ અથવા પત્નીની સાથે તમારો સબધ એવો રાખો કે તમારી ઉન્નતિ તે સત્યના માર્ગ તરફ થાય અને તમે કુદરતના ધોરણ સાથે અનુકૂળ રહી શકો. કુદરતનુ ધોરણ અને પરિણામ માત્ર મુક્તિ, મુક્તિ, મુક્તિજ છે. તમારી પત્નીને તમારી તાબેદારીમાંથી સ્વતત્ર બનાવો અને તમે પોતે પણ સ્વતત્ર થશો. પણ ત્યારે શુ એનો અર્થ એ છે કે બધા સંબધો એકદમ તોડી નાખવા જોઇએ; અને પ્રત્યેક સ્રી પુરૂષે એક બીજાથી છુટા પડી જઇ સ્વતન્ત્ર થવું જોઇએ? ના એમ બિલકુલ નથી. એ રીતે સ્વતન્ત્રતા મળી શકતી નથી, એમ કરવું એ તો ઉલટું બધનરૂપ છે. તમારા સાથીને "મુક્ત" કરવાનો અર્થ એજ છે કે તમારે તેને તમારા શરીર પ્રત્યે આધાર અને આસ્થા રાખવાને બદલે તેના અંતરથી અંતરના પ્રદેશમાં રહેલા

અન્તરાત્મા ઉપર આધાર અને આસ્થા રાખતાં શિખવવું જોઇએ. જ્યારે તમે તેને અથવા એ તમને ચ્હાય છે, ત્યારે તે અથવા તમે પરસ્પરમાં રહેલા તે અન્તરાત્માનેજ ચાહો છે; એવી સમજણપૂર્વકજ તે ચાહના હોવી જોઇએ. સર્વ કહે છે કે તેઓ જીસસ ક્રાઇસ્ટને અથવા શિવ, વિષ્ણુ, મહમ્મદ કે જરથોસ્તને માને છે, પણ 'રામ' કહે છે કે તમારે તમારી પત્નીને અને પતિને માનવાં જોઇએ. 'રામ' કહે છે કે, તમારા સાથીના એ માંસના દેહમાં શ્રદ્ધા રાખશો નહિ પણ તેની અંદરના અન્તરાત્મામાં શ્રદ્ધા રાખો. તમારે આ બાહ્ય માંસ અને ત્વચાને તો માત્ર પડદા તરીકે માનવો જોઇએ કે જે પડદો કંઇક પારદર્શક હોવાથી તે દ્વારા તેના અંતર પ્રદેશમાં રહેલા અન્તરાત્માને આ બહારની ખુબસુરતી અને પ્રતિભારૂપે તમે જૂઓ છો અને મોહિત થાઓ છો.

તમારા મનને કલ્પના કરવા દો કે, એકાદ પક્ષી એક ઝૂલતી ડાળ ઉપર બેસે છે તે ડાળીને તે નમી જતી ઝોલા ખાતી અનુભવે છે છતા પણ જરાએ ભય આણ્યા સિવાય તે આનંદથી કલ્લોલ કર્યા કરે છે એ શાથી ? તે સમજે છે કે તેની પાસે ઉડવાની પાંખો તૈયારજ છે; અને તેથીજ ડાળી આમ તેમ ઝૂલ્યા કરવા છતાં પણ તે પક્ષી બીતું નથી. બહારથી જો કે તે ડાળ ઉપર બેઠેલું હોય છે અને જણાય છે ખરૂ, પણ તેના મનથી–ખરી રીતે તો તે પોતાની પાંખ ઉપરજ આધાર મૂકી બેઠેલુ હોય છે. તેનો આધાર, તેની શ્રદ્ધા તે ડાળ ઉપર નહિ પણ પોતાની પાંખો ઉપરજ છે.

એજ પ્રમાણે જ્યાં તમે હો ત્યા તમારાં સ્ત્રી પુત્રાદિ ઉપર તમને ગમે તેટલો સ્નેહ હોય તોપણ તેમનાં શરીરોપર આધાર રાખશો નહિ, તમારા હૃદય ત્યાંજ ચોટાડશો નહિ. તમારૂં હૃદય તેમના અન્તરાત્મા ઉપરજ રહે તેટલા માટે તેને તે આત્મામાં-પ્રભુમાંજ પરોવો. તમે પોતે આ પ્રમાણે વર્તો અને તમારાં

સ્ત્રી પુત્રાદિને પણ એજ પ્રમાણે વર્તાવો. આમ કરવાથીજ તેઓ તમારાથી સ્વતંત્ર થશે અને તમે તેમનાથી સ્વતંત્ર થશો. આમા કોઇને પરાધીનતા રહેતી નથી. દરેકને પૂર્ણ સ્વતત્રતા મુક્તિ પ્રાપ્ત થાય છે ! આ પ્રમાણે પ્રત્યેક અમેરિકન (અથવા હરકોઇ) મનુષ્ય મુક્ત થઇ શકે તેમ છે.

વ્યાખ્યાનનો ખરો રસવાળો ભાગ હવેજ આવે છે. એક સ્થળે એક ઘણી સુંદર છબિ જોવામા આવી તે છબિ અગર પ્રતિકૃતિમા એક સુંદર કૉચ હતો અને તે કૉચ ઉપર ભવ્ય બાદશાહી ગાદી તકીઆ પડેલા હતા. તે કૉચ ઉપર એક સુદર મનોહર રાણી સુતેલી હતી. કૉચની એક બાજૂએ બાળકો બેઠાં હતા અને રાજા ખુરસીપર બેઠેલો હતો. આ એક ઘણુજ સુદર, આકર્ષક અને ભવ્ય ચિત્ર હતુ રાણી ઘણી માદી—મરણ પથારીએ હતી. તેનો પતિ રાજા, અશ્રુ ટપકાવતો હતો અને તેનાં પુત્ર પુત્રી સર્વ રૂદન કરતા હતા. આવુ સુદર ચિત્ર પાસે રાખવાની તમને ઇચ્છા થાય છે ? અરે ! ખરેખર તમારામાના દરેકને ઇચ્છા થાય તેવુજ હતુ. તે એવુ તો મઝાનુ હતુ—એમા એવી ખુબી હતી કે તેને જોયુ હોય તો તમે ખરીદોજ. હવે આ પ્રમાણે તે ચિત્રને ખરીદવાનુ તમને બહુજ ગમશે ખરૂં પણ તેમા ચિતર્યા પ્રમાણેની મૃત્યુ પામતી રાણી થવાની તમને ઇચ્છા થશે ?—જવાબ આપો કે તે રાણી થવાનું તમને ગમશે ? તે રાણી બહુજ ધનવાન અને ઉત્તમ વસ્ત્રાભૂષણો તથા અમૂલ્ય પલગ અને મહેલો ધરાવતી હતી ખરી, પણ તે આખરના વ્યાધિને વશ હતી. વળી તમને પેલો રૂદન કરતો રાજા અથવા આક્રન્દ કરતાં બાળકો થવું પણ ગમશે ખરૂ ? નહિજ. જરાએ નહિ. એ ચિત્રને મેળવવાનું તમને બહુ ગમશે, પણ એમાંના કોઇ પણ દુઃખી પાત્રના જેવા જાતે બનવાનું જરાએ નહિજ ગમે.

એજ પ્રમાણે વેદાન્ત પણ તમને તમારા કુટુમ્બમાં, તમારા ગૃહમાં, પ્રભુની પેઠે સાક્ષી તરીકેજ રહેવાનું, અવ્યક્ત પ્રભુની પેઠે મોહરહિત, અને કોઇ પણ પ્રકારની આસક્તિ અથવા મુઝવણ વિનાના થઇને રહેવાનું કહે છે. તમારા મનને હમ્મેશા શાન્ત અને આસક્તિરહિત રાખો; તમારા હૃદય અને બુદ્ધિને હમ્મેશા અન્તરાત્મામા સ્થિર કરો અને એ ચિત્રને જેવુ માનતા હતા તેજ પ્રમાણે તમારા કુટુમ્બની દરેક બાબતોને માનો. તમે જાણો છો કે જ્યારે **તમે પોતાને અને દરેક વસ્તુને સાક્ષીરૂપે જૂઓ છો ત્યારે એથી તમને આનંદજ થાય છે; અને જ્યારે તમે તેમાં આસક્ત થાઓ છો ત્યારેજ તે દુઃખનું કારણ થાય છે.** જો આપણે આ જગતના કોઇ પણ પદાર્થના બાહ્ય રૂપમા લપટાયા તો આપણી દુર્દશાજ છે; અને જો આપણે તેને અવ્યક્ત લક્ષ્ય, સાક્ષી તરીકે જોઇએ તો તેમા આનદ આવે છે અને તે રમણીય લાગે છે. માટે એ પ્રમાણે અન્તરાત્માનો સાક્ષાત્કાર કરો. 'રામ'ના બધા વ્યાખ્યાનો સાભળો અને તેથી ક્રમશ ઉન્નતિ થવાનીજ એવી તમારી ખાત્રી થશે 'રામ' ગેરન્ટી (જામિનગીરી) **આપે છે કે આ દુનિયામાં જે કોઇ 'રામ'નાં સર્વ વ્યાખ્યાનો સાંભળશે, તેની સર્વ શંકાઓ દૂર થશે; અને તે પોતાના પરમાત્મ સ્વરૂપનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર અનુભવશે.**

પ્રથમ તો તમે તમારી દિવ્યતા અથવા પ્રભુતામા દૃઢ શ્રદ્ધા રાખો. તેને પ્રાપ્ત કરો અને તમને જે ક્રિયા કરવાનુ બતાવવામા આવે અને તે જે રીતે કરવાનુ તમને કહેવામાં આવે તે પ્રમાણે વર્તીને **તે અનન્તામાં સ્થિત થાઓ. તે ઇશ્વરનો તમે સાક્ષાત્કાર કરો, અમર થાઓ; અને સર્વ શક્તિવાન થાઓ. तदेवाऽहम् "તેજ હું છું, તેજ હું છું."** આ મહા સિદ્ધાન્ત,

આ મહા વાક્યનો સાક્ષાત્કાર કરો, અને તમારા કુટુમ્બના બધા સંબધો અને બાજી બાબતો એ સર્વ જાણે કે પેલા ચિત્રરૂપ હોય અને જાણે તમે બિલકુલ તેની સાથે સંબધરહિત હો, એજ પ્રમાણે વર્તો.

આમ કરવું, આવા બનવું એ તમને વિરોધાભાસ જેવું જણાય છે. લોકો કહે છે કે જો તેઓ આ જગતના પદાર્થોમા હાલની પેઠે આસ્થા રાખીને તેની પ્રાપ્તિ અને રક્ષા કરવા પાછળ ગુથાય નહિ તો તેઓ ઉન્નત થઇ શકે નહિ. અરે લોકો! તમે ખોટા છો. જે ક્ષણે તમે તેમા ગુચવાયા કે તેજ ક્ષણે તમે આગળ વધતા બંધ થયા. જ્યારે તમે લખતા હો છો ત્યારે લખવાની ક્રિયા સ્વાભાવિક રીતેજ થાય છે. તે વખતે તમારૂં अहं, તમારૂં નાનુ સ્વરૂપ, તમારૂં ખોટું જીવ સ્વરૂપ બિલકુલ હોતું નથી. કાર્ય પોતે પોતાની મેળેજ એક સ્વાધીન યંત્રની પેઠે થયા કરે છે. તે એક પ્રકારની પ્રતિક્રિયાજ છે. હાથ પોતાની મેળે લખ્યા જાય છે. શા માટે? કારણ કે તમે એ સમયે તે કાર્યમાં તમારૂં પોતાનું નાનું સ્વરૂપ, તમારૂં સ્વાર્થી અહ તેમા દાખલ કરતા નથી. જે ક્ષણે તમારામા વિચાર આવ્યો કે: "અરે! મ્હે ઘણુંજ લખ્યુ, મ્હે ઘણું આશ્ચર્ય ભરેલુ કાર્ય કર્યું" તેજ ક્ષણે તમે ભૂલ કરશો.

આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે માત્ર આપણા સ્વાર્થી અલ્પ અહને દૂર કરવાથીજ કામ થાય છે. અને જે ક્ષણે સ્વાર્થી અહને દાખલ કરીએ છીએ કે કામ બગડે છે. જગતમાના સર્વ મહાન કાર્યો અવ્યક્ત અહભાવરહિત સ્થિતિ વડેજ થએલા હોય છે.

ત્યાગનો અર્થ પણ એજ છે કે પોતાનું અલ્પ, સ્થૂલ સ્વાર્થી અહ સ્વરૂપ દૂર કરવું અર્થાત્ સ્વરૂપની ખોટી કલ્પનાને દૂર કરવી. સૂર્ય પ્રકાશે છે ખરો, પણ તેને વિચાર આવતો નથી કે હુ પ્રકાશુ છુ. આ પ્રમાણે સૂર્ય કર્તૃત્વ-ભાવથી રહિત છે

તેટલોજ તે મોહક, આકર્ષક અને ઉપકારક છે. નદી વહે છે તેના વહનમાં અલ્પ અહભાવ વ્યકતપણું નથી છતાં પણ કાર્ય થયાં જાય છે. દીવો બળે છે પણ તેનામાં વ્યક્ત અહભાવ નથી. " હુ મહાન છું હું બળુ છું, હુ પ્રકાશ આપુ છું." એવો ભાવ નથી; અને તેથી તે પ્રકાશે છે. પુષ્પો ખીલે છે અને દરેક દિશામા મધુર સુવાસ પ્રસગવે છે પણ તે ઘણાં મધુર છે, તે ઘણા ઉત્તમ ને આનદપ્રદ છે. એવી એમને કલ્પના પણ નથી.

તેજ પ્રમાણે તમારૂં કામ પણ અવ્યક્ત સ્થિતિ પૂર્વકજ થવા દો, તમારૂં કામ તુચ્છ સ્વાર્થી અહભાવના કલકથી રહિત થવા દો, તમારૂં કામ તારાઓ અને સૂર્યની પેઠેજ થવા દો; તમારૂ કામ ચંદ્રની પેઠેજ થવા દો; અને ત્યારેજ તમારૂ કાર્ય સફળ થશે ત્યારેજ ખરી રીતે તમે આ દુનિયામાં કઇક અસામાન્ય અને આશ્ચર્યકારક કાર્ય કરી શકશો. બધાજ વીર પુરૂષોનુ અને બધાજ બુદ્ધિમાન પુરૂષોનું ગુપ્તમા ગુપ્ત રહસ્ય–રહસ્યોનુ રહસ્ય આજ હતુ. તેઓ પોતે સ્વલ્પ અહભાવ, ઉપાધિભાવ રહિત થતા તેવાજ તેમના કાર્યો આવા સફળ થતાં. આ એક મહાન નિયમ છે " તમે અમુક વિષયમાં આસક્ત થાઓ નહિ ત્યાં સુધી તમે સફળ થશો નહિ." એ ભ્રમાત્મક વિચારને દૂર કરો. એમ માનવામા તમારી ભૂલ છે.

નિયમ એવો છે કે મનુષ્યે પોતે, સ્વસ્થ શાન્ત, અક્ષુબ્ધ રહેવું જોઇએ અને તેનુ શરીર હમ્મેશા ગતિમાન રહેવુ જોઇએ. મને સ્થિતિશાસ્ત્રના નિયમને, અને શરીરે ગતિશાસ્ત્રના નિયમને અનુસરવું જોઇએ. શરીર હમ્મેશાં કામમાં અને અન્તરાત્મા હમ્મેશાં સ્વસ્થ રહેવો જોઈએ. આ નિયમ છે, તેને અનુસરો, અને મુક્ત થાઓ.

જેવી રીતે દષ્ટિ સમીપનો એકાદ સુદર પ્રદેશ નેત્રોવડે સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે જોવામા આવે છે, છતા તે જોવાની ક્રિયા નેત્રને

બોજારૂપ કે દુ:ખરૂપ ન થઇ પડતા ઉલટી આનંદદાયકજ થઇ પડે છે; અને નેત્ર સ્વતંત્ર તથા ઉપાધિરહિત રહે છે, તેજ પ્રમાણે તમારા ગૃહનાં કાર્યોમાં અને તમારી વ્યાવહારિક જીંદગીમા પણ તમારી સ્થિતિ થવા દો. તમે એવીજ રીતે સંસારમાના આ બધા રૂપોને આસક્તિ રહિત, સ્વતંત્રપણે જૂઓ અને તેનાથી મુક્ત-નિર્લેપ રહો. આ મુક્તિ આ પૂર્ણ સત્યનો સાક્ષાત્કાર, વેદાન્તદ્વારા સત્ય આત્માના જ્ઞાન વડેજ પ્રાપ્ત કરી શકાય છે આ **સત્ય અનંત તત્વનો સાક્ષાત્કાર કરો અને બધાજ તારા અને ગૃહો તમારી આજ્ઞામાં રહેશે.**

સૂર્ય ચંદ્ર ને ગ્રહગણ સર્વે, ક્રમણ કાર્યમા રમણ કરો,
પરમ જ્યોતિ ઓ અદ્દભુત જ્યોતિ ! અલ્પ દીસે ગ્રહગણ બ્રહ્માડે;
સૂર્ય તણા ઓ સૂર્ય રમણ કરો મુજ હૃદયે,રમણ કરીને ક્રમણ કરો -સૂર્ય ચંદ્ર

ગ્રહગણ સર્વે કોણ વિશ્રાંત, ગભીર ધ્રુવવતી સમુદ્ર છોળો સાથ;
ભલે નાચો, કૂદો ક્રમણ કરો ને રમણ કરો.-સૂર્ય ચંદ્ર ને ગ્રહગણ સર્વે.

ગ્રહગણને બ્રહ્માડો સર્વે, ક્રમણથી દોલ્યલી દેહ દેખાડો,
જીવન જ્યોત મહીં નાચી રહો, સૂર્ય ચંદ્ર ને ગ્રહગણ સર્વે.

સૂર્ય ચંદ્ર, વા પૃથ્વી સમુદ્રો, જૂજવાં કરો મુજ સ્વપ્ન સ્વરૂપો;
જન્મ મરણના ફેરા ફરતા, માનવ આવતા ને જાતા.

કાર્ય ને કારણ હું છુ સર્વે, નહીં નિવૃત્તિ પ્રવૃત્તિ કદિ હું;
વાચા વિરમે મુજ સ્વરૂપ ગાતા, સૂર્ય ચંદ્ર સહુ રમણ કરો.

ચમક ચમક ઓ નાજુક તારા, ચમકી, ઠમકી મુજને બોલાવો;
તારક વ્હાલા પ્રશ્ન તણો ઉત્તર દીધો, સૂર્ય ચંદ્ર સાથે રમણ કરો.

દેશ કીધે મુજને બોલાવો, હું જ્યોતિ તુજ આંખલડીનો;
જીવન જેહ રહ્યું તુજ માહી, પ્રભાવ તે સઉ મુજ મોટો.

આ તમારું સત્યસ્વરૂપ છે. તમે જે છો તે આ છે. તેનો સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ. તેનો સાક્ષાત્કાર કરો અને તમે વિશ્વના માલીક છો તેનો સાક્ષાત્કાર કરો અને તમને જણાશે કે, તમારાં બધા કામો પોતાની મેળે સ્વતઃ ઘણીજ ઇચ્છવા જેવી રીતે તમને અનુકૂળ થશે. તમને જણાશે કે અન્તરાત્માનો આ સાક્ષાત્કાર સર્વ વિશ્વને તમારું દાસ બનાવે છે, દુનિયાના દરેક પદાર્થને તમારે આધીન કરે છે. તમને જણાશે કે વિજય અને સંપત્તિ તમારી શોધ કરે છે અને તમારે તેમને શોધવાં પડશે નહિ

"જો મહમ્મદ પાસે પર્વત આવશે નહિ તો, મહમ્મદ પર્વતની પાસે જશે." જે ક્ષણે તમે દુનિયાના પદાર્થોની તૃષ્ણા કરતા બંધ થઇ તેમાથી મુક્ત થશો, અને તમારી અન્દરની દિવ્યતાનો સાક્ષાત્કાર કરશો. તેજ ક્ષણે તમારે મહમ્મદ પાસે જવાની આવશ્યકતા રહેતી નથી મહમ્મદ તમારી પાસે આવશે આ અબાધિત નિયમ છે. એ વિશ્વપર પોતાની મહાન સત્તા ચલાવવા આ ગુહ્ય સત્ય છે. તમેજ તે નિયમ છો. તમે તેનો સાક્ષાત્કાર કરો, તમારા સ્ત્રી બાળકોને તેનો સાક્ષાત્કાર કરાવો. તમે પોતે મુક્ત થાઓ, તેમને મુક્ત કરો. એ પ્રમાણે તમે ઘોર નરકને બદલીને સ્વર્ગ બનાવો છો; તમારા ગૃહમાંજ તમે સ્વર્ગ રચો છો; તમે તમારાં અતિશય કલેશયુક્ત ગૃહોને સુખી ગૃહ બનાવો છો. અને તેમ કરવાનો બીજો માર્ગજ નથી. ઉપલા માર્ગ સિવાય આ અનિવાર્ય કઠોર નિયમમાથી છૂટવાની બારીજ નથી. આ એકજ માર્ગ છે, આ એકજ તાવિજ છે. **દુનિયાના બધા ખજાનાઓ ઉઘાડવાની આ એકજ બંધબેસ્તી કુંચી છે.** તમે તમારા અંતરમાં રહેલી દિવ્યતાનો સાક્ષાત્કાર કરીને મુક્ત બનો, અને બીજાઓને તેનો સાક્ષાત્કાર કરવામાં સહાય કરો.

ॐ ॐ ॐ

ભક્તિમાર્ગના સિદ્ધાંતોનું હાલ નવુંજ નીકળેલું પુસ્તક.

"સ્વર્ગની સડક."

રોયલ ૧૨ પેજી પૃષ્ઠ ૫૪૦, સોનેરી પાકા પૂઠાંવાળુ

દળદાર પુસ્તક માત્ર રૂ. ૧) માં

ભક્તિજ્ઞાનનાં ઊંડાં રહસ્યો સમજાવી હૈયામાં હરિનું હેત જાગૃત કરે
તેવા ૧૬૬ દાખલા આ પુસ્તકમાં સાદી ને સહેલી રીતે વર્ણવેલા છે

તેમાંના થોડા દાખલાઓનાં મથાળાં:—

- સંસારિક ભક્તોનો ખરો ધર્મ.
- ગૃહસ્થાશ્રમ ભોગવવો એ ઉંચી વાત છે.
- અંતરમાં રહેલા પાપોને કાઢવાનો ખુલાસો.
- દુ:ખથી દબાઇ જઇને રોયા કરો મા.
- જપ કરવા તથા ધ્યાન ધરવા વિષે
- મંદવાડ વખતે ધીરજ તથા શાન્તિ રાખવી.
- ભક્ત થવું એટલે શું ? તેનો ખુલાસો.
- આનંદ, આનંદ ને આનંદ
- અંતરની પવિત્રતા વિષે.
- વૃદ્ધ માણસોને શિખામણ.
- કુટુમ્બસુખ મેળવવાના ઉપાયો.
- સાચા ભક્તોની ઓળખાણ
- ધર્મના ને ભક્તિના કામો જલદી કરો.
- પ્રભુને અર્પણ થઇ જવું એટલે શું ?
- ઈશ્વરની અલૌકિક કૃપા વિષે
- પ્રભુના ગુણ ગાવાના બેહદ લાભ.

સ્વર્ગની કુંચી, સ્વર્ગનું વિમાન ૯૦ હજાર પ્રિય થઇ પડેલાં
પુસ્તકોના લેખક વધારે ખુલાસાવાળા એક ભક્તરાજની કૃપા-
પ્રસાદીરૂપ દાખલાઓ આમાં આપેલા છે.

અમૃતલાલ સુંદરજી પઢીયાર, હાથીબીલ્ડીંગ, મુંબઇ નં. ૨.

આર્યપ્રકાશ.

સનાતન વૈદિક ધર્મનો પ્રચાર કરનારૂ, સંસારસુધારાની ખરા રૂપમા હિમાયત કરનારૂં, કેળવણી તથા વિજ્ઞાનના પ્રશ્નોપર તુલનાત્મક ચર્ચા કરનારૂ, ગુર્જર સાહિત્યનો ઉત્કર્ષ ઇચ્છનારૂ, અનીતિ, વહેમ, અંધશ્રદ્ધા તથા ખરાબ રૂઢીઓને જડમૂળથી ઉખેડી નાખનારૂ, આર્ય સામાજિક તેમજ અન્ય જાહેર સંસ્થાઓ સંબંધી જરૂરી વિગતો પૂરી પાડનારૂં અને એ સિવાય દેશ પરદેશની જાણવાજોગ ખબરો આપનારૂં, અંગ્રેજી ગુજરાતી ભાષામાં પ્રકટ થતું,

વિદ્વાનોમાં માન પામેલું,

એકનું એક જુનું સાપ્તાહિક પત્ર છે.

ગ્રાહકોને દરવર્ષે એકથી બે ભેટો મળશે.

વાર્ષિક લવાજમ (પોસ્ટેજ સાથે) હિંદુસ્તાન માટે રૂ. ૩) દેશાવરના ગ્રાહકો માટે રૂ. ૪) છુટક અંકની કીંમત ૦)ના નમુનો મંગાવી ખાત્રી કરો.

આર્યપ્રકાશના ગ્રાહકોને વિશેષ લાભ !

પુરૂષાર્થ પ્રકાશ, ગૃહસ્થાશ્રમ પ્રકરણ, જ્ઞાતિબંધારણ અને મહર્ષિ અંક બીજો ભાગ, એ રૂ. સવાની કિંમતનાં પુસ્તકો આર્યપ્રકાશના ગ્રાહકોને ફકત બાર આનામાં આપવામાં આવશે. આ લાભ પણ ત્રણ માસ માટે છે. તાકીદે લખો:—

પરશુભાઇ વ્હાલાભાઇ શર્મા.

અધિપતિ તથા મેનેજર, આર્યપ્રકાશ મુંબઈ નં. ૪

"સંગ તેવો રંગ—સોબત તેવી અસર"

અથવા

"મનુષ્ય જેવા સંસર્ગમાં રહે તેવો બનતો જાય છે."

ઈંગ્લંડમાં ૨૦૦ વર્ષ અગાઉ થઈ ગયેલા 'લૉક' ના મહાત્માના સંપ્રદાયવાળાઓ કહે છે કે, "બચપણમા મનુષ્યનું મન સ્વચ્છ અરીસા જેવું અથવા કોરા કાગળ જેવું શુદ્ધ હોય છે તેથી પાછળથી તે સારા કે ખરાબ જેવા સંસર્ગમાં રહે, તેવું સારૂં કે ખોટું બને છે."

"જીવનચરિત્ર વિષે ચર્ચા"

ઉપલા વચનોની સત્યતા સમજી શકનાર પ્રત્યેક વાચકે આ વાત અવશ્ય વિચારવી જોઈએ કે, પોતાની જાત ઉપરાંત પોતાનાં બાળ-બચ્ચાંઓને પણ ઉત્તમ ચરિત્ર ગ્રંથોના સંસર્ગમાં રાખવાની કેટલી બધી આવશ્યકતા છે? એક વડીલ અને શુભેચ્છક તરીકે આ ફરજ બહુ મહત્વની હોવાથી ખાસ ભાર મૂકીને જણાવીશું કે,-જો તમારે તમારા કુટુંબના મનુષ્યોને અને તેમની વંશપરંપરાને શ્રેષ્ઠ અને સુખી બનાવવી હોય તો—

પ્રત્યેક દિવસમાં એક અથવા બે વખત ઓછામાં ઓછો અકકેક કલાક કહાડીને સર્વ કુટુંબને મહાન સ્ત્રી પુરૂષોનાં જીવનચરિત્રો વાંચી સંભળાવવાનું રાખો.